# એક પરમ અંશ પરમહંસ

(નવલકથા)

લેખક

**વિષ્ણુ મહંત**

(M.Com., M.Ed.)

-: પ્રકાશક :-

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧

**Ek Param Ansh Paramhansh**

by ***Vishnu Mahant***

Shihol Ta. Petlad Dist. Anand M. 9998385365

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂા. :

**એક પરમ અંશ પરમહંસ**

વિષ્ણુ મહંત

-: ટાઈપ સેટીંગ :-

*Mayur's*

-: વિક્રેતા :-

**એમ. એમ. સાહિત્યપ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ

-: મુદ્રક :-

**અર્પણ પ્રિન્ટરી, આણંદ**

# અર્પણ

પૂજ્ય પિતાશ્રી ગોવિંદરામને...

# પ્રસ્તાવના....

જો તમે એવું માનતા હો કે કોઈ અદ્‌ભુત શક્તિ તમારું માર્ગદર્શન કરી રહી છે. તો એ સાચી વાત છે કારણ કે દરેક આદર્શ પુરુષ કે નારી પાછળ અજ્ઞાત શક્તિ રહેલી છે. તે તેના આદર્શને ટકાવી રાખે છે. પહાડ જેવી મોટી મુશ્કેલીને નાની રાઈ જેવી બનાવી દે છે.

તમારી આગળ આ એક તદ્દન સત્ય નવલકથા રજૂ કરી રહ્યો છું. આ નવલકથા એવા માણસની છે જે પોતે તો મહાન બની ગયા પણ શિષ્યને તેમનાથી મહાન બનાવ્યો અને શિષ્ય અનેક યુવાનોને સહાય બનાવ્યા. આ એક પુરુષને મેં મારી નવલકથામાં મહાન અંશ નહીં પણ પરમ અંશ ગણાવ્યો છે.

આ વાસ્તવિક સત્ય નવલકથા તૈયાર કરવા મેં અનેક પુસ્તકો સાહિત્ય અને સંશોધન નિબંધો તપાસ્યા છે પછી તેની સત્યતા પુરવાર કરીને આ સત્યવાર્તા આપ આગળ મૂકી શક્યો છું.

શ્રીરામકૃષ્ણ પરમહંસ પર આધારિત આ નવલકથા આ આગળ રજૂ કરતાં આનંદ અનુભવુ છું જો કે મેં ગણી નવલકથાઓ કાલ્પનિક ધોરણે લખી છે. અને સાચે જ હિટ ગઈ છે પણ આ નવલકથા રજુ કરતાં હું અદમ્ય આનંદ અનુભવું છું આ નવલકથા માત્ર લખવા માત્રથી મારા મનમાં આનંદની અનુભૂતિથી હિટ થઈ ગઈ છે. શક્ય છે આપના માનસપટને આ નવલકથા તરોતાઝા બનાવશે. આનંદ પણ આવશે. આનંદ ત્રણ પ્રકારના હોય છે. પહેલો ઓછા સમય માટેનો આનંદ.

તીવ્ર આનંદની આ પળો આધ્યાત્મિક સિરિયલ જોતી વખતે જન્મી શકે. બીજો લાંબા સમયનો આનંદ હોય છે જે મહિનાઓ સુધી ટકે છે જે માનવીય સંબંધો સાથે જોડાયેલો છે. પણ એક ત્રીજો પ્રકાર છે અતિ ચિરાનંદ જે જીવન પર્યંત ટકે છે જેમાં આપણને જીવન જીવવાનો માર્ગ મળે છે. જીવનને માણવા મઝા આવે છે દુ:ખો કે મુશ્કેલીઓને ક્ષણિક માનવાની તાકાત આવે છે. આવો ચિરાનંદ આપણને મહાન આવે છે. આવો ચિરાનંદ આપણને મહાન પુરુષોના જીવનચરિત્ર્યોમાંથી મળે છે. તેવાં જીવનો વાંચવાને બને માણી શકાય. તે માટે આ નવલકથા જે રામકૃષ્ણ પરમહંસ પર આધારિત સત્યઘટના છે જે આપ સમક્ષ રજુ કરી શક્યો છું તેનો આનંદ છે.

આ પુસ્તક પ્રકાશિત કરવા માટે એમ. એમ. પ્રકાશનના શ્રી યાકુબભાઈ મલેકનો અત્રે ખૂબ ખૂબ આભાર માનું છું.

અસ્તુ.


લેખક

**વિષ્ણુ મહંત**

સિંહોલ, તા. પેટલાદ

જિ. આણંદ-ગુજરાત

૯૯૯૮૩ ૮૫૩૬૫

# ૧.

પુત્રના જન્મ પછી ખુદીરામ અને ચંદ્રમણિ તેમને આવેલાં દિવ્ય સ્વપ્નો વગેરે વીસરી ગયાં અને માનવસહજ વાત્સલ્યભાવથી નવજાત શિશુનું લાલનપાલન કરવા લાગ્યાં.

મામાના ત્યાં પુત્રજન્મ થયો છે એ જાણી ખુદીરામના ભાણેજે એક દૂઝણી ગાય મોકલી આપી તેથી દૂધની ચિંતા તો દૂર થઈ ગઈ. આ બાળક માટે જ્યારે જ્યારે જે વસ્તુની આવશ્યકતા ઊભી થતી એ વસ્તુ આમ જ અણધારી આવી મળતી.

બાળક ગદાધર સુંદર, ચંચળ અને હસમુખો હતો. તેનામાં સ્ત્રીસહજ કોમળતા અને માધુર્ય હતાં. તેનું આકર્ષણ એવું હતું કે એક વાર જોનાર તેને વારંવાર જોવા ઈચ્છતું. પડોશની સ્ત્રીઓ તો તેને તેડતાં થાકતી જ નહીં. કોઈ ને કોઈ બહાને તેઓ બાળક 'ગદાઈ'ને પોતાના ઘેર લઈ જતી અને કલાકો સુધી રમાડતી.

ગદાધર પાંચેક માસનો થયો ત્યારની વાત છે. તે પથારીમાં સૂતો હતો. મચ્છરદાની ઢાંકેલી હતી. માતા ચંદ્રમણિ કંઈક કામે કોઈને ત્યાં

ગયેલી. ઘરે આવીને તેણે જોયું તો દીકરો ન મળે! એને બદલે મચ્છરદાનીના માપનો કોઈ દીર્ઘકાય માણસ સૂતો હતો!

ચંદ્રમણિ ચીસ પાડી ઊઠી, ‘‘અરે જુઓ તો, પથારીમાં પુત્ર નથી!’’

‘‘શું કહે છે?’’ ગભરાઈને ખુદીરામ દોડી આવ્યા.

‘‘જરા જુઓ, પથારીમાં ગદાઈના બદલે કોઈ બીજું જ સૂતું છે.’’

બંને જણ મચ્છરદાની ઊંચી કરી જોયું. અરે, એમનું બાળક તો શાંતિથી હાથપગ હલાવી રમે છે!

આ તો કેવો ચમત્કાર ! હમણાં તો મહાકાય માણસને જોયો હતો અને અત્યારે જુએ છે તો દૂધપીતું શિશુ! ખુદીરામે ગંભીર બની કહ્યું, ‘‘તું કોઈને કહેતી નહીં.’’

ગદાધર છ માસનો થયો એટલે અન્નપ્રાશન સંસ્કાર (અબોટણ) કરવાનો પ્રસંગ આવ્યો. મોટો સમારોહ કરી બ્રાહ્મણોને જમાડવાનું તો દરિદ્ર ખુદીરામનું ગજું ન હતું. તેથી તેમણે તો શાસ્ત્રોક્ત ક્રિયાઓ કરી ખૂબ નજીકનાં બે-ચાર સગાંને નિમંત્રણ પાઠવવાનું નક્કી કર્યું. પણ ફળિયાના બ્રાહ્મણો તો ભોજન વિના ચલાવી લેવા તૈયાર જ ન હતા. મૂંઝાયેલા ખુદીરામ કારભારી અને જમીનદાર મિત્ર ધર્મદાસ લાહા પાસે પહોંચ્યા. તેમણે હિંમત આપતાં કહ્યું, ‘‘ડર શાનો છે? કામકાજ શરૂ કરી દો. રઘુવીર બધું પાર પાડશે.’’

‘‘જેવી રઘુવીરની ઈચ્છા!’’ કહી ખુદીરામ ઘરે ગયા. સાંજ પડતાં તો આખી બ્રાહ્મણજ્ઞાતિના ભોજન માટેનો સામાન લાહાબાબુને ત્યાંથી આવી ગયો. બીજા દિવસે ધામધૂમપૂર્વક ગદાઈના અન્નપ્રાશનનો પ્રસંગ પાર પડ્યો. એ દિવસે ગામનાં સહુ ગરીબગુરબાં અને ધર્મશાળામાં ઊતરેલા તમામ સાધુ-સંતો, બાવાઓને ભરપેટ ભોજન મળેલું. ભોજનથી તૃપ્ત



થયેલા સહુએ ગદાઈને આશીર્વાદ આપ્યા.

દિવસે દિવસે ગદાધર મોટો થવા લાગ્યો. ધીમે ધીમે તેની અસામાન્ય બુદ્ધિ અને પ્રતિભાનો પરિચય ખુદીરામને થવા લાગ્યો. દીકરાને ખોળામાં બેસાડી પિતા જ્યારે તેને પોતાના પૂર્વજોને સાત પેઢીનાં નામ, દેવદેવીઓનાં નાનાં નાનાં સ્તોત્રો, રામાયણ-મહાભારતની કથાઓ વગેરે કહેતા ત્યારે એક વાર સાંભળવાથી જ તેને મોટા ભાગનું યાદ રહી જતું. પણ બીજી બાજુ હજાર પ્રયત્ન કરવા છતાં તેને આંક શિખવાડી શકાયા નહીં. તેને તેમાં જરાયે રસ ન પડતો.

લાહાબાબુની ધર્મશાળામાં સાધુસંન્યાસીઓ આવતા. ગદાધરને એમનું આકર્ષણ રહેતું.

એક વાર ચંદ્રમણિએ દીકરાને નવું વસ્ત્ર પહેરાવ્યું. થોડા વખતમાં જ ગદાધરે એનાં ચીંથરેચીંથરાં કરી નાખ્યાં અને એક ચીંથરાની લંગોટી બનાવીને પહેરી.

‘‘ઓ મા, આ શું કર્યું! આ તેં શો વેષ કાઢ્યો?’’ મા એ પૂછ્યું.

‘‘અતિથિ થયો છું.’’

‘‘અતિથિ? એ વળી શું?’’

ગદાધરે માને સમજાવ્યું : ‘‘લાહાબાબુની ધરમ શાળામાં જે લોકો આવે છે એમને અતિથિ નથી કહેતા?’’

‘‘એ તો બધા સંન્યાસી હોય છે. તને સંન્યાસીનો વેષ ગમ્યો?’’ માનું હૈયું ભયથી ફફડી ઊઠ્યું.

ગદાધર હસવા લાગ્યો.

★

ગદાધર ચાર વર્ષ પૂરાં કરી પાંચમા વર્ષમાં પ્રવેશ્યો ત્યારે ખુદીરામે

શાસ્ત્રવિધિ પ્રમાણે તેનો 'વિદ્યારંભવિધિ' કર્યો અને તેને નિશાળે મૂક્યો.

જમીનદાર લાહાબાબુએ પોતાના ઘરની સામે ઢોળાવ પર દેવ મંદિરના સભામંડપમાં પોતાના ખર્ચે એક મહેતાજી રાખી ફળિયાના છોકરાઓ માટે ભણવાની વ્યવસ્થા કરેલી. સવારે અને નમતી બપોરે બે વાર ત્રણ-ત્રણ કલાક નિશાળ ચાલતી.

નિશાળમાં દાખલ થયા પછી ગદાધર થોડા સમયમાં જ સાધારણ વાંચતાં-લખતાં તો શીખી ગયો પણ આંકના પાડા ગોખવા તેને સહેજ પણ ગમતા નહીં. તેને જ્યારે તક મળતી ત્યારે તે ગામના કુંભારો તથા મૂર્તિકારોને ત્યાં પહોંચી જતો અને તેમને મૂર્તિ બનાવતા તેમ જ વાસણો પર ચિત્રકામ કરતા જોયા કરતો, પછી ઘરે જઈ એ પ્રમાણે કરવાનો પ્રયત્ન કરતો. તેની સર્જનશક્તિ ખીલી રહી હતી. કપડાં પર રંગબેરંગી ભાત ચીતરનારા રંગરેજો પાસે જઈ તે ચિત્રો પાડતાં શીખવા લાગ્યો.

નિશાળ છૂટે પછી ગદાધર મધુ જોગીના ઘરે જઈ પ્રહ્‌લાદચરિત્રનો પાઠ કરતો. આટલા નાના બાળકને મોઢે મનોહર રીતે પાઠ થતો સાંભળી આસપાસના લોકો એકઠા થઈ જતા. પાસેના આંબાના ઝાડ પર બેસી એક વાંદરો પણ એ પાઠ સાંભળતો. એક વાર તે એકાએક કૂદકો મારી ઊતરી આવ્યો અને બાળકના પગ પાસે બેસી ગયો. ગદાધર સહેજ પણ ડર્યો નહીં. ઊલટાનું એણે વાંદરાના માથા પર હાથ મૂકી તેને આશીર્વાદ આપ્યા.

હનુમાને જાણે રામચંદ્રજીને ઓળખી કાઢ્યા ! પ્રણામ કરી, આશીર્વાદ લઈ એક છલંગે, તે સ્વસ્થાને જતો રહ્યો.

ગામમાં ક્યાંય પણ કથા, રામલીલા કે કીર્તન થતાં હોય તો ગદાધર તેના ગોઠિયાઓ સાથે ત્યાં પહોંચી જતો. સંગીત, ગીત, પાત્રોનો અભિનય



વગેરે તે ધ્યાનપૂર્વક લક્ષમાં રાખતો અને પછી મિત્રમંડળીમાં તેનું પ્રદર્શન કરતો.

એક દિવસ બાડુજ્જેની વાડીના ચોગાનમાં બધા ગાયો ચરાવતા હતા. એકાએક ગદાધરે બધા મિત્રોને માથુરગાન ગાવા અનુરોધ કર્યો.

વૃક્ષની છાયામાં જાત્રાનો પ્રારંભ થયો. ગદાધરે માથુરવિરહનું ગીત છેડ્યું. કૃષ્ણવિરહિણી રાધાની હૃદયવ્યથાને તેણે ભાવપ્રવણ રીતે વહાવી. ગાતાં ગાતાં જ ગદાધર બેભાન થઈ ગયો. કોઈ તેને ઢંઢોળવા લાગ્યો, કોઈ આંખો પર પાણી છાંટવા લાગ્યો તો કોઈ વળી રડવા લાગ્યો ! કોઈએ એકાએક ગદાધરના કાન પાસે મોઢું લઈ જઈને મોટેથી કહ્યું, "કૃષ્ણ, કૃષ્ણ, હરે કૃષ્ણ...."

કૃષ્ણનું નામ સાંભળી ગદાધર ભાનમાં આવ્યો. જે નામની ધૂનથી ભાન ગયું તે જ નામ સાંભળતાં ભાન પાછું આવ્યું!

ગદાધર ચાર વર્ષનો હતો ત્યારે તેની માતાએ પાંચમા સંતાન, સર્વમંગલાને જન્મ આપ્યો હતો. ખુદીરામનું તે અંતિમ સંતાન.

ગદાધરનું સ્વાસ્થ્ય સારું હતું. બાળપણમાં તેને કોઈ મોટી બીમારી થયેલી નહીં. પણ તેની છ વર્ષની વયે જે ઘટના ઘટી તેનાથી તેનાં માતાપિતા ચિંતિત થઈ ગયાં.

ઈ. ૧૮૪૨નો જૂન કે જુલાઈ મહિનો હતો. બાળક ગદાધર ધોતિયાને છેડે બાંધેલા મમરા ખાતો ખાતો ડાંગરના હરિયાળા ખેતરમાં પાળે પાળે જઈ રહ્યો હતો. સવારના સૂરજનો સોનેરી તડકો હૂંફાળો લાગતો હતો. મંદમધુર મલયાનિલ વહી રહ્યો હતો. તેની નજર આકાશમાં ગઈ. કાળાં ભમ્મર વાદળાં ઉપર ચડી રહ્યાં હતાં, એટલામાં ધોળા દૂધ જેવા બગલાઓની એક લાંબી હાર વાદળને ઘસાઈને પસાર થઈ ગઈ.

આ અપૂર્વ અનિર્વચનીય સૌંદર્ય જોઈ ગદાધર સ્તબ્ધ થઈ ગયો. થોડી ક્ષણોમાં તેણે બાહ્ય ભાન ગુમાવ્યું. તે બેહોશ થઈ જમીન પર પડ્યો. કોઈ રાહદારીએ તેને આ અવસ્થામાં જોઈ ઘરે પહોંચતો કર્યો. ખાસ્સી વાર પછી તે ભાનમાં આવ્યો.

ગદાધરના આ પ્રથમ ઉલ્લેખનીય ભાવાવેશથી કેટલીક બાબતો સ્પષ્ટ થાય છે. રોમાં રોલાં લખે છે :

"કલાત્મક અનુભૂતિ દ્વારા, સૌંદર્ય માટે આંતરિક સહજ પ્રેરણાના માર્ગ દ્વારા જ શ્રી રામકૃષ્ણનું ભગવાન સાથે પ્રથમ મિલન થયું. ભગવાન સાથે ઐક્ય સાધવાના ભક્તિ, જ્ઞાન, આત્મસંયમ, નિષ્કામ કર્મ, દયા તથા ધ્યાનસમાધિ વગેરે અનેક માર્ગો છે. રામકૃષ્ણ આ બધા માર્ગોને જાણતા હતા. પરંતુ ભગવાનનું સૌંદર્યમય રૂપ જોઈ આનંદવિભોર થઈ જવાનો માર્ગ તેમની પાસે સહુથી વધુ સ્વાભાવિક અને સરળ હતો. બધા પદાર્થોમાં રામકૃષ્ણ ભગવાનના સુંદર રૂપને જ જોતા હતા. તેઓ જન્મસિદ્ધ કલાકાર હતા."

બંગાળી પ્રજા કલાકારો અને કવિઓની પ્રજા છે. એટલે બંગાળી લોકોએ આ પ્રેમના પથને પ્રાધાન્ય આપ્યું છે. કૃષ્ણપ્રેમમાં પાગલ, ભાવોન્મત્ત ચૈતન્ય મહાપ્રભુએ આ પ્રેમપંથનું પ્રદર્શન અને નેતૃત્વ કર્યું છે. ઈ. ૧૮૫૮ પછી રામકૃષ્ણ વિશેષપણે ચૈતન્ય મહાપ્રભુથી પ્રભાવિત થયા હતા. પાછળથી તો તેઓ પોતાની જાતને ચૈતન્યથી અભિન્ન સમજતા હતા. યુવક નરેન્દ્ર (વિવેકાનંદ) સાથેની આરંભિક મુલાકાતો પૈકી એક મુલાકાતમાં તેમણે કહેલું કે હું પૂર્વજન્મમાં ચૈતન્યના રૂપમાં અવતરિત થયો હતો.

ગદાધરની સાત વર્ષની વયે પિતા ખુદીરામનું અવસાન થયું. એ



વખતે તેમની ઉંમર છાસઠ વર્ષ હતી. તેમના ભાણેજ રામચાંદે નવરાત્રીમાં તેમને પોતાને ત્યાં તેડાવ્યા હતા. ખુદીરામની ઈચ્છા તો ગદાધરને સાથે લઈ જવાની હતી પણ ચંદ્રમણિનું મન માન્યું નહિ, આખરે મોટા દીકરા રામકુમારને લઈ તેઓ ગયા.

મામાને અને ભાઈ રામકુમારને આવેલા જોઈ રામચંદ્ર ખુશ થયો. બહેન હેમાંગિનીએ ભાઈ ઓવારણાં લીધાં. પણ બીજા દિવસે જ ખુદીરામ સંગ્રહણીના શિકાર થયા. વૈદ્યની દવા અસરકારક ન નીવડી. નોમનો દિવસ આવતાં આવતાં તો તેઓ મૃત્યુની સાવ સમીપ પહોંચી ગયા. દશેરાના દિવસે મા દુર્ગાની પ્રતિમાનું વિસર્જન કરી રામચાંદ આવ્યો. તેણે મામાને પથારીમાં બેઠા કર્યા કે તરત 'રઘુવીર' શબ્દનો ત્રણ વાર ઉચ્ચાર કરી ખુદીરામે દેહત્યાગ કર્યો.

ખુદીરામના મૃત્યુનો આઘાત ચંદ્રમણિને લાગે તે તો સહજ હતું. પણ સાત વર્ષના ગદાધર અને ત્રણ વર્ષની પુત્રી સર્વમંગલાના ઉછેરમાં તેમણે પોતાનું ચિત્ત પરોવ્યું. પરિવારનો બધો બોજો રામકુમારના ખભા પર આવ્યો. તેણે અઢાર વર્ષના વચેટ ભાઈ રામેશ્વરને સ્મૃતિશાસ્ત્ર અને જ્યોતિષનો અભ્યાસ કરાવી કમાતો કરવામાં અને પોતાને કાયમી કમાણી કરાવનાર કર્મકાંડના કાર્યમાં મનને વળ્યું.

પિતાના અવસાન સમયે ગદાધર સાત વર્ષનો બાળક હતો પણ તેની બુદ્ધિનો ખાસ્સો વિકાસ થયો હતો. તેથી પિતાનો અભાવ તેને સાલવા લાગ્યો. તેના હૃદયના ઊંડાણમાં ગમગીની છવાઈ ગઈ. પણ આ ભાવ બહાર પ્રગટ ન થાય અને માતાને ઓછું ન આવે એનો તે ખ્યાલ રાખતો. માતાને તે ઘરકામમાં મદદ પણ કરવા લાગ્યો. તેની અન્ય પ્રવૃત્તિઓ પૂર્વવત્ રહી.

ગદાધર અગાઉની જેમ નિશાળ જતો હતો પણ ભણવામાં તેનું ચિત્ત ચોંટતું ન હતું. દેવદેવીઓની મૂર્તિઓ બનાવવી તેને ખૂબ ગમતી. અવારનવાર તે ધર્મશાળામાં જતો અને ત્યાં ઊતરેલા સંન્યાસીઓની વાતો સાંભળતો. સંસારની ક્ષણભંગુરતાની વાતો તેણે સાંભળી. પિતાના મૃત્યુએ તેને એનો પ્રત્યક્ષ અનુભવ કરાવ્યો.

ગદાધર સાધુસંતોની સેવા કરતો. સાધુઓ પણ તેને ભજનો શિખવાડતા અને સદુપદેશ કરતા. સાધુસમાગમને પરિણામે ગદાધરની ભાવસમાધિ જેવી અવસ્થામાં વધારો થયો.

ગદાધર આઠ વર્ષનો હતો ત્યારે એક વાર શિવરાત્રિ પ્રસંગે 'જાત્રા' નામક લોકનાટ્યમાં તે શિવની ભૂમિકા ભજવી રહ્યો હતો. એકાએક તેની આંખમાંથી આનંદાશ્રુ છલકાવા લાગ્યાં અને દેવમહિમામાં તે સંસારશૂન્ય થઈ ગયો.

એક વાર ગદાધર ગામની સ્ત્રીઓ સાથે કામારપુકુરથી ત્રણ કિલોમીટર દૂર આનુડની વિશાલાક્ષી દેવીનાં દર્શને જતાં રસ્તામાં જ દેવીનાં કીર્તન-કથા સાંભળતાં બેભાન થઈ ગયો હતો. ધર્મદાસ લાહાની પવિત્ર હૃદયની પુત્રી પ્રસન્ના પામી ગઈ કે ગદાધર ભાવસમાધિમાં સરી પડ્યો છે. તેણે ગદાધરના કાનમાં દેવીને નામનું ઉચ્ચારણ કર્યું. થોડી વાર પછી ગદાધર ભાનમાં આવી ગયો.

ગદાધર દસ વર્ષનો થયો એટલે તેને જનોઈ આપવાનો, ઉપનયન સંસ્કાર કરવામાં આવ્યો. ઈ. ૧૮૪૫ માં આ સમારંભ થયો અને તેને ગાયત્રી મંત્રની દીક્ષા આપવામાં આવી.

દીક્ષા આપવામાં આવી તેના થોડા દિવસ પહેલાં તે પડોશમાં રહેતી અને તેના પર માતા જેવું વહાલ વરસાવતી ધની લુહારણના ત્યાં



ગયેલો. ધની નિઃસંતાન હતી. ગદાઈને જનોઈ આપવાની છે એ સાંભળી તેણે તે પહેલી ભિક્ષા પોતાની પાસે માગે એવી ઈચ્છા વ્યક્ત કરી. ગદાઈએ એમ કરવાનું વચન આપ્યું.

ગદાધરે પોતાના સંકલ્પની વાત જાહેર કરી. મોટા ભાઈ રામકુમાર તાડૂકી ઊઠ્યા, ''એ વળી શું? બ્રાહ્મણનો દીકરો લુહારણને ત્યાં ભિક્ષા લે? આપણા કુળમાં કોઈ દિવસ કોઈએ શૂદ્રની વસ્તુ લીધી છે?''

''પણ મેં ધનીમાને વચન આપ્યું છે.''

ગદાઈના વચન કરતાં કુળઆચાર મહત્ત્વનો છે એવું બધાએ તેને સમજાવ્યું પણ તે એકનો બે ન થયો. આખરે સહુએ નમતું જોખ્યું.

નાની ઉંમરમાં વિધવા થયેલી ધનીને પોતાનું જીવતર સાર્થક લાગ્યું. ગદાધરે તેની પાસેથી પ્રથમ ભિક્ષા ગ્રહણ કરી. આટલી નાની ઉંમરે પણ ગદાધર જે સંકલ્પ કરતો તે પૂરો કરતો જ. રૂઢિઓ કે વડીલોનાં દબાણ તેના માર્ગમાં રુકાવટ બની શકતાં નહીં.

ઉપનયન સંસ્કાર પછી ગદાધરને ઘરના ગૃહદેવતા રઘુવીર, રામેશ્વરનું બાણલિંગ વગેરેને સ્પર્શવાનો તથા તેમની પૂજા કરવાનો અધિકાર પ્રાપ્ત થયો. આ તેને ગમતી વાત હતી તેથી તેને ખુશી થઈ. ગદાધર જુદાં જુદાં દેવદેવીઓની પૂજા તો કરતો હતો પણ હવે તેને ઉપાસનાને કેન્દ્ર મળ્યું. પરિણામે તે સઘન અને નિયમિત બની.

ગામના છોકરાઓને ગદાધરની કંપની ગમતી. તેઓ સાથે રમતા અને અવારનવાર શાળામાં પણ ગેરહાજર રહેતા. માણિકબાબુએ સાર્વજનિક ઉપયોગ અર્થે આપેલું આંબાવાડિયું આ મિત્રમંડળીનું પ્રિયસ્થાન હતું. ગદાધરે આ મિત્રો સાથે એક નાટકમંડળી ઊભી કરી અને રામાયણ-મહાભારતના પ્રસંગો ભજવવાનું શરૂ કર્યું. મોટા ભાગે ગદાધર જ નાયક

બનતો.

ગદાધરે મિત્રમંડળીને સંકીર્તનનો નાદ પણ લગાડ્યો. આખુંયે આંબાવાડિયું એમના સમૂહગાનથી ગૂંજી ઊઠતું.

ગદાધરે બંગાળીમાં છપાયેલા ગ્રંથો વાંચવામાં કુશળતા પ્રાપ્ત કરી લીધેલો. તે રામાયણ-મહાભારત વગેરે ગ્રંથોનું ભાવવાહી મધુર પઠન કરતો. તેથી સીતાનાથ પાઈન, મધુ જોગી વગેરે તેને પોતાના ઘરે બોલાવી તેની પાસે પ્રહ્‌લાદચરિત્ર, ધ્રુવાખ્યાન, દેવદેવીઓનાં પ્રાગટ્યની કથાઓ, શ્રી તારકેશ્વર મહિમા વગેરે સાંભળતા. વળી તે સ્વહસ્તે પોથીઓની નકલ કરતો. તેણે લખેલી 'રામકૃષ્ણાયન' તથા 'સુબાહુ આખ્યાન' ની હસ્તલિખિત પોથીઓ હજી મોજૂદ છે. આ બધાં ઉપાખ્યાનો તે ગામનાં સાદાંભોળાં સમક્ષ વાંચતો.

ગદાધર જ્યારે બાર વર્ષનો થયો ત્યારે વચેટ ભાઈ રામેશ્વર બાવીસનો અને નાની બહેન સર્વમંગલા આઠ વર્ષની થયાં. રામકુમારે માતાની સલાહ લઈ નજીકના ગામ ગૌરહાટીના રામસદય બાંદ્યોપાધ્યાયની બહેન સાથે રામેશ્વરનું અને રામસદય સાથે સર્વમંગલાનાં લગ્ન કર્યાં. સામસામાં લગ્ન કરવાથી બંને પક્ષ વધારે ખર્ચમાંથી ઊગરી ગયા.

લગ્નનાં ઘણાં વર્ષો પછી રામકુમારની પત્ની સગર્ભા થઈ, રામકુમારની આવક ઓછી થઈ ગઈ. રામેશ્વર પણ પૂરતું કમાતો ન હતો.

રામકુમારની પત્ની ઈ.સ. ૧૮૫૧માં એક સ્વરૂપવાન પુત્રને જન્મ આપી સુવાવડમાં જ સ્વર્ગવાસી થઈ. રામકુમારના ગરીબ ગૃહસંસાર પર પુનઃ શોકની છાયા છવાઈ ગઈ.

કામારપુકુરની કમાણી પર પરિવારનો નિર્વાહ સુપેરે ન થવાથી



આખરે રામકુમાર કામારપુકુરનો ભાર રામેશ્વર પર નાંખી કલકત્તા ગયા. ત્યાં ઝામાપુકુર વિસ્તારમાં એક પાઠશાળા ખોલી વિદ્યાર્થીઓને કર્મકાંડ, વ્યાકરણ, જ્યોતિષ વગેરેનો અભ્યાસ કરાવવા લાગ્યા.

પુત્રવધૂના અવસાનથી ચંદ્રમણિને અઠ્ઠાવન વર્ષની વયે પુનઃ ગૃહસંચાલનમાં પ્રવૃત્ત થવું પડ્યું કેમકે રામેશ્વરની પત્ની નાની વયની હતી. રામકુમારનાં પુત્ર અક્ષયને ઉછેરવાની જવાબદારી પણ તેમણે હસતાં હસતાં ઉપાડી લીધી. રામેશ્વર યથાશક્તિ અર્થોપાર્જન કરવા લાગ્યો. ગદાધરનું અભ્યાસમાં ચિત્ત ચોંટતું ન હતું તેથી તે તેના અંગે ચિંતા કરતો.

પોતાના કુટુંબમાં થયેલાં પરિવર્તનોની ગદાધર પર ઊંડી અસર થઈ. પહેલાં પિતાનું અને પછી ભાભીનું અવસાન, પરિવારની ઘટતી જતી આવક - એ બધાએ તેને સાંસારિક સુખોપભોગોની ક્ષણભંગુરતાની પ્રતીતિ કરાવી. શાળામાં પ્રાપ્ત થતા, પૈસા કમાવામાં ઉપકારક શિક્ષણ પ્રત્યે પણ તેનો અણગમો વધ્યો.

ગદાધરના સ્વભાવમાં એવું અજબ માધુર્ય હતું કે સ્ત્રીઓમાં તે ખૂબ પ્રિય થયેલો. પડોશની સ્ત્રીઓ ઘરકામથી પરવારી ચંદ્રમણિને ત્યાં એકઠી થતી. એ વખતે જો ગદાધર ઘરે હોય તો એ સ્ત્રીઓ તેની પાસે ભજન ગવરાવતી. એ દિવસોમાં કામારપુકુરમાં અનેક બાઉલો (અલગારી વૈષ્ણવ ગાયકો) રહેતા હતા. ગદાધરે એમનાં અનેક ભજનો કંઠસ્થ કરેલાં. સ્ત્રીઓ સમક્ષ તે એ ભજનો ગાતો, ક્યારેક સ્ત્રીઓના અવાજની આબેહૂબ નકલ કરી તેમનું મનોરંજન કરતો. ક્યારેક તે વિનોદ ખાતર પનિહારીનો વેશ ધારણ કરી સ્ત્રીઓ સાથે ભળી ગામની બહાર આવેલા મોટા તળાવ હાલદારપુકુરે પાણી ભરવા પણ જતો. એ વખતે જન્મથી તેને જાણનારી સ્ત્રીઓ પણ તેને ઓળખી શકતી નહીં!

ગદાધરના ઘરની પડોશમાં સીતાનાથ પાઈન નામના સદ્‌ગૃહસ્થ રહેતા હતા. તેમને સાત પુત્રો અને આઠ પુત્રીઓનો પરિવાર હતો. માતા સાથે ગદાધર અવારનવાર તેમને ત્યાં જતો. ત્યાં તે ક્યારેક કલાકો સુધી પૌરાણિક કથાઓ કહેતો.

સીતાનાથના પડોશી દુર્ગાદાસ પાઈન પરદાના રિવાજના ચુસ્ત હિમાયતી હતા ગદાધર સીતાનાથના ઘરમાં સ્ત્રીઓ સાથે હળતોમળતો તેની તેઓ નિંદા કરતા અને પોતાના અંતઃપુરમાં બહારના કોઈ પુરુષે ક્યારેય પ્રવેશ નથી કર્યો એનું અભિમાન કરતા.

એક વાર ગદાધર દુર્ગાદાસની બડાશ સાંભળી ગયો. એણે એમને કહ્યું, ''માત્ર મારા સંસ્કાર અને ઈશ્વરભક્તિથી જ સ્ત્રીઓનાં શીલની રક્ષા થઈ શકે, તેમને પરદામાં પૂરી રાખવાથી નહીં. અને આપ અભિમાન રાખો છો પણ હું આપના અંતઃપુરમાં સહેલાઈથી જઈ શકું.''

''એ અશક્ય છે.'' દુર્ગાદાસે ગર્વપૂર્વક કહ્યું.

''ભલે, જોઈશું.'' કહી ગદાધર ચાલ્યો ગયો.

થોડા દિવસો પછી એક સાંજે દુર્ગાદાસ પોતાના મિત્રો સાથે ટોળટપ્પાં મારી રહ્યા હતા ત્યારે એક ગરીબ છોકરી ત્યાં આવી ઘૂમટો તાણીને ઊભી રહી. કોણ છે અને શા માટે આવી છે એવી પૃચ્છાના જવાબમાં તેણે કહ્યું, ''હું બાજુના ગામની વણકર સ્ત્રી છું. બહેનપણીઓ સાથે હાટમાં સૂતર વેચવા ગઈ હતી. તેઓ મને મૂકીને ચાલી ગઈ છે. સાંજ થઈ ગઈ છે તેથી એકલી ઘરે જતાં ડર લાગે છે. જો આજની રાત આશરો મળે તો સારું.''

દુર્ગાદાસે તેની થોડી પૂછપરછ કરી અંતઃપુરમાં સ્ત્રીવર્ગ પાસે મોકલી લીધી. ઘરની સ્ત્રીઓએ એને રાતવાસો કરવાની રજા આપી તથા થોડું



ખાવાનું આપ્યું. તેની સાથે વાતો કરવામાં બે-ત્રણ કલાક પસાર થઈ ગયા.

બીજી બાજુ ચંદ્રમણિને ગદાધરની જરૂર ઊભી થતાં તેમણે રામેશ્વરને તેની તપાસ કરવા મોકલ્યો. સીતાનાથના ઘરે ગદાધરને ન જોતાં રામેશ્વર રસ્તામાં ગદાધરના નામની બૂમો પાડી તેને બોલાવવા લાગ્યો. દુર્ગાદાસના ઘર પાસેથી પસાર થતાં તેને પોતાની બૂમના ઉત્તરમાં સંભળાયું : ''આવું છું, ભાઈ!''

પોતાની સાથે વાતો કરતી સ્ત્રી ગદાધર છે એ જાણી અંતઃપુરની સ્ત્રીઓ તો હસી હસીને બેવડ થઈ ગઈ. દુર્ગાદાસ પહેલાં તો ભોંઠા પડ્યા પણ પછી તેમણે ગદાધરને શાબાશી આપી અને કહ્યું, ''પ્રભુએ મારા અહંકારના ચૂરેચૂરા કરી દીધા.''

પાછળથી રામકૃષ્ણ પોતાના ભક્તોને ક્યારેક કહેતા, ''આપણામાં સ્ત્રીભાવનો આરોપ કરીએ એટલે કામાદિ રિપુ નષ્ટ થઈ જાય. હું ઘણા દિવસ સુધી સ્ત્રીઓની જેમ કપડાં-ઘરેણાં ધારણ કરી ઓઢણી ઓઢીને સખીભાવે રહેતો. એ જ ભાવે આરતી પણ કરતો. એમ ન હોત તો મારી પત્નીને આઠ માસ પાસે રાખી શક્યો હોત?''

ગદાધરમાં જે ગુણ સૌથી આગળ તરી આવતો તે હતો એની મૌલિકતાનો. કોઈ પણ વિષયને તે આગવી રીતે જોઈ શકતો અને તેને જે સાચું લાગતું તે જ નીડર બનીને કહેતો. તેથી દંભી લોકો ખુલ્લા પડી જવાના ડરે તેમનાથી દૂર ભાગતા.

# ૨.

ગદાધરના યુવાવસ્થામાં પ્રવેશી રહ્યો હતો. એ વખતે તેને એવું લાગવા માંડ્યું હતું કે પોતાનું આગમન કોઈ મહાન કાર્ય પરિપૂર્ણ કરવા માટે થવું છે. એ મહાન કાર્ય કયું છે એ હજુ તેને સ્પષ્ટ થયું ન હતું પણ પરમેશ્વરનાં દર્શન એ જ જીવનનું એક મુખ્ય કર્તવ્ય છે એવું તે માનવા લાગ્યો હતો.

રામકુમાર કલકત્તામાં પાઠશાળા ખોલી વિદ્યાર્થીઓને ભણાવતા હતા અને ધનવાન લોકોના ઘરે જઈ દેવસેવા પણ કરતા. પણ તેઓ બંને બાજુ પહોંચી વળતા ન હતા. તેમને એક મદદનીશની જરૂર લાગી. તેમની નજર ગદાધર પર ગઈ. ગામમાં તે કશું ઉપયોગી કામ કરતો ન હતો તેથી માતાની અનુમતિ મેળવી તેઓ ગદાધરને ઈ. ૧૮૫૨માં કલકત્તા લઈ ગયા. એ વખતે તેની વય ૧૬ વર્ષ હતી.

સોળ વર્ષનો ગામનો અને ગોઠિયાઓનો સહવાસ છોડતાં ગદાધરનું હૃદય પણ ભારે થઈ ગયું. પણ પિતાતુલ્ય મોટા ભાઈના આદેશને તેણે માથે ચડાવ્યો. બાળપણના રમતિયાળ જીવનને અલવિદા કહી ગદાધરે



માતા અને કુળદેવતા રઘુવીરની રજા લઈ કલકત્તા તરફ પ્રયાણ કર્યું.

ગદાધરના માથે દેવપૂજાનો ભાર નાખી રામકુમારે પાઠશાળાની પ્રવૃત્તિમાં મન પરોવ્યું. થોડા દિવસ ગદાધરને એની ઈચ્છા મુજબ હરવાફરવા દીધો. પછી એકદિવસ પોતાની પાસે બેસાડી રામકુમારે કહ્યું : ‘ભાઈ! હવે ભણવામાં મન પરોવ. ભણીશ નહિ તો આગળ ઉપર વહેવાર કેમ કરીને ચલાવીશ?’

ગદાધરે ગંભીરતાપૂર્વક ઉત્તર આપ્યો, “લોટદાળનાં સીધાં બાંધવાની વિદ્યા મારે નથી જોઈતી.”

‘‘ત્યારે તારે કેવી વિદ્યા મેળવવી છે?’’

‘‘મારે તો એવી વિદ્યા પ્રાપ્ત કરવી છે જેનાથી ઈશ્વરનાં દર્શન કરીને મનુષ્ય સંસારમાં ધન્ય થઈ જાય!’’

નાના મોઢે મોટી વાત સાંભળી મોટા ભાઈ નાના ભાઈને ધમકાવવા લાગ્યા, પણ ગદાધર તો ચૂપ, અવિચલ.

ઝામાપુકુરમાં એક દિગમ્બર મિત્રના ઘરે ગૃહદેવતાની નિત્યપૂજા થતી. રામકુમારે ગદાધરને ત્યાં દાખલ કરાવી દીધો.

ગમતું કામ મળવાથી ગદાધર ખુશ થઈ ગયો. તેના સુંદર દેખાવ અને મધુર કંઠને કારણે સંસ્કારી ઘરની સ્ત્રીઓ પણ તેનાથી સંકોચ કરતી નહીં. દેવતાની સામે તે જ્યારે બેસતો ત્યારે જોનારા ચકિત થઈ જતા. દેવતાની સામે જાણે દેવતા જ નથી બઠાને એવું લાગતું.

★

એ અરસામાં કલક્તાના જાનબજાર નામક લત્તામાં રામચંદ્ર દાસ નામક ધનાઢ્ય જમીનદારની વિધવા રાણી રાસમણિ રહેતી હતી. તેને ચાર દીકરીઓ હતી. ત્રીજી દીકરી કરુણામયીને મથુરાનાથ વિશ્વાસ સાથે

પરણાવી હતી.

કરુણામયી એક પુત્રીને મૂકીને અકાળે અવસાન પામતાં મથુરાનાથ બીજે લગ્ન કરી પોતાનાથી દૂર ન થાય એટલા માટે પોતાની ચોથી દીકરી જગદંબા દાસીનાં લગ્ન તેમની સાથે કર્યાં. જમીનદારીનો વહીવટ ચલાવવામાં મથુરાનાથ રાણી રાસમણિના જમણા હાથ જેવા હતા.

રાસમણિ કાલીમાતાની ભક્ત હતી. જમીનદારીના વહીવટી દસ્તાવેજોમાં સિક્કો મારવાની મહોરમાં તેણે આવું વાક્ય કોતરાવ્યું હતું : 'કાલીપદ અભિલાષી શ્રીમતી રાસમણિ દાસી.'

એક વાર રાસમણિએ કાશી જવાનું નક્કી કર્યું. જવાની આગલી રાત્રે સ્વપ્નમાં તેને દેવીએ આજ્ઞા કરી : ''કાશી જવાની જરૂર નથી. ભાગીરથીના કાંઠે મારી મૂર્તિની પ્રતિષ્ઠા કરીને પૂજા અને ભોગની વ્યવસ્થા કર.''

રાસમણિએ મથુરબાબુ સાથે મસલત કરી દેવીના આદેશનો અમલ કરવાનો સંકલ્પ કર્યો. કલકત્તાની ઉત્તરે છ કિલોમીટર દૂર ગંગાકિનારે નદીને પૂર્વકાંઠે દક્ષિણેશ્વર આવ્યું છે. રાસમણિએ એકીસાથે સાઠ વીઘાં જમીન ઈ. ૧૮૪૧ની ૬ઠ્ઠી સપ્ટેમ્બરે ૬૦૦૦૦ રૂા. માં ખરીદી લીધી અને તેના પર નવચૂડાથી શોભતું વિશાળ કાલીમંદિર, બાર શિવમંદિરો, રાધાકાન્તનું મંદિર, સભામંડપ, નોબતખાનાં, અતિથિશાળા, ઘાટ વગેરેનું બાંધકામ શરૂ કરાવ્યું. લગભગ દસ વર્ષે બાંધકામ પૂરું થયું.

ઈ. ૧૮૫૫ના મેની ૩૧ મી તારીખે મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠાનું મુહૂર્ત નીકળ્યું. પરંતુ રાસમણિ શૂદ્ર હતી તેથી તેના મંદિરમાં પૂજા કરવા કે પ્રસાદ લેવા કોઈ બ્રાહ્મણ તૈયાર ન હતો. રાણીએ પંડિતો પાસે આ સમસ્યાનું સમાધાન માગ્યું. રામકુમારે લખ્યું કે રાણી જો એ મંદિર કોઈ બ્રાહ્મણને દાન આપી દે તો એ મંદિરમાં પૂજા કરવામાં કે પ્રસાદ લેવામાં કોઈ



બ્રાહ્મણને શાસ્ત્રદૃષ્ટિએ કોઈ બાધ આવે નહિ.

ઉકેલ તો મળ્યો પણ પૂજારી શોધવો કપરો હતો. પ્રાણપ્રતિષ્ઠાનો દિવસ નજીક આવવા છતાં કોઈ પૂજારીની વ્યવસ્થા ન થવાથી રાણીએ રામકુમારની મદદ માગી. રામકુમારે કહ્યું, ''પૂજારીના અભાવે જો મંદિરની પ્રતિષ્ઠા ન થતી હોય તો હું પૂજારી થઈશ.''

મંદિરની પ્રતિષ્ઠાનો મહોત્સવ ધામધૂમપૂર્વક ઊજવાયો. ગદાધર પણ ત્યાં ઉપસ્થિત હતો. રામકુમારને પૂજારીની નોકરીમાં આવક વધારે અને સ્થિર લાગી. વળી રાણી અને તેના જમાઈ મથુરબાબુનું તેના પ્રત્યેનું વર્તન પણ સન્માનપૂર્ણ હતું. તેથી રામકુમારે આયુષ્યના અંત સુધી પૂજારીપદ નિભાવ્યું.

પાછળથી મંદિરની સ્થાપના સંબંધે રામકૃષ્ણ કહેતા, ''મંદિરપ્રતિષ્ઠાની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવેલી. એ વખતે રાણીએ મંદિર બાંધવામાં નવ લાખ રૂપિયા જેટલી ગંજાવર રકમ ખર્ચી હતી. મંદિરના નિભાવ માટે રાણીએ બે લાખ છવ્વીસ હજાર રૂપિયાની જાગીર ખરીદીને તેની આવક જુદી રાખી હતી. મનોહર મૂર્તિમાં જ્યારે ચૈતન્યસ્વરૂપિણી જગદંબાની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી ત્યારે રાણી રાસમણિએ કૃતાર્થતા અનુભવી, કારણ કે એનું વર્ષો જૂનું સ્વપ્ન સાર્થક થયું હતું.''

પ્રાણપ્રતિષ્ઠાની ભવ્ય ઉજવણીમાં સામેલ થવા છતાં ગદાધરે નૈવેદ્યના પ્રસાદને સ્પર્શ પણ કર્યો ન હતો. એ દિવસે એણે એક પૈસાના મમરા ખાઈ ચલાવ્યું હતું.

મોટા ભાઈએ પૂજારીપદનો સ્વીકાર કર્યો છે એ જાણી ગદાધરને આઘાત લાગેલો. રામકુમારે શાસ્ત્રોના આધારો ટાંકીને પોતાના પગલાનું

વાજબીપણું સિદ્ધ કરવા પ્રયાસ કર્યા પણ ગદાધરના ગળે વાત ન ઊતરી. તેણે મંદિરનો પ્રસાદ લેવાની ના પાડી. આખરે રામકુમારે તેને મંદિરના કોઠારમાંથી સીધું લઈને હાથે રાંધવા સૂચવ્યું. ગદાધર સંમત થયો.

પરંતુ બીજી બધી રીતે ગદાધરને આ સુંદર સ્થળ અનુકૂળ લાગ્યું. પવિત્ર એકાંત સ્થળ, રાણી તથા મથુરબાબુનું ભાવભર્યુ વર્તન, મા જગદંબા અહીં હાજરાહજૂર છે એવી અચલ શ્રદ્ધા અને બાજુમાં જ કલકલનાદે વહેતી પતિતપાવની ભાગીરથી : આ બધાને કારણે ગદાધરની એ સ્થળ પ્રત્યેની પ્રીતિ વધતી ગઈ.

એક વાર ગદાધરને જોઈ મથુરબાબુએ રામકુમારને પૂછ્યું, ''આ છોકરો કોણ છે?''

''મારો ભાઈ.'' વિનયપૂર્વક રામકુમારે કહ્યું.

''અહીં આ મંદિરમાં કામ કરશે?''

''પૂછી જોઈશ.''

પરંતુ ગદાધરને પૂછવાની રામકુમારની હિંમત ના ચાલી. એવામાં એક દિવસ રામકુમારની ફોઈની દીકરી હેમાંગિનીનો પુત્ર હૃદયરામ દક્ષિણેશ્વર આવ્યો. એ વખતે તે સોળ વર્ષનો હતો. ગદાધર અને તેની વચ્ચે ઉંમરનો મોટો તફાવત ન હતો. બંને બાળપણથી એકબીજાના મિત્ર હતા.

''અલ્યા તું અહીં ક્યાંથી?'' તેને જોઈ વિસ્મિત થયેલા રામકુમારે પૂછ્યું.

''વર્ધમાન નોકરી શોધવા ગયો હતો. કંઈ મેળ ના ખાધો. સાંભળ્યું કે મામાઓ અહીં ઠીક જામી ગયા છે. રાણી રાસમણિના મંદિરમાં પૂજારી તરીકે રહ્યા છે. થયું કે એમને પકડું તો મારો દહાડો વળે.''



ગદાધરને ખબર પડતાં તે દોડી આવ્યો. હૃદયને તેણે છાતી સરસો ચાંપ્યો પછી બંને સાથે ને સાથે રહેવા લાગ્યા. આમ તો તે ચાર વર્ષ નાનો ભાણો હતો. પણ મિત્ર વધારે હતો. માત્ર ભોજન સમયે હૃદય મંદિરનો પ્રસાદ લેતો. ગદાધર ગંગાકિનારે રાંધીને ખાતો.

હૃદયરામ મજબૂત બાંધાનો અને સોહામણો યુવાન હતો. તેનામાં નીડરતા, સમયસૂચકતા, ઉત્સાહ, ધૈર્ય વગેરે ગુણો હતા. ગદાધરમામા ઉપર તેને ખૂબ ભાવ હતો. તેની સુખ-સગવડો માટે તે ગમે તેટલી તકલીફ ઉઠાવવી પડે તો તે ઉઠાવવા તત્પર રહેતો. ગદાધરની બધી પ્રવૃત્તિઓમાં તે સહકાર આપતો.

મથુરબાબુ પોતાને મંદિરમાં નોકરીએ રાખવા માગે છે એની જાણ ગદાધરને મોટા ભાઈ મારફતે થઈ ગઈ હતી. ભગવાન સિવાય બીજા કોઈની નોકરી ન કરવાનો નિશ્ચય કર્યો હોવાથી ગદાધર મથુરબાબુથી દૂર રહેતો.

એક દિવસ ગદાધર શિવની મૂર્તિ બનાવી તેની પૂજા કરવા બેઠો. તે પૂજા કરવામાં તન્મય હતો, તે વખતે મથુરબાબુ લટાર મારવાને બહાને ત્યાં જઈ પહોંચ્યા અને ચૂપચાપ ઊભા રહ્યા. ગદાધરની તન્મયતા અને ભક્તિભાવ જોઈ તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. સપ્રમાણ, સુંદર, ભાવવાહી મૂર્તિ જોઈ તેમણે હૃદયને પૂછ્યું, ''આ મૂર્તિ કોણે ઘડી છે?''

હૃદયે જવાબ આપ્યો, ''ગદાધરમામાએ.''

''પૂજા થઈ રહ્યા પછી તું એ મૂર્તિ મને આપીશ?''

''એમાં શું વાંધો છે?'' હૃદયે સમ્મતિ આપી.

મૂર્તિ જોઈ મથુરબાબુ દિંગ થઈ ગયા. તેમણે રાણીમાને બતાવી. તેઓ પણ પ્રસન્ન થયાં.

મથુરબાબુએ ફરી રામકુમારને ગદાધરને મંદિરમાં નોકરી આપવાની વાત કરી. તેમણે કહ્યું કે એ શક્ય નથી. પણ મથુરબાબુએ ગદાધરને બોલાવવા નોકર મોકલ્યો.

ગદાધરની જવાની ઈચ્છા નથી એ જાણી હૃદયે કહ્યું, ''બોલાવે છે તો જાઓ ને. એમાં ભય શું છે?''

''જઈશ એટલે મને અહીં જ રહેવાનું અને નોકરી કરવાનું કહેશે.''

''એમાં વાંધો શો છે? આવા દેવસ્થાનમાં મોટા માણસના આશ્રયે નોકરી કરવી એ તો સારી વાત છે.''

ગદાધરે કહ્યું, ''આ રીતે આખી જિંદગી હું બંધનમાં પડવા માગતો નથી. વળી દેવીનાં કીમતી આભૂષણોની જવાબદારી કોણ લે?''

''હું લઈશ, મામા.'' હૃદયે કહ્યું.

હૃદય તો ત્યાં નોકરી શોધવા જ આવ્યો હતો.

મથુરબાબુએ ગદાધરની વાત સ્વીકારી. તેમણે ગદાધરને કાલીમંદિરમાં દેવીને અલંકાર પહેરાવનાર તરીકે અને હૃદયરામને ગદાધર તથા રામકુમારના મદદનીશ તરીકે નીમ્યા. નાનો ભાઈ આ રીતે નોકરીમાં ગોઠવાયો. એ જાણી રામકુમાર પણ નચિંત થયા.

કાલીમંદિરની પ્રતિષ્ઠા થયા પછી ત્રણ માસમાં જ ગદાધર તની સાથે પ્રત્યક્ષપણે ગોઠવાઈ ગયો. એ પછી થોડાક સમયમાં જ એક એવી ઘટના બની જેથી રાણી રાસમણિ તથા મથુરબાબુનો ગદાધાર પ્રત્યેનો પ્રેમ અને સદ્‌ભાવ ખૂબ વધી ગયા.

કાલીમંદિરની બાજુના રાધાકાન્ત-મંદિરના પૂજારી હતા ક્ષેમનાથ ચટ્ટોપાધ્યાય. જન્માષ્ટમીના મહોત્સવ પછી બીજા દિવસે ગોવિંદની મૂર્તિને લઈ બીજા ઓરડામાં જતાં ક્ષેમનાથ લપસી પડ્યા. મૂર્તિનો એક પગ



ભાંગી ગયો.

મંદિરમાં હાહાકાર મચી ગયો. ક્ષેમનાથને તો છૂટો કરી દેવામાં આવ્યો. પણ પછી શું કરવું એ નક્કી કરવા રાણીએ પંડિતોની સભા બોલાવી. પંડિતોએ નિર્ણય આપ્યો કે ખંડિત મૂર્તિની પૂજા કરવી શાસ્ત્ર વિરુદ્ધ છે, માટે એ મૂર્તિ ગંગાજીમાં પધરાવી એની જગ્યાએ નવી મૂર્તિની પ્રતિષ્ઠા કરવી જોઈએ.

રાણીએ નવી મૂર્તિના નિર્માણનો આદેશ તો આપ્યો, પણ પહેલેથી જે મૂર્તિની પૂજા થતી હતી તેને ગંગાજીમાં પધરાવવામાં એનું મન માન્યું નહીં.

મથુરબાબુએ ગદાધરને આ અંગે અભિપ્રાય આપવા કહ્યું. તેણે ભાવાવેશમાં આવી કહ્યું, ''શું રાણીના જમાઈનો પગ ભાંગ્યો હોત તો રાણી બીજો જમાઈ લાવત? કે જમાઈની સારવાર કરાવત? આ બાબતમાં પણ એવું શા માટે ન કરવું? આ મૂર્તિની મરામત કરાવો અને પહેલાંની પેઠે એની પૂજા ચાલુ રાખો.''

પંડિતો આ સાંભળી છક થઈ ગયા. તેઓ નિરુત્તર બન્યા. રાણીના આનંદનો પાર ન રહ્યો. એમણે મૂર્તિની મરામતનું કામ ગદાધરને જ સોંપ્યું.

મૂર્તિવિધાનના ઉસ્તાદ ગદાધરે એવી કુશળતાથી ભાંગેલો પગ સાંધી આપ્યો કે ઝીણવટથી જોનારને પણ સાંધો નજરે ન પડે. એ મૂર્તિની પૂજા ચાલુ થઈ. આજે પણ થાય છે.

હવે રાધાકાન્ત-મંદિરનો પૂજારી કોને બનાવવો એ પ્રશ્ન ઊભો થયો. મથુરબાબુએ ગદાધરને એ જગ્યા આપવા ઈચ્છવું. તેણે સંમતિ આપી. ત્યારથી હૃદયને કાલીમંદિરના વેશકારીનું કામ અને ગદાધરને રાધાકાન્ત મંદિરના પૂજારીનું કામ સોંપ્યું.

અહીં ગદાધરના જીવનનો એક તબક્કો પૂરો થયો.

હવે ગદાધરના જીવનનો એક નવો તબક્કો શરૂ થયો. એ કષ્ટમય સાધનાકાળ હતો. ઈશ્વરદર્શન માટેના તીવ્રતમ તલસાટનાં એ બાર વર્ષોમાં છ વર્ષો સુધી તો ગદાધર ઊંઘી પણ શક્યો ન હતો. ઈશ્વરી આવેશમય એ અવસ્થામાં એને નહોતું રહ્યું ભૂખતરસનું ભાન કે નહોતું રહ્યું પોતાના દેહનું ભાન.

રાધાકાન્ત-મંદિરના નવા પૂજારીનો પૂજાવિધિ અસામાન્ય છે. મૂર્તિમાં સ્વયં ઈશ્વર વિરાજેલા છે એવી ભાવનાથી પૂજા કરતો ગદાધર મૂર્તિ સામે બેસતો ત્યારે બાહ્ય વિશ્વની તેને વિસ્મૃતિ થઈ જતી. તન્મયતા એવી કે પૂજા જોવા લોકોની કેવી ભીડ એકઠી થઈ છે એની પણ એને ખ્યાલ ન રહેતો.

મથુરબાબુ જોતા કે અંગન્યાસ, કરન્યાસ વગેરે પૂજાવિધિ કરતી વેળા મંત્રાક્ષરો પોતાના દેહની ભીતર ઉજ્જવળ આકારે પ્રવેશ કરી રહ્યા છે એવું ગદાધરને દેખાતું. વળી તેને સ્પષ્ટપણે લાગતું કે સર્પાકાર કુંડલિની શક્તિ સુષુમ્ણા માર્ગે સહસ્રાર ચક્ર સુધી ચડી રહી છે અને શરીરના જે જે ભાગને તે શક્તિ ત્યજતી જાય છે તે તે ભાગ તદ્દન જડ અને મૃતઃપ્રાય થતો જાય છે. પૂજા કરતી વખતે ગદાધરના ચહેરા પર તેજ છવાઈ જતું.

ધ્યાનની પ્રારંભિક અવસ્થામાં અનેક અડચણો, પ્રલોભનો આવે છે. પાછળથી એક વાર રામકૃષ્ણે શિષ્યોને કહેલું : 'ધ્યાન કરતાં કરતાં શરૂઆતમાં મને શેનાં દર્શન થતાં હતાં એ જાણો છો? એક દિવસ મેં સ્પષ્ટ જોયેલું, સામે ધનનો ઢગલો, શાલદુશાલા, થાળી ભરીને સંદેશ (એક બંગાળી મીઠાઈ), બે સુંદરી અને એની લોભાવનારી નથ. મનને મેં પૂછ્યું : 'મન, તારે શું જોઈએ છે? આમાંથી શું પસંદ કરે છે?' મને કહ્યું, 'કશુંય



નહિ. પરમેશ્વરના પાદપદ્મ વિના હવે મને બીજા કશાની સ્પૃહા નથી.'

ગદાધરે પૂજારીની કામગીરી સંભાળી લીધી તેથી રામકુમાર ખુશ થયા. તેમને લાગ્યું કે પોતાની જીવનસંધ્યા આવી રહી છે ત્યારે નાનો ભાઈ પોતાનું સ્થાન સંભાળી લે તો પરિવારના નિર્વાહની ચિંતા ના રહે. પરંતુ તેઓ જ્યારે ગદાધરની એકાંતપ્રિયતા અને સાંસારિક બાબતો તરફની ઉદાસીનતા જોતા ત્યારે એમનું મન ભાંગી જતું. અલબત્ત, એમને આશા હતી કે નાના ભાઈની આ મનઃસ્થિતિ લાંબો સમય નહિ ટકે.

ગદાધર સરખી રીતે નોકરી કરી શકે એ માટે રામકુમારે તેને ચંડીપાઠ શીખવવા માંડ્યો. પૂજાનાં વિધિવિધાનો અને રીતિનીતિ શીખવવા માંડ્યાં. પણ શક્તિમંત્રની દીક્ષા લીધા વિના કાલીપૂજા થઈ શકે નહિ.

રામકુમારે બેઠકખાનાના વિખ્યાત તાંત્રિક કેનારામ ભટ્ટાચાર્ય પાસે ગદાધરને શક્તિમંત્રની દીક્ષા લેવડાવી. એના કાનમાં મંત્ર પડતાંની સાથે જ એ ચિત્કાર કરી ઊઠ્યો અને સમાધિમાં લીન થઈ ગયો. ગુરુ તો હેબતાઈ ગયા. મંત્રમાં આવી શક્તિ હશે એની તો ખુદ એમને પણ કલ્પના ન હતી.

ત્યાર બાદ રામકુમારે પોતે રાધાકાન્તની પૂજા શરૂ કરી અને ગદાધર પાસે જગદંબાની પૂજા કરાવવી શરૂ કરી. મથુરબાબુએ કાયમ માટે કાલીપૂજા કરવાની ગદાધરને વિનંતી કરી. તેણે કહ્યું : ''હું શક્તિપૂજાનો વિધિ જાણતો નથી એટલે શાસ્ત્રોક્ત રીતે એ કાર્ય કેવી રીતે કરી શકું?''

મથુરબાબુએ કહ્યું, ''તારે શાસ્ત્રને જાણવાની જરૂર નથી. તારી ભક્તિ અને હૃદયની ભાવના જ પર્યાપ્ત છે. તું ભક્તિભાવથી દેવીને જે કંઈ અર્પણ કરીશ એ તેઓ પ્રસન્નતાપૂર્વક સ્વીકારશે.''

બીજી બાજુ રામકુમારનું સ્વાસ્થ્ય સારું ન હોવાથી તેમણે ઘરે જવાનું

વિચાર્યું. પણ ઘરે ગયા પૂર્વે તેઓ કશાક કામે કલકત્તાથી ઉત્તરમાં થોડે દૂર મૂલાજોડ ગયા. ત્યાં જ તેમનું અવસાન થયું.

મોટા ભાઈના અવસાનથી ગદાધર વિહ્વળ થઈ ગયો. મૃત્યુનું રહસ્ય ભેદવાની અને ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાની વ્યાકુળતા એના મનનો કબજો લઈ બેઠી. પ્રભુદર્શન માટેનો તલસાટ હવે તીવ્ર થયો.

આ મનઃસ્થિતિમાં ભવતારિણી મા કાલીની પૂજા ગદાધર માટે સાચા અર્થમાં 'ભવતારિણી' બની. જગદંબાની મૂર્તિને તે પથ્થરરૂપે નહિ પણ સાક્ષાત્ જગદંબા રૂપે જોતો.

ગદાધરનું ચિત્ત હવે એટલું બધું ઈશ્વરાભિમુખ બન્યું કે સંસારી લોકો સાથેનો સંસર્ગ લગભગ છૂટી ગયો. બપોર પછીનો મોટા ભાગનો સમય તે એકાન્તમાં વ્યતીત કરતો અને રાતે બધા સૂઈ જાય પછી ક્યાંક ચાલ્યો જતો અને સવારે પાછો ફરતો. પુષ્કળ અશ્રુપાત અને ઊંડા ધ્યાનને કારણે એની આંખો સૂજી હતી.

"રોજ રાત્રે ક્યાં જાઓ છો?" હૃદયે એક દિવસ પૂછ્યું.

"ઊંઘ નથી આવતી એટલે ઠંડકમાં ફરું છું." ગદાધરે ઉડાઉ જવાબ આપ્યો.

હૃદય સમજી ગયો કે મામા જરૂર કશુંક છુપાવે છે. તેણે મામાની સ્થિતિનો તાગ લેવાનું નક્કી કર્યું.

મંદિરની ઉત્તરે આવેલો ભાગ પંચવટીના નામે ઓળખાતો. પીપળો, બીલી, વડ, આમલી અને અશોક - આ પાંચ વૃક્ષોનો સમૂહ હતો. એ પંચવટીની ચારે બાજુ ઘોર જંગલ હતું. ગીચ ઝાડી હોવાથી દિવસે પણ ત્યાં અંધારું રહેતું. ભૂતપ્રેતનો ત્યાં વાસ છે એવી લોકવાયકાને કારણે દિવસે પણ ત્યાં જવાની કોઈ હિંમત કરતું નહીં. ગદાધરે આ પંચવટીને



પોતાની સાધના માટે પસંદ કર્યું. ત્યાં આવેલા આમલીના વિશાળ વૃક્ષ નીચે તે બપોરે તથા રાત્રે ધ્યાન કરતો.

એક દિવસ ગદાધર રાત્રે પોતાના ઓરડામાંથી નીકળી જવા માંડ્યો ત્યારે હૃદય પણ ચોરપગલે તેની પાછળ ગયો. મામાને ગીચ ઝાડીમાં પ્રવેશતા જોઈ તે તો ગભરાઈ ગયો. આગળ વધવાની તની હિંમત ના ચાલી. ગદાધરને ડરાવવા તે પથરા ફેંકવા લાગ્યો. પણ એની કશી અસર ના થઈ. આખરે તે પાછો વળ્યો.

બીજા દિવસે ગદાધરે હૃદયની પૃચ્છાના ઉત્તરમાં કહ્યું, "ત્યાં આમલીના વિશાળ વૃક્ષ નીચે બેસી હું મા કાલીનું ધ્યાન ધરું છું. ધ્યાન માટે એ સ્થાન અનુકૂળ છે."

મામાના ખુલાસાથી હૃદયને સંતોષ થયો નહિ. તેથી એક દિવસ તે હિંમત કરીને છેક ત્યાં પહોંચી ગયો. જઈને તેણે જોયું. મામા બધા જ વસ્ત્રો અને યજ્ઞોપવીતનો ત્યાગ કરી ઊંડા ધ્યાનમાં લીન બન્યા હતા.

પહેલાં તો હૃદયને પ્રશ્નનો ઉત્તર ના મળ્યો. પણ મામાને બાહ્ય ભાન આવતાં તેણે ફરી પૂછ્યું, "મામા! આ બધું શું છે? તમે વસ્ત્રો અને જનોઈ કેમ કાઢી નાંખ્યાં છે?"

ગદાધરે ઉત્તર આપ્યો : "માણસે બધાં બંધનોનો ત્યાગ કરીને જ ઈશ્વરનું ધ્યાન ધરવું જોઈએ. જન્મથી જ મનુષ્ય આઠ પાશથી બંધાયેલો હોય છે. ઘૃણા, લજ્જા, ભય, કુળનું અભિમાન, સંસ્કારાભિમાન, માન, જ્ઞાતિ, અહંકાર, જગદંબાનું ધ્યાન ધરતી વખતે મનુષ્યે આ આઠે બંધનોથી મુક્ત થવું જોઈએ.ધ્યાન પૂરું થશે એટલે હું વસ્ત્રો અને જનોઈ ફરી પહેરી લઈશ." હૃદયરામ વિસ્મિત થઈને બધું સાંભળી રહ્યો, પછી પાછો ફર્યો.

મોટા ભાઈના મૃત્યુ પછી ગદાધર મા કાલીની પૂજામાં વધારે સમય

આપવા લાગ્યા. જગદંબાનો સાક્ષાત્કાર કરવાની ઝંખના તીવ્રતર થતી રહી.

ગદાધરનો પૂજાવિધિ કોઈ અનોખો હતો. એમની પૂજામાં બંગાળના જાણીતા ભક્તો રામપ્રસાદ અને કમલાકાન્ત જેવાનાં પદોનો સમાવેશ થતો. એ પદોના ગાનથી એમનાં હૃદયદ્વાર ખૂલી જતાં. માના વિરહથી આકુળવ્યાકુળ થઈ ઊઠેલા શિશુની માફક તેઓ ખૂબ રુદન કરતા અને કહેતા, "ઓ મા! તું ક્યાં છે? મને દર્શન આપ! રામપ્રસાદને તેં દર્શન દીધાં હતાં, તો મને કેમ દેતી નથી? મેં શું દોષ કર્યો છે? મને મોજમજા, મિત્રો, ધનદોલત કે ભોગવિલાસ પૈકી કશાની સ્પૃહા નથી. હે મા! મને તો માત્ર તારા દર્શનની લગની લાગી છે. તું દયા કરી મને દર્શન દે."

આવી પ્રાર્થના કરતાં કરતાં ગદાધરની આંખોમાંથી અસ્ખલિત અશ્રુધારા વહી જતી. એક દિવસ પસાર થતો અને તેમની વ્યાકુળતા વધી જતી. ક્યારેક તે બોલી ઊઠતા, "મા તું ક્યાં છે? તું સાચેસાચ છે? કે બધી જ માયા છે? બધું મિથ્યા છે? જો તું છે તો હું તને કેમ જોઈ શકતો નથી?"

ગદાધર જમીન પર આળોટીને માટીમાં મુખ ઘસે છે. પોતાના વાળ ખેંચે છે. તેમની દુર્દશા જોઈ લોકો ટોળે વળતા પણ તેમને લોકવ્યવહારની કશી તમા ન હતી.

ઈશ્વરદર્શન માટેની તીવ્ર ઝંખનાના એ દિવસો યાદ કરીને આગળ ઉપર તેઓ પોતાના શિષ્યોને કહેતા, "અરે! મેં કેટકેટલી યાતના સહી છે! જગદંબાના વિરહથી મને થયેલી વેદનાનો તમને ખ્યાલ પણ નહિ આવે. ધારો કે એક રૂમમાં સોનામહોરોની થેલી છે અને બીજા રૂમમાં ચોર છે. વચ્ચે માત્ર એક પાતળી દીવાલ છે. એવી હાલતમાં ચોરને ઊંઘ આવે ખરી? શું એ ગમે તેમ કરી પેલું સોનું હાંસલ કરવા દીવાલને તોડવાનો પ્રયાસ નહીં કરે? મારી દશા પણ એવી જ હતી. મને ખબર હતી કે પરમ આનંદમયી આ જગદંબા મારી નિકટ જ છે. એ વખતે અન્ય કોઈ ચીજથી સંતોષ શાનો થાય? હું એને પ્રાપ્ત કરવા પાગલ બન્યો."



એ વખતે ન એમની પાસે ગુરુ હતા, ન કોઈ સિદ્ધપુરુષ. શાસ્ત્રોની પણ એમને સહાય ન હતી. માત્ર શ્રદ્ધા રૂપી પારસમણિએ જ એમનો એ આકરી કસોટીનો કપરો કાળ સહ્ય બનાવ્યો. એમની પાસે હતાં ઉત્તુંગ આત્મવિશ્વાસ અને ઉદ્દામ વ્યાકુળતા.

વ્યાકુળ, વિહ્વળ વ્યગ્ર મનઃસ્થિતિને કારણે ગદાધર નિયમિત પૂજા કરી શકતા ન હતા. ઘણી વાર તેઓ માની મૂર્તિ સામે નિશ્ચલ બેસી રહેતા. ક્યારેક તેઓ શિશુની માફક રડી ઊઠતા. ક્યારેક તેઓ દેવીને સતત સમજાવ્યા જ કરતા તો ક્યારેક આરતી જ ઉતાર્યા કરતા.

ગદાધરની આવી વિચિત્ર અને ચેષ્ટાઓ જોઈ મંદિરના કાર્યકર્તાઓ એમની મશ્કરી કરતા અને તેમનું મગજ ખસી ગયું છે એમ માનતા. અલબત્ત, મથુરબાબુ અને અન્ય એકાદ બે કાર્યકર્તાઓને તેમના સાચા ભક્તિભાવ માટે આદર થયેલો.

ગદાધર તો લોકો પોતાના વિશે શું માને છે કે ધારે છે એની પરવા કર્યા વિના પૂરેપૂરા સમર્પણભાવથી માનાં દર્શન માટે અથાક પુરુષાર્થ કરી રહ્યા. એ અરસામાં એમનો આહાર અલ્પ થઈ ગયો અને ઊંઘ તો લગભગ ઊડી જ ગઈ.

લાંબો સમય આશાનિરાસા વચ્ચે ઝોલા ખાધા પછી ગદાધરની માતૃદર્શનની ઝંખના તીવ્રતમ બની ગઈ. પહેલાં તો તેમણે માને કાલાવાલા કર્યા પણ પછી તેમની ધીરજનો અંત આવવાથી મંદિરમાં ઝૂલતી તલવાર

તેમણે હાથમાં લીધી અને જીવનનો અંત આણવાનો નિશ્ચય કરી તેમણે તલવાર ગળા પર વીંઝી, પણ એટલામાં, એમના જ શબ્દો જોઈએ :

"ત્યાં તો એકાએક જગદંબા મારી સમક્ષ પ્રગટ થયાં અને મારો હાથ પકડી લીધો. હું બેભાન થઈ જમીન પર પટકાઈ પડ્યો. એ પછી શું થયું તેની તથા તે દિવસ અને બીજો દિવસ કેવી રીતે પસાર થયા એની મને કાંઈ ખબર નથી. પરંતુ મારું અંતર એક અપૂર્વ અને અણીશુદ્ધ આનંદના ઓઘમાં ઊછળી રહ્યું, નાહી રહ્યું."

ભાનમાં આવ્યા પછી ગદાધરે ઈશ્વરદર્શનની પોતાની આ પ્રથમ અનુભૂતિ પર પ્રકાશ પાડતાં કહેલું, "હું મૂર્છિત થઈને ઢળી પડ્યો ત્યારે મેં જોયું કે ઘરબાર, દીવાલ, છાપરું, બારીબારણાં, બધું મારી નજર સામેથી અદશ્ય થઈ ગયેલું. એને સ્થાને ચૈતન્યનો અફાટ, અનંત, ઉજ્જવળ મહાસાગર વિસ્તરી રહ્યો. ભયંકર ઘુઘવાટ કરતા પ્રચંડ તેજોમય તરંગો મને ગ્રસી જવા મારા તરફ ધસી રહ્યા હતા. એક ક્ષણમાં એ તરંગોએ મને ઘેરી લઈને પોતાની ભીતર સમાવી લીધો. મારો શ્વાસ થંભી ગયો. હું બેભાન થઈને જમીન પર પટકાઈ પડ્યો. મારી ચારે તરફ અક્ષય આનંદની ઉદધિ ઉછાળા મારી રહ્યો હતો. મારા આત્મામાં હું અનુભવવા લાગ્યો કે દેવી મા ત્યાં હાજરાહજૂર છે."

તેજોમય મહાસાગરમાં ગદાધરને જગદંબાનું આનંદમય સ્વરૂપ દષ્ટિગોચર થયેલું. પરમતત્ત્વના આ પ્રથમ સાક્ષાત્કાર સંદર્ભે શિષ્યોએ તેમને પૂછેલું કે તમને સાચે જ માનાં દર્શન થયેલાં? તેમણે તેનો કશો ઉત્તર આપ્યો ન હતો. પણ ભાવેવેશથી મુક્ત થયા પછી, પ્રકૃતિસ્થ થયા પછી અસ્ફુટ સ્વરમાં કહેલું : "મા... મા..."

રોમાં રોલાંનું માનવું છે કે તેમણે એવું કશું જોયું નહીં હોય, માત્ર



દેવીના સર્વવ્યાપી અસ્તિત્વનો એમને બોધ થયો હતો અને ચૈતન્યના મહાસાગરને જ તેમણે 'મા' કહી પુકાર્યો હશે.

# 3.

ગદાધરે પોતાની માનસિક રુચિ વિરુદ્ધ લાંબો સમય સંઘર્ષ કરવો ના પડ્યો. તેમની માનસિક વૃત્તિએ તેમને નિરાકારમાંથી પોતાની પ્રેમપાત્ર સાકાર મૂર્તિ સુધી પહોંચાડી દીધા. તેઓ એ જ ઝંખતા હતા. એક વાર એનાં દર્શન કર્યા પછી એક ક્ષણ પણ એના વિના જીવવું એમને માટે અશક્ય થઈ ગયું.

પરંતુ અસીમનો સાક્ષાત્કાર કરનારે એની કિંમત પણ ચૂકવવી પડે છે. પ્રથમ સાક્ષાત્કારનો પ્રભાવ એવો ભયંકર હતો કે ગદાધરનું શરીર કેટલાય દિવસો સુધી ધ્રૂજ્યા કર્યું. આંખો, શરીર અને મન પર એમનો સહેજ પણ કાબૂ ન રહ્યો. કોઈ બીજી શક્તિ જ એમને ચલાવી રહી હતી. તેમણે મા પાસે મદદ માગી.

એ પછી એકાએક એમને સમજાઈ ગયું કે માએ એમની અંદર પ્રવેશ કર્યો છે. તેમણે વિરોધ ખતમ કરી દીધો. માને તેમણે સંપૂર્ણ સમર્પણ કરી દીધું : ‘તારી ઈચ્છા પૂરી થાઓ.’ માએ તેમને પૂરેપૂરા આવરી લીધા. અને એ ધુમ્મસમાં ધીરે ધીરે દેવી માની શરીરધારી મૂર્તિ પ્રગટ



થઈ.

ગદાધરને એક વાર માનાં દર્શન થયાં તેથી સંતોષ ન હતો. પોતાને માત્ર ધ્યાનમાં હોય ત્યારે જ નહિ, બધો સમય એ અપૂર્વ આનંદ મળતો રહે એમ એ ઈચ્છવાલાગ્યા.

જેમ જેમ ગદાધર આધ્યાત્મિક સાધનામાં પ્રગતિ સાધતા ગયા તેમ તેમ જગદંબાના દર્શનનું સાતત્ય વધતું ગયું. અગાઉ જે કષ્ટસાધ્ય હતું તે હવે સહજસાધ્ય બન્યું. તેઓ દેવીની મૂર્તિને સ્થાને જીવંત સાક્ષાત્ જગદંબાને જોવા લાગ્યા. પોતાના એ અદ્‌ભુત અનુભવનું વર્ણન કરતાં તેમણે પાછળથી કહેલું :

‘‘હું મારા હાથ પર એમના શ્વાસનો અનુભવ કરતો. રાતે જ્યારે ઓરડામાં દીવો થતો ત્યારે ઝીણવટપૂર્વક જોવા છતાં પણ મેં ક્યારેય દીવાલ પર એમના દિવ્ય સ્વરૂપનો પડછાયો જોયો નથી. એક કિશોરીના જેવા આનંદથી, ઝાંઝરનો ઝમકાર કરતાં એ મંદિરના ઉપરના માળ પર જઈ રહ્યાં છે એવો અવાજ હું મારા ખંડમાં સાંભળતો. મારો ભ્રમ તો નથી ને એની ખાતરી કરવા હું ખંડમાંથી બહાર નીકળતો અને જગદંબાને મંદિરના પહેલે માળે ફરફરતા વાળ સાથે ઊભેલાં અને કલકત્તા બાજુ મોં રાખી ગંગા તરફ દૃષ્ટિપાત કરી રહેલાં જોતો.’’

આવી હતી ગદાધરની ભાવોન્મત્ત અવસ્થા. એ અવર્ણનીય અવસ્થામાં ક્રમશઃ ભક્ત અને ભગવાન વચ્ચેના અંતરની દીવાલો ખસી રહી હતી, અને જગજ્જનનીના દર્શનનું સાતત્ય વધી રહ્યું હતું.

હવે ગદાધરનો અધિકાંશ સમય માના સહવાસમાં પસાર થવા લાગ્યો. અંતે ગદાધર મા સાથે એકરૂપ થઈ ગયા અને ધીરે ધીરે તેમની અંતર્દૃષ્ટિ તેજજ્યોતિ બહાર પણ પ્રગટવા લાગી. જગદંબાનું મંગળ સ્વરૂપ

એમની સાથે પ્રત્યક્ષ રહેવા લાગી.

ગદાધરમાં આવેલા અદ્‌ભુત પલટાનો સૌથી પહેલાં ખ્યાલ તેમના નિત્યના સાથી અને ભાણેજ હૃદયને આવ્યો. એ દિવસોમાં ગદાધરના વર્તન વિશે તેણે કહેલું, ‘‘એ દિવસોમાં મારા મામા જ્યારે પૂજા કરતા ત્યારે જો કોઈ મંદિરમાં પ્રવેશતું તો તેનાં રૂવાડાં ખડાં થઈ જતાં. ત્યાં જાણે જગદંબા હાજરાહજૂર હોય એવું લાગતું.’’

ગદાધરની અદ્‌ભુત પ્રકારની પૂજા અને ભાવાવેશ જોઈ હૃદય આશ્ચર્ય અને આદરનો ભાવ અનુભવતો. પણ કેટલીક વાર તેને મામાની માનસિક સ્વસ્થતાની બાબતમાં શંકા પણ થતી. કેમકે એમનું આચરણ અનેક વાર શાસ્ત્રાજ્ઞાથી ઊલટું રહેતું. તેને સતત ડર રહેતો કે જો રાણી અને મથુરબાબુને મામાના આવા વિચિત્ર વર્તનની જાણ થશે તો તેમને નોકરીમાંથી હટાવી દેશે. પરંતુ ગદાધર તો આવી બાબતોથી બેપરવા હતા.

પરંતુ પોતાને ડાહ્યા માનતા લોકોને ગદાધરનું આવું વર્તન પસંદ પડ્યું નહીં. જે પુષ્પોથી દેવીના બદલે પોતાને શણગારે, દેવીનો પ્રસાદ પોતે ચાખી લે, દેવીના પવિત્ર પલંગ પર પોતે પોઢી જાય એવો પૂજારી પાગલ જ હોવો જોઈએ એવું માની એ લોકોએ આવા પૂજારીને સત્વરે દૂર કરવાની મથુરબાબુને વિનંતી કરી.

મથુરબાબુએ કર્મચારીઓને કહ્યું કે પોતે પૂરતી તપાસ કરીને યોગ્ય નિર્ણય લેશે.

એક દિવસ મથુરબાબુએ મંદિરની અણધારી મુલાકાત લીધી. એ વખતે ગદાધર કાલીપૂજા કરી રહ્યા હતા. તેઓ નિત્યની પેઠે પોતાના પ્રાણ રેડી પૂજા કરી રહ્યા હતા. મથુરબાબુ એમની તન્મયતા અને



ભક્તિભાવ જોઈ પ્રભાવિત થયા. એમણે મુખ્ય અધિકારીને આદેશ આપ્યો કે ગદાધરને એની ઈચ્છા પ્રમાણે પૂજા કરવા દેવી અને કશી કનડગત કરવી નહિ.

ભારતીય શાસ્ત્રોએ ભક્તિના પાંચ પ્રકારના ભાવોનો ઉલ્લેખ કર્યો છે. ગદાધરે પાંચે ભાવોની સાધના કરી હતી. એમાં એમની દાસ્યભક્તિની સાધના સવિશેષ ઉલ્લેખનીય છે. હનુમાનજીના ભાવની સાધના કરતાં એમને સીતામૈયાનાં દર્શન થયાં હતાં. કાલીમાતાનો સાક્ષાત્કાર કર્યા પછી એમને રામનાં દર્શન કરવાની ઈચ્છા થયેલી. રામનાં દર્શન કરવાં તેમણે હનુમાનભાવ ધારણ કર્યો. હનુમાનની જેમ જ કમર પર એક વસ્ત્ર વીંટાળીને તેનો એક છેડો પૂંછડીની માફક લટકતો રાખી તેઓ વાનરની જેમ ફળો અને કંદમૂળ છાલ સાથે ખાતા, બે પગે ચાલવાને બદલે તેઓ કૂદતા જતા, વૃક્ષની ડાળી પર બેસી તેઓ ઘણોખરો સમય વ્યતીત કરતા અને ગંભીર સ્વરે ‘રઘુવીર’ નામ રટતા.

આ સાધનાને અંતે ગદાધરને એક આશ્ચર્યકારક અનુભવ થયો. એક દિવસ તેઓ પંચવટીમાં શાંતિથી બેઠા હતા. ત્યાં અચાનક સામેથી એક દેવીમૂર્તિ એમની સામે આવતી દેખાઈ. એની દીપ્તિથી એ સ્થળે અજવાળું થઈ ગયું. એ સુંદર સ્ત્રીના મુખ પર પ્રેમ, વિષાદ, કરુણા, ક્ષમા અને ધૃતિની સ્નિગ્ધતા ઝળહળતી હતી. દિઙ્મૂઢ થઈને એ કોણ હશે એ ગદાધર વિચારતા હતા ત્યાં હૂપ કરતો એક વાનર કૂદીને આવ્યો અને એને ચરણે પડ્યો. ગદાધરને તરત ખ્યાલ આવી ગયો કે એ રામમયજીવિતા સહનશીલતાની દેવી સીતાજી જ હશે. ઊર્મિના આવેગમાં ‘મા...મા’ કહી તેઓ એમને પગે પડવા જતા હતા ત્યાં એમણે ગદાધરના દેહમાં પ્રવેશ કર્યો. તેઓ જમીન પર ઢળી પડ્યા. કોઈ પણ વસ્તુનું ધ્યાન ધર્યા

વગર ઉઘાડી આંખે ગદાધરને આ દર્શન થયાં હતાં.

કઠોર સાધનાને કારણે ગદાધરના શરીરમાં જાતજાતના રોગોએ ઘર કર્યું. એમના શરીરમાં ભયંકર દાહ થવા લાગ્યો. એમણે છ મહિના સુધી એ દાહની પીડા સહન કરી. એ પછી પણ બે વાર એમને આવા દાહની વેદના સહેવી પડેલી.

રાણી રાસમણિને ગદાધર પ્રત્યે પ્રેમાદર હતો. એમના વિશે જાતજાતની વાતો સાંભળ્યા પછી એક વાર એમણે જાતે જઈને જોઈ આવવાનું નક્કી કર્યું.

એક દિવસ ગંગાસ્નાન કરીને રાણી મંદિરમાં ગયાં અને માની મૂર્તિ પાસે શાંત થઈને બેઠાં. એમણે ગદાધરને ગીત ગાવાનું કહ્યું. ગદાધરે ભજન શરૂ કર્યું. રાણીએ આંખો બંધ કરી મધુર કંઠે ગવાતું ભજન સાંભળવાં માંડ્યું. એકાએક ગદાધરે રાણીને એક તમાચો ચોડીને કહ્યું, ‘‘અહીં પણ એ જ ચિંતા?’’ રાણી હેબતાઈ ગયાં. કર્મચારીઓમાં ખળભળાટ મચી ગયો. બધાને ખાતરી થઈ ગઈ કે હવે ગદાધરને પાણીચું પકડાવવામાં આવશે.

હૃદયે ગભરાતાં ગભરાતાં મામા પાસે જઈ પૂછ્યું, ‘‘તમે આ શું કર્યું?’’

ગદાધરે શાંત ભાવે ઉત્તર આપ્યો, ‘‘એમાં હું શું જાણું? માએ કહ્યું કે અહીં આવીને પણ એ સંસારવ્યવહારની ચિંતા કરે છે. એને એક લપડાક લગાવી દે. માની વાત હું કેવી રીતે અવગણું?’’

રાણીએ મથુરબાબુને પાસે બોલાવી કહ્યું, ‘‘ગદાધરે યોગ્ય જ કર્યું છે. એના હાથે માએ જ મને શિક્ષા કરી છે.’’ અન્ય કર્મચારીઓ ગદાધરને કશું જ ન કહે એની સૂચના આપી તેઓ પોતાના ખંડમાં ચાલ્યાં ગયાં.



મથુરબાબુને ગદાધર પ્રત્યે આદરભાવ હતો પણ એમને શંકા થઈ કે યુવાન પૂજારીને કદાચ જ્ઞાનતંતુઓની નબળાઈ હશે. એમણે કલકત્તાના વિખ્યાત વૈદ્યરાજ ગંગાપ્રસાદ પાસે એમની સારવાર શરૂ કરાવી. એનાથી કશો ફાયદો ના થયો.

મથુરબાબુએ ગદાધરને પોતાની લાગણીઓને સંયમમાં રાખવાની અને જીવનને નિયમાધીન બનાવવાની સલાહ આપી. પોતાની સલાહના સમર્થનમાં એમણે દલીલ કરતાં કહ્યું, ‘‘સ્વયં ઈશ્વર પણ પોતાનાં નિયમોને વશ વર્તે છે. એનું ઉલ્લંઘન કરવાનો એમને પણ અધિકાર નથી.’’

ગદાધરે કહ્યું, ‘‘જેણે નિયમ ઘડ્યો છે તે એને રદ કરી શકે અથવા એને સ્થાને બીજો નવો નિયમ પણ ઘડી શકે.’’

બીજા દિવસે લાલ જાસૂદના છોડ ઉપર ગદાધરે એક જ ડાળ પર એક લાલ અને એક સફેદ ફૂલ ખીલેલાં જોયાં. એમણે એ ડાળી તોડીને મથુરબાબુને બતાવી. તેઓ શું બોલે?

મથુરબાબુ જેમ જેમ ગદાધરની નિકટ આવતા ગયા તેમ તેમ તેમની શંકાઓનું સમાધાન થતું ગયું. આ કોઈ અસાધારણ પુરુષ છે એની એમને પ્રતીતિ થવા લાગી. તઓ અંતઃકરણપૂર્વક ગદાધરને ગુરુ ગણવા લાગ્યા.

પરંતુ બીજી બાજુ ગદાધરની ભાવોન્મત્ત અવસ્થાને કારણે પૂજાસેવાની રીતિનીતિ તો એક બાજુએ રહી, સમય-અસમયનું પણ તેમને ભાન રહેતું ન હતું. ક્યારેક તો તેઓ પૂજા કર્યા વિના જ ભોગ ધરી દેતા. મથુરબાબુને લાગ્યું કે દેવીની પદ્ધતિપૂર્વક પૂજા ચાલી રાખવા કંઈક અન્ય વ્યવસ્થા કરવી જોઈએ. એક દિવસ ભાવાવેશમાં ગદાધરે મથુરબાબુને કહી દીધું : ‘‘આજથી હૃદય પૂજા કરશે.’’

મથુર બાબુએ હૃદયરામને દેવીની પૂજા કરવાનું અને ગદાધરની

સંભાળ રાખવાનું સોંપ્યું.

ગદાધરને પૂજા કરવામાંથી મુક્તિ મળી, પણ મા માટેની તલસાટ, મા માટેનું કંદન વધી ગયાં. માનાં દર્શનમાં જો સહેજ પણ વિલંબ થતો તો ગદાધર ઊંચાનીચા થઈ જતા. ધમ દઈને પડી જતા. ક્યાં પડતા, અગ્નિમાં કે પાણીમાં એનું એમને ભાન રહેતું નહીં. શ્વાસ અટકી અટકીને ચાલતો. કપાયેલા બકરાની જેમ આખો દેહ તરફડતો, ક્ષતવિક્ષત થઈ જતો. ગદાધર ભ્રમર સરખી ઊંચી કર્યા વિના ભોંય પર મોઢું ઘસતા, રડતા અને ચીસો પાડતા, "મા, હે મા!"

રસ્તે જતા-આવતા લોકો એમને જોઈ કહેતા, "અરે રે, શૂળ ઊપડ્યું લાગે છે..."

ગદાધરનું શરીર ભાંગતું હતું. મથુરબાબુને લાગ્યું કે એનું કારણ ઈન્દ્રિયનિગ્રહ છે. એમને લાગ્યું કે તેઓ જો આ કાઠિન્યમાંથી થોડી વાર મુક્ત થાય તો કદાચ સ્વસ્થ થઈ શકે. પણ તેમને લાગ્યું કે ગદાધરને સીધી વાત કરવાથી તે સ્વીકારશે નહીં. આથી તેમણે ત્રાગડો રચી ગદાધરને ફસાવવાનો વિચાર કર્યો.

મથુરબાબુએ શહેરમાંથી બે પતિત સ્ત્રીઓને બોલાવી ગુપચુપ ગદાધરના ઓરડામાં મોકલી લીધી.

ગદાધર તો મુગ્ધ બનીને તેમને જોઈ રહ્યા. પછી સરળ આનંદથી ઉચ્છ્વસિત થઈને બોલી ઊઠ્યા, "મા, મા તું આવી છે?" આટલું બોલી તેઓ તેમનાં ચરણમાં આળોટી પડ્યા.

પેલી પતિત નારીઓ તો નાસી જવાનો માર્ગ શોધવા લાગી.

એક દિવસ મથુરબાબુ ગદાધરને લઈ કલકત્તાના મેછુયાબાજાર સ્ટ્રીટમાં આવેલા એક મકાન પાસે જઈ ઊભા રહ્યા. ત્યાં ટાપટીપ કરીને



તૈયાર થયેલી કેટલીક સુંદર સ્ત્રીઓ રાહ જોતી ઊભી હતી. એમની વચ્ચે ગદાધરને ગોઠવીને મથુરબાબુ પલાયન થઈ ગયા. વાસ્તવમાં શું ખેલ થાય છે તે જોવા બહાર જઈ સંતાઈને ઊભા રહ્યા.

ગદાધરે તો માતૃસ્તવન શરૂ કર્યું : 'સ્ત્રિયઃ સમસ્તાઃ સકલા જગત્સુ-' (સર્વ સ્ત્રીઓમાં એ જગજ્જનની છે.) પછી શિશુસંદેશ થઈ ગયા અને બાહ્ય સંજ્ઞાનો લોપ થયો. કામિનીઓએ તો કોલાહલ કરી મૂક્યો, ક્રંદનનો કોલાહલ. ગદાધરના ચરણ આગળ આળોટી ક્ષમાયાચના કરવા લાગી. મથુરબાબુએ ભીતર ડોકિયું કર્યું તો તેમને પવિત્ર પ્રેમની પ્રતિમૂર્તિ સમા ગદાધર દૃષ્ટિગોચર થયા.

વેશ્યાઓ મથુરબાબુ પર ગુસ્સે થઈ. મથુરબાબુને શરમ આવી.

એક દિવસ ગદાધર ગંગાકિનારે એક હાથમાં માટી અને એક હાથમાં પૈસા લઈને બેઠા. મનમાં વિચારવા લાગ્યા - બેમાંથી શું ભારે છે? કોની કિંમત વધારે? વિચાર કરતાં મનમાં પ્રકાશ થયો. બંને સરખી કિંમતનાં, બંને એકસરખાં અસાર. આવું વિચારી તેમણે બંનેને ગંગામાં ફગાવી દીધાં. પછી તેઓ હળવાફુલ્લ થઈ ગયા, 'સમલોષ્ટ્રાશ્મકાંચન' થઈ ગયા.

ગદાધરનો પિતરાઈ ભાઈ રામતારક ચાટુજ્જે દક્ષિણેશ્વર આવ્યો. ગદાધરે એનું નામ રાખ્યું હલધારી. તે પણ હૃદયની જેમ નોકરીની શોધમાં આવેલો. અલબત્ત તે મોટો વૈષ્ણવ અને શાસ્ત્રોનો પંડિત હતો. મથુરબાબુએ તેને કાલીમંદિરની પૂજાનો ભાર સોંપ્યો.

હલધારીએ કાલીને અપાતું બલિદાન બંધ કરવાનો આગ્રહ કર્યો. એમ ન થતાં તે મન વિના પૂજા કરવા લાગ્યો. મા તેની અડધીપડધી પૂજાથી કોપે ભરાયાં. તેનો પુત્ર મરી ગયો.

ગદાધરે હલધારીને રાધાકાન્ત-મંદિરમાં પૂજા કરવાનું કહ્યું. હલધારી ત્યાં મધુરભાવની પરિચર્યામાં પરકીયા સાથે મત્ત બની ગયો. તેની નિંદા થવા લાગી. ગદાધરે ઠપકો આપ્યો.

ગુસ્સે થયેલા વાક્સિદ્ધ હલધારીએ ગદાધરને શાપ આપ્યો, ‘‘તારા મોઢામાંથી લોહી પડશે.’’

થોડા દિવસ પછી એક સાંજે ગદાધરના મુખમાંથી સાચે જ લોહી પડવા લાગ્યું. કાળું ઘાટું લોહી. થોડું વહી ગયું, બાકીનું સૂતરના તારની જેમ દાંતમાંથી લટકવા લાગ્યું.

હલધારીને પસ્તાવો થયો પણ હવે તે શાપ પાછો ખેંચી શકે તેમ ન હતો. ચારે બાજુ હાહાકાર થઈ ગયો. એટલામાં દક્ષિણેશ્વર થોડા દિવસથી આવેલા એક સાધુ આવી પહોંચ્યા, એમણે લોહીનો રંગ જોઈ તરત ગદાધરને પૂછ્યું, ‘‘તું હઠયોગ કરે છે ને?’’

‘‘હા, કરું છું.’’ ગદાધરે કહ્યું.

‘‘તો ડરવા જેવું નથી. સાધનામાં સુષુમ્ણા દ્વાર ખૂલી ગયું છે. શરીરનું બધું લોહી માથામાં એકઠું થઈ ગયું હતું. એણે જાતે જ મોઢા દ્વારા વહી જવાનો માર્ગ લીધો એ સારું થયું નહિતર જડસમાધિ આવી જાત.’’

‘‘એ તો બધું માની ઈચ્છા પ્રમાણે થાય.’’ ગદાધર.

‘‘બિલકુલ સાચું, તું આજે માની ઈચ્છાથી જ બચી ગયો. તારી મારફતે માને કેટલુંય કામ કરવાનું હશે કોને ખબર!’’

ગદાધર વસ્ત્રો - જનોઈ ઉતારી સાધના કરતા તેને હલધારી બેવકૂફ માનતો. વળી તેનો પુત્ર મરી ગયા પછી તે કાલીને તમોમયી માનતો. એણે એક વાર ગદાધરને કહી જ દીધું, ‘‘તું આ તામસી મૂર્તિની પૂજા શા માટે કરે છે? એથી શું ક્યારેય આધ્યાત્મિક ઉન્નતિ થઈ શકે ખરી? ગીતામાં શું કહ્યું છે એ જાણતો નથી? અધોગચ્છન્તિ તામસા.’’



ઈષ્ટનિંદા સાંભળી ગદાધર ગુસ્સે થયા. પણ હલધારી સાથે દલીલબાજીમાં ઊતર્યા વિના એમણે તો સીધું માને જ પૂછ્યું, ‘‘મા, તું કોણ છે? તારા રૂપમાં આટલા બધા અંધકારનું ઐશ્વર્ય છે એ શું અજ્ઞાનનો અંધકાર છે?’’

માએ સમજાવ્યું : ‘હું ત્રિગુણાતીત છું, છતાં સર્વગુણાશ્રયી છું. સ્વરૂપે કરીને નિર્ગુણ, માયા રૂપે સગુણ, નિર્ગુણ સગુણનું અધિષ્ઠાન, સગુણ નિર્ગુણનું ઉદ્‌ઘાટન. વળી હું છું આકાશ. સમસ્ત, ગુણને પેલે પાર પ્રવૃત્તિનિવૃત્તિશૂન્ય.’

ગદાધર દોટ મૂકી પૂજા કરતા હલધારી પાસે પહોંચ્યા. સીધા એની ડોક પર ચડી બેસીને બોલ્યા, ‘‘અલ્યા, તું મારી માને તામસી કહે છે? ?રી મા તો છેસર્વવર્ણમયી છતાં ત્રિગુણાતીતા. આટલાં શાસ્ત્રો ભણ્યો છે છતાં આટલું નથી જાણતો?’’

હલધારી દિઙ્મૂઢ બનીને તાકી રહ્યો. એને થયું કે આ ગદાધર નથી, એનામાં સાક્ષાત્ જગદંબાનો આવિર્ભાવ થયો છે.

એણે એકાએક ગદાધરના ચરણમાં પુષ્પ અને બિલ્વપત્ર ચઢાવ્યાં.

પતિના અવસાન પછી પુત્રો આશાભરી મીટ માંડી રહેલાં ચંદ્રમણિ મોટા પુત્ર રામકુમારના અવસાનથી થઈ ગયાં. એ કારી ઘા હજી રુઝાયો ન હતો ત્યાં એમને સમાચાર મળ્યા કે ગદાધર દક્ષિણેશ્વરમાં પૂજા વગેરે છોડી દઈ પાગલની પેઠે જીવી રહ્યો છે.

ચંદ્રમણિ અને રામેશ્વર બંને આવા સમાચાર સાંભળી સ્વસ્થ ન રહી શકે એ સ્વાભાવિક છે. એમને ગદાધરનું શૈશવ યાદ આવી ગયું. એ વખતે પણ તે અવારનવાર ભાવાવેશનો ભોગ બનતો હતો.

અસ્વસ્થ થયેલી વત્સલ માતાએ રામેશ્વર પાસે ઉપરાઉપરી પત્રો લખાવી ગદાધરને કામારપુકુર આવી જવા માટે જણાવ્યું.

આખરે ગદાધરે માતાની વાત માની. તેઓ લગભગ છએક વર્ષ બાદ પુનઃ કામારપુકુર માના પાલવની છાયામાં પહોંચી ગયા. ચિંતાતુર માએ જોયું કે હવે એ પહેલાંનો ગદાધર રહ્યો નથી. એની માનસિક સ્થિતિમાં ઘણું પરિવર્તન થયું છે. જગતના પદાર્થો પ્રત્યે એ ઉદાસીન બન્યો હતો અને એના ચહેરા પર કોઈ અકળ મનોવ્યથા દષ્ટિગોચર થતી હતી.

દીકરાની આવી દશા જોઈ ચંદ્રમણિ ભયભીત થઈ ગયાં. એમણે અનેક ઉપાયો કર્યા પણ કશું વળ્યું નહિ. તેઓ સ્નેહપૂર્વક પુત્રના વાંસે હાથે ફેરવતાં. ગદાધર થોડી વાર માટે સ્વસ્થ થતા પણ પાછા ભાવાવેશમાં સરકી જતા.

ભાવાવેશની સ્થિતિમાં ગદાધરનું વર્તન કામારપુકુરના લોકોને વિસ્મયકારક લાગ્યું. એના આચરણમાં ન હતી લજ્જા, ન હતી ઘૃણા કે ન હતો કશો ભય. સંસારવ્યવહાર જેવું પણ કશુંક છે એનું એને ભાન ન હતું.

ગામના લોકોને લાગ્યું કે ગદાધર કંઈ પૂરો ગાંડો નથી થયો. જો એવું હોય તો માને ચાહે શી રીતે? જૂના મિત્રો સાથે આવી ઠઠ્ઠા-મશ્કરી કરે? વાસ્તવમાં એને કશોક વળગાડ હોવો જોઈએ.

ચાર માણસની સલાહથી ચંદ્રમણિએ ભૂવાને બોલાવ્યો. એણે એનાથી શક્ય બધા પ્રયાસો કર્યા. કશું પરિણામ ન આવ્યું. પછી બીજો ભૂવો બોલાવ્યો. તે તંત્રમંત્રનો જાણકાર હતો.

ગામલોકો ટોળે વળ્યા. સહુને લાગ્યું કે હવે ગદાધરનો રોગ મટશે. યથાવિધિ પૂજા થઈ. ભૂતને બલિ આપવામાં આવ્યો. ભૂત આવ્યું. ભુવાને



ઉદ્દેશી તેણે કહ્યું, ‘‘એને ભૂત વળગ્યું નથી. એને કશો વ્યાધિ પણ નથી.’’ પછી ગદાધરને સંબોધી તેણે કહ્યું, ‘‘કેમ રે, તારે જો સાધુ જ થવું છે તો આટલી બધી સોપારી કેમ ખાય છે? વધારે સોપારી ખાવાથી કામવાસના વધે છે.’’

ગદાધર વેળાકવેળા સોપારી ખાતા હતા. એમણે એ ખાવાનું બંધ કરી દીધું.

કામારપુકુરમાં બે સ્મશાનો હતાં - બંને સ્મશાનો હતાં - બંને છેડે એક-એક. દિવસે પણ ત્યાં જતાં લોકો ગભરાતા. ગદાધરે એક સ્મશાનનો સાધનાસ્થળ તરીકે ઉપયોગ કરવાનું નક્કી કર્યું. તેઓ દિવસ-રાતનો મોટો ભાગ ત્યાં બેસી પૂજા-ધ્યાનમાં પસાર કરવા લાગ્યા. તેઓ હાંડી ભરી મીઠાઈ લઈ જતા અને શિયાળ તથા ભૂતપ્રેતને ખવડાવતા.

એક દિવસ મધરાત થવા છતાં ગદાધર ઘરે પાછા ન ફર્યા તેથી ચંદ્રમણિને ચિંતા થઈ. મા માટે તો નાનો દીકરો હંમેશાં નાનો જ રહે છે. તેમણે રામેશ્વરને સ્મશાન મોકલ્યો.

બીકને કારણે સ્મશાનથી ખાસ્સે દૂર ઊભા રહીને રામેશ્વર બૂમો પાડવા લાગ્યા, ‘‘ગદાઈ, ભાઈ, તું ક્યાં છે?’’

‘‘આવું છઉં, ભાઈ.’’ ગદાધરે પ્રત્યુત્તર પાઠવ્યો. પછી એકાએક ચીસ પાડીને કહ્યું, ‘‘આ બાજુ આગળ આવતા નહિ. હું એમને ગાંઠતો નથી. તેઓ તમને હેરાન કરશે. તમે જતા રહો.’’

ગદાધરને સ્મશાનમાં શાંતિ મળતી. ત્યાં તેમને કાલીદર્શન થવા લાગ્યાં.

બીજી બાજુ વત્સલ માતાની સંભાળ સાવ નિરર્થક ન ગઈ. થોડા મહિનાના નિવાસ પછી ગદાધરના વર્તનમાં થોડો ફેરફાર જોવા મળ્યો.

એમનો અજંપો ઓછો થયો. હવે તે રુદન પણ કરતા ન હતા. માતા અને સગાંવહાલાંને કંઈક શાંતિ થઈ. એનો અર્થ એવો નહીં કે તેઓ સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયેલા. એમનું સ્મશાનમાં જવું, ધ્યાન કે પૂજા કરતી વખતે નગ્ન થઈ બેસવું વગેરે તો ચાલુ જ હતું.

એ સમયે ઈ. ૧૮૫૯નું વર્ષ હતું અને ગદાધર ત્રેવીશ વર્ષના થઈ ચૂક્યા હતા. એમને દુન્યવી બાબતોમાં રસ લેતા કરવા ચંદ્રમણિ અને રામેશ્વર જાતજાતની પેરવીઓ કરી રહ્યાં હતાં. એમને લાગ્યું કે હવે ગદાધરને પરણાવી દેવા જોઈએ. લગ્ન થશે એટલે તે આપોઆપ પોતાની સાંસારિક જવાબદારીઓ પ્રત્યે સભાન થશે. યોગ્ય કન્યાની શોધ શરૂ થઈ.

ઘણી શોધ કરી પણ સફળતા ન મળી. વળી આ ચટ્ટોપાધ્યાય પરિવાર પૈસાદાર ન હતો તેથી સારું દહેજ આપી શકે તેમ ન હતો, માતા અને મોટા ભાઈની પેરવીઓથી ગદાધર અજાણ ન હતા. બધું જાણવા છતાં તેમણે એ અટકાવવાનો પ્રયાસ ન કર્યો.

એક દિવસ માતા અને મોટા ભાઈ ચિંતાતુર ચહેરે બેઠાં હતાં. ગદાધરે ચિંતાનું કારણ પૂછ્યું. એમણે સાચે સાચું કહી દીધું. ગદાધરે કહ્યું, “તમે નાહકનાં અહીંતહીં શોધખોળ કરો છો. એમાં કશી ચિંતા કરવા જેવી નથી. જયરામવાટીના રામચંદ્ર મુખોપાધ્યાયના ઘરમાં મારે માટે નિર્ધારિત કન્યા તમને મળી આવશે.”

કન્યાની નાની વયને કારણે ચંદ્રમણિને બહુ ઉત્સાહ ન થયો પણ બીજી કોઈ કન્યા ન મળવાથી આખરે ત્યાં નક્કી કરવું પડ્યું.

કન્યાપક્ષે પહેરામણી પેટે ત્રણસો રૂપિયા માગ્યા. રામેશ્વરે વ્યવસ્થા કરી. બંગાબ્દ ૧૨૬૬ (ઈ.૧૮૫૯) વૈશાખ મહિનાના અંત ભાગમાં



ગદાધરને ચોવીસમું વર્ષ બેસી ગયું હતું અને શારદામણિને છઠ્ઠું.

જયરામવાટીમાં લગ્નમંડપ બંધાયો. વર ગદાધરે કસીને સુંદર ધોતિયું પહેર્યું. ઉપર ઝભ્ભો, ગળામાં પુષ્પમાળા, કપાળે ચંદનલેપ, પડોશીઓએ ગદાધરને શણગાર્યા હતા. પણ ઢોલત્રાંસાં વગાડ્યાં ન હોવાથી વચેટ ભાભી નારાજ હતી.

“ઊભાં રહો, હું જ ઢોલ વગાડું છું.” કહી બે હાથે કૂલા ઠોકીને ગદાધર નાચવા લાગ્યા. મોઢેથી ઢોલના બોલ બોલવા લાગ્યા. આ રંગઢંગ જોઈ બધા હસવા લાગ્યાં. વચલી ભાભીની નારાજગી પણ દૂર થઈ ગઈ.

લાજાહોમનો અગ્નિ પ્રગટ્યો. સૌભાગ્યવતી સ્ત્રીઓ વરની પ્રદક્ષિણા કરતી હતી. અચાનક બળતું લાકડું આવી પડવાથી ગદાધરના હાથે બાંધેલું માંગલિક સૂત્ર સળગી ગયું.

જાણે અવિદ્યાનું બંધન છેદાઈ ગયું. ગદાધરે અવિદ્યામુક્ત શક્તિનો સ્વીકાર કર્યો.

પોતાનો ગાંડો ગદાઈ આખરે આનંદપૂર્વક પરણ્યો એ જોઈ ચંદ્રમણિને નિરાંત થઈ. ઘરને અજવાળનારી ગૃહલક્ષ્મી આવી.

વરવધૂને જોવા માટે કેટલાય લોકો આવ્યા હતા. ચંદ્રમણિ માટે આમ તો એ આનંદનો, ઉલ્લાસનો દિવસ હતો, પણ મનમાં વ્યથાનો કાંટો ખૂંચ્યા કરતો હતો. વહુના શરીર પરથી આભૂષણ ઉતારી લેવાનાં હતાં.

ઘરેણાં ઘડાવીને વહુને ચડાવવાની ચંદ્રમણિની હેસિયત ન હતી. લાહા મહાશયના ઘરેથી દાગીના માગી લાવીને લગ્નને દિવસે નવવધૂને શણગારી હતી. તે દાગીના પાછા આપવાનો દિવસ આવ્યો હતો. પણ માતા કેવી રીતે વધૂના કોમળ અંગ ઉપરથી આભૂષણ ઉતારવાનું કહે?

માની મનોવ્યથા ગદાધર સમજી શક્યા. એમણે માને કહ્યું, " તું કશી ચિંતા કરીશ નહિ. હું બધાં ઘરેણાં ઉતરાવી આપીશ."

શારદા સૂતી હતી ત્યારે ગદાધરે ચૂપચાપ ઘરેણાં ઉતારી લીધાં. નાની બાળકીને કશી ખબર ના પડી, પણ જાગ્યા પછી ખબર પડતાં રડવા લાગી.

વત્સલ ચંદ્રમણિ શારદાને ખોળે બેસાડી વહાલ કરવા લાગી. પછી બોલી, "ઘરેણાં ગયાં તો ભલે ગયાં. તું રડીશ નહીં. મારો ગદાઈ તને એના કરતાં પણ સરસ ઘરેણાં ઘડાવી આપશે."

શારદા તો માની ગઈ પણ એનાં કાકા સહેલાઈથી માને એવા ન હતા. આ પ્રવંચના જોઈ તેઓ ગુસ્સે થયા અને શારદાને જયરામવાટી લઈ ગયા.

"બીજે ક્યાં જાય?" ગદાધરે વાતને હળવાશથી લેતાં માને કહ્યું, "એ ભલેને પાછી ના ફરે, પણ લગ્ન થયાં તે ના થયાં થોડાં થવાનાં છે?"

લગ્ન પછી ગદાધર દોઢેક વર્ષ કામારપુકુર રહ્યા. તેમનું શરીર પૂરેપૂરું સારું ન થાય ત્યાં સુધી ચંદ્રમણિ એમને કલકત્તા મોકલવા તૈયાર ન હતાં.

બીજી બાજુ શારદાએ સાતમા વરસમાં પ્રવેશ કર્યો હતો. એનું આણું વાળવાનું આવ્યું. ગદાધર પુનઃ સાસરે ગયા.

સાત વર્ષની સુકુમાર શારદા કળશ ભરીને પાણી લઈ આવી, પંખો લઈ આવી. પાણીથી પતિના પગ ધોઈ પોતાના બે કોમળ કર વડે તેને સ્પર્શવા લાગી અને માથાના કાળા ભમ્મર કેશ વડે તે લૂછવા લાગી. પગ ધોઈને પંખો નાખવા લાગી.

આણું વાળીને સાત વર્ષની સુંદરી શારદા કામારપુકુર પતિગૃહે



આવી. પરંતુ માંગલિક અનુષ્ઠાન પૂરું થતાં જ ગદાધરે કહેવા માંડ્યું, 'હું તો હવે દક્ષિણેશ્વર જઈશ.'

દક્ષિણેશ્વરનો સાદ હવે ગદાધરને સંભળાવા લાગ્યો હતો. એમનું શરીર સારું થયું હતું. એમણે રાજીખુશીથી લગ્ન પણ કર્યાં હતાં. એટલે માતા ચંદ્રમણિ બહુ રકઝક કરી શક્યાં નહિ. માતા અને મોટા ભાઈની રજા લઈ ગદાધરે પુનઃ દક્ષિણેશ્વરની વાટ પકડી.

# ૪.

ઈ. ૧૮૬૦માં ગદાધર પુનઃ દક્ષિણેશ્વર પાછા ફર્યા. થોડા દિવસોમાં જ પેલી દિવ્ય ઘેલછાએ એમનો કબજો લીધો. કામારપુકુરમાં પ્રાપ્ત કરેલી સ્વસ્થતા ક્ષણજીવી નીવડી. એમની શારીરિક વિટંબણાઓ પુનઃ દષ્ટિગોચર થવા લાગી.

ગદાધરને પુનઃ અસહ્ય ગાત્રદાહ શરૂ થયો. ઊંઘ અદશ્ય થઈ ગઈ. પુનઃ આ માટેનું કંદન શરૂ થયું.

મથુરબાબુ ગદાધરને ફરી વૈદ્યરાજ ગંગાપ્રસાદ સેન પાસે લઈ ગયા. તેમણે સારવાર શરૂ કરી. કશું પરિણામ ન આવ્યું.

એક વાર ગંગાપ્રસાદ ગદાધરની પૂછપરછ કરતા હતા ત્યારે પૂર્વ બંગાળના પ્રસિદ્ધ વૈદ્ય એમના દવાખાનામાં આવ્યા હતા. બધી હકીકત સાંભળીને તેમણે અભિપ્રાય આપ્યો કે આ રોગ દવા કે માલીશથી દૂર થાય એવો નથી. આ તો દૈવી ઘેલછા છે, કેટલીક યોગક્રિયાને લીધે ઉદ્ભવી છે. આ પ્રકારનું નિદાન કરનાર તેઓ પહેલાં વૈદ્ય હતા. પણ એ વખતે એમના અભિપ્રાય પર કોઈએ લક્ષ આપ્યું નહીં.



બધા ઉપચાર કરવા છતાં ગદાધરનો વ્યાધિ વધતો ચાલ્યો. ચંદ્રમણિના કાને આ વાત પહોંચી. પુત્રવત્સલ માતાના દુઃખનો પાર ન રહ્યો. નિરુપાય થઈને તેમણે શિવજીનું શરણ લીધું. મુકુન્દપુરના શિવ પાસે જઈ ત્યાં બે દિવસ અન્નજળ વિના પસાર કર્યા. મહાદેવે સ્વપ્નમાં આવી હૈયાધારણ આપી : “ગભરાતી નહીં. તારો દીકરો પાગલ નથી થયો. એ તો ઈશ્વર સાક્ષાત્કારની એક ભૂમિકામાંથી પસાર થઈ રહ્યો છે. આ બધાં એનાં લક્ષણ છે. મન સ્વસ્થ કરી ઘેર જા.”

ચંદ્રમણિને શાંતિ થઈ. શિવજીની પૂજા કરી તે ઘરે પાછી ફરી. પછી કુળદેવતા રઘુવીરની પ્રાણપણે સેવા કરવા લાગી.

ગદાધરની વ્યગ્રતાનો પાર ન હતો. જગદંબાનાં દર્શનની ઝંખના પુનઃ તીવ્રતમ બની હતી. એ ભાવોન્મત્ત અવસ્થામાં એમને રસ્તે જતી કોઈ પણ બાળા વિજયી પતિને વધાવવા જતી સીતા રૂપે દેખાતી. કોઈ વાર ખભે ડાંગ રાખીને તેઓ મંદિરના ચોગાનમાં ઘૂમતા, કોઈ વાર કૂતરાને જમાડતા અને બાકી વધેલું પોતે ખાઈ જતા. ઘણી વાર એમના નિશ્ચેષ્ટ શરીર ઉપરથી સર્પો પણ પસાર થતા.

કઠિન સાધનાનાં એ છ વર્ષો દરમિયાન ગદાધરે અસાધારણ યાતના સહી હતી. એ દરમિયાન એમની આંખોએ ઊંઘ જેવી વસ્તુ જાણી ન હતી. એમને પોતાના દેહનું લેશ પણ ભાન રહેતું નહીં, જ્યારે એમનું મન નિમ્ન ભૂમિકાએ ઊતરી આવતું ત્યારે પોતાની ચેષ્ટાઓ વિશે વિચાર કરતાં પણ તેમને ડર લાગતો. કેટલીક વાર તેઓ દર્પણ સામે ઊભા રહી આંખોને બંધ કરવાનો પ્રયત્ન કરતા, પણ આંખો બંધ ન થતી.

એક દિવસ ગદાધર મહાદેવના મંદિરમાં જઈને શિવમહિમ્નઃ સ્તોત્રનો પાઠ કરવા લાગ્યા. પાઠ કરતાં કરતાં તેઓ ભાવેવેશમાં આવી

ગયા અને બાહ્ય ભાન ભૂલી ગયા. એમને એવું લાગ્યું કે પોતે સાક્ષાત્ મહાદેવની સમક્ષ ઊભા છે. ધીમે ધીમે શ્લોકોનો ક્રમ ભુલાયો અને હોઠેથી મોટા અવાજે આટલું જ બોલવા લાગ્યા, "હે મહાદેવ! તારો અનંત મહિમા હું શી રીતે ગાઈ શકું?" પછી તેઓ અશ્રુપાત અને ક્રંદન કરવા લાગ્યા.

મંદિરના કાર્યકર્તાઓ અને દર્શનાર્થીઓ ત્યાં એકઠા થઈ ગયા. કોલાહલ સાંભળી મથુરબાબુ પણ ત્યાં આવી પહોંચ્યા. બાજુમાં ઊભા રહી શાંતિથી બધું જોવા લાગ્યા.

એટલામાં એક કર્મચારી બોલી ઊઠ્યો, "આ પાગલને અહીંથી ખસેડો, નહિ તો કંઈ કરી બેસશે."

તેમની ચેતવણી સાંભળી સહુ શાંત થઈ ગયા. થોડી વાર પછી ગદાધર ભાનમાં આવ્યા. આટલા બધા માણસોને એકઠા થયેલા જોઈ તેમને થયું કે પોતે કંઈ કરી તો નથી બેઠો ને? શિશુસહજ સરળતાથી તેમણે મથુરબાબુને પૂછ્યું, ''મારાથી કશું અજુગતું તો નથી થઈ ગયું ને?''

મથુરબાબુએ પ્રણામ કરી કહ્યું, ''ના રે, તમે તો સ્તોત્રપાઠ કરતા હતા અને અમે બધા સાંભળતા હતા.''

એક દિવસ ગદાધર પોતાના વરંડામાં આંટા મારી રહ્યા હતા. મથુરબાબુ એ વખતે પોતાના ઓરડામાં બેસી કંઈક કામ કરતા હતા. ત્યાંથી ગદાધર દેખાતા હતા. પોતાને કોઈ જોઈ રહ્યું છે એનું એમને તો ધ્યાન સુધ્ધાં ન હતું.

એટલામાં અચાનક મથુરબાબુ પાગલની જેમ દોટ મૂકીને આવ્યા અને ગદાધરનાં ચરણોમાં પડી બાળકની જેમ રડવા લાગ્યા.



વિસ્મિત થઈને ગદાધર બોલી ઊઠ્યા, "અરે! આ શું? તમે તો રાણી રાસમણિના જમાઈ છો. તમારું આવું આચરણ જોઈ લોકો શું ધારશે? ઊઠો, સ્વસ્થ થાઓ."

પરંતુ મથુરબાબુનું રુદન અટક્યું નહીં. થોડી વાર પછી પોતાના વર્તનનો ખુલાસો કરતાં તેમણે કહ્યું, " તમે વરંડામાં આંટા મારતા હતા એ હું જોતો હતો. આજે તમારામાં મને અદ્‌ભુત દર્શન થયાં. તમે જ્યારે એક બાજુ જતા હતા ત્યારે મને જગદંબારૂપે દેખાતા હતા અને બીજી બાજુ જતા હતા ત્યારે શિવસ્વરૂપે દેખાતા હતા. ઘડીભર તો મને લાગ્યું કે મારો દૃષ્ટિભ્રમ હશે. પરંતુ મેં આંખો ચોળીને પુનઃ જોયું તો પ્રત્યેક વખતે મને એવું જ દૃષ્ટિગોચર થયું."

"શું કહો છો તમે? મને તો કશું જ સમજાતું નથી. એ તો બધી ભ્રાંતિ." આમ કહી ગદાધરે એ વાત ટાળી દીધી.

આ પ્રસંગ પછી મથુરબાબુની ગદાધર પ્રત્યેનો પૂજ્યભાવ અનેક ગણો વધી ગયો. એમની નાની સરખી પણ સેવા કરવાની તક મળતી તો તેઓ પોતાને સદ્‌ભાગી સમજતા. ગદાધરનો પડ્યો બોલ તેઓ ઝીલતા. ગદાધરને એક વાર માને ઝાંઝર પહેરાવવાની ઈચ્છા થઈ. મથુરબાબુએ તરત ઝાંઝર બનાવડાવ્યાં.

ઈ. ૧૮૬૧ની ૧૯મી ફેબ્રુઆરીએ રાણી રાસમણિનું અવસાન થયું. દક્ષિણેશ્વરના મંદિરની સ્થાપના અને એના કુશળ વહીવટની વ્યવસ્થા - એમની આ બંને આકાંક્ષાઓ પૂર્ણ થઈ હતી. સંગ્રહણીના વ્યાધિમાં એમનો દેહ પડ્યો.

રાણીના નિધન પછી એમની જાગીરનું સઘળું સંચાલન મથુરબાબુ કરવા લાગ્યા. પેલી અદ્‌ભુત ઘટના પછી એમને ગદાધરના સાંનિધ્યમાં

રહેવાની ખૂબ ઈચ્છા થતી. ગદાધરને યાત્રાઓ કરાવવાની ગોઠવણ તેઓ કરતા.

એક વાર પાણીહાટીના મેળામાં ગદાધર ગયા હતા. મેળાની ભીડમાં એમને કશું કષ્ટ ન થાય એ માટે મથુરબાબુ જાતે ગુપ્તવેશે થોડા નોકરોને લઈ એમની સંભાળ રાખવા પાછળ ગયા હતા.

ગદાધર જાતજાતની સાધનાઓ કરતા. કેટલીક સાધનાઓમાં અમુક સાધનોની આવશ્યકતા ઊભી થતી. એ માટે તેઓ જગદંબાની પ્રાર્થના કરતા. માએ એ માટે એમને પાંચ સહાયકો પૂરા પાડેલા. એ પાંચ સહાયકોમાં પહેલા હતા મથુરબાબુ.

ગદાધર મથુરબાબુ પાસે જે કંઈ માંગતા એ તેઓ આનંદપૂર્વક આપતા. સખીભાવે સાધના કરતી વખતે ગદાધરે સ્ત્રીવેશ ધારણ કરેલો. મથુરબાબુએ એ માટે એમને બનારસી સાડી, ઓઢણી અને હીરા જડેલાં આભૂષણો આણી આપેલાં. એમ છતાં ગદાધર ક્યારેય મથુરબાબુની ખુશામત કરતા નહિ. જરૂર જણાય ત્યારે તેઓ પોતાનો સ્વતંત્ર અભિપ્રાય પણ આપતા.

એક વાર રાધાકાન્ત મંદિરની દેવમૂર્તિઓના કેટલાક કીમતી દાગીના ચોરાઈ ગયા. એ જોઈ મથુરબાબુ દેવોને ઠપકો આપતાં કહેવા લાગ્યા, “અરે દેવો! તમારાં પોતાનાં આભૂષણોનું ચોરથી રક્ષણ કરવાની પણ તમારામાં તાકાત નથી?”

એ વખતે ત્યાં ઉપસ્થિત ગદાધર તરત બોલી ઊઠ્યા, “તમે કેવી બેહૂદી વાત કરો છો? ધનની અધિષ્ઠાત્રી લક્ષ્મી પણ જેમની દાસી છે એ દેવોને તમે જેને ઝવેરાત કહો છો એવાં માટીનાં ઢેફાંઓની શું પડી હોય? તમારે માટે એ બધું કીમતી છે, એમને માટે નહિ!”



મથુરબાબુ ગદાધરની સેવા કરવામાં કશી કમી રાખતા નહીં. એક વાર એમણે ગદાધરના નામે એક આખો તાલુકો મૂકવાની દરખાસ્ત કરેલી. પણ એ વીતરાગ વિભૂતિ એ સ્વીકારે ખરા?

મથુરબાબુ ઘણી વાર ગદાધરને કીમતી ચીજવસ્તુઓ ભેટ આપતા. ગદાધર અનાસક્ત ભાવે એનો ઉપયોગ કરતા. એક વાર મથુરબાબુએ એમને એક ખૂબ કીમતી શાલ લઈ આપી. પહેલાં તો તેઓ બાલસહજ આનંદથી એ સૌને બતાવવા લાગ્યા પણ થોડી વારમાં જ એમની વિવેકબુદ્ધિ જાગી ઊઠી. એમને થયું, “આમાં આખરે છે શું? કેવળ ઘેટાંનું ઊન! પદાર્થમાત્રની માફક આ પણ પંચભૂતનો એક વિકાર છે. હા, એનાથી ઠંડીમાં રક્ષણ થાય છે. પરંતુ એવું રક્ષણ તો એકાદ ધાબળો કે રજાઈ પણ આપી શકે. અન્ય દુન્યવી વસ્તુઓની માફક એ પણ કોઈને ઈશ્વર-સાક્ષાત્કાર કરવામાં ઉપકારક થાય નહીં. ઊલટાનું એનાથી પોતે ઊંચો છે એવો ભાવ મનુષ્યના મનમાં જાગ્રત થાય છે અને તે અભિમાની થઈને પ્રભુથી વિમુખ થાય છે.”

આવો વિચાર આવતાં જ એમણે એ કીમતી શાલ જમીન પર ફેંકી દીધી. એને ખૂંદીને એના પર થૂંકવા લાગ્યા. તેઓ તો તે બાળવા જતા હતા પણ કોઈએ શાલ લઈ લીધી.

મથુરબાબુની ગદાધર પ્રત્યેની આવી ભક્તિ જોઈ અનેક લોકો અદેખાઈ કરતા. કાલીઘાટનો ચંદ્ર હળધર મથુરબાબુનો કુળ-પુરોહિત હતો. એ ગદાધરને પોતાનો હરીફ સમજવા લાગ્યો. એક વાર ગદાધર અર્ધ ભાવાવસ્થામાં હતા ત્યારે ચંદ્રે એમને ઢંઢોળ્યા અને પછી પૂછ્યું, “કહે તો ખરો કે તેં મથુરબાબુ ઉપર શું કામણ કર્યું છે?”

ગદાધર ઉત્તર આપવાની પરિસ્થિતિમાં ન હતા પરંતુ પુરોહિત

ઉશ્કેરાઈ ગયો, અને ત્રણ-ચાર વાર એમને પગથી લાત મારી ચાલ્યો ગયો. ગદાધર જાણતા હતા કે મથુરબાબુને આની જાણ થશે તો પુરોહિતનું આવી બનશે. એટલે એમણે એ વાત દબાવી દીધી.

એ પછી ઘણા સમય પછી અન્ય કોઈ કસૂર માટે ચંદ્રને હાંકી કાઢવામાં આવ્યો. ત્યાર બાદ ગદાધરે મથુરબાબુને પેલી વાત કરી. એ સાંભળી તેઓ ઉશ્કેરાઈને બોલ્યા, ''તમે જો મને એ વખતે આ વાત કરી હોત તો હું એનું માથું વાઢી નાખત.''

આમ મથુરબાબુ ગદાધર પ્રત્યે પૂજ્યભાવ ધરાવતા હતા. એક વાર તેઓ તેમને જાનબાજારવાળા ઘરે લઈ ગયા. તેમણે સોનાની થાળીમાં ભાત પીરસ્યો અને રૂપાની વાટકીમાં દૂધ. પણ ગદાધરને મન એનું કશું મૂલ્ય ન હતું. જમ્યા પછી એંઠાં વાસણ પર તેમણે નજર સુધ્ધાં નાંખી નહીં.

ગદાધરની સાધના ચાલી રહી હતી, તેમની ઉન્માદની અવસ્થા પણ યથાવત્ હતી. ન કોઈ તેમના શારીરિક વ્યાધિને દૂર કરનાર હતું, ન તેમની આધ્યાત્મિક સાધનામાં સમુચિત સહાયતા કરનાર. આ રીતે બીજાં બે વર્ષ પસાર થયાં.

આખરે એમને સહાયતા સાંપડી.

દક્ષિણેશ્વરમાં યોગેશ્વરી નામક સંન્યાસિની (જે ભૈરવી બ્રાહ્મણીના નામથી ઓળખાતી હતી)ના આગમન સાથે ગદાધરની સાધનાનો નવો તબક્કો શરૂ થાય છે.

ઈ. ૧૮૬૧ની એક સવારે બકુલતલાના ઘાટે એક હોડી આવીને લાંગરે છે. ગદાધર એ વખતે દક્ષિણેશ્વરની વાડીમાં પૂજા માટે પુષ્પો ચૂંટી રહ્યા હતા. એમની નજર હોડીમાંથી ઊતરી રહેલી એક સ્ત્રી પર પડી.



મધ્યમ વયની સ્ત્રી હતી. સુંદર મુખાકૃતિ અને લાંબા છૂટા વાળવાળી એ સ્ત્રી સંન્યાસિની લાગતી હતી, કેમકે તેણે ભગવાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં.

ઝડપથી પોતાના ઓરડામાં જઈ ગદાધરે હૃદયરામને કહ્યું, ''ઘાટ પર એક તેજસ્વી ભૈરવી આવી છે. તું જઈને એને અહીં બોલાવી લાવ.''

હૃદયને આશ્ચર્ય થયું. એણે કહ્યું, ''પણ એ અપરિચિત સ્ત્રી આમંત્રણ આપીએ તોયે અહીં શા માટે આવે?''

ગદાધરે કહ્યું, ''તું તારે જઈ મારી વાત કરજે, એટલે એ આવશે.''

એવું જ થયું. હૃદયની વાત સાંભળી ભૈરવી કશી પૃચ્છા કર્યા વિના તેની પાછળ ચાલવા લાગી.

ગદાધરને જોતાંની સાથે જ એની આંખમાં આનંદ અને આશ્ચર્યનાં આંસુ આવી ગયાં. તેણે કહ્યું, ''બેટા! તું અહીં છે? તું ગંગાતટે ક્યાંક હોઈશ એવા ખ્યાલથી હું ક્યારનીયે તને શોધ્યા કરું છું. આખરે આજે તું મળ્યો!''

ગદાધર વિહ્વળ બનીને તેની સામે તાકી રહ્યા. પછી બોલ્યા, ''મા, મારી વાત તેં જાણી શી રીતે?''

''મા મહામાયાએ મને ત્રણ જણને મળવાનું કહેલું, એ પૈકી બે જણને તો હું પૂર્વ બંગાળમાં મળી ચૂકી છું. આજે હવે તું મળ્યો.''

ભૂલા પડેલા બાળકને અચાનક મા મળતાં જેવો આનંદ થાય એવો આનંદ ગદાધરને થયો.

ભૈરવીએ પોતાની વાત કરી. તે બંગાળના જેસોર જિલ્લામાં એક કુલીન બ્રાહ્મણકુટુંબમાં જન્મી હતી. તે વિષ્ણુની ઉપાસક હતી અને ધર્મશાસ્ત્રો, ભક્તિશાસ્ત્રોની પંડિત હતી. તેણે કઠોર યોગસાધના કરી હતી.

ગદાધરે પણ ભૈરવીને પોતાની સાધનાની વિગતવાર વાત કરી. પોતાની થતી શારીરિક તકલીફો વિશે પણ કહ્યું. પછી પૂછ્યું, ''હું ખરેખર પાગલ છું? માની અહર્નિશ પ્રાર્થના કરવાનું આ પરિણામ છે?''

બધું સાંભળીને ભૈરવીએ કહ્યું, ''કોણ કહે છે તું પાગલ છે? તારી અવસ્થા તો શાસ્ત્રો જેને 'મહાભારત' કહે છે એ છે. એ ભાવ સમજવાનું અહીં કોઈનું ગજું નથી. રાધા અને ગૌરાંગે પણ આ ભાવ અનુભવેલો. ભક્તિગ્રંથોમાં એ બધું લખેલું છે. હું તને એ બધું બતાવીશ.''

આમ કહી ભૈરવી તેની ઝોળી ઠાલવવા લાગી. તેમાં થોડાંક પુસ્તકો હતાં. અને એક બે વસ્ત્રો હતાં.

પછી ગદાધર મંદિરમાંથી પ્રસાદ લઈ આવ્યા. પહેલાં તેમણે ખાધો પછી જ ભૈરવીએ લીધો.

પ્રસાદ આરોગ્યા પછી ગદાધરે થોડી વધારે પૂછપરછ કરી. યોગેશ્વરી બ્રાહ્મણીએ કહ્યું, ''યોગમાં બેસીને જ હું જાણી શકી કે મારે ત્રણ જણને સાધનામાં સહાય કરવાની છે. પહેલા બે જણનાં નામ ચંદ્ર અને ગિરિજા. એ બંનેનાં ઘર બારીસાલમાં છે. ત્રીજો તું છે. એ બેને તો હું શીખવીને આવી. હવે તારો વારો છે.''

ત્યારબાદ ભૈરવીએ મંદિરમાં ફરી દર્શન કર્યાં. પછી સીધું લઈને તે રાંધવા માટે પંચવટીમાં ગઈ. ઈષ્ટદેવ રઘુવીરની મૂર્તિ તે હંમેશાં સાથે રાખતી.

રાંધીને રઘુવીર આગળ ભોગ ધરી ભૈરવી ધ્યાનમાં બેઠી. બાહ્ય જ્ઞાન લુપ્ત થઈ ગયું. એણે ધ્યાનમાં જોયું કે સ્વયં રઘુવીર જાણે એના નૈવેદ્યનું અન્ન ખાય છે.

ભાન આવતાં આંખ ખોલીને જોયું તો ગદાધર ભાત ખાતા હતા.



ભૈરવી સાથે દૃષ્ટિ મળતાં તેઓ ભોંઠા પડ્યા. પરંતુ ભૈરવીએ કહ્યું, ''બેટા! તેં ઠીક જ કર્યું છે. મેં ધ્યાનમાં જે જોયું હતું એ જ આંખ ખૂલતાં પ્રત્યક્ષ થયું છે. હવે મને સમજાય છે કે મારે બહારની પૂજાની જરૂર નથી.'' એમ કહીને કશા સંકોચ વગર એ ઉચ્છિષ્ટ અન્ન ખાવા લાગી. જમ્યા પછી એણે રઘુવીરની મૂર્તિ ગંગામાં પધરાવી દીધી.

ગદાધર ઘણી વાર માને કહેતા, ''હે મા! તું મને બધું શીખવ.'' માએ જાણે એમને શીખવવા માટે જ ભૈરવી મોકલી હતી. ગદાધર ભૈરવીના આગમનને માની કૃપા સમજવા લાગ્યા.

ભૈરવી ગદાધરને પુત્રની જેમ ભણાવવા લાગી. ગદાધરની અનેક શંકાઓનું સમાધાન થયું અને બધી જિજ્ઞાસાઓ સંતોષાઈ.

અલૌકિક ઘનિષ્ઠતામાં અઠવાડિયું પસાર થયું.પણ બાહ્ય વિશ્વ આ ઘનિષ્ઠતાને વિપરીત દૃષ્ટિએ જોઈ આળ ન ચડાવે એ માટે ગદાધરે જ ભૈરવીને અન્યત્ર રહેવા સૂચવ્યું. ભૈરવીને એ સૂચન ગમ્યું અને એણે ત્રણેક કિલોમીટર દૂર આવેલા આરિયાદહ ગામમાં દેવમણ્ડલના ઘાટે રહેવાનું ગોઠવ્યું. એના પ્રભાવક વ્યક્તિત્વને કારણે ગામલોકોએ જ એના યોગક્ષેમની વ્યવસ્થા કરી દીધી.

ભૈરવી વૈષ્ણવી ભક્તિની ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલી હતી. ગદાધર પ્રત્યે તેને વાત્સલ્યભાવ હતો. માતા જશોદા જેવા પ્રેમથી તે જાતે રાંધીને ગદાધરને મિષ્ટ ભોજન જમાડતી.

ગદાધરની વાતો સાંભળીને ભૈરવી એના અનુમાન પર આવી કે એમણે આધ્યાત્મિક ઉન્નતિનું આખરી સોપાન પણ સર કર્યું છે. તેને એમ પણ લાગ્યું કે ચૈતન્ય મહાપ્રભુ રૂપે અવતાર લેનાર ઈશ્વર હવે ગદાધર રૂપે જન્મ્યા છે.

એવામાં ગદાધરને પેલો જૂનો દાહ ફરી શરૂ થયો. પ્રભાતે એ શરૂ થતો અને મધ્યાહ્‌ન સુધીમાં અસહ્ય બની જતો. ગદાધર ત્રણ ચાર કલાક ગંગામાં બેસી રહેતા તોપણ દાહ શમતો નહીં. વધારે વાર પાણીમાં રહેવાથી રખેને શરીર બગડે એ બીકે તેઓ ભીના આરસ પર આળોટતા.

વૈદ્યની દવાની કશી અસર ન થઈ. ગદાધરે ભૈરવીને એનો ઉપાય પૂછ્યો. શાસ્ત્રના આધારે તેણે ચિકિત્સા સૂચવી કે આવા વ્યાધિવાળા મનુષ્યે ગળામાં સુગંધી પુષ્પોની માળા ધારણ કરવી અને શરીર પર ચંદનનો લેપ કરવો.

ઘણા લોકોને ભૈરવીનો ઉપાય હસવા જેવો લાગ્યો. પણ મથુરબાબુના આગ્રહથી આ ચિકિત્સા શરૂ કરવામાં આવી અને માત્ર ત્રણ દિવસમાં જ ગદાધરની આ પીડા સમી ગઈ.

થોડા દિવસો પછી ભૈરવી બ્રાહ્મણીએ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું કે ગદાધર સામાન્ય ભક્ત નથી પણ ઈશ્વરનો અવતાર જ છે.

મથુરબાબુ એ માનવા તૈયાર ન થયા. એમણે કહ્યું, ‘‘શાસ્ત્રોમાં તો દશ અવતારનો જ ઉલ્લેખ છે. અગિયારમા અવતારને અવકાશ જ નથી.’’

આ વાત ચાલતી હતી એટલામાં ભૈરવી મીઠાઈનો થાળ લઈ પ્રવેશી. તેણે તરત કહ્યું, ‘‘ભાગવતમાં બાવીસ અવતારોનો ઉલ્લેખ છે અને ‘સંભવામિ યુગે યુગે’ કહી ભગવાને અન્ય અનેક અવતારો માટે પણ અવકાશ રાખ્યો છે. વૈષ્ણવશાસ્ત્રમાં જણાવ્યું છે કે મહાપ્રભુ પુનઃ અવતાર લેશે. વળી ગદાધર ગૌરાંગદેવ સાથે ઘણાબધા મળતા આવે છે.’’

મથુરબાબુના ગળે વાત ના ઊતરી. ભૈરવીએ પંડિતોની સભા બોલાવવાનો પ્રસ્તાવ મૂક્યો. ગદાધરે અનુમોદન કર્યું.

મથુરબાબુએ એ સમયના બે મોટા પંડિત અને સાધક વૈષ્ણવચરણ



અને ગૌરીકાન્ત તર્કભૂષણને નિમંત્રણ પાઠવ્યાં.

પહેલાં વૈષ્ણવચરણ આવ્યા. તેમણે બ્રાહ્મણીના અનુમાનોનો અભ્યાસ કર્યો. ચકાસણી કરી અને પછી એના સિદ્ધાંત સાથે સંપૂર્ણ સહમતી પ્રગટ કરી.

થોડા દિવસ પછી ગૌરીકાન્ત તર્કભૂષણ પધાર્યા. તેઓ તાંત્રિક અને બાઉલચંદ સંપ્રદાયના ઉપાસક હતા. દુર્ગાપૂજા કરતી વખતે તેઓ પોતાના ડાબા હાથની હથેળી પર વેદી ગોઠવીને હોમ કરતા. અનુષ્ઠાનની પૂર્ણાહુતિ સુધીમાં એક મણ લાકડાં હાથ ઉપર બળ્યા કરતાં. ગદાધરે સ્વયં એ દૃશ્ય જોયું હતું. ચર્ચામાં એ પંડિતને પહોંચવું દુષ્કર હતું.

દક્ષિણેશ્વરના મંદિરમાં પ્રવેશ કરતાં જ તેમણે મોટેથી સ્તોત્રપાઠ શરૂ કર્યો. ગદાધર પોતાના ઓરડામાં હતા. તેમને પણ મોટેથી સ્તોત્રપાઠ કરવાની વૃત્તિ થઈ. તેમણે પંડિતથી મોટા અવાજે સ્તોત્રપાઠ પ્રારંભ્યો. પંડિતે એનાથી મોટો નાદ કર્યો. ગદાધરે એથી મોટો. આ હરીફાઈથી મંદિરનું ચોગાન ગાજી ઊઠ્યું.

મંદિરમાં ચોર પેઠા હશે એમ માની ચોકીદારો દોડી આવ્યા. સહુ ‘પાગલ પૂજારી’ અને આગંતુક પંડિત વચ્ચેની હરીફાઈ જોઈ ચકિત થઈ ગયા. આ હરીફાઈમાં આખરે પંડિતે હાર કબૂલવી પડી.

થોડા દિવસોમાં જ ગૌરીકાન્ત ભક્ત બની ગયા.

થોડા સમયમાં મથુરબાબુએ પંડિતોની બીજી સભા બોલાવી. પંડિતોને એ સભામાં પ્રવેશતાં પૂર્વે ગદાધર મંદિરમાં પ્રવેશી મા કાલીને પ્રણામ કર્યા. તેઓ પ્રણામ કરી બહાર નીકળતા હતા ત્યાં વૈષ્ણવચરણ એકાએક એમને પગે પડ્યા. તરત ગદાધરને ભાવસમાધિ લાગી થઈ. વૈષ્ણવચરણે એ જ સમયે સંસ્કૃતમાં સ્તોત્ર રચી ગદાધરની સ્તુતિ કરી.

પંડિતસભામાં ઈશ્વરચરણ પણ ઉપસ્થિત હતા. આરંભમાં જ ગૌરીકાન્તે કહી દીધું કે પોતે ઈશ્વરચરણ સાથે સંમત છે એટલે કોઈ પણ પ્રકારની ચર્ચાની આવશ્યકતા નથી.

આમ બ્રાહ્મણીના આગમન પછી ગદાધરનો પંડિતો સાથે પરિચય થયો. વળી બ્રાહ્મણી સાથેનો એમનો સંબંધ ગાઢ બન્યો. તેમણે તેને જ ગુરુ બનાવી તેના માર્ગદર્શન નીચે તાંત્રિક સાધના શરૂ કરી.

કોઈને થાય કે કામિની-કાંચનનો ત્યાગ કરવાનું કહેનાર ગદાધરે સ્વયં એક સ્ત્રીને પોતાની ગુરુ બનાવી? એનો અર્થ એટલો જ કે નારીમાં જે કામિની છે, તામસી છે એનો ત્યાગ કરવો અને જે યોગિની છે, મહિમામયી માતૃસ્વરૂપિણી છે એનો આદર કરવો. આ મહાન મહિલાના આગમન પછી જ ગદાધરની અસાધારણ મહત્તાનો સ્વીકાર થવા લાગ્યો.

અલબત્ત ગદાધરે તો 'અવતારી' પુરુષ તરીકે તેમની સ્વીકૃતિ થઈ ત્યારે પણ પોતાની વિનમ્રતા જાળવી રાખી હતી અને પોતાને બાળક જ માની પોતાની દૃષ્ટિ જગદંબાના ચરણકમળ પરથી ખસેડી ન હતી.

★

ભૈરવી બ્રાહ્મણી ગદાધરની માતૃવત્ સંભાળ રાખતી. તે ગદાધરને અવતારી પુરુષ ગણતી હતી, છતાં તેનું માતૃહૃદય તેમનો કોઈ ભવ્ય મહાપુરુષ તરીકે સ્વીકાર થાય એમ ઈચ્છતું. એણે ધીમે ધીમે ગદાધરને તંત્રસાધના માટે તૈયાર કરવા માંડ્યા.

ગદાધરે તાંત્રિક સાધના શરૂ કરતાં પહેલાં જગદંબાની અનુમતિ મેળવી લીધી. પછી બ્રાહ્મણીના માર્ગદર્શન પ્રમાણે તેમણે ધગશપૂર્વક તાંત્રિક સાધના શરૂ કરી.

બ્રાહ્મણીએ સાધના માટે આવશ્યક દ્રવ્યો મંગાવી બે આસનો તૈયાર



કરાવ્યાં, એક પંચવટીમાં અને બીજું ઉપવનના બિલ્વવૃક્ષ નીચે. સાધના કપરી હતી પણ ગુરુ-શિષ્ય ઉભયનો અપ્રતિમ હતો. ચોસઠ તંત્રગ્રંથોમાં કહેલી તમામ સાધનાઓ ભૈરવીએ એમની પાસે કરાવી, એમાંની કેટલીક તો અત્યંત અઘરી હતી, પણ માની અપાર કૃપાથી ગદાધર બધી સાધનાઓમાંથી સફળતાપૂર્વક પાર ઊતર્યા. શાસ્ત્રોમાં નિર્દિષ્ટ બધાં ફળ પ્રત્યક્ષ થવા લાગ્યાં અને અવનવી અપૂર્વ અનુભૂતિઓ થવા લાગી.

કેટલીક અંતિમ સાધનાઓ તો અગ્નિપરીક્ષા સમી હતી. એમાંથી નિષ્કલંક રીતે પાર નીકળવું દુષ્કર હતું. વાસનાઓ પર જેણે સંપૂર્ણ પ્રભુત્વ પ્રાપ્ત કર્યું હોય એ જ એમાંથી આબાદ રીતે બહાર નીકળી શકે. ધૈર્ય અને સંયમને આકરી કસોટીએ ચડાવે એવી સાધનાઓ એમણે અકલ્પ્ય આસાની અને ત્વરાથી સિદ્ધ કરી હતી. બધી સાધનાને અંતે બ્રાહ્મણીએ જાહેર કર્યું કે પોતાના શિષ્ય તાંત્રિક સાધનામાં સંપૂર્ણ સફળતા સંપ્રાપ્ત કરી છે.

તાંત્રિક સાધના દરમિયાન ગદાધરને જે અદ્‌ભુત અને રોમાંચકારી અનુભવો થયા તેમાં સવિશેષ સ્મરણીય અનુભવ હતો. કુંડલિની શક્તિના ઊર્ધ્વગમન વિશેનો. એનું વર્ણન કરતાં એમણે કહેલું, ''પગથી તે મસ્તક સુધી કંઈક ઝણઝણાટ કરતું ઊંચે ચડે છે. જ્યાં સુધી એ મગજ સુધી પહોંચતું નથી ત્યાં સુધી મને ભાન રહે છે, પણ જે ક્ષણે એ મગજમાં પ્રવેશે છે એ જ ક્ષણે હું બાહ્ય ભાન ભૂલી જાઉં છું. આંખો અને કાનનાં કાર્યો પણ બંધ પડી જાય છે અને વાચાનો તો સવાલ જ ઊભો થતો નથી. 'હું' અને 'તું' એવો ભેદ જ જ્યાં ઓગળી ગયો ત્યાં પછી કોણ બોલે? એ ગૂઢ શક્તિ કરોડરજ્જુમાંથી પસાર થતી હોય છે ત્યારે હું જે કંઈ જોઉં કે અનુભવું છું તે બધું તમને કહેવાનો મને ક્યારેક વિચાર આવે છે. એ શક્તિ હૃદય કે ગળા સુધી આવે છે ત્યાં સુધીની વાત શક્ય છે. પરંતુ જે ક્ષણે એ ગળાની

ઉપર ચાલી જાય છે એની વાત કરવા જાઉં છું તે જ ક્ષણે જાણે કોઈ મારા મુખને દબાવી દે છે અને હું લાચાર બની જાઉં છું.''

ગદાધરને સમાધિ અવસ્થાનું વર્ણન કરવામાં પણ સફળતા સાંપડતી નહીં. પણ કુંડલિની શક્તિની ગતિના વિવિધ અનુભવો તેઓ વર્ણવી શકતા. એ શક્તિ પાંચ પ્રકારની ગતિથી ઊર્ધ્વગમન કરે છે એવી શાસ્ત્રોક્ત વાતનું તેઓ સ્વાનુભવને આધારે સમર્થન કરતા.

તાંત્રિક સાધનાઓને પરિણામે ગદાધરને અષ્ટ મહાસિદ્ધિઓ સુલભ બની પણ સાચા સાધકની અનાસક્તિથી એમણે એ સિદ્ધિઓને વેગળી જ રાખી. માએ પોતાના આ ભક્તને સમજાવી દીધું કે સિદ્ધિઓ પરમેશ્વરને પામવાના દુર્લંઘ્ય અંતરાયરૂપ છે.

સાધનાને કારણે ગદાધરની તપઃપૂત કાયામાં સુકુમાર સૌંદર્ય પ્રગટ્યું. કેટલાંય વર્ષો સુધી એમની તેજોદીપ્ત મુખમુદ્રા સહુનું ધ્યાન ખેંચતી રહી. અન્યની નજરથી બચવા તેઓ શરીર પર શાલ વીંટાળી રાખતા અને જગદંબાને પ્રાર્થના કરતા કે બાહ્ય સૌંદર્યને બદલે એ આંતરસૌંદર્ય અને શુદ્ધિ પ્રદાન કરે. ધીમે ધીમે એમનું બાહ્ય સૌંદર્ય વિલાઈ ગયું.

ગદાધરની તાંત્રિક સાધનાઓની સ્મરણીય વિશેષતા એ હતી કે તેઓ લગભગ બધી તાંત્રિક ક્રિયાઓ ત્રણ-ત્રણ દિવસમાં જ પૂર્ણ કરી દેતા. એમની આ અદ્‌ભુત સાધનાએ સિદ્ધ કર્યું કે પ્રાચીન તાંત્રિક ક્રિયાઓનું વિશુદ્ધ રીતે પુનરુત્થાન શક્ય છે.

ભૈરવીએ ગદાધરની અનુમતિ મેળવી ચંદ્ર અને ગિરિજાને દક્ષિણેશ્વર આવવાનું લખ્યું. પહેલાં ચંદ્ર આવી પહોંચ્યો. થોડા દિવસ પછી ગિરિજા પણ આવી પહોંચ્યો. આ બંને પાસે અદૃશ્ય થઈ જવાની સિદ્ધિ હતી. ચંદ્ર એ સિદ્ધિનો ઉપયોગ કરી એક ધનિક કુટુંબની સુંદર



કન્યામાં લપટાઈ ગયો અને ચક્રમ થઈ ગયો. સિદ્ધિ પણ ચાલી ગઈ.

એક દિવસ સાંજે ગદાધર ગિરિજાની સાથે શંભુચરણ મલ્લિકના ઉપવનમાં ગયા. આધ્યાત્મિક વિચારવિમર્શમાં ખાસ્સો સમય પસાર થઈ ગયો. પાછા ફરતાં અંધારું ઘોર થઈ ગયેલું. ફાનસ માગવાનું યાદ ન રહ્યું. ચાલતાં ચાલતાં ઠોકરો વાગવા લાગી.

''જરા ઊભા રહો, હું અજવાળું કરું.'' એમ કહી ગિરિજાએ વાંસો ફેરવ્યો અને એમાંથી પ્રકાશ નીકળવા લાગ્યો. એ અજવાળાની મદદથી ગદાધર મંદિર સુધી પહોંચી શક્યા.

આ અંગે ગદાધરે પાછળથી કહેલું, ''ગિરિજા અને ચંદ્ર જો બંનેમાંથી કોઈ પણ દક્ષિણેશ્વરમાં પોતાની શક્તિઓ ટકાવી શક્યા નહિ. તેઓ બંને મારી સાથે રહ્યા એ દરમિયાન કરુણામૂર્તિ જગદંબાએ એમની એવી શક્તિઓ હરી લીધી હતી કે જેથી તેઓ બંને કશા અંતરાય વિના ઈશ્વર-સાક્ષાત્કાર તરફ પોતાનું ધ્યાન રાખી શકે.''

# ૫.

દિવસે દિવસે દક્ષિણેશ્વરના કાલીમંદિરની ખ્યાતિ દૂર-સુદૂર ફેલાવા લાગી. એને કારણે અનેક સાધુ સંતો, પંડિતો અને ભક્તો ત્યાં ખેંચાઈ આવતા. કોઈ ખાસ પર્વ પ્રસંગે અમુક સંપ્રદાયના સાધુઓ ત્યાં એકઠા થતા. એક વાર વૈષ્ણવોના રામાયત સંપ્રદાયના સાધુઓ ત્યાં એકત્ર થયા. એ સંપ્રદાયના એક સાધુને ભગવાનમાં અપાર શ્રદ્ધા હતી. તેની પાસે એક જળપાત્ર અને એક પુસ્તક માત્ર હતાં. એ પુસ્તક એનો ખજાનો હતો. દરરોજ તે તેની પૂજા કરતો અને એનું વાચન કરતો.

તેનો પરિચય થયા પછી ગદાધર એક દિવસ એ પુસ્તક જોવા માગ્યું. સાધુએ આપ્યું. ગદાધરે જોયું કે પ્રત્યેક પૃષ્ઠ પર માત્ર બે જ શબ્દો 'ૐ રામ' લાલ શાહીથી મોટા અક્ષરોમાં લખાયેલાં હતાં.

સાધુએ ખુલાસો કરતાં કહ્યું, ''પુસ્તકોના ભંડાર વાંચી નાખવાથી શો લાભ? વેદો, પુરાણો અને સકલ શાસ્ત્રોનું એકમાત્ર ઉદ્ભવસ્થાન ઈશ્વર છે. એની અને એના નામની વચ્ચે કશો ભેદ નથી. સકલ શાસ્ત્રોમાં જે કંઈ જ્ઞાન ભર્યું છે તે સઘળું એના નામમાં સમાયેલું છે. એટલે હું તો માત્ર એના નામથી જ સંતુષ્ટ રહું છું.''



ઉપર્યુક્ત સંપ્રદાયના સાધુઓ વિદાય થયા પછી પરમહંસ સંપ્રદાયના સાધુઓ આવવા લાગ્યા. પરમહંસ એટલે સાચો જ્ઞાની. તે સંપૂર્ણપણે વીતરાગ હોય. તેઓ ઓરડામાં રાત-દિવસ વાદવિવાદ કરતા. એક માત્ર વિષય વેદાંત અર્થાત્ બ્રહ્મ, માયા વગેરેનું સ્વરૂપ.

આ સમયગાળો ઈ. ૧૮૬૨/૬૩નો હતો અને ત્યારે ગદાધરની ઉંમર ૨૬-૨૭ વર્ષની હતી. આ અરસામાં અનેક તાંત્રિક સાધકો પણ એમના સમાગમમાં આવેલા. ગદાધરે એમને યથાશક્ય સહાયતા કરેલી.

ગદાધરના પરિચયમાં આવેલા અનેક પંડિતો, સાધુ-સંતો એમનાથી પ્રભાવિત થયા હતા. પ્રથમ પરિચયે પ્રભાવિત થયેલા પંડિત ગોપીકાન્ત ઈ. ૧૮૭૦ના અરસામાં પુનઃગદાધર પાસે આવ્યા હતા.

રાજપૂતાનાથી આવેલા પંડિત નારાયણશાસ્ત્રીએ પણ ગદાધરના માર્ગદર્શન નીચે સાધના કરેલી. ગદાધરને ગુરુ બનાવવાની તેમની ઈચ્છા હતી પણ કહેવાની હિંમત ચાલતી ન હતી.

દરમિયાન એક દિવસ મથુરબાબુના પુત્ર દ્વારકાનાથે બંગાળના સુપ્રસિદ્ધ કવિ માઈકલ મધુસૂદન દત્તને દક્ષિણેશ્વર બોલાવ્યા. કોઈ મુકદ્દમા અંગે એમની સલાહની જરૂર હતી. ખ્રિસ્તી થયેલા આ કવિ બેરિસ્ટર પણ હતા.

દ્વારકાનાથે ગદાધરને બોલાવ્યા. તેઓ નારાયણશાસ્ત્રી સાથે ગયા. શાસ્ત્રીએ કવિ સાથે સંસ્કૃતમાં સંવાદ કર્યો. ખ્રિસ્તી બનવા માટેનું કારણ પૂછ્યું. કવિએ આર્થિક કારણ જણાવ્યું. એ સાંભળતાં જ શાસ્ત્રીજી ગર્જી ઊઠ્યા, ''આવા ક્ષુદ્ર કારણ માટે તમે તમારો અમૂલ્ય ધર્મ ત્યજી દીધો? એના કરતાં ભૂખે મરી જવું બહેતર હતું!'' તેમને એવો તિરસ્કાર આવ્યો

કે તેમણે અધવચ્ચે જ વાતચીત અટકાવી દીધી.

પછી કવિએ ગદાધરને કંઈક ઉપદેશ આપવાની વિનંતી કરી.

ગદાધરે કહ્યું, ''કોણ જાણે પણ કોઈક મારા હોઠ દાબી રહ્યું છે એટલે મારાથી બોલી શકાતું નથી.''

કવિની વિનંતીથી ગદાધરે કેટલાંક ભજનો ગાયાં. એથી કવિને શાંતિ થઈ.

એક દિવસ નારાયણશાસ્ત્રીએ ગદાધરને એકાંતમાં મળી પોતાને સંન્યસ્ત દીક્ષા આપવા વિનંતી કરી. એનો સ્વીકાર થયો અને તેઓ દીક્ષા લઈ આસામ તરફ ચાલ્યા ગયા.

ગદાધર ઘણી વાર વણબોલ્યા કોઈ અધિકારી ભક્ત કે પંડિતને મળવા જતા. ભિન્ન ભિન્ન ભક્તોએ કેવી આધ્યાત્મિક ઉન્નતિ કરી છે એ જાણવાની જિજ્ઞાસા એમને રહેતી. પ્રત્યેક સાધકની મુલવણી તેઓ આંતરિક દૃષ્ટિએ જ કરતા. આ સમયગાળામાં એમણે દેવેન્દ્રનાથ ટાગોર, પંડિત પદ્મલોચન, ભગવાનદાસ બાબાજી તથા સ્વામી દયાનંદ સરસ્વતીની મુલાકાત લીધી હતી.

પંડિત પદ્મલોચન તર્કાલંકાર બરદ્વાનના મહારાજાના રાજપંડિત હતા. તેઓ પ્રકાંડ પંડિત હોવાની સાથે ભક્ત પણ હતા. ગદાધરને મળ્યા પછી ત્યાં ઉપસ્થિત લોકોને એમણે કહેલું, ''ગાડાં ભરીને પુસ્તકો વાંચીને હું જેટલું પ્રાપ્ત કરી શક્યો નથી તેનાથી અનેક ગણું વધારે એમણે એક પણ પાનું ઉથલાવ્યા વિના પ્રાપ્ત કર્યું છે!''

પદ્મલોચને તાંત્રિક સાધના કરી કેટલીક શક્તિઓ પણ પ્રાપ્ત કરી હતી. ઈ. ૧૮૬૩માં મથુરબાબુએ મોટો જલસો કરી અનેક બ્રાહ્મણોને દાનદક્ષિણા આપ્યાં હતાં, તેમણે ગદાધર મારફતે પદ્મલોચનને પણ નિમંત્ર્યા



હતા. પંડિતને આવવાની ખૂબ ઈચ્છા પણ થઈ. પરંતુ એમની તબિયત લથડવાથી તેઓ જઈ શક્યા નહિ. તેઓ વારાણસી ગયા અને થોડા દિવસોમાં જ તેમનું શરીર છૂટી ગયું.

પંડિત જયનારાયણ નામના એક અન્ય પંડિત પણ ગદાધરના સંપર્કમાં આવ્યા હતા. સમર્થ પંડિત હોવા છતાં તેઓ નિરાભિમાની હતા. પોતાનું મૃત્યુ ક્યારે અને ક્યાં થશે એની એમને જાણ હતી. એમણે કરેલી આગાહી પ્રમાણે જ વારાણસીમાં તેઓ અવસાન પામ્યા હતા.

રામાયત સંપ્રદાયના એક જટાધારી સાધુ પાસે અષ્ટધાતુની રામની મૂર્તિ હતી. વહાલથી તે તેને રામલલા કહેતો. તે આખો દિવસ રામલલાની તહેનાતમાં રહેતો, ગદાધરને પણ એ રામલલા સાથે સ્નેહ થઈ ગયો. એ સ્થૂળ મૂર્તિ ગદાધરને મન પૂર્ણ પ્રાણવાન રઘુવીર જ હતા. જટાધારી એ મૂર્તિ ગદાધરને આપીને ચાલ્યો ગયો. ઈ. ૧૮૬૪નું એ વર્ષ હતું.

ગદાધર રામલલાને શિશુ સમજી લાડ લડાવતા. આ વાત્સલ્યભાવ દ્વારા ઈશ્વરની ઉપાસના હતી. ભૈરવી બ્રાહ્મણીએ એને મધુરભાવની સાધના તરીકે ઓળખાવી.

વાત્સલ્યભાવની આ સાધના દરમિયાન ગદાધરને એવું લાગ્યું કે પોતે સ્ત્રી થઈ ગયા છે. પહેલાં તેઓ પ્રત્યેક સ્ત્રીમાં મને જોતા હતા. હવે તેમને લાગ્યું કે પોતે જ મા છે.

મધુરભાવની આ સાધનામાં સિદ્ધિ મેળવવા ગદાધરે સ્ત્રીના જેવું જીવન શરૂ કર્યું. મથુરબાબુને કહી સ્ત્રીનાં વસ્ત્રો મંગાવ્યાં અને એ પહેરીને, માથે અંબોડો વાળી, પગમાં રૂપાનાં ઝાંઝર પહેરી સ્ત્રીરૂપ ધારણ કર્યું. આવી સ્થિતિમાં છ માસ સુધી રહી એમણે આ ઉપાસના કરી.

આ ગાળા દરમિયાન ગદાધરમાં સ્ત્રીભાવ એટલો વૃદ્ધિ પામ્યો

હતો કે તેઓ અવારનવાર મથુરબાબુના ઘરે જતા અને તેમના કુટુંબની સ્ત્રીઓ સાથે રહેતા. એ સ્ત્રીઓને પણ કશો સંકોચ થતો નહીં.

દુર્ગાપૂજા મહોત્સવ પ્રસંગે ગદાધરને મથુરબાબુએ પોતાના ઘરે નિમંત્ર્યા હતા. ગદાધર તો દાસીના વેશમાં જ હતા. સાંધ્ય આરતીનો સમય થયો. પણ એ સમયે ગદાધર તો સમાધિસ્થ થઈ ગયેલા. એમને એ અવસ્થામાં એકલા મૂકીને જવાનું મથુરબાબુનાં પત્ની જગદંબાને યોગ્ય ન લાગ્યું. કેમકે થોડા દિવસ પહેલાં જ ગદાધર આવી ભાવાવેશની સ્થિતિમાં સળગતા અંગારા પર પડ્યા હતા.

જગદંબાને એક યુક્તિ સૂઝી. તે પોતાનાં આભૂષણો લઈ આવી અને ગદાધરને પહેરાવવા લાગી. એ દરમિયાન સતત કહેતી રહી, “આરતીનો સમય થયો છે. તમે માને ચામર ઢોળવા આવો છો ને?”

માનું નામ સાંભળતાં ગદાધરની સમાધિ તૂટી. તેઓ જગદંબા સાથે પૂજામંડપમાં ગયા. ગદાધર સ્ત્રીવૃંદમાં ઊભા રહી મા દુર્ગાને ચામર ઢોળવા લાગ્યા.

મથુરબાબુ પુરુષવર્ગમાં ઊભા હતા. તેઓ ચામર ઢોળતી અદ્ભુત સુંદર સ્ત્રીને જોઈ જ રહ્યા. આરતી પછી તેમણે પોતાની પત્નીને પૂછ્યું, “તારી પાસે ઊભી રહીને માને ચામર ઢોળતી હતી એ કોણ હતી? ક્યાંથી આવી હતી?”

“ઓ મા, તમે એને ઓળખી શક્યા નહીં? એ તો આપણા ઠાકુર ગદાધર હતા.”

મથુરબાબુના વિસ્મયનો પાર ના રહ્યો. એક વાર તેઓ હૃદયને પોતાના અંતઃપૂરમાં લઈ ગયા અને સ્ત્રીવર્ગમાં બેઠેલા તેના ‘મામાને ઓળખી કાઢવા કહ્યું. ઘણી વાર સુધી તાકી રહેવા છતાં તે મામાને ઓળખી શક્યો



નહીં.

ભૈરવી કહેતી, “ગદાધર જ્યારે દક્ષિણેશ્વરમાં ફૂલો ચૂંટી રહ્યા હોય છે ત્યારે રાધા જેવા જ લાગે છે.”

ગોપીઓ અનેક હતી પણ રાધાનો કૃષ્ણપ્રેમ અનન્ય હતો, જ્યાં સુધી રાધાની કૃપા થાય નહીં ત્યાં સુધી કૃષ્ણનાં દર્શન દોહ્યલાં, ગદાધરે રાધાને પ્રાર્થના કરી.

થોડા દિવસમાં જ રાધાએ ગદાધરને દર્શન આપ્યાં, નાગકેસરના પુષ્પ સમી એની અપ્રતિમ ક્રાંતિ હતી. એ ધીરે ધીરે નજીક આવી ગદાધરના દેહમાં જ સમાઈ ગઈ. ગદાધર રાધા બની ગયા.

એ પછી ગદાધર પોતાને રાધાસ્વરૂપ માનવા લાગ્યા. એનું પરિણામ એ આવ્યું કે રાધાનો મહાભાવ એમનામાં પૂરેપૂરો વ્યક્ત થયો.

રાધા સાથેના તાદાત્મ્ય પછી ગદાધરે કૃષ્ણદર્શનને પોતાનું લક્ષ્ય બનાવ્યું. અલ્પ સમયમાં જ શ્રીકૃષ્ણે પણ તેમને દર્શન આપ્યાં. ગદાધરે એ કૃષ્ણમૂર્તિને પણ પોતાના શરીરમાં સમાઈ જતી અનુભવી.

બે-ત્રણ મહિના ગદાધર દિવ્યદર્શનના આનંદમાં રહ્યા ત્યાર બાદ એક દિવસ એક આસમાની રંગનું ફૂલ લઈ આવી તે પોતાના શિષ્યોને બતાવતાં કહેલું, “મધુરભાવની ઉપાસનાને અંતે જ્યારે શ્રીકૃષ્ણે મને દર્શન આપ્યાં ત્યારે એમના મુખનો રંગ આવો હતો.”

આ રીતે ગદાધરે પ્રેમલક્ષણાભક્તિના ઉચ્ચ શૃંગ સમી મધુરભાવની સાધના પરિપૂર્ણ કરી. એ સાધનાને અંતે એમના દેહની દારુણ વેદના. દુઃસહ દાહ અદશ્ય થઈ ગયાં અને શાશ્વત આનંદનું નિર્ઝર એમને સાંપડ્યું.

એક દિવસ રાધાકાન્તના મંદિરના વરંડામાં બેસીને ગદાધર ભાગવતનું શ્રવણ કરતા હતા, એકાએક ભાવાવેશ થઈ આવ્યો અને

શ્રીકૃષ્ણનાં તેજોમય સ્વરૂપનાં દર્શન થયાં. એમણે જોયું કે કૃષ્ણના પાદપદ્મમાંથી પ્રગટેલાં કિરણો પહેલાં ભાગવતમાં પ્રવેશ્યાં અને પછી એમની છાતીમાં પ્રવેશ્યાં, એ રીતે કેટલોક કાળ કૃષ્ણ, ભાગવત અને ગદાધરની ત્રિપુટીને તે તેજકિરણો સાંકળી રહ્યાં. પોતાની આ અપૂર્વ અનુભૂતિનો ખુલાસો કરતાં પાછળથી ગદાધરે કહેલું, ‘‘એ અનુભૂતિ થયા પછી મને સમજાયું કે ભાગવત, ભક્ત અને ભગવાન એ ત્રણે ઉપરથી ભલે ભિન્ન જણાય, વસ્તુતઃ તો એક જ છે.’’

ઈ. ૧૮૬૩માં ચંદ્રમણિને ગદાધરની તીવ્ર યાદ સતાવવા લાગી. ગદાધર વિનાનો સંસાર એને અસાર લાગવા માંડ્યો. તેથી શેષ આયુષ્ય ગંગાકિનારે ગદાધરના સાંનિધ્યમાં વ્યતીત કરવા તેઓ દક્ષિણેશ્વર આવ્યાં. મથુરબાબુએ એમને એક ઓરડો ફાળવ્યો હતો.

ઈ. ૧૮૬૪ના અંત ભાગમાં એક દિવસ દક્ષિણેશ્વરમાં એક દીર્ઘકાય જટાધારી દિગમ્બર સંન્યાસી આવી પહોંચ્યા. એમનું નામ હતું પરમહંસ પરિવ્રાજકાચાર્ય સ્વામી તોતાપુરીજી. તેઓ જન્મે પંજાબી હતા અને લુધિયાણા પાસે આવેલા એક નાગા સંન્યાસી સંપ્રદાયના મઠના યોગી મહંત પાસે તેમણે વેદાંતનો અભ્યાસ કર્યો હતો અને ગુરુ પાસે આધ્યાત્મિક સાધના કરી હતી. ચાળીસ વર્ષની કઠોર તપશ્ચર્યાને અંતે તોતાપુરીજીને નિર્વિકલ્પ સમાધિ સાંપડી હતી અને બ્રહ્માનંદની અનુભૂતિ થઈ હતી.

જીવનમુક્ત બનેલા બ્રહ્મજ્ઞાની સંન્યાસી તીર્થાટન કરીને આયુષ્યનાં અંતિમ વર્ષો વ્યતીત કરવા નીકળ્યા હતા. જગન્નાથપુરી અને ગંગાસાગરની યાત્રા પૂરી કરી તેઓ દક્ષિણેશ્વર પહોંચ્યા.

કાલીમંદિરમાં પ્રવેશતાં જ તોતાપુરીજીની દૃષ્ટિ ગદાધર પર પડી. એ વખતે ગદાધર સાદું ધોતિયું પહેરી અંતર્મુખ અવસ્થામાં બેઠા હતા.



એમની તેજસ્વી મુખમુદ્રાએ તોતાપુરીજીનું ધ્યાન આકૃષ્ટ કર્યું. આ સીધાસાદા યુવકમાં મહાન શક્તિઓ રહેલી છે એનો એમને તરત ખ્યાલ આવી ગયો.

ગદાધર પાસે પહોંચી તોતાપુરીજીએ પ્રેમપૂર્વક કહ્યું, ‘‘વત્સ! હું જોઈ શકું છું કે તું સત્યના પથ પર ખાસ્સો આગળ વધ્યો છે. તારે વેદાંતનો અભ્યાસ કરવાની ઈચ્છા છે? હું તને વેદાંતનું જ્ઞાન આપીશ અને સાધનાના સર્વોચ્ચ શિખરે પહોંચાડીશ.’’

ગદાધરે સરળ, સહજ ભાવે જવાબ આપ્યો, ‘‘હું એ કશું ના જાણું, મારે માને પૂછવું પડે.’’

તોતાપુરીજી ગદાધરની બાળસહજ સરળતાથી પ્રભાવિત થયા. તેમણે કહ્યું, ‘‘ભલે, પૂછી આવ તારી માને, પણ સાંભળ, હું અહીં વધારે રોકાઈશ નહીં, ત્રણ દિવસથી વધુ હું ક્યાંય રોકાતો નથી.’’

ગદાધર સીધા મંદિરમાં ગયા. એમણે માને બધી વાત કરી. માએ આદેશ આપ્યો, ‘‘હા, બેટા! જા, એની પાસેથી શીખ. તને શીખવવા માટે તો તે આવ્યો છે.’’

ગદાધરે તોતાપુરીજીને કહ્યું કે માએ રજા આપી દીધી છે. તોતાપુરી પ્રસન્ન થયા. એમણે કહ્યું, ‘‘અદ્વૈત વેદાંતનો અભ્યાસ અને શાસ્ત્રવિહિત સાધના શરૂ કરતા પૂર્વે વિધિવત્ સંન્યસત દીક્ષા લેવી પડે. એ માટે શિખા અને યજ્ઞોપવીતનો પણ ત્યાગ કરવો પડશે.’’

ગદાધરે કહ્યું, ‘‘અંગત રીતે મને દીક્ષા લેવામાં કશો બાધ નથી. પરંતુ મારી વૃદ્ધ માતાને ખબર પડે તો તેને દુઃખ થાય. તેથી ગુપ્તપણે હું સંન્યાસદીક્ષા લેવા તૈયાર છું.’’

તોતાપુરીએ કહ્યું, ‘‘ભલે, ગુપ્તપણે દીક્ષા લેજે.’’

તોતાપુરીએ ગદાધરને પિતૃશ્રાદ્ધ કરી લેવાનું કહ્યું, કેમકે સંન્યાસ લીધા પછી સંસારદૃષ્ટિએ મનુષ્ય મૃત જ ગણાય છે. એમણે ગદાધરને પોતાનું શ્રાદ્ધ પણ કરી લેવાનો આદેશ આપ્યો, ગદાધરે ગુરુની આજ્ઞા પ્રમાણે કર્યું.

રાત્રિ લગભગ પૂરી થવા આવી હતી. રાત્રિના અંતિમ અર્ધ પ્રહરની નીરવ શાંતિમાં ગુરુ અને શિષ્ય પંચવટીના ધ્યાનખંડમાં પ્રવેશ્યા. ગુરુએ પવિત્ર મંત્રોનો ઉચ્ચાર શરૂ કર્યો અને પવિત્ર અગ્નિમાં આહુતિઓ આપતાં ગદાધરે એ મંત્રોનો પુનરુચ્ચાર કર્યો.

પછી આ નવદીક્ષિત સંન્યાસીએ આ લોકના તેમ જ પરલોકના ભોગોના ત્યાગનો સંકલ્પ કર્યો અને પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમભાવ રાખવાની ખાતરી આપી. શિખા અને યજ્ઞોપવીતનું વિધિપૂર્વક વિસર્જન કર્યા પછી સંન્યાસીજીવનના પ્રતીક સમાં કૌપીન અને ભગવું વસ્ત્ર એમણે આનંદપૂર્વક અંગીકાર કર્યા. ત્યાર બાદ તોતાપુરીએ કહ્યું, “હવે તને નવું નામ આપીશ.”

“મારું નામ પણ બદલાઈ જશે?”

“માત્ર નામ જ નહિ, પદવી પણ બદલાઈ જશે. તું હવે નવો જન્મ પામ્યો. હવેથી તારું નામ રામકૃષ્ણ દીક્ષા લઈ સંન્યાસી એટલે કે તું શ્રીમાં અધિષ્ઠિત થયો. એટલે તારું નામ શ્રીરામકૃષ્ણ અને પદવી? પદવી પરમહંસ. પરમહંસ કોને કહે છે એ જાણે છે?”

“જાણું છું દૂધ અને પાણી એક સાથે હોય તોયે જે હંસની જેમ પાણી છોડીને દૂધ લઈ શકે તે. રેતી અને ખાંડ ભળી ગયાં હોય તોયે કીડીની જેમ માત્ર ખાંડ લઈ શકે તે.”

“તેં સાચું જ કહ્યું. એનું નામ જ પરમહંસ. ફોતરાં ફેંકી દો અને સાર



ગ્રહી લો. ખંડ છોડીને અખંડને, ઉપાધિ છોડીને નિત્યવસ્તુને અપનાવો.”

એ અર્ધ પ્રહર પૂરો થયો અને નૂતન દિવસનો ઉદય થયો. ગુરુને દંડવત્ પ્રણામ કરી શ્રીરામકૃષ્ણે ઉપદેશ સાંભળવા આસન ગ્રહણ કર્યું.

જીવ અને બ્રહ્મનું એકત્વ શિષ્યના ચિત્તમાં ઠસાવવા માટે તોતાપુરીએ અદ્વૈત વેદાન્તના પ્રમુખ સિદ્ધાંતોનું નિરૂપણ કરતાં કહ્યું, “નિત્ય શુદ્ધ, બુદ્ધ, મુક્ત તેમ જ દિક્કાલાદિથી અનવચ્છિન્ન એવું બ્રહ્મ જ માત્ર સત્ય છે. જે કંઈ માયાના પ્રદેશનું હોય છે એ બધું મિથ્યા છે. એનો ત્યાગ કરવો. નામરૂપની ભુલભુલામણીને ભેદીને આત્માની શોધ માટે અંતરમાં અવગાહન કરો અને સમાધિ દ્વારા એમાં દૃઢપણે પ્રતિષ્ઠિત થાઓ.”

દીક્ષા આપ્યા પછી ગુરુએ શિષ્યનું શું કર્યું એ શ્રીરામકૃષ્ણના શબ્દોમાં જ સાંભળીએ : “દીક્ષા આપ્યા પછી નાગા (તોતાપુર) જીએ મને વેદાંતના વિવિધ સિદ્ધાંતો શીખવ્યા અને બધી વસ્તુઓમાંથી મનને ખેંચીને આત્મામાં જોડવા કહ્યું. પરંતુ ખૂબ પ્રયાસો કરવા છતાં નામરૂપાત્મક પ્રદેશની પેલે પાર જઈને નિરપેક્ષ અવસ્થામાં હું મારા ચિત્તને લઈ જઈ શક્યો નહીં. અવશ્ય જ્યોતિર્મય કલ્યાણમયી જગદંબા સિવાય સઘળા પદાર્થોમાંથી ચિત્તને ખેંચી લેવામાં મને ખાસ મુશ્કેલી પડી નહીં. મા મારી સામે પ્રત્યક્ષ ઉપસ્થિત થતી અને મારું મન એમાં લીન થઈ જતું. મેં અનેક વાર અદ્વૈત વેદાંતના ઉપદેશો પર મનને એકાગ્ર કરવાના પ્રયાસો કર્યા. પરંતુ પ્રત્યેક વાર માની મૂર્તિ મારી સામે આવી ખડી થઈ જતી. અંતે હતાશ થઈ મેં નાગાજીને કહ્યું, ‘આનો કંઈ લાભ નથી. પરમોચ્ચ ભૂમિકા સુધી મારા મનને લઈ જઈને પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરવાનું મારાથી બની શકશે નહીં.’ એમણે ગુસ્સે થઈને તીખાશથી કહ્યું, ‘નહિ કેમ થાય? તારે કરવું જ પડશે.’ એમ કહી એમણે આમતેમ નજર નાંખી અને નજીકમાં

પડેલો કાચનો એક અણીદાર ટુકડો ઉઠાવીને એની અણી મારી ભમરો વચ્ચેના ભાગમાં ઘોંચીને આદેશ આપ્યો, “આ ભાગ ઉપર મનને એકાગ્ર કર.' પછી મેં દઢ નિશ્ચય કરી ધ્યાન ધરવા માંડ્યું. અને જેવી જગદંબાની મૂર્તિ મારી સામે પ્રગટ થઈ કે તરત વિવેક રૂપી તલવારથી મેં એ મૂર્તિને છિન્ન ભિન્ન કરી દીધી. આ રીતે અંતિમ અવરોધ પણ દૂર થયો. મારું મન તરત માયામય ભૂમિકાની પેલે પાર ગયું અને હું સમાધિમાં સ્થિર થયો.”

આ રીતે શ્રીરામકૃષ્ણ નિર્વિકલ્પ સમાધિના અવર્ણનીય આનંદમાં લીન થયા. એ આનંદસમાધિમાં ઈન્દ્રિયો અને મનનાં સર્વ કાર્યો બંધ પડ્યાં, શરીર શબની જેમ નિશ્ચેષ્ટ બન્યું. અહંભાવની પાતળી પ્રતીતિ પણ પળવારમાં લય પામી અને અંતે શુદ્ધ ચૈતન્ય વિલસી રહ્યું. આત્માનો પરમાત્મામાં લય થયો અને મનવાણીથી પર બ્રહ્મતત્ત્વરૂપ થઈને શ્રીરામકૃષ્ણ એવી બ્રાહ્મી સ્થિતિ પામ્યા.

તોતાપુરીજી શિષ્યને શાંતિપૂર્વક જોતા ત્યાં લાંબો સમય બેસી રહ્યા. એમને સંપૂર્ણ નિશ્ચેષ્ટ જોઈને તેઓ ચૂપચાપ ઓરડાની બહાર નીકળી ગયા અને બીજું કોઈ અંદર ન જાય એ માટે એમણે ઓરડાને તાળું માર્યું. શિષ્ય ઓરડો ખોલવાની વિનંતી કરે એની રાહ જોતા તેઓ બહાર બેઠા. એક પછી એક એમ ત્રણ દિવસ પસાર થયા પણ અંદરથી કોઈ સાદ સંભળાયો નહિ.

આશ્ચર્યચકિત થયેલા તોતાપુરી શું સ્થિતિ છે એ જાણવા માટે ઓરડો ઉઘાડી તેમાં પ્રવેશ્યા. એમણે જોયું તો બ્રહ્મધ્યાનની અવસ્થામાં ઊંડે ઊતરી ગયેલા રામકૃષ્ણના શરીરમાં ચેતનાનું કશું ચિહ્ન ન હતું. ઉચ્છ્વાસનો અણસાર સુધ્ધાં ન હતો. રામકૃષ્ણ નિરુદ્ધાવસ્થામાં પ્રશાંત થઈને નિર્વાત નિષ્કમ્પ દીપશિખાની પેઠે બેઠા હતા.



તોતાપુરીજી એ અદ્ભુત અકલ્પ્ય દશ્ય જોઈ દિંગ થઈ ગયા. એમને થયું જે સાધના કરતાં મને ચાળીસ વર્ષો સુધી તીવ્ર પુરુષાર્થ કરવો પડ્યો હતો તેની પ્રાપ્તિ આ યુવાનને માત્ર એક દિવસમાં જ થઈ ગઈ. શું એ શક્ય છે? એમને શંકા ગઈ એટલે એમણે પુનઃ પરીક્ષા કરી રામકૃષ્ણનો શ્વાસ ચાલતો ન હતો, હૃદય ધડકતું ન હતું. આશ્ચર્યની અવધિમાં આવી તેઓ બોલી ઊઠ્યા, “વાહ! આ તો અદ્ભુત ચમત્કાર છે” એ નિર્વિકલ્પ સમાધિ હતી, અદ્વૈત સાધનાની અંતિમ અનુભૂતિની અદ્વિતીય અવસ્થા.

પછી તોતાપુરીજીએ શ્રીરામકૃષ્ણના મનને બાહ્ય જગતમાં નીચે ઉતારવા માટે પ્રયત્નો શરૂ કર્યા. શ્રીરામકૃષ્ણના કાનમાં એમણે ‘હરિઃ ૐ' ના મંત્રનું ઉચ્ચારણ કરવા માંડ્યું. એમના નાદથી પંચવટી ગુંજી ઊઠી.

ધીમે ધીમે શ્રીરામકૃષ્ણમાં બાહ્ય ચેતનનો સંચાર થવા લાગ્યો. થોડી વાર પછી એમણે આંખો ખોલી. તેમણે ગુરુને દંડવત્ પ્રણામ કર્યા. ગુરુ અને ઉષ્માપૂર્વક ભેટી પડ્યા.

તોતાપુરીજી ક્યાંય પણ ત્રણ દિવસથી વધારે રોકાતા નહિ પણ દક્ષિણેશ્વરમાં અગિયાર મહિના રોકાયા. એમણે પોતાના આ અસાધારણ શિષ્ય અદ્વૈત જ્ઞાનના સર્વોચ્ચ શિખરે સ્થાપવાનું નક્કી કર્યું.

તોતાપુરીજી આખો વખત ધૂણી ધખાવીને બેસી રહેતા. ખાવું-પીવું, સૂવું બધું જ ધૂણી પાસે. ધૂણી પાસે જ તેઓ સમાધિમાં બેસતા, એમની સંપત્તિમાં એક લોટો, ચીપિયો અને ચર્માસન. લોટા અને ચીપિયાને તેઓ રોજ માંજીને સાફ રાખતા. તેઓ ધ્યાનમાં પણ નિયમિત બેસતા. એક દિવસ રામકૃષ્ણે એમને પૂછ્યું, “તમે તો બ્રહ્મજ્ઞાની છો તો પછી તમારે નિયમિત ધ્યાન કરવાની શી જરૂર?”

ચકચકિત લોટા સામે ઈંગિત કરી તોતાપુરીએ કહ્યું, “હું આ

લોટો હંમેશાં માંજું છું, તેથી તો એ ચમકે છે. જો એને માંજ્યા વિના રાખી મૂકું તો ઝાંખો પડી જાય. મનુષ્યના મનનું પણ એવું જ છે. એને રોજ ધ્યાનભજનથી શુદ્ધ ન રાખવામાં આવે તો તે મલિન બની જાય.''

ગુરુની વાત રામકૃષ્ણના મનમાં ઊતરી ગઈ પણ એમણે આગળ પૂછ્યું, ''પરંતુ લોટો સોનાનો હોય તો?''

તોતાપુરીએ હસીને કહ્યું, ''સંસારમાં સોનાનો લોટો તો આ એક જ છે.''

ગુરુશિષ્ય ધૂણી પાસે બેસી અદ્વૈત વેદાન્તની ચર્ચામાં ગરકાવ હતા. એવામાં ઉદ્યાનનો એક કર્મચારી આવ્યો પોતાનો હુક્કો સળગાવવા ધૂણીમાંથી દેવતા લેવા લાગ્યો. તોતાપુરી માટે એમની ધૂણી પવિત્ર હતી. આવો અનાચાર જોઈ એમનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠ્યો. તેઓ ગાળો ભાંડવા લાગ્યા એટલું જ નહિ એને ફટકારવા ચીપિયો ઉગામી દોડ્યા. પેલો તો રફુચક્કર થઈ ગયો.

રામકૃષ્ણ એ જોઈ ખડખડાટ હસવા લાગ્યા. ગુરુએ વિસ્મિત થઈને પૂછ્યું, ''આટલું હસે છે કેમ? એ વ્યક્તિનું આચરણ અઘટિત ન હતું?''

શિષ્યે સસ્મિત ઉત્તર આપ્યો, ''હા, એ તો અઘટિત હતું જ. પણ હું તો સાથે સાથે તમારા બ્રહ્મજ્ઞાનનું ઊંડાણ પણ માપી રહ્યો હતો. તમે હમણાં તો મને કહેતા હતા કે બ્રહ્મ સિવાય બીજી કોઈ સત્તા નથી. અને જીવ માત્ર બ્રહ્મનો આવિર્ભાવ છે. તો પછી આ જીવરૂપી બ્રહ્મને મારવા શા માટે દોડ્યા? એટલે હું તો માયાનો આ પ્રબળ પ્રભાવ જોઈ હસું છું.''

આ શબ્દો સાંભળી તોતાપુરી ગંભીર થઈ ગયા, અવાક્ થઈ ગયા. પોતે કામને તો જીત્યો હતો પણ ક્રોધને જીત્યો ન હતો એ એમને સમજાઈ ગયું. એમણે કહ્યું, ''તું બરાબર કહે છે. ક્રોધના આવેશમાં હું બધું ભૂલી ગયો હતો. ખરેખર, ક્રોધ ભયંકર શત્રુ છે. પણ હવેથી હું ક્રોધને વશ નહીં



થાઉં.''

તોતાપુરીએ પછી પોતાના શબ્દો પાળી બતાવ્યા હતા. તેઓ ક્યારેક કહેતા, 'રામકૃષ્ણ તો બધા ગુરુના પણ ગુરુ છે.'

માયાનાં ગૂઢ લક્ષણો વિશે શ્રીરામકૃષ્ણ કહેતા, ''આંખો બંધ કરીને તમે ભલે ચિંતન કરો કે 'કાંટો છે જ નહિ એટલે કશું ભોંકાવાપણું પણ નથી.' પરંતુ હાથમાં જેવો કાંટો ભોંકાયો કે તરત જ તમે વેદનાથી બૂમ પાડી ઊઠો છો. એ જ રીતે તમે ભલે મનમાં તર્ક કર્યા કરો કે જન્મમરણ, સદ્ગુણ, દુર્ગુણ, સુખદુઃખ કે ભૂખતરસ જેવું કશું છે જ નહિ અને તમે સચ્ચિદાનંદ સનાતન બ્રહ્મસ્વરૂપ છો, પરંતુ જે ક્ષણે શરીરમાં કોઈ પીડા ઉત્પન્ન થાય કે લાલચો મનને પરાજિત કરે તે ક્ષણે તમે તત્ત્વજ્ઞાનની મોટી મોટી વાતો ભૂલી જાઓ છો અને ભ્રમણામાં પડીને એનાં દુઃખદ પરિણામોથી મૂંઝાઈ જાઓ છો.''

માયાની શક્તિ શ્રીરામકૃષ્ણ એક દૃષ્ટાંત દ્વારા સમજાવતા, ''રામ સીતા અને લક્ષ્મણ વનમાં ચાલ્યાં જાય છે. એક સાંકડી કેડી પર તેઓ ચાલતાં હતાં. તેથી એકીવખતે એક જણ એના ઉપર ચાલી શકે. રામ સૌથી આગળ ચાલે છે, એમની પાછળ સીતા છે અને લક્ષ્મણ સૌથી પાછળ છે. લક્ષ્મણ તો રામનો પરમ ભક્ત છે એટલે રામ તરફ પોતાની દૃષ્ટિ સતત પડતી રહે એ માટે અત્યંત આતુર હોય છે. પરંતુ વચ્ચે રહેલાં સીતા તેની દૃષ્ટિએ અવરોધક થઈ પડે છે. એને મનમાં દુઃખ થાય છે. સીતા એનું દુઃખ કળી જાય છે એટલેસહાનુભૂતિથી તે વખતોવખત બાજુએ ખસી જાય છે, જાણે કે કહે છે, 'જોઈ લે!' પરિણામે લક્ષ્મણ પોતાના ઈષ્ટદેવનાં દર્શન કરી શકે છે. એવી જ રીતે જીવ અને બ્રહ્મ વચ્ચે માયા - શ્રી જગદંબા - છે. સહાનુભૂતિ દાખવીને એ જો બાજુએ ખસી ન જાય તો

જીવને બ્રહ્મનાં દર્શન કદાપિ થઈ ના શકે. એટલે ગમે તેટલા વિચારો ચલાવો, તોપણ એની કૃપા વિના કશું વળવાનું નથી.''

તોતાપુરીજી જગદંબાની આ જાદુઈ શક્તિ સમજી શક્યા ન હતા. પોતે જે સર્વોચ્ચ આત્મજ્ઞાન સંપ્રાપ્ત કર્યું હતું તે માત્ર પોતાના પુરુષાર્થથી જ પ્રાપ્ત કર્યું હતું એમ તેઓ માનતા હતા. પરંતુ મહામાયાને થયું કે તેમને સાચી સ્થિતિનો ખ્યાલ આપવો જોઈએ.

તોતાપુરીનું શરીર લોખંડી હતું. તેમની પાચનશક્તિ પણ પ્રબળ હતી. પણ તેમને સંગ્રહણીઓનો રોગ લાગુ પડ્યો. ઉત્તરોત્તર એ વધવા લાગ્યો. એ વ્યાધિની અસહ્ય થઈ ગઈ. એને લીધે સમાધિમાં પણ વિક્ષેપ પડવા લાગ્યો.

શારીરિક વ્યાધિ પ્રબળ બનતાં તોતાપુરીને દક્ષિણેશ્વર છોડી ચાલ્યા જવાનો વિચાર આવ્યો. પરંતુ બીજી બાજુ હાડમાંસના માળા સમા શરીરને કારણે રામકૃષ્ણનો સંગ છોડવો તેમને ઉચિત ન લાગ્યો. રોગ મચક આપતો ન હતો છતાં દૃઢ મનોબળ ધરાવતા તોતાપુરી ધ્યાનમાં બેસવાનું ચૂકતા નહિ.

એક રાત્રે તોતાપુરી સૂતા હતા ત્યારે તેમના પેટમાં અસહ્ય પીડા થવા લાગી. એમણે ચિત્તને પરબ્રહ્મમાં સ્થિર કરવાનો પ્રયાસ કર્યો પણ વારંવાર પ્રયત્ન કરવા છતાં એમને ચિત્તવૃત્તિનો નિરોધ કરવામાં સફળતા સાંપડી નહીં. એટલે એમને એ શરીરનું વિસર્જન કરવાનો વિચાર આવ્યો.

દેહત્યાગનો સંકલ્પ કરી તોતાપુરી ગંગાકિનારે પહોંચ્યા. ધીરે ધીરે તેઓ ગંગામાં આગળ વધવા લાગ્યા. તેઓ છેક સામે કાંઠે પહોંચ્યા તોયે તેમને ડુબાડી દે એટલું પાણી તો ક્યાંય આવ્યું જ નહિ ! તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. 'એ ક્યા, દૈવી માયા!' અસહાય બની તોતાપુરી ચિત્કાર કરી ઊઠ્યા.



એકાએક એમની આંખ આડેનાં આવરણો ખસી ગયાં અને સામે પ્રત્યક્ષ ઊભેલી દિવ્ય મહામાયાનો એમને ભવ્ય સાક્ષાત્કાર થયો. જીવનમાં, મૃત્યુમાં, સુખમાં - દુઃખમાં સર્વત્ર મહામાયા વિદ્યમાન છે એની એમને પ્રતીતિ થઈ. બ્રહ્મ અનેશક્તિ એક જ સિક્કાની બે બાજુ છે એ એમને સમજાયું.

બ્રહ્મના સાકાર સ્વરૂપમાં જગદંબાનો સાક્ષાત્કાર થવાથી તોતાપુરીનું હૃદય આનંદથી પરિપૂર્ણ થયું. એમનો વ્યાધિ લુપ્ત થઈ ગયો.

બીજા દિવસે શ્રીરામકૃષ્ણ તોતાપુરીના સ્વાસ્થ્ય વિશે પૃચ્છા કરવા લાગ્યા. એમના મુખ પરની પ્રસન્નતા જોઈ રામકૃષ્ણને ખ્યાલ આવી ગયો કે રાત્રે કંઈક બન્યું છે.

તોતાપુરીએ જ કહ્યું : ''કાલે રાત્રે મને મા જગદંબાનાં દર્શન થયાં. એમની કૃપાથી મારો વ્યાધિ મટી ગયો. હવે મને મા પાસેથી અહીંથી જવાની રજા અપાવો.''

રામકૃષ્ણે ખુશ થઈ કહ્યું, ''તમે માને માનવાની ના પાડતા હતા, પણ હવે જોયું ને કે મા સત્ય છે. માએ તો મને ઘણા સમય પહેલાં જ સમજાવી દીધું છે કે અગ્નિ અને એની દાહકશક્તિની જેમ બ્રહ્મ અને શક્તિ વચ્ચે અભેદ છે.''

તોતાપુરીજી માના મંદિરમાં ગયા. માને સાષ્ટાંગ પ્રણામ કરી જવાની રજા માગી. માએ સંમતિ આપી.

પોતાના પ્રિય શિષ્ય રામકૃષ્ણને ભેટીને તોતાપુરીજી ઈ. ૧૮૬૫ના અંતે કોઈક દિશામાં ચાલ્યા ગયા તે કોઈએ જાણ્યું નહિ.

સમર્થ ગુરુ અને શિષ્ય બંનેએ એકબીજા પાસેથી ઘણું બધું મેળવ્યું.

## ૬.

તોતાપુરીજીની વિદાય પછી રામકૃષ્ણે જગતની સર્વ ઘટનાઓથી પર રહીને કેવળ અદ્વૈતભાવની સ્થિતિમાં રહેવાનો સંકલ્પ કર્યો. પછી એમણે પોતાની બધી પ્રવૃત્તિઓ એ બ્રાહ્મી સ્થિતિ તરફ વાળવા માંડી. જ્યાં સુધી એમના શરીરે સહન કર્યું ત્યાં સુધી તેમણે બ્રહ્મ સાથે ઐક્યની અવસ્થા જાળવી રાખી. છ મહિના સુધી આ અવસ્થામાં રહેતાં તેમને શારીરિક આવશ્યકતાનું કશું ભાન રહ્યું ન હતું.

બ્રહ્મૈક્યની એ અનન્ય અવસ્થાનું વર્ણન કરતાં રામકૃષ્ણ કહેતા, ‘‘લાગલગાટ છ માસ સુધી હું એ અવસ્થામાં રહ્યો હતો. એમાંથી પાછા ફરવાનું સામાન્ય માણસનું ગજું નહિ, કેમકે એ અવસ્થામાં જીવકોટિ મનુષ્યનું શરીર ત્રણ સપ્તાહમાં શુષ્કપર્ણની પેઠે પડી જાય. હું એ અવસ્થામાં હતો એ દરમિયાન મને રાત કે દિવસનું ભાન રહેતું નહીં. મૃત શરીરમાં પ્રવેશતી હોય એ રીતે માખીઓ મારા મુખમાં તેમજ નસકોરાંમાં પેસી જતી, પણ મને એની કશી ખબર જ ન પડતી. ધૂળના થર બાઝવાથી માથાના વાળ ગૂંચવાઈ ગયા હતા. શરીરને ઠૂંઠા જેવું જાણીને ચકલાં તેના



પર બેસીને કૂદાકૂદ કરતાં. એ અવસ્થામાં શરીર અવશ્ય છૂટી ગયું હોત. પરંતુ એ અરસામાં દક્ષિણેશ્વરમાં આવી ચડેલા એક સાધુને લીધે એવું થયું નહીં. એ મારી અવસ્થાને સમજી ગયો હતો અને તેને લાગ્યું કે કોઈ પણ ઉપાયે આના દેહને ટકાવી રાખવો જોઈએ, કારણ કે આ મહાપુરુષ જગતનું મહાન કલ્યાણ કરવા માટે આવેલ છે. એટલે એ સાધુ આ દેહની રક્ષા કરતો. સમય થતાં એ સાધુ મારા માટે ખાવાનું લાવતો અને અનેક રીતે મારા મનને આ આધિભૌતિક જગતની ભૂમિકાએ ઉતારવાનો પ્રયાસ કરતો. વખતોવખત એ મનને નીચે લાવવા માટે નાના દંડાથી મારત અને મને સહેજ પણ ભાનમાં આવેલો જોતો કે તરત જ તે મારા મુખમાં થોડો ખોરાક ઠાંસી દેતો. જોકે એમાંથી અલ્પ ખોરાક જ જઠર સુધી પહોંચી શકતો. એ રીતે છ માસ પસાર થઈ ગયા. એ પછી મને જગદંબાનો આદેશ મળ્યો : ‘ભાવમુખે રહે, ભાવમુખે રહે!’ એટલે કે માનવજાતિના કલ્યાણ ખાતર તું જગતમાં રહીને ઈશ્વરદર્શનની, સમાધિ-અવસ્થાની અને બાહ્ય જગતના ભાનની વચ્ચેની ભૂમિકાએ રહે. એ પછી મને એકદમ સંગ્રહણીનો વ્યાધિ લાગુ પડ્યો. પેટમાં આંકડીની દારુણ વેદના રાતદિવસ સતાવવા લાગી. કેટલાક મહિના આવું ચાલ્યું. એ રીતે ધીમે ધીમે મન નીચલી ભૂમિકાએ ઊતર્યું અને દેહભાનમાં આવતું ગયું. ક્રમશઃ હું સ્વસ્થ થતો ગયો. પરંતુ અનેક વાર એવું બનતું કે જરા સરખી ઈશ્વરીય ઉદ્દીપના થતાં જ મન ઉચ્ચ ભૂમિકાએ ચડી જતું અને નિર્વિકલ્પ સમાધિમાં લીન થતું.’’

દીર્ઘ સમાધિના અવતરણની આ અવસ્થા રામકૃષ્ણના જીવનમાં ઈ. ૧૮૬૬ના પૂર્વાર્ધમાં ઘટી હતી. એ પછી થોડા દિવસ બાદ રામકૃષ્ણે બે નાવિકોને લડતા જોયા તો તેઓ અત્યંત વેદનાપૂર્વક ચિત્કારી ઊઠેલા.

તેમણે સમસ્ત વિશ્વની વેદનાને આત્મસાત્ કરી લીધી હતી. એને કારણે એમનું આખું હૃદય ક્ષતવિક્ષત થઈ ગયું હતું.

આ અરસામાં મથુરબાબુની પત્ની જગદંબાદાસીને સંગ્રહણીનો રોગ થયો. મોટા મોટા ડોક્ટરો-વૈદ્યોની દવા લાગુ ન પડી. બચવાની કોઈ આશા ન રહેતાં મથુરબાબુ હતાશ થઈને રામકૃષ્ણ પાસે ગયા. પત્ની નહીં રહે તો પોતે કેવા અસહાય બની જશે એ એમણે આર્દ્ર બનીને કહ્યું, અનુકંપાપૂર્વક ભાવાવસ્થામાં આવી જઈ રામકૃષ્ણે કહ્યું, "ગભરાશો નહિ. તમારી પત્ની સાજી થઈ જશે."

આશ્વાસન પામી મથુરબાબુ ઘરે ગયા. એમના આશ્ચર્ય વચ્ચે બીજા દિવસથી એમની પત્નીની તબિયત સુધરવા લાગી.

એ સંદર્ભમાં પછી રામકૃષ્ણે કહેલું, "એ દિવસથી જગદંબાદાસી ધીમે ધીમે સાજી થવા લાગી અને એનો વ્યાધિ આ દેહમાં (અર્થાત્ પોતાના શરીરમાં) પેઠો. આમ એને સાજી કરવાના ફળરૂપે મારે સંગ્રહણીના રોગથી છ માસ સુધી પીડાવું પડ્યું.' એમ કહી એમણે ઉમેરેલું, "ચૌદ ચૌદ વર્ષો સુધી મથુરબાબુએ નિષ્ઠાપૂર્વક મારી સંભાળ રાખી હતી તે કંઈ અમસ્તી જ? આ કયા દ્વારા જગત્‌જનનીએ એમને અનેક ચિત્કારી ઘટનાઓ દેખાડી હતી."

લગભગ છ મહિના બાદ રોગમુક્ત થયા પછી રામકૃષ્ણનું મન નીચેની ભૂમિકાએ ઊતરી આવ્યું. હવેથી તેના વિહારનું ક્ષેત્ર જગતના ભાનથી માંડીને ઈશ્વરીય સ્વરૂપોનાં દર્શન તથા નિર્વિકલ્પ સમાધિની સર્વોચ્ચ ભૂમિકા સુધી વિસ્તર્યું. એને કારણે એમને ખાતરી થઈ ગઈ કે જગતના બધા ધર્મો ભિન્ન ભિન્ન માર્ગો દ્વારા એક જ પરમાત્મા તરફ લઈ જાય છે. એટલે તેઓ એ બધા માર્ગોની તપાસ કરવા તત્પર થઈ ગયા. એમને માટે



સમજવાનો અર્થ જ અસ્તિત્વ અને કર્મ હતો.

ઈ. ૧૮૬૬ના અંત ભાગમાં ગોવિંદરાય નામક એક અરબી ફારસીના પંડિતનું દક્ષિણેશ્વરમાં આગમન થયું. મૂળ એ ક્ષત્રિય હતા પણ ઈસ્લામના એકભ્રાતૃત્વના આદર્શમાં મુગ્ધ થઈને મુસલમાન થયા હતા. તેઓ સૂફી સંપ્રદાયના ઉપાસક હતા.

ગોવિંદરાયે કાલીમંદિરના ઉદ્યાનમાં જ્યાં જૂનું કબ્રસ્તાન હતું ત્યાં અડ્ડો જમાવ્યો. તેની ખુદાપરસ્તી તરફ રામકૃષ્ણનું ધ્યાન ગયું. થોડા દિવસમાં રામકૃષ્ણના મનમાં એવો વિચાર આવ્યો કે ઈસ્લામ ધર્મ દ્વારા પણ પરમેશ્વરનો સાક્ષાત્કાર કરી શકાય. એમણે ગોવિંદરાયની મદદથી એ માર્ગે ચાલવાનો નિર્ણય કરી લીધો.

રામકૃષ્ણે ગોવિંદરાય સમક્ષ પોતાની ઈચ્છા પ્રગટ કરી. ગોવિંદરાયે એમને વિધિપૂર્વક ઈસ્લામની દીક્ષા આપી. પછી રામકૃષ્ણે કાછડી કાઢી લુંગી ધારણ કરી અને આ નવા મજહબનું આચરણ પૂરી ગંભીરતાથી શરૂ કર્યું.

એ અરસામાં રામકૃષ્ણ કાલીને બદલે અલ્લાહનું નામ લેવા લાગ્યા, અકીકની તસ્બી ફેરવવા લાગ્યા અને પાંચ વખત નિયમિત નમાજ પઢવા લાગ્યા. એટલું જ નહિ, મથુરબાબુને કહી પોતાના માટે મુસલમાની ઢબનું ખાવાપીવાનું પણ તૈયાર કરાવવા માંડ્યું. એ દિવસોમાં તેમણે મંદિરમાં જવાનું બંધ કર્યું અને તમામ હિંદુ વિચારોને તિલાંજલિ આપી. એ ભાવમાં ત્રણ દિવસ રહ્યા પછી ઈસ્લામની સાધનાના ફળ રૂપે એક અદ્‌ભુત અનુભવ થયો.

એ દિવસે રામકૃષ્ણ મસ્જિદમાં નામજ પઢવા ગયા હતા. એમની સામે ફકીરવેશધારી શ્વેત કેશ અને દાઢીવાળા એક જ્યોતિર્મય પુરુષનો

આવિર્ભાવ થયો. તેમને દર્શન આપી ઊંચો હાથ કરીને આશીર્વાદ આપ્યા અને પછી અદશ્ય થઈ ગયા. (શક્ય છે કે એ પયગંબર હોય) મુસલમાનોના 'સગુણ બ્રહ્મ' નો સાક્ષાત્કાર કરીને પુનઃ તેઓ નિર્ગુણ બ્રહ્મમાં લીન થઈ ગયા.

સંગ્રહણીના રોગથી રામકૃષ્ણનું શરીર નિર્બળ થઈ ગયું હતું. હવાફેરથી તેમને ફાયદો થશે એમ ધારી તેમના હિતેચ્છુઓએ તેમને કામારપુકુર મોકલવાનો પ્રબંધ કર્યો. ઈ. ૧૮૬૭ના મે માસમાં રામકૃષ્ણ ભૈરવી બ્રાહ્મણી તથા ભાણેજ હૃદયરામને સાથે લઈ વતન જવા નીકળ્યા.

આઠ વર્ષના અંતરાલ પછી રામકૃષ્ણ વતન જઈ રહ્યા હતા. એ દરમિયાન દક્ષિણેશ્વરની દુનિયામાંથી અવનવીન અફવાઓ ઊડીને કામારપુકુરના ભોળા ગ્રામજનો પાસે પહોંચી ગઈ હતી. એ સાંભળી તેમને થયેલું કે શું આપણો ગદાધર સાચે જ પાગલ થઈ ગયો છે? પરંતુ જ્યારે રામકૃષ્ણ પ્રત્યક્ષ આવ્યા ત્યારે તેમનો ભ્રમ ભાંગી ગયો. સહુએ જોયું કે તેમનો ગદાધર જરાય ગાંડો નથી થયો. માત્ર થોડો દૂબળો થઈ ગયો છે.

રામકૃષ્ણમાં ગ્રામજનોને બીજો કોઈ ધ્યાનપાત્ર ફેરફાર જણાયો નહીં. પણ અસાધારણ આધ્યાત્મિક ઉન્નતિ થઈ છે એન ખ્યાલ આવી ગયો. તેમની ઉપસ્થિતિ માત્રથી સહુને પોતાના માનસિક તાપો શમી જતા અને સુખશાંતિ સાંપડતાં અનુભવાતાં. આને લીધે સવારથી રાત સુધી તેમના સમાગમનો લાભ લેવા જિજ્ઞાસુ સ્ત્રી-પુરુષો આવ્યા કરતાં.

કેટલાક ગ્રામજનો આધ્યાત્મિક બાબતોમાં આગળ વધેલા હતા. તેઓ રામકૃષ્ણની આધ્યાત્મિક અનુભૂતિનું ઊંડાણ સમજી શકતા, દિવસે દિવસે રામકૃષ્ણની ખ્યાતિ ચોમેર પ્રસરવા લાગી.



રામકૃષ્ણનાં પત્ની શારદામણિ એ વખતે પોતાના પિતાના ઘેર જયરામવાટીમાં રહેતાં હતાં. રામકૃષ્ણ કામારપુકુર આવ્યા પછી શારદામણિને તેડાવવામાં આવ્યાં. ચૌદર વર્ષની વયનાં શારદામણિ કામારપુકુર આવી પહોંચ્યાં ત્યારે પુષ્પ બન્યા પછી પહેલી વાર પતિનાં દર્શન કર્યાં. એમનું રૂપ-સૌંદર્ય જોઈ તેઓ છક થઈ ગયા.

રામકૃષ્ણ એક દિવસ હૃદય સાથે ભૂતિની તલાવડીએ ફરવા ગયા હતા. બધી સ્ત્રીઓ પાણી ભરવાનું બાજુ પર મૂકી રામકૃષ્ણને એકીટશે નીરખવા લાગી.

"અલ્યા હૃદય, મારું મોઢું ઢાંકી દે. એ લોકો મારું બહારનું રૂપ જુએ છે. જલદી જલદી મારું મોઢું ઢાંકી દે." રામકૃષ્ણના ખભા પર ચાદર હતી. હૃદયે એનાથી એમનું મોઢું ઢાંકી દીધું.

શારદામણિ અને લક્ષ્મીના મા રસોઈ કરતાં. એક દિવસ લક્ષ્મીની માએ બનાવેલ રસોઈ મોઢામાં મૂકી રામકૃષ્ણે કહ્યું, "હૃદય! આ જેણે રાંધ્યું છે તે રામદાસ વૈદ્ય." શારદાએ જે રાંધ્યું હતું તે મોઢામાં મૂકતાં કહ્યું, "આ જેણે રાંધ્યું છે તે શ્રીનાથ સેન." રામદાસ મોટા વૈદ્ય હતા અને શ્રીનાથ ઊંટવૈદ્ય!

હૃદયે કહ્યું, "તમારે તો આ ઊંટવૈદ્ય જ પાસે રહેશે, શરીર દાબી આપશે, પગ દાબી આપશે. બોલાવતાંની સાથે જ ખડે પગે તૈયાર અને રામદાસ વૈદ્ય! એની તો વિઝિટ-ફી કેટલી મોટી? વળી એ બધો વખત મળે પણ નહીં."

"વારુ, વારુ." રામકૃષ્ણે હસીને કહ્યું, "મારે તો એ જ છે હંમેશની."

રામકૃષ્ણ પરિણીત છે એવું જાણીને તોતાપુરીજીએ કહેલું, "લગ્ન

થયાં છે તેથી શું થયું? પત્નીને સાથે રાખવા છતાં જેનાં ત્યાગ, વૈરાગ્ય, વિવેક અક્ષુણ્ણ રહે એ જ સાચો બ્રહ્મજ્ઞ.'' એટલે રામકૃષ્ણને જ્યારે પત્ની પાસે રહેવાનું બન્યું ત્યારે પોતાની સાધનાની કસોટી કરવાની તક મળી છે એવું માની તેઓ શારદામણિને શિક્ષણ આપવા લાગ્યા.

રામકૃષ્ણે વ્યાવહારિક અને આધ્યાત્મિક બાબતોમાં પત્નીને પૂરેપૂરી તાલીમ આપવા માંડી. તાલીમ આપવામાં તેમણે કોઈ કસર છોડી નહીં. ઉપદેશ અને આચરણ દ્વારા અપાયેલા આ અમૂલ્ય સંસ્કાર આગળ ઉપર સફળ નીવડ્યા. શારદામણિએ પોતાના પવિત્ર પતિને પરમેશ્વર માની પૂજવા માંડ્યા.

રામકૃષ્ણ શારદામણિને ઉત્તરોત્તર વધી રહેલી ઘનિષ્ટતા ભૈરવી બ્રાહ્મણીને પસંદ ના પડી. ક્રોધ, ઈર્ષ્યા અને અહંભાવ જેવી વૃત્તિઓથી એ પર થઈ શકી ન હતી. અગાઉ તોતાપુરીજી સાથેનું રામકૃષ્ણનું સાંનિધ્ય પણ તેને ગમ્યું ન હતું. રામકૃષ્ણ પત્ની પ્રત્યે જે ફરજ બજાવતા હતા તે પ્રત્યે તે અણગમો વ્યક્ત કરવા લાગી.

રામકૃષ્ણ આગળ બ્રાહ્મણીની દલીલો ચાલી નહિ, તેથી તે માનભંગની લાગણી અનુભવી રહી. એણે રામકૃષ્ણની ઉપેક્ષા કરવા માંડી. એમ છતાં રામકૃષ્ણ તેના પ્રત્યે પહેલાં જેવો જ આદર રાખતા અને શારદામણિ પણ તેને સાસુ જેટલું માન આપતાં.

પરંતુ બ્રાહ્મણીનો ગર્વ બેહદ થઈ ગયો. એને કારણે ક્ષુલ્લક બાબતોમાં તે ગુસ્સો કરવા લાગી. એક વાર એંઠું ઉપાડવા જેવી મામૂલી બાબતમાં તેને હૃદયરામ સાથે ઝઘડો થઈ ગયો. મામલો મારામારી સુધી પહોંચી ગયો. બ્રાહ્મણીને માનભંગ જેવું લાગ્યું પણ વિચાર કરતાં તેને પોતાનો દોષ સમજાયો અને પશ્ચાત્તાપ થયો. એ પછી તેને એ પરિવાર



સાથે રહેવું યોગ્ય ન લાગ્યું.

ઉપર્યુક્ત પ્રસંગ બન્યા પછી એક દિવસ બ્રાહ્મણી ચંદન અને પુષ્પમાળાઓ લઈ રામકૃષ્ણ પાસે ગઈ. એમને ગૌરાંગના વેશથી વિભૂષિત કરી એની ક્ષમાયાચના કરી વિદાય માગી. છ વર્ષ સુધી રામકૃષ્ણ સાથે રહ્યા પછી ભૈરવી બ્રાહ્મણીએ કાયમ માટે વિદાય લીધી.

કામારપુકુરમાં થોડા માસના નિવાસ દરમિયાન રામકૃષ્ણનું સ્વાસ્થ્ય સુધર્યું. સ્વાસ્થ્યલાભ કર્યા પછી તેઓ હૃદય સાથે પુનઃ દક્ષિણેશ્વર ગયા.

''મારી પત્ની, બાળકો, સંપત્તિ, પ્રતિષ્ઠા અને બીજું બધું અસત્ય છે, માત્ર રામકૃષ્ણ જ સત્ય છે.'' આ શબ્દો એક વાર મથુરબાબુએ હૃદયને કહ્યા હતા. ધીમે ધીમે રામકૃષ્ણ માટેનો મથુરબાબુનો આદરભાવ પૂજ્યભાવમાં પરિવર્તિત થઈ ગયો.

મથુરબાબુ પ્રતિવર્ષ દુર્ગાપૂજાનો મહોત્સવ પોતાના નિવાસસ્થાને કરતા રામકૃષ્ણને પણ તેઓ નિમંત્રિત કરતા. એવા એક મહોત્સવની વાત છે. વિજયાદશમીના દિવસે માતાજીની મૂર્તિને ગંગાજીમાં વિસર્જિત કરવાની હતી. મથુરબાબુને મૂર્તિ વિસર્જિત કરવાની ના ગમી. એમણે મના કરી. વડીલોએ તેમને સમજાવ્યા પણ તેઓ એકના બે ના થયા.

આખરે એમનાં પત્ની રામકૃષ્ણ પાસે ગયાં અને પોતાના પતિને સમજાવવા વિનંતી કરી. રામકૃષ્ણ મથુરબાબુ પાસે પહોંચ્યા. તેમને જોતાંવેંત તેઓ બોલી ઊઠ્યા, ''બાબા! હું જગદંબાને વિસર્જન કરવાની રજા નહિ આપું. મતાજીની અહીં રોજ પૂજા થતી રહેશે. મા વિના જીવવું અસહ્ય છે.''

મથુરબાબુની છાતી પર ધીમેથી હાથ ફેરવતાં ફેરવતાં રામકૃષ્ણે કહ્યું, ''તમારે જગદંબા વિના જીવવું પડશે એવું કોણ કહે છે? વિસર્જન

થાય તોપણ એ ક્યાં જવાની છે? શું માતા પોતાના પુત્રથી અળગી થાય ખરી?"

રામકૃષ્ણના જાદુઈ સ્પર્શે અને અર્થગર્ભ શબ્દોએ મથુરબાબુના અશાંત મનને શાતા આપી. ત્યાર બાદ વિધિ પ્રમાણે દુર્ગાપૂજાનું વિસર્જન થયું અને માતાજીની મૂર્તિ ગંગાજીમાં પધરાવવામાં આવી.

રામકૃષ્ણ કહેતા કે જ્યારે તેઓ કોઈ શિષ્યને સ્પર્શ કરતા ત્યારે તેના ચિત્તની અશુદ્ધિ નાશ પામતી અને શુદ્ધ થયેલા ચિત્તમાં સત્યની અનુભૂતિ પ્રકાશી ઊઠતી.

મથુરબાબુને રામકૃષ્ણમાં અપાર શ્રદ્ધા હતી. એક વાર ભાવાવેશની સ્થિતિમાં રામકૃષ્ણે તેમને કહેલું, "તમે જીવો છો ત્યાં સુધી હું અહીં જ રહીશ."

એ સાંભળી મથુરબાબુને પ્રસન્નતા થઈ પણ તેમને પોતાનો પુત્ર યાદ આવ્યો. એને પણ તેમની કૃપા મળે એ દૃષ્ટિએ તેમણે કહ્યું, "એવું કેમ, બાબા? દ્વારિકા પણ તમારો સેવક છે."

"ઠીક છે, જ્યાં સુધી એ જીવશે ત્યાં સુધી હું દક્ષિણેશ્વરમાં રહીશ." રામકૃષ્ણે કહ્યું.

એવું જ બન્યું. ઈ. ૧૮૮૧ સુધીમાં મથુરબાબુ, તેમનાં પત્ની અને પુત્ર દ્વારકાનાથ સંસાર છોડીને ગયાં. એ પછી ત્રણેક વર્ષે રામકૃષ્ણે દક્ષિણેશ્વર છોડેલું.

મથુરબાબુ લગભગ બધી બાબતમાં રામકૃષ્ણની સલાહ લેતા. રામકૃષ્ણ પણ આધ્યાત્મિક સિવાયની મોટા ભાગની બાબતોમાં મથુરબાબુની સલાહ લેતા. વળી તેમને જે વસ્તુઓની આવશ્યકતા પડતી તે તેઓ મથુરબાબુ પાસેથી પ્રાપ્ત કરતા.



રામકૃષ્ણના સતત સમાગમમાં રહેલા મથુરબાબુ એમને અનેક વાર સમાધિની સ્થિતિમાં લીન થઈ ગયેલા જોતા. એ જોઈ ક્યારેક એમને પણ એવી સ્થિતિનો અનુભવ કરવાની ઈચ્છા થતી. એમણે એક વાર રામકૃષ્ણને એ માટે અનુરોધ કર્યો. રામકૃષ્ણે એમને સમજાવ્યા, "તમારે એવી અવસ્થા લઈ શું કરવું છે? તમે માતાજીની સેવા તો કરી રહ્યા છો. એથી વધારે તમારે શું જોઈએ? જુઓને, મારી શી દશા છે? કપડાંનુંયે ઠેકાણું નથી રહેતું. વળી તમારે માથે આ મંદિર અને જાગીરનો વહીવટ રહ્યો છે એ કોણ સંભાળશે?"

પરંતુ મથુરબાબુના ગળે આ વાત ઊતરી નહીં. એમણે ભાવસમાધિનો અનુભવ મેળવવાની જિદ કરી. આખરે રામકૃષ્ણે કહ્યું, "ઠીક, માની ઈચ્છા હશે એમ થશે."

આ વાતને થોડા દિવસ થયા. અચાનક એક દિવસ મથુરબાબુને પોતાના ઘરમાં જગદંબાનું ધ્યાન ધરતાં ધરતાં વિચિત્ર અવસ્થાનો અનુભવ થયો. તેઓ સર્વત્ર જગન્માતાને નીરખવા લાગ્યા. એમની આંખો શરાબીના જેવી લાલ રહેવા લાગી. એમની આ અવસ્થા જોઈ ગભરાઈ ગયેલાં સગાંસંબંધીઓએ એમ માની લીધું કે એમને કોઈ રોગ થયો છે. એમણે ડોક્ટરની સારવાર શરૂ કરી પણ કંઈ ફેર પડ્યો નહીં. આખરે મથુરબાબુએ જ સ્પષ્ટતા કરી, "મને કોઈ રોગ લાગુ નથી પડ્યો અને હું પાગલ પણ નથી થયો. કશી ચિંતા કર્યા વિના 'બાબા'ને બોલાવો. તેઓ બધું મટાડી દેશે."

તુરંત રામકૃષ્ણને બોલાવવામાં આવ્યા. તેમને જોતાં જ મથુરબાબુ તેમને પગે પડ્યા અને બોલ્યા, "બાબા! હું તો હેરાન-પરેશાન થઈ ગયો. મને માફ કરો. છેલ્લા ત્રણ દિવસથી મારી આવી હાલત છે. ખૂબ પ્રયત્ન

કરું છું છતાં કામધંધામાં કે બીજા કશામાં મારું ચિત્ત પરોવાતું નથી. મહેરબાની કરીને આ ભાવસમાધિ પાછી લઈ લો, મારે એ ન જોઈએ.''

''કેમ, તમે તો એ માગી હતી!''

''એ સાચું, અને મને એમાં આનંદ પણ આવે છે. પરંતુ મન જો એમાં જ પડ્યું રહે તો જાગીરનો વહીવટ અટકી પડે. આ બધું તો તમને જ શોભે. હું તો તમારી સેવા કરું એ જ મારી સૌથી મોટી ભાવસમાધિ! હવે કૃપા કરી એ પાછી લઈ લો.''

રામકૃષ્ણે હસીને કહ્યું, ''મેં તો તમને પહેલેથી જ કહ્યું હતું, પણ તમે મારું કહેવું સાંભળતા જ ન હતા.'' પછી રામકૃષ્ણે તેમની છાતી પર પોતાનો હાથ ફેરવ્યો એટલે તેઓ શાંત થઈ ગયા.

ઉચ્ચ પ્રકારની આધ્યાત્મિક અવસ્થામાંથી મુક્ત થયા પછી મથુરબાબુને સમજાયું કે આવી અનુભૂતિને જીરવવા માટે સાધકે લાંબો સમય યોગ્ય તાલીમ લેવી પડે. એ માટે પવિત્રતા, તૃષ્ણાત્યાગ અને વૈરાગ્યનું બળ હોવું જોઈએ. તેમને ખ્યાલ આવી ગયો કે 'ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે તદપિ અર્થ નવ સરે.'

મથુરબાબુને એક વાર એવો વિચાર આવ્યો કે રામકૃષ્ણ માટે કોઈ કાયમી વ્યવસ્થા કરું. રામકૃષ્ણ તો તેમની આ પ્રકારની વાત સાંભળતા જ ન હતા તેથી તેઓ તેમનાં માતા ચંદ્રમણિ પાસે ગયા. એમને તેમણે આગ્રહપૂર્વક જે પણ માગવું હોય તે માગવાનું કહ્યું.

ચંદ્રમણિએ કહ્યું, ''બાબુ! મારી બધી જરૂરિયાતો તો તમે પૂરી પાડી છે. હવે મારે બીજું શું જોઈએ?''

તેમ છતાં મથુરબાબુએ આગ્રહ ચાલુ રાખતાં તેઓ ખૂબ વિચાર કરીને બોલ્યાં, ''ભલે ત્યારે બાબુ! આ મારી દાંતે દેવાની બજર થઈ રહી



છે તે ચાર પૈસાની મંગાવી આપો. બીજું બધું તો ઘણું છે.''

આ શબ્દો સાંભળી મથુરબાબુની આંખો ભીની થઈ ગઈ. એમને પગે પડતાં તેઓ બોલી ઊઠ્યા, ''આવી ત્યાગી માતા સિવાય રામકૃષ્ણ જેવા સુપુત્રને જન્મ આપવાને બીજું કોણ યોગ્ય હોય?''

એ દિવસોમાં બ્રાહ્મોસમાજના અગ્રણી દેવેન્દ્રનાથ ઠાકુરની આધ્યાત્મિક પુરુષ તરીકે ખ્યાતિ પ્રસરી હતી. તેથી રામકૃષ્ણ મથુરબાબુને લઈ એક વાર એમને મળવા એમના જોરાસાંકાના બંગલે પહોંચ્યા. દેવેન્દ્રનાથે એમનો સત્કાર કર્યો. રામકૃષ્ણે એમની સાથે આધ્યાત્મિક બાબતોની ચર્ચા કરી. દેવેન્દ્રનાથે રામકૃષ્ણને બ્રાહ્મોસમાજના વાર્ષિકોત્સવમાં ઉપસ્થિત રહેવાનું આમંત્રણ આપ્યું પણ સાથે ટકોર પણ કરી કે 'આવો ત્યારે સારું ધોતિયું અને ચાદર ધારણ કરીને આવજો.'

રામકૃષ્ણે એ જ વખતે કહી દીધું, 'એ નહિ બને. મને ઠાઠથી કપડાં પહેરીને બાબુ બનતાં નહિ આવડે.'

બીજા દિવસે દેવેન્દ્રનાથે મથુરબાબુને એક પત્ર પાઠવી રામકૃષ્ણને આપેલું આમંત્રણ રદ કર્યું છે એની જાણ કરી. એમને લાગ્યું કે શરીર ઉપર ચાદર ઓઢ્યા વિના આવવું એમાં શિષ્ટાચાર સચવાય નહિ!

★

મથુરબાબુએ પત્ની સાથે તીર્થયાત્રાએ જવાની તૈયારી આરંભી ત્યારે ઈ. ૧૮૬૮નું વર્ષ શરૂ થતું હતું. તેમની ઈચ્છા રામકૃષ્ણને સાથે લેવાની હતી. રામકૃષ્ણે સંમતિ આપી.

ઈ. ૧૮૬૮ની ૨૭ મી જાન્યુઆરીએ યાત્રાનો આરંભ થયો. એક બીજા વર્ગનો અને ત્રણ ત્રીજા વર્ગના મળી ચાર રેલવેના ડબ્બા ભાડે લેવામાં આવ્યા. રામકૃષ્ણ અને હૃદય સહિત લગભગ સવાસો માણસોનો

સંઘ યાત્રાએ ઊપડ્યો.

તીર્થયાત્રીઓ શ્રી વૈદ્યનાથધામનાં દર્શન કરવા માટે દેવધરમાં રોકાયા. ત્યાં એક ગામમાંથી પસાર થતાં રામકૃષ્ણની નજર ગરીબ ગ્રામવાસીઓ પર પડી. એમની દુર્દશા જોઈ રામકૃષ્ણનું હૃદય અનુકંપાથી દ્રવી ઊઠ્યું. એમણે મથુરબાબુને કહ્યું, ''તમે જગદંબાના કારભારી છો. આ લોકોને માથામાં નાખવાનું તેલ, એક ટંક પૂરતું ભોજન અને એક વસ્ત્ર આપો.''

મથુરબાબુ આનાકાની કરવા લાગ્યા, ''બાબા, આ યાત્રામાં ઘણો ખર્ચ થશે. આટલા બધા માણસોને ભોજન, કપડાં આપવા જતાં પૈસાની ખેંચ પડશે. પહોંચી વળાશે નહીં.''

ગ્રામજનોની ગરીબી જોઈ કરુણાથી કોમળ બનેલા રામકૃષ્ણ વેદનાભરી વાણીમાં બોલી ઊઠ્યા, 'ધિક્કાર છે તમને! મારે તો હવે કાશી નથી આવવું. હું તો એ દીનદુઃખીયાઓની વચ્ચે જ રહીશ.'

રામકૃષ્ણની કરુણાસભર વ્યાકુળતા અને અડગ નિર્ધાર જોઈ મથુરબાબુએ નમવું પડ્યું. ખુશ થયેલા ગ્રામવાસીઓને જોઈ આનંદિત થયેલા રામકૃષ્ણને લઈ મથુરબાબુએ કાશી તરફ પ્રયાણ કર્યું.

હોડીમાં બેસીને રામકૃષ્ણ જ્યારે કાશીની નજીક પહોંચ્યા ત્યારે તેમને દિવ્ય દર્શન થયું. એમને આખી નગરી સુવર્ણની બનેલી લાગી. કાશીનું દિવ્ય આધ્યાત્મિક સ્વરૂપ તેમણે નિહાળ્યું.

કાશીમાં કેદારઘાટ પાસે મથુરબાબુએ બે મકાન ભાડે રાખ્યાં. હૃદયને સાથે લઈ રામકૃષ્ણ લગભગ રોજ કાશીવિશ્વનાથનાં દર્શને જતા. રસ્તામાં અને મંદિરમાં એમને અનેક વાર ભાવાવેશો આવી જતા.

રામકૃષ્ણ કાશીના પ્રસિદ્ધ સાધુસંતોને મળવા જતા. એક વાર



મથુરબાબુની સાથે તેઓ નાનકપંથી સાધુઓના મઠમાં ગયા અને તેમનો ભક્તિભાવ જોઈ પ્રસન્ન થયા.

એક દિવસ રામકૃષ્ણ વિખ્યાત સંત તૈલંગસ્વામીને મળવા ગયા. એ વખતે સ્વામી મૌનવ્રતી હતા. એમના વિશે પછી રામકૃષ્ણે કહેલું, ''મેં એમનામાં સાક્ષાત્ વિશ્વનાથનાં દર્શન કર્યાં. એ માત્ર આત્મચૈતન્ય અવસ્થામાં રહેતા અને એમને શરીરનું લેશમાત્ર ભાન ન હતું. બળબળતી રેતીમાં પણ તેઓ આનંદપૂર્વક પડ્યા રહેતા. મેં એમને સંકેત કરીને પૂછ્યું કે ઈશ્વર એક છે કે અનેક? એમણે હાવભાવ દ્વારા દર્શાવ્યું કે સમાધિદશામાં જોઈએ તો ઈશ્વર એક છે, પરંતુ જગતની સાપેક્ષ દૃષ્ટિ રૂપી ત્રિપાર્શ્વ કાચમાંથી જોઈએ તો એ અનેક રૂપે દેખાય. એમના તરફ અંગુલિનિર્દેશ કરીને મેં હૃદયને કહ્યું કે સાચા પરમહંસ આવા હોય!''

મથુરબાબુ રામકૃષ્ણને ગંગાકિનારે આવેલાં મંદિરોનાં દર્શન માટે હોડીમાં બેસાડીને લઈ જતા. એક દિવસ કાશીના પ્રખ્યાત મણિકર્ણિકાઘાટ પાસેથી એમની હોડી પસાર થઈ રહી હતી. ત્યાં આવેલા સ્મશાનમાં અનેક મૃતદેહો બળી રહ્યા હતા. હોડી સ્મશાનઘાટ પાસે આવી એટલે રામકૃષ્ણ હોડીની ધાર પાસે આવ્યા અને સમાધિસ્થ થઈ ગયા. એમના મુખ પર દીપ્તિની આભા પ્રસરી રહી હતી.

ધ્યાનભંગ થયા પછી રામકૃષ્ણે સહુને પોતાની અનુભૂતિ વિષે કહેલું, ''મેં જોયું કે શ્વેત શરીર અને પિંગળ જટા ધારણ કરેલો એક પુરુષ પ્રત્યેક ચિતા પાસે ગંભીર પગલે પહોંચી ધીમેથી જીવાત્માને ઊંચકી એના કાનમાં તારકમંત્ર બોલે છે. ચિતાની બીજી બાજુએ બેઠેલાં જગદંબા એક-એક કરીને પ્રત્યેક આત્માને મુક્તિ અપાવતાં હતાં. કાશીવિશ્વનાથની અપાર કરુણાથી, અનેક જન્મોની યોગસાધનાથી જે પ્રાપ્ત થાય તે કાશીમાં

દેહવિસર્જન કરતા મનુષ્યોને અનાયાસ આવી મળે છે.''

કાશીમાં એક સપ્તાહ ગાળી યાત્રા મંડળી પ્રયાગ પહોંચી. પવિત્ર સંગમસ્થાને સ્નાન કરી મથુરબાબુ અને અન્ય યાત્રાળુઓએ પ્રણાલિકાને માન આપી મુંડન કરાવ્યું. રામકૃષ્ણે અગાઉ સંન્યાસ લીધો હોવાથી કહ્યું, ''મારે એની જરૂર નથી.'' ત્રણ દિવસ ત્યાં ગાળી મંડળી પુનઃ કાશી પાછી ફરી.

એક દિવસ ચોસઠ જોગણીના ફળિયામાં થઈ હૃદય સાથે રામકૃષ્ણ જતા હતા ત્યાં તેમણે ભૈરવી બ્રાહ્મણીને જોઈ. એ ત્યાં રહેતી હતી. થોડા સમય પછી તેણે ત્યાં જ દેહત્યાગ કરેલો.

વારાણસીમાં પખવાડિયું પસાર કરી મથુરબાબુ અને એમની મંડળી વૃંદાવન પહોંચી. મથુરબાબુએ નિધુવન પાસે મકાન ભાડે રાખ્યું. શ્રીકૃષ્ણની ક્રીડાભૂમિમાં રામકૃષ્ણ આનંદપૂર્વક વિચરવા લાગ્યા. દર્શનીય સ્થળો જોતાં તેઓ અનેક વાર ભાવાવેશમાં આવી જતા.

વૃંદાવનમાં રામકૃષ્ણનો મેળાપ ગંગામયી સાથે થયો. સાઠ વર્ષની એ વૈષ્ણવ ભક્ત સ્ત્રી અધ્યાત્મ ક્ષેત્રે ઘણાં આગળ વધેલાં હતાં. રામકૃષ્ણને જોતાંવેંત તેઓ તેમની મહત્તા સમજી ગયાં. તેમણે રામકૃષ્ણ પ્રત્યે ગાઢ સ્નેહભાવ દર્શાવ્યો. રામકૃષ્ણે તેમને કહ્યું, ''તું તો છે લલિતાસખી!''

ગંગામયીએ કહ્યું, ''તું રાસેશ્વરી રાધિકા, તું છે મારી રાજદુલારી!'' તેઓ રામકૃષ્ણને 'દુલારી' કહી બોલાવવા લાગ્યાં.

ગંગામયીની હાજરીમાં રામકૃષ્ણને ખાવાપીવાનું કે પાછા ફરવાનું યાદ આવતું નહીં. કોઈ કોઈ વાર ગંગામયી તેમને સંધીને જમાડતાં. એક તબક્કે તો રામકૃષ્ણે કાયમ માટે વૃંદાવનમાં રહેવાનું નક્કી કર્યું. પણ માતા ચંદ્રમણિની યાદ આવતાં તેમણે વૃંદાવન છોડવાનું વિચાર્યું. 'જનની



જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસિ.'

વૃંદાવન રહ્યા ત્યાં સુધી રામકૃષ્ણે વૈષ્ણવવેશ ધારણ કર્યો. વચ્ચે તેઓ મથુરા પણ જઈ આવ્યા. ધ્રુવઘાટ જોઈ એમને ભાવાવેશ આવી ગયેલો. બાલકૃષ્ણને લઈને જમના પાર કરતા વસુદેવનાં એમને દર્શન પણ થયેલાં.

વૃંદાવનમાં રામકૃષ્ણને વીણા સાંભળવાની ઈચ્છા થઈ. મદનપુરામાં મહેશચંદ્ર સરકાર નામના એક ઉસ્તાદ વીણાવાદક રહેતા હતા. મથુરબાબુએ તેમને બોલાવવાની વાત કરી પણ રામકૃષ્ણે કહ્યું કે ના, આપણે જ ત્યાં જવું જોઈએ.

હૃદયને સાથે લઈ રામકૃષ્ણ મદનપુરા પહોંચ્યા. મહેશ સરકારને વીણા સંભળાવવા વિનંતી કરી. વીણાના તાર ઝણઝણ્યા કે તરત રામકૃષ્ણને સમાધિ લાગી ગઈ. સહેજ ભાનમાં આવતાં જ રામકૃષ્ણે માને પ્રાર્થના કરી : ''મા, મને બેહોશ કરીશ ના. મને સારી રીતે વીણા સાંભળવા દે.'' એ પછી તેઓ છેક સુધી હોશમાં રહ્યા. ત્રણ કલાક સુધી તેમણે સંગીત શ્રવણ કર્યું.

કાશીમાં રહેતાં રહેતાં મે મહિનો આવી ગયો. પાછા વળતાં મથુરબાબુની ઈચ્છા ગયાજી જવાની હતી. પણ એ સાંભળી રામકૃષ્ણે કહ્યું, ''ગયા જઈશું તો આ દેહ રહેશે નહિ! મારા પિતાના સ્વપ્નની વાત તમે નથી જાણતા?''

આખરે મથુરબાબુએ ગયા જવાનો વિચાર પડતો મૂક્યો. જેઠ મહિનાની અધવચ્ચે યાત્રામંડળી દક્ષિણેશ્વર પાછી ફરી. વૃંદાવનથી પાછા ફરતાં ત્યાંની પવિત્ર ભૂમિની રજ સાથે લઈ જવાનું રામકૃષ્ણ ભૂલ્યા ન હતા. એમાંથી થોડીક રજ એમણે પોતાની ધ્યાનભૂમિ પંચવટીમાં ચારે

બાજુ વેરી અને બાકીની પોતાની ઝૂંપડીમાં ભંડારી દીધી. પછી તેઓ બોલ્યા, ''હવે આ સ્થાન વૃંદાવન જેટલું જ પુનિત બની ગયું છે.''

યાત્રાએથી પાછા ફર્યા પછી રામકૃષ્ણ તીર્થભ્રમણની જ વાતો કરતા. કોઈએ પૂછ્યું, 'તીર્થયાત્રા કરીને શું પામ્યા?'

''શું પામ્યા? જ્ઞાન પામ્યા. ભગવાન ત્યાં છે એવો બોધ જ્યાં સુધી રહે ત્યાં સુધી અજ્ઞાન, અહીં છે એવું જ્યારે થાય ત્યારે જ્ઞાન થયું કહેવાય. મન જેને ચાહે તેની પાછળ દોડે. પણ દોડવું શા માટે પડે? મન જેને ઝંખે છે એ તો મનમાં રહ્યું છે.''

★

રામકૃષ્ણના મોટા ભાઈ રામકુમારને અક્ષય નામનો એકનો એક દીકરો હતો. જ્યોતિષવિદ્યામાં નિષ્ણાત રામકુમારે તેના જન્મના ગ્રહો જોઈને કહી દીધું હતું, ''જાતક અલ્પાયુષી છે, માયા વધારવાની જરૂર નથી. છોકરો લાંબુ જીવશે નહિ.'' એમણે એ બાળકને ક્યારેય રમાડ્યો ન હતો. પરંતુ રામકૃષ્ણને ભત્રીજા પર ખૂબ પ્રેમ હતો.

સત્તર વર્ષનો થયો ત્યારે અક્ષય દક્ષિણેશ્વર કાકા પાસે આવ્યો અને વિષ્ણુમંદિરના પૂજારીનું કાર્ય સંભાળવા લાગ્યો. ઈ. ૧૮૬૯માં તેનું લગ્ન થયું. પછી તરત તે માંદો પડ્યો. ઘણી દવા કરાવી. રામકૃષ્ણે તો હૃદયને કહી દીધેલું, ''સંતોષ ખાતર ભલે સારા ડોક્ટરોને દેખાડી જુઓ, પણ છોકરો બચવાનો નથી.''

અક્ષયની અંતિમ ઘડીએ રામકૃષ્ણ તેની બાજુમાં જ ઊભા હતા. એમણે એને રામનામ લેવાનું કહ્યું. ત્રણ વાર રામનામ લઈ તેણે અંતિમ શ્વાસ લીધો. એ વખતે રામકૃષ્ણને શોક ન થયો પણ બીજા દિવસે તેમને ખૂબ દુઃખ થયું.



અક્ષયનો દેહત્યાગ મથુરબાબુના દીવાનખંડમાં થયો હોઈ એ ઘરમાં રામકૃષ્ણ પછી ક્યારેય રહી શક્યા નહીં.

અક્ષયના અવસાન પછી મથુરબાબુ એક દિવસ રામકૃષ્ણને પોતાની જમીનદારી જોવા લઈ ગયા. ઈ. ૧૮૭૦નું વર્ષ હતું. બે વર્ષ દુકાળ પડવાથી ખેડૂતોની દશા દયનીય હતી. એમની દુર્દશા જોઈ રામકૃષ્ણે એ દીનદુઃખી ખેડૂતોનો કર માફ કરવા અને તેમને અન્નવસ્ત્ર વહેંચતા મથુરબાબુને કહ્યું. મથુરબાબુએ પહેલાં તો આનાકાની કરી પણ રામકૃષ્ણની હઠ આગળ એમણે ઝૂકવું પડ્યું.

ઈ. ૧૮૭૧ના જુલાઈ મહિનામાં મથુરબાબુ તાવમાં પટકાઈ પડ્યા. સોળ સોળ વર્ષોથી રામકૃષ્ણના સમાગમમાં રહેવાથી એમના માનસમાં મોટું પરિવર્તન આવ્યું હતું.

રામકૃષ્ણ મથુરબાબુની ખબર કાઢવા ગયા. એમને ખ્યાલ આવી ગયો કે આ વખતે જગદંબા એમને ઉપાડી લેશે. તેથી ત્યાર બાદ તેઓ ખબર કાઢવા ન ગયા. હા, રોજ હૃદયને મોકલતા. પણ જ્યારે એમના જીવનનો અંતિમ દિવસ આવ્યો ત્યારે રામકૃષ્ણે હૃદયને પણ ન મોકલ્યો.

અવાચક અવસ્થામાં મથુરબાબુને ગંગાકિનારે કાલીઘાટ લઈ જવામાં આવ્યા. રામકૃષ્ણ દક્ષિણેશ્વરમાં સમાધિમાં બેઠા. એમનો સૂક્ષ્મ દેહ મથુરબાબુ પાસે પહોંચી ગયો. હંમેશને માટે આંખ બીડતાં પહેલાં મથુરબાબુએ રામકૃષ્ણનાં દર્શન કર્યાં.

નમતે પહોર પાંચ વાગ્યા પછી રામકૃષ્ણની સમાધિ ઊતરી. હૃદયને બોલાવીને એમણે કહ્યું, ''મથુરનો આત્મા દૈવીલોકમાં ચાલ્યો ગયો છે.'' મોડી રાતે દક્ષિણેશ્વરમાં સમાચાર આવ્યા કે મથુરબાબુએ પાંચ વાગ્યે દેહત્યાગ કર્યો છે.

પાછળથી રામકૃષ્ણ મથુરબાબુના વ્યક્તિત્વ અને તેમની સાથેના પોતાના અનોખા સંબંધ વિશે ક્યારેક વાતો કરતા. એક દિવસ એક ભક્તે કુતૂહલપૂર્વક પૂછ્યું, ''મૃત્યુ પછી મથુરબાબુનું શું થયું હશે? એમની પુનર્જન્મ તો નહિ થયો હોય ને?''

''ક્યાંક કોઈક રાજકુમાર તરીકે એમણે પુનર્જન્મ લીધો છે. ભોગની વાસના એમનામાં હતી.''

મથુરબાબુના મૃત્યુ સાથે રામકૃષ્ણના જીવનનો એક અધ્યાય પૂરો થાય છે. એ પછી એમના જીવને નવો વળાંક લીધો. નવીન પ્રકારના ભક્તમંડળે એમના જીવનમાં પ્રવેશ કર્યો.



# ૭.

રામકૃષ્ણ ભૈરવી બ્રાહ્મણી સાથે કામારપુકુર ગયા હતા ત્યારે શારદમણિદેવી કેટલાક મહિના પતિના સાંનિધ્યમાં રહ્યાં હતાં. એ પછી ચાર વર્ષ વીતી ગયાં. શારદમણિદેવીની ઉંમર અઢાર વર્ષની થઈ હતી. બહેનપણીઓ જ્યારે એમને 'ગાંડાની વહુ' કહી દયા ખાતી ત્યારે તેઓ ધીરજપૂર્વક સહન તો કરતાં પણ અંદરથી એમને લાગતું કે હવે તેમણે પતિ પાસે જવું જોઈએ.

દરમિયાનમાં દોલપૂર્ણિમા આવતી હતી તેથી ગામડાંઓમાંથી લોકો ગંગાસ્નાન કરવા કલકત્તા જઈ રહ્યા હતા. શારદમણિના ગામમાંથી પણ કેટલાંક સ્ત્રી-પુરુષો જવાનાં હતાં. શારદાની ત્યાં જવાની ઈચ્છા છે એ જાણી પિતાએ સંમતિ આપી એટલું જ નહિ, તેઓ પોતે પણ સાથે જવા તૈયાર થયા. એ વખતે આગગાડી ત્યાં સુધી આવી ન હતી તેથી નેવું કિલોમીટરનું અંતર પગપાળા ગયા સિવાય છુટકો ન હતો.

એકીસાથે આટલું લાંબું અંતર ચાલવાનો મહાવરો ન હોવાથી શારદમણિદેવી ધર્મશાળામાં પડ્યાં હતાં ત્યારે રાત્રે તેમને એક અદ્ભુત

અનુભવ થયો. એ અંગે એમણે આગળ ઉપર કહેલું, "હું તાવથી બેભાન જેવી પડી હતી ત્યારે રાત્રે મેં એક અત્યંત સુંદર અને શ્યામલ મુખમુદ્રાવાળી સ્ત્રીને મારી પાસે બેઠેલી જોઈ. એણે પોતાના કોમળ શીતળ હાથ મારા શરીર પર ફેરવ્યા અને તરત મારો તાવ ઊતરી ગયો. આશ્ચર્ય પામી મેં તેને પૂછ્યું, 'તમે ક્યાંથી આવો છો?' એણે ઉત્તર આપ્યો, 'દક્ષિણેશ્વરથી.' નવાઈ પામી મેં કહ્યું, 'હું જવાને તો તલસી રહી છું. મારે એમનાં દર્શન કરવાં છે, એમની સેવા કરવી છે, પરંતુ આ મૂઓ તાવ આવ્યો અને હું અહીં રસ્તામાં પટકાઈ પડી!' એ સ્ત્રીએ કહ્યું, 'તને સારું થઈ જશે અને તું દક્ષિણેશ્વર જશે જ. તારે માટે તો મેં એમને ત્યાં રોકી રાખ્યા છે.' મેં કહ્યું, 'એમ કે? તમે તો ખૂબ દયાળુ છો. તમે કોણ છો?' એણે કહ્યું, 'હું તારી બેન થાઉ.' એ પછી તરત મને ઊંઘ આવી ગઈ."

બીજા દિવસે પેલાં બહેન અને તાવ બંને અદૃશ્ય થઈ ગયાં. પિતા રામચંદ્રે પુત્રીને સાથે લેઈ મુસાફરી આગળ ધપાવી. ઈ. ૧૮૭૨ના માર્ચ મહિનામાં તેઓ દક્ષિણેશ્વર પહોંચી ગયાં.

શારદામણિને તાવ અને થાકથી કૃશ થયેલાં જોઈ રામકૃષ્ણને દુઃખ થયું. તેમણે કહ્યું, "તું આવી એ સારું કર્યું." હૃદયને સાદડી પાથરવા કહ્યું. પછી મનોમન બોલ્યા, હવે ક્યાં મથુરબાબુ છે કે તારી સંભાળ લે?

હૃદયે સાદડી પાથરી આપી. રામકૃષ્ણની કાળજીભરી સારવારથી ત્રણચાર દિવસોમાં શારદામણિની તબિયત સુધરી. પછી એમણે એમને પોતાનાં માતા પાસે નોબતખાનાની ઓરડીમાં રહેવા માટે મોકલી આપ્યાં.

શારદામણિએ જોયું કે રામકૃષ્ણ તો હતા એવા જ દેવતા છે. લોકો તો ખોટી નિંદા કરતા હતા. પતિને પ્રસન્ન જોઈ શારદામણિએ સંતુષ્ટ થઈ પતિની તથા સાસુની સેવા કરવામાં ચિત્ત પરોવ્યું.



પરંતુ પત્નીની નોબતખાનામાં મોકલ્યા પછી રામકૃષ્ણને મનમાં થયું, 'હું શા માટે એને દૂર રાખું છું? મને શું એનો ડર લાગે છે? એના પ્રત્યે શું મને ઘૃણા છે? પ્રતિમાની પૂજા થાય તો જીવતા માણસની શા માટે નહિ?'

એમણે પત્નીને તેડાવી અને પોતાના ઓરડામાં સૂવા કહ્યું. સાસુએ સંમતિ આપી. ઓરડામાં પત્નીને પાસે બોલાવી રામકૃષ્ણે પૂછ્યું, "શું તું મને સંસારમાં ખેંચી જવાને આવી છે?"

શારદામણિને નીચે જોઈ કહ્યું, "ના, તમને શા માટે સંસારમાં ખેંચું? હું તો તમને તમારા માર્ગમાં સહાયભૂત થવા આવી છું."

"પણ હું તમારી કોણ?"

"તું મારી વિદ્યા, તું શારદા, સરસ્વતી. તું રૂપ લઈ આવી નથી, વિદ્યા લઈને આવી છે. તું તો છે જ્ઞાનદાત્રી."

શારદામણિ આવું બધું ક્યાંથી સમજે? તેઓ તો સેવા સમજે, ભક્તિ સમજે. તેઓ રામકૃષ્ણના પગ દાબવા બેઠાં. પગ દાબી રહ્યા પછી પત્નીને રામકૃષ્ણે પ્રણામ કર્યા.

"આ શું કરો છો?" સંકોચ પામી શારદામણિ બોલ્યાં, "હું તો તમારી દાસી."

"હું તો મારી આનંદમયી. જે મા મંદિરમાં છે એણે જ આ શરીરમાં જન્મ લીધો છે."

પછી રામકૃષ્ણે પત્નીને વહેવારની કેળવણી આપવા માંડી. જ્યાં તેની ભૂલ થતી ત્યાં તેને ફરી સમજાવતા અને પ્રેમપૂર્વક સુધરાવી લેતા. પત્નીને આ વીતરાગ પતિએ જે કેળવણી આપી તેમાં દીવાની વાટ સંકોરવાથી માંડીને નાનામાં નાની ચીજનો પણ અપવ્યય ન થવા દેવો,

ભિન્ન ભિન્ન સ્વભાવનાં સ્વજનો સાથે કેવી રીતે વર્તવું. સાવ ખાલી હાથે દેવદર્શને ન જવું, જપવિધિ, નામસ્મરણ, ધ્યાન સુધીની સર્વ બાબતોનો સમાવેશ થતો હતો.

પ્રત્યેક સ્ત્રીને લગ્ન પછી સાંસારિક સુખો પ્રાપ્ત કરવાની અને માતા બનવાની ઈચ્છા થતી હોય છે. પોતાની પત્નીને એવી ઈચ્છા હોય તો તે પૂર્ણ કરવાની પતિ તરીકે પોતાની ફરજ છે એવું સમજી એક વાર રામકૃષ્ણે પત્નીને પૂછેલું, "હું પ્રત્યેક સ્ત્રીને માતા તરીકે જોઉં છું. તને પણ એ દૃષ્ટિએ જ જોઉં છું. પરંતુ જો તું મારી સાથે પરણ હોવાથી મને માયાના સંસારમાં ખેંચવા ઈચ્છતી હોય તો હું તારી સેવા કરવા તૈયાર છું."

પરંતુ ઉચ્ચ સંસ્કારોથી સંપન્ન શારદામણિએ પોતાના મહાન પતિને સંસારમાં ઘસડી જવાનું યોગ્ય ન સમજ્યું. પતિના મિશન માટે તેમણે પોતાના અંગત અધિકારોનો સહર્ષ ત્યાગ કર્યો. સ્વામી વિવેકાનંદે સ્પષ્ટપણે લખ્યું છે કે પોતાની પત્નીની અનુમતિથી જ રામકૃષ્ણને પોતાને પસંદ જીવન જીવવાની સ્વતંત્રતા સાંપડી હતી.

બીજી બાજુ રામકૃષ્ણે પોતાના મનની પણ કડક પરીક્ષા કરી હતી. એક વાર શારદામણિને પોતાની પથારીમાં પાસે જ સૂતેલાં જોઈ તેમણે પોતાના મનને કહેલું, "હે મન! દુનિયા જેને પૃથ્વી પર પરમ પ્રાપ્તિ માને છે અને જેના જેવું ભોગ્ય કે ઉપાદેય બીજું કશું નથી એવું સુંદર, યુવાન સ્ત્રીશરીર અહીં પાસે જ છે. વળી તે પત્ની છે. તેની સાથેના સંબંધમાં કશો નિષેધ નથી. ઊલટાનું શાસ્ત્ર અને સંસાર એના પક્ષમાં છે. પરંતુ તું એમાં બંધાઈને રહીશ તો સચ્ચિદાનંદ પરમેશ્વરને પામી શકીશ નહિ. વિચાર કરી લે કે તારે શું જોઈએ છે? નારી કે નારાયણી?"

થોડી ગડમથલ પછી વિશુદ્ધ બનેલું મન ઊર્ધ્વગતિ પામી ગંભીર સમાધિમાં લીન થઈ ગયું! એ દીર્ઘ સમાધિ સવારે ઊતરી ત્યારે ઓરડામાં દિવસનો તડકો પ્રવેશી ચૂક્યો હતો.



"તું હવે મને છેતરીશ નહિ મા! મેં તો કામને જીતી લીધો છે, પણ તું એનામાં કામવાસના જન્માવીશ નહિ." રામકૃષ્ણ વ્યાકુળ થઈ જગદંબાને પ્રાર્થે છે, "મારી પત્નીને કામમોહિની કરીશ નહીં, કાલમોહિની કરી દે."

આઠ માસ સુધી આ અનોખાં પતિ-પત્નીએ એક જ શય્યામાં રાત પસાર કરી! એ સાધના માત્ર વિચિત્ર ન હતી, શવસાધના કરતાં પણ ભીષણતર, કઠિનતર એવી હતી એ સજીવ સાધના. એ શવસાધના ન હતી, નવસાધના હતી.

એ કઠિન સાધના પૂરી થયા પછી રામકૃષ્ણે કાલીપૂજાનો સમારોહ કરવાનો નિર્ણય કર્યો. ઈ. ૧૮૭૨ના મે માસમાં કાલીપૂજા માટે શુભ મનાતી જેઠ મહિનાની ફલાહારિણી અમાસની રાત્રે રામકૃષ્ણે ષોડશી-પૂજા કરવાનું નક્કી કર્યું. પૂજાસામગ્રી પોતાના ઓરડામાં એકઠી કરી રાત્રે નવ વાગ્યે શારદામણિને રામકૃષ્ણે પોતાના ઓરડામાં બોલાવી.

શારદામણિને બાજઠ પર પશ્ચિમમુખ બેસાડી રામકૃષ્ણ પૂર્વમુખ થઈને બેઠા. પછી તેમણે મંત્રોચ્ચાર સહિત શારદામણિની જગદંબા રૂપે, ષોડશીની ષોડશોચ્ચારે પૂજા કરી. શારદામણિ સમાધિસ્થ થયાં. પૂજા કરીને રામકૃષ્ણ પણ ઊંડી સમાધિમાં લીન થયા.

રાતના ત્રીજા પ્રહરે રામકૃષ્ણને ભાન આવ્યું. એમણે વિધિપૂર્વક મંત્રોચ્ચાર કરીને પોતાની જાતને, જીવનભરની સાધનાના ફળને અને જપમાળાને શારદાદેવીને ચરણે અર્પણ કર્યાં અને એમને પ્રણામ કર્યા.

તંત્રગ્રંથોમાં 'ષોડશી-પૂજા' તરીકે ઓળખાતી આ પૂજા કરીને

રામકૃષ્ણે જાણે કે પોતાના સાધનાયજ્ઞમાં પૂર્ણાહૂતિ આપી ! એમણે પોતાની સાધનાની પરાકાષ્ઠા સાધીને શારદામણિદેવી રૂપી જીવતી-જાગતી પ્રતિમા દ્વારા જગજનનીને ચરણે પોતાનું સર્વસ્વ સમર્પી દીધું. હવે એમની આધ્યાત્મિક અનુભૂતિમાં વિશ્વની વસ્તુમાત્ર પરમેશ્વરના પ્રતીક સમી બની ગઈ.

એક વર્ષ કરતાં વધુ સમય પસાર થવા છતાં રામકૃષ્ણે કામવાસનાનો સહેજ પણ સ્પર્શ અનુભવ્યો નહિ અને શારદામણિને તેઓ જગદંબારૂપે જ જોવા લાગ્યા. એમને લાગ્યું કે જગન્માતાની અસીમ કૃપાથી પોતાની બધી સાધનાઓ સંપૂર્ણ થઈ શકી છે.

પતિ સાથે દક્ષિણેશ્વરમાં વીસ મહિના રહીને શારદામણિ ઈ. ૧૮૭૩ના નવેમ્બર માસમાં કામારપુકુર ગયાં.

★

શારદામણિદેવી કામારપુકુર ગયાં તે પછી લગભગ એક વર્ષ બાદ નવેમ્બર ૧૮૭૪માં રામકૃષ્ણને ખ્રિસ્તી ધર્મ દ્વારા ઈશ્વરસાક્ષાત્કાર કરવાનો વિચાર આવ્યો.

દક્ષિણેશ્વરના કાલીમંદિરની નજીકમાં શંભુચરણ મલ્લિકનો બાગ હતો. શંભુચરણે અનેક ધર્મગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. મથુરબાબુના મૃત્યુ પછી શંભુચરણ રામકૃષ્ણની સેવા કરવા લાગ્યા.

શંભુચરણ હિંદુ હતા પણ રામકૃષ્ણને તેઓ બાઈબલ વાંચી સંભળાવતા. ધીમે ધીમે એમને ઈશુ ખ્રિસ્તના ચરિત્રનો તથા ખ્રિસ્તી ધર્મનો પરિચય થવા લાગ્યો.

એક દિવસ રામકૃષ્ણ જદુ મલ્લિકની વાડીએ પહોંચ્યા. તેઓ ઘેર ન હતા, પણ નોકરોએ તેમનો રૂમ ખોલી આપ્યો. રામકૃષ્ણ અંદર ગયા.



દીવાલ પર શોભતાં અનેક ચિત્રો પૈકી ‘બાળ ઈશુ અને મેડોના’ના ચિત્રે એમને વિશેષ આકર્ષ્યા.

રામકૃષ્ણ ધ્યાનપૂર્વક પેલું ચિત્ર જોવા લાગ્યા. એકાએક એમને ભાસ થયો કે પેલું ચિત્ર સજીવ બન્યું છે અને ઈશુ તથા મેડોનાની આકૃતિઓમાંથી તેજકિરણો પ્રગટીને પોતાના શરીરમાં પ્રવેશી રહ્યાં છે. એ તેજકિરણોના પ્રવેશ સાથે રામકૃષ્ણની ચિત્તવૃત્તિમાં પણ પરિવર્તન થઈ ગયું. હિંદુ વિચારોનું સ્થાન ખ્રિસ્તી વિચારો લેવા લાગ્યા. એમની આંખો આગળ એક દૃશ્ય ખડું થયું. એમણે ખ્રિસ્તી દેવળમાં ધૂપદીપથી ઈશુની પ્રતિમાને પૂજતા પાદરીઓ જોયા. એ પવિત્ર પાદરીઓનાં ભક્તિભાવભર્યા હૈયાંમાંથી નીકળેલાં ઈશુનાં સ્તવનો સમગ્ર પરિવેશને ભરી દેતાં હતાં.

રામકૃષ્ણ જ્યારે દક્ષિણેશ્વરમાં પાછા વળ્યા ત્યારે કાલીમંદિરમાં જવાની વાત જ ભૂલી ગયા. ત્રણ દિવસ સુધી તેઓ ખ્રિસ્તી ભાવમાં નિમગ્ન રહ્યા. ચોથે દિવસે તેઓ જ્યારે પંચવટીમાં ફરતા હતા ત્યારે તેમણે એક ગૌરવર્ણના ગંભીર મુખમુદ્રાવાળા અસાધારણ વ્યક્તિત્વ ધરાવતા પરદેશી પુરુષને પોતાની પાસે આવતો જોયો. આ પ્રતિભાસંપન્ન દિવ્ય પુરુષ કોણ હશે એવું તેઓ વિચારતા હતા ત્યાં તો તે સાવ સમીપ આવી પહોંચ્યો. રામકૃષ્ણને એકદમ ખ્યાલ આવી ગયો કે મનુષ્યજાતિના ઉદ્ધાર માટે જેમણે પોતાનું લોહી વહાવ્યું હતું અને અપાર યાતનાઓ સહી હતી તે ઈશુ જ હોવા જોઈએ.

થોડી ક્ષણોમાં તો માનવપુત્ર ઈશુએ રામકૃષ્ણને આલિંગન આપ્યું અને એમનામાં સમાઈ ગયા. રામકૃષ્ણ પણ એ સાકાર બ્રહ્મ સાથે એકતા અનુભવતાં બાહ્ય ભાન ભૂલી સમાધિમાં લીન થઈ ગયા.

બુદ્ધ તેમજ અન્ય ધર્માચાર્યો પ્રત્યે પણ રામકૃષ્ણને ભારે આદર હતો. તેઓ બુદ્ધને ઈશ્વરનો અવતાર માનતા અને ભક્તિપૂર્વક એમની આરાધના કરતા. તેઓ માનતા કે જગન્નાથના મંદિરમાં રહેલી ત્રિમૂર્તિમાં હજી પણ ભગવાન બુદ્ધ પૂજાય છે. ત્યાંના પ્રસાદનો તેઓ ખૂબ આદર કરતા.

એ જ પ્રમાણે જૈન ધર્મના તીર્થંકરો તથા શીખ ધર્મના દસ ગુરુઓ વિશે પોતાના જીવનની ઉત્તરાવસ્થામાં રામકૃષ્ણે સારા પ્રમાણમાં સાંભળ્યું હતું. એનાથી તેઓ પ્રભાવિત થયા હતા. દક્ષિણેશ્વરના એમના ઓરડામાં ભગવાન મહાવીરની નાની પ્રતિમા અને ઈશુ ખ્રિસ્તનું ચિત્ર રાખવામાં આવ્યાં હતાં. એમની આગળ સવાર-સાંજ ધૂપ કરવામાં આવતો.

પોતાને થયેલાં દર્શનને અંતે રામકૃષ્ણને પ્રતીતિ થઈ હતી કે પોતે અવતારી પુરુષ છે અને વિશ્વના કલ્યાણ અર્થે આવેલા છે. સામાન્ય સાધક જીવનભરની સાધનાને અંતે પરમાત્માની એકાદ વિભૂતિનો સાક્ષાત્કાર કરી ઈતિશ્રી માને છે જ્યારે એમણે પરમાત્માની તમામ વિભૂતિઓનો સાક્ષાત્કાર કરી લીધો હતો. અર્થાત્ 'एकम् सत् विप्राः बहुधा वदन्ति' એ સત્યને પ્રમાણિત કર્યું હતું.

રામકૃષ્ણે એક વાર શિષ્યોને કહેલું, ''મારું આગમન એક અપવાદ રૂપે થયું છે. મારી અસાધારણ આધ્યાત્મિક અનુભૂતિઓ તેમજ પુરુષાર્થનું પ્રયોજન મારે માટે તો કશું નથી, પણ એ બધું આ વિશ્વમાં આધ્યાત્મિક જાગૃતિનો નવો યુગ શરૂ કરવા માટે અને આત્મસાક્ષાત્કારના માર્ગમાં આવતા અંતરાયોને દૂર કરવાનો રસ્તો માનવજાતને ચીંધવા માટે છે.''

તમામ પ્રકારની સાધનાઓ દ્વારા રામકૃષ્ણે સત્યાનુભૂતિ કરી હતી એટલે તેઓ દૃઢપણે માનતા હતા કે તમામ ધર્મો સાચા છે અને પરમેશ્વરને



પામવાના ભિન્ન ભિન્ન માર્ગો માત્ર છે. આ સત્યનું પ્રતિપાદન કરવા માટે જ જાણે કે તેમનો જન્મ થયો હતો. ઐતિહાસિક સંદર્ભમાં જોતાં કહી શકાય કે ભિન્ન ભિન્ન ધર્મોની સાધના કરી પોતાના જીવનમાં પરમ સત્યને પ્રત્યક્ષ કરી બતાવનારાઓમાં રામકૃષ્ણ જગતભરમાં પહેલા આધ્યાત્મિક પુરુષ છે.

દ્વૈત, વિશિષ્ટાદ્વૈત અને અદ્વૈત તરીકે પ્રસિદ્ધ મહાન રામકૃષ્ણે મનુષ્યની પરમતત્ત્વની સાધનાની ભિન્ન ભિન્ન વિકાસભૂમિકાઓ તરીકે ઓળખાવ્યા હતા. તેઓ કહેતા કે આ ત્રણે મતો પરસ્પર વિરોધી નહિ પણ પૂરક છે. માણસ પોતાની મનોવૃત્તિ મુજબ એમાંથી કોઈ મત અપનાવે છે.

અલબત્ત રામકૃષ્ણે સ્પષ્ટ શબ્દોમાં કહેલું, ''માત્ર વિશિષ્ટાદ્વૈત સુધીની વિચારધારાને મન અને બુદ્ધિ સમજી શકે અને વાણીમાં મૂકી શકે. એથી આગળ મન કે બુદ્ધિ જઈ શકે નહીં. પૂર્ણત્વની દૃષ્ટિએ જોતાં ઈશ્વર અને એની અભિવ્યક્તિરૂપ આ વિશ્વ બંને એક જ છે. આત્મદર્શનની બાબતમાં અદ્વૈત એ આખરી શબ્દ છે. એની અનુભૂતિ તો કેવળ સમાધિમાં થઈ શકે કેમકે એ અદ્વૈતાવસ્થા મન અને વાણીથી પર છે.''

રામકૃષ્ણને પ્રતીતિ થઈ ગઈ હતી કે ઈશ્વરની ઈચ્છાથી પોતે એક એવો સંપ્રદાય સ્થાપવામાં કારણભૂત થશે જેમાં એમના જીવનમાં પ્રત્યક્ષ થયેલા સર્વસમન્વયકારી સિદ્ધાંતોનું સમર્થન કરનારા મનુષ્યો જોડાશે. છેલ્લે એમને એ વસ્તુની પ્રતીતિ પણ થઈ ગઈ હતી કે જેમનો અંતિમ જન્મ હશે તેઓ તેમની પાસે આવશે. પોતાના સાધનાકાળ પછી રામકૃષ્ણે જે જીવન જીવ્યું એ જાણે કે પેલી સાધનાઓ ઉપરના ભાષ્યરૂપ હતું!

રામકૃષ્ણને પોતાના મહાપ્રયાણના સમયની જાણ પણ ખૂબ પહેલાં

થઈ ગઈ હતી. એક વાર ભાવાવેશમાં આવીને એમણે શારદામણિદેવીને કહ્યું હતું, 'જ્યારે તમે મને બ્રાહ્મણેતરના હાથનો સ્પર્શ પામેલું અન્ન ખાતો, કલકત્તામાં રાત્રિ પસાર કરતો અને અન્યને પ્રથમ ભાગ આપીને પછી બાકી વધેલું ખાતો જુઓ ત્યારે જાણી લેજો કે આ દેહમાંથી છૂટવાનો મારો સમય નજીક આવી રહ્યો છે.' રામકૃષ્ણના આ શબ્દો અક્ષરશઃ ફળ્યા હતા.

દક્ષિણેશ્વરમાં રાધાકાન્તના મંદિરમાં પૂજારીનું કાર્ય કરતા રામકૃષ્ણના ભાઈ રામેશ્વરે ચટ્ટોપાધ્યાય પરિવારના વડીલ તરીકે બધો આર્થિક ભાર ઉઠાવ્યો હતો. તબિયત બગડતાં હવાફેર માટે તેઓ કામારપુકુર ગયા. પણ રામકૃષ્ણે એમને ચેતવી દીધા હતા કે હવે દક્ષિણેશ્વર પાછા ફરવાનું શક્ય નથી. મૃત્યુને સ્વીકારવા તૈયાર થયેલા રામેશ્વરે શારદામણિદેવી દક્ષિણેશ્વરથી પાછાં ફર્યા પછી થોડા વખતમાં જ દેહત્યાગ કર્યો.

એમના અવસાન પછી એમના પુત્ર રામલાલે રાધાકાન્ત મંદિરના પૂજારીનો કાર્યભાર સંભાળી લીધો.

પરંતુ આ માઠા સમાચાર વૃદ્ધ માતાને કેવી રીતે કહેવા એની રામકૃષ્ણને ચિંતા થઈ. તેમણે પહેલાં જગદંબાને પ્રાર્થના કરી કે આવો કારી ઘા સહેવાની શક્તિ માતા ચંદ્રમણિને મળી રહે.

આંખમાં અશ્રુ સાથે રામકૃષ્ણે માતાને આ અમંગળ સમાચાર સંભળાવ્યા. એમણે તો ધારેલું કે માતા આઘાત સહન નહીં થવાથી બેહોશ થઈ જશે. પરંતુ ચંદ્રમણિએ સ્વસ્થ રહી કહ્યું, "આ સંસાર મિથ્યા છે, મનુષ્ય માટે મૃત્યુ નિશ્ચિત છે તેથી શોક કરવો નિરર્થક છ." આ સાંભળી રામકૃષ્ણને શાંતિ થઈ.



શારદામણિના પિતા રામચંદ્ર રામનવમીના દિવસે દેવલોક પામ્યા. શારદામણિનું મન ભાંગી ગયું તેથી તેઓ ઈ. ૧૮૭૪ના એપ્રિલ માસમાં પુનઃ દક્ષિણેશ્વર ગયાં.

શારદામણિ સાસુ ચંદ્રમણિ સાથે નોબતખાનાની ઓરડીમાં રહેવા લાગ્યાં. પણ ઓરડી નાની હોવાથી સંકડાશ પડતી હતી. આની જાણ થતાં શંભુ મલ્લિકે મંદિરની પાસે શારદામણિ માટે એક ઓરડી બનાવી આપી.

એ ઓરડીમાં શારદામણિ રહેવા લાગ્યાં. એમનો સેવા માટે એક છોકરી રહી. ત્યાં રસોઈ બનાવીને શારદામણિ રામકૃષ્ણ માટે મોકલતાં. રામકૃષ્ણ પણ અવારનવાર ત્યાં જતા.

શારદામણિ પતરાવાળી ઓરડીમાં રહેતાં હતાં ત્યારે તેમને સખત મરડો થયો. ડોક્ટરની દવાથી ફેર ન પડ્યો તેથી સપ્ટેમ્બર ૧૮૭૫માં તેઓ જયરામવાટી ગયાં. ત્યાં ગ્રામદેવી સિંહવાહિનીની કૃપાથી તેઓ રોગમુક્ત થયાં.

ઈ. ૧૮૭૬ના માર્ચ માસમાં રામકૃષ્ણ ૪૦ વર્ષનાં થયા ત્યારે તેમનાં માતા ચંદ્રમણિ નેવું ઉપર પહોંચ્યાં હતાં. એમની અંતિમ અવસ્થા આવી પહોંચી છે એમ જાણી એમને 'અંતર્જલિ વિધિ'માટે ગંગાકાંઠે લઈ ગયાં. રામકૃષ્ણે પુષ્પચંદન અને તુલસીની માળા ચરણમાં અંજલિ આપી એટલે માતાએ શાંતિથી અંતિમ શ્વાસ લીધો.

રામકૃષ્ણે સંન્યાસ લીધો હતો તેથી અંત્યેષ્ટિની ક્રિયા ભત્રીજા રામલાલે કરી. રામકૃષ્ણે સૂતક સરખું પાળ્યું નહીં. પણ શ્રાદ્ધ સમયે એમણે જલાંજલિ આપી માતાનું તર્પણ કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ એમની આંગળીઓ અક્કડ બની ગઈ ! ત્યારે માતૃભક્ત પુત્રની આંખ ભીની થઈ

ગઈ. એ વખતે શાસ્ત્રવિદ પંડિતે તેમને સમજાવ્યું, ''સંન્યાસીથી તર્પણાદિ વિધિ થાય નહીં. તમે તો 'ગલિતહસ્ત' છો.''

આ સમયગાળામાં કલકત્તા ખાતેના નેપાળ સરકારના એક અધિકારી કેપ્ટન વિશ્વનાથ ઉપાધ્યાય રામકૃષ્ણની પવિત્રતા અને અનન્ય ઈશ્વરભક્તિથી પ્રભાવિત થયા હતા. એમણે એમને ગુરુપદે સ્થાપ્યા હતા. એક દિવસ વિશ્વનાથે પોતાના મિત્રને કહેલું, ''મેં વેદો તથા અન્ય શાસ્ત્રોનું અધ્યયન કર્યું છે. હું અનેક સ્થળે ઘણા સાધુઓ તેમજ ભક્તોને મળ્યો છું. પણ મારા અંતરની પ્યાસ તો રામકૃષ્ણના સાંનિધ્યમાં જ છીપી છે. મને એમ લાગે છે કે રામકૃષ્ણ શાસ્ત્રોએ પ્રબોધેલા સત્યોની સાક્ષાત્ મૂર્તિ છે.''

★

ઈ. ૧૮૭૪ના અંત સુધીમાં રામકૃષ્ણે પોતાના સાધનાયજ્ઞની પૂર્ણાહુતિ કરી અને એમને જ્ઞાનવૃક્ષનાં ત્રણ સુંદર ફળ - કરુણા, ભક્તિ અને ત્યાગ પ્રાપ્ત થયાં.

ભારતીય સંસ્કૃતિ રૂપી પર્વતમાળ પર જ્યારે રામકૃષ્ણ રૂપી નક્ષત્રનો ઉદય થયો ત્યારે રાજા રામમોહનરાય, દેવેન્દ્રનાથ ટાગોર, કેશવચંદ્ર સેન અને સ્વામી દયાનંદ સરસ્વતી ભારતનું નેતૃત્વ કરનારા જનનાયકો તરીકે સ્વીકૃતિ પામી ચૂક્યા હતા.

રામકૃષ્ણ રામમોહનરાયથી અપરિચિત હતા. અન્ય ત્રણ મહાનુભાવો સાથે તેમને પ્રત્યક્ષ સંપર્ક થયો હતો. દેવેન્દ્રનાથ સાથેની તેમની મુલાકાતનો નિર્દેશ અગાઉ થઈ ચૂક્યો છે. દેવેન્દ્રનાથના કુલાભિમાનને કારણે તેમનો પરિચય પ્રેમસંબંધમાં પરિણત થતો અટકી ગયો.

સ્વામી દયાનંદ સરસ્વતી સાથે રામકૃષ્ણની મુલાકાત ઈ. ૧૮૭૩ના



અંત ભાગમાં થઈ હતી. એ વખતે 'આર્યસમાજ'ની સ્થાપના થઈ ન હતી અને દયાનંદ પોતાના કર્મજીવનના મધ્યમાં હતા. રામકૃષ્ણે એમની પરીક્ષા કરી હતી અને તેમનામાં ભગવાન સાથે વાસ્તવિક સંપર્કની કંઈક શક્તિ છે એની એમને ખાતરી થઈ હતી. પરંતુ તેમનો આક્રમક સ્વભાવ અને પોતાની જ વાત સાચી છે એવો સત્યાગ્રહ તેમને પસંદ પડ્યો ન હતો. એને કારણે એમણે દયાનંદથી દૂર રહેવાનું રાખ્યું.

કેશવચંદ્ર સેન સાથે રામકૃષ્ણનો સંબંધ અત્યંત ઘનિષ્ઠ, પ્રેમપૂર્ણ અને ચિરસ્થાયી હતો.

આરંભમાં દેવેન્દ્રનાથ ટાગોરની રાહબરી નીચે કાર્ય કરતા પ્રખર પંડિત અને ધર્મનિષ્ઠ અદ્ભુત વક્તા કેશવચંદ્ર સેને વખત જતાં બ્રહ્મસમાજના પ્રગતિશીલ વર્ગનું નેતૃત્વ ગ્રહણ કર્યું હતું. એ યુગનો શિક્ષિત યુવકવર્ગ એમનાથી અત્યંત પ્રભાવિત હતો.

રામકૃષ્ણે કેશવચંદ્રને આદિ બ્રહ્મસમાજની બેઠકમાં પહેલી વાર જોયા હતા. ઈ.સ. ૧૮૭૫ના માર્ચ મહિનામાં કેશવચંદ્ર પોતાના કેટલાક શિષ્યો સાથે દક્ષિણેશ્વરથી તેમનામાં ખાસ કશી વિશેષતા જણાઈ નહિ.

રામકૃષ્ણે કેશવચંદ્ર પાસે જઈ કહ્યું, ''મેં સાંભળ્યું છે કે તમે ઈશ્વરને જોયો છે એટલે એ વિશે સાંભળવા આવ્યો છું.''

થોડી વાતચીત થઈ એટલામાં રામકૃષ્ણે કાલીનું એક ભજન ગાવું શરૂ કર્યું. ગાતાં ગાતાં જ તેમને ભાવાવેશ થઈ ગયો. આવી બાબતોને શંકાની નજરે જોનારી એ મંડળી પર એની ખાસ અસર ના થઈ.

હૃદયે ૐ મંત્ર ઉચ્ચારી એમને ભાનમાં આણ્યા. એ પછી રામકૃષ્ણે ઈશ્વરના સ્વરૂપ વિશે જે દૃષ્ટાંતકથાઓ કહી તે સાંભળી કેશવચંદ્ર અને તેમની મંડળી પ્રભાવિત થઈ ગઈ. આ કોઈ અસાધારણ વ્યક્તિ છે એની

એમને પ્રતીતિ થઈ ગઈ.

કેટલાક કલાક સુધી સત્સંગ કરી રામકૃષ્ણ જવા માટે ઊભા થયા. જતાં જતાં એમણે કેશવચંદ્રને કહ્યું, "તળાવમાં રહેતા દેડકાને જ્યાં સુધી પૂંછડી હોય ત્યાં સુધી તેમણે પાણીમાં જ રહેવું પડે, પરંતુ જ્યારે પૂંછડી ખરી પડે ત્યારે તે પાણીમાં તેમ જમીન પર બંને ઠેકાણે રહી શકે. એવી જ રીતે જ્યાં સુધી મનુષ્યને અજ્ઞાનરૂપી પૂંછડી હોય ત્યાં સુધી તેને સંસાર રૂપી ખાબોચિયામાં જ રહેવું પડે, પરંતુ એના અજ્ઞાનનો નાશ થાય તે પછી તે પોતાની મરજી મુજબ ઈશ્વરમાં કે સંસારમાં રહી શકે છે.

આ મુલાકાત પછી કેશવચંદ્રને રામકૃષ્ણની જીવનચર્યામાં રસ પડ્યો. એમણે પોતાના કેટલાક શિષ્યોને દક્ષિણેશ્વર મોકલ્યા. રામકૃષ્ણની જીવનરીતિનું નિરીક્ષણ કરવા. તેઓ પોતે પણ આધ્યાત્મિક ચર્ચા-વિચારણા કરવા અવારનવાર દક્ષિણેશ્વર જવા લાગ્યા. પછી બંને વચ્ચેનો પરિચય એટલો ગાઢ બન્યો કે બ્રાહ્મસમાજના વાર્ષિકોત્સવ પ્રસંગે તથા અન્ય અનુષ્ઠાનોમાં કેશવચંદ્ર રામકૃષ્ણને નિમંત્રવા લાગ્યા અને ક્યારેક તેમને સાથએ લઈ ગંગાકિનારે ભ્રમણ કરતા.

કેશવચંદ્ર ઉપર પાશ્ચાત્ય સંસ્કૃતિનો પ્રભાવ પડ્યો હતો છતાં તેમની પ્રભુભક્તિ અક્ષુણ્ણ રહી હતી. રામકૃષ્ણના વેધક ઉપદેશોનો નિર્દેશ તેઓ પોતાનાં વક્તવ્યો અને લખાણોમાં કરતા. કેશવચંદ્રના કારણે રામકૃષ્ણની ખ્યાતિ મધ્યમવર્ગીય બુદ્ધિજીવી વર્ગ સુધી પહોંચી શકી.

કેશવચંદ્ર રામકૃષ્ણથી અભિભૂત થયા હતા છતાં તેમના બધા જ વિચારો તેઓ સ્વીકારતા હતા એવું ન કહી શકાય. અગ્નિ અને તેની દાહકશક્તિની જેમ બ્રહ્મ અને તેની અનિર્વચનીય શક્તિ માયા એક જ છે, સત્ય છે એ વાત કેશવચંદ્રે સ્વીકારી પણ ગુરુ, કૃષ્ણ અને વૈષ્ણવ એ



ત્રણે એક જ છે એ વાત તેમણે ન સ્વીકારી.

કેશવચંદ્રના ચરિત્રકાર ચિરંજીવ શર્માએ લખ્યું છે, "રામકૃષ્ણની મધુર, સરળ, મોહક અને બાળસહજ પ્રકૃતિએ કેશવની ધર્મ સંબંધી પવિત્ર ધારણા અને તેમના યોગાભ્યાસને પ્રભાવિત કર્યાં હતાં."

રામકૃષ્ણ માટે કેશવચંદ્રને એટલું બધું માન હતું કે એક દિવસ તેમણે રામકૃષ્ણને પોતાના ઘરે લઈ જઈ પોતાની બેસવાની, જમવાની, આરામ કરવાની તથા અભ્યાસ કરવાની જગ્યાઓએ પધરામણી કરીને પ્રત્યેક જગ્યાએ આશીર્વાદ વરસાવવા વિનંતી કરી. એક વખત તો તેમણે પોતાના ધ્યાનખંડમાં રામકૃષ્ણની પૂજા પણ કરેલી.

રામકૃષ્ણનો પ્રભાવ બ્રહ્મસમાજ સુધી વિસ્તર્યો. તેમને લીધે બ્રહ્મસમાજમાં માતૃપૂજાની ધારણા સમૃદ્ધ થઈ ગઈ. બ્રહ્મધર્મ કઠોર ધર્મ હતો. ગિરીશચંદ્રની ઉપમા અનુસાર 'રામકૃષ્ણના પ્રભાવે તેને નરમ બનાવ્યો.'

રામકૃષ્ણે અનંત અને નિરર્થક વિવાદોમાં વ્યસ્ત કેશવચંદ્રને એક વાર કહ્યું હતું, "સર્જન કરવાનો અર્થ છે ભગવાનસદૃશ બનવું. જ્યારે તમે સમસ્ત સત્તાના સારથી સંપૂર્ણ થઈ જશો. ત્યારે તમે જે કંઈ કહેશો તે સત્ય થઈ જશે." કેશવચંદ્રે રામકૃષ્ણના આ ઉપદેશને સાંભળી વિશ્વસત્તાના રસથી ભીંજાયેલી તે ઉષ્ણ જીવિત માટીમાં પોતાનાં મૂળિયાં નાંખી દીધાં. રામકૃષ્ણે એમને અનુભવ કરતાં શીખવ્યું કે માનવીય વિચારના ક્ષુદ્રતમ છોડમાં પણ આ રસનું ટીપું સુધ્ધાં ક્યારેય વ્યર્થ નથી જતું. કેશવચંદ્રનું મન બધા ધાર્મિક વિશ્વાસો પ્રત્યે સહિષ્ણુ અને ઉદાર થઈ ગયું.

રામકૃષ્ણ સાથે થોડાક કલાક સત્સંગ કરવાનો મળે એને કેશવચંદ્ર પોતાનું સદ્ભાગ્ય ।નતા. તેઓ જ્યારે પોતાની સ્ટીમલોંચમાં બેસી

ગંગાવિહાર કરવા નીકળતા ત્યારે દક્ષિણેશ્વરમાં કાલીમંદિર સામે સ્ટીમલોંચ ઊભી રખાવતા અને રામકૃષ્ણને તેડાવતા. પછી વિહાર કરતાં કરતાં તેઓ વાર્તાલાપ કરતા.

તા. ૨૭ ઓક્ટોબર ૧૮૮૨, શુક્રવારે શરદપૂર્ણિમાના દિવસે આ રીતે રામકૃષ્ણ કેશવચંદ્ર સાથે નૌકાવિહાર કરવા નીકળ્યા. રામકૃષ્ણ સ્ટીમલોંચમાં ચડતાંની સાથે સમાધિમગ્ન થઈ ગયા. બ્રાહ્મભક્તો તેમને જોઈ રહ્યા. થોડી વારે તેમની સમાધિ ઊતરી. તેઓ અસ્પષ્ટ સ્વરે બોલવા લાગ્યા, ''મા! મને અહીં શા માટે લાવી? હું શું એમને એમની વાડમાંથી બહાર કાઢી શકવાનો છું?''

એક બાજુ સ્ટીમલોંચ ચાલતી હતી, બીજી બાજુ રામકૃષ્ણનું કથામૃત વરસી રહ્યું હતું, ''દૂધ કેવું? તો કહેશે કે ધોળું. દૂધને છોડી દઈને દૂધની ધોળાશનો વિચાર ન થઈ શકે. એ જ રીતે દૂધની ધોળાશને છોડીને દૂધનો ખ્યાલ ન આવે. બ્રહ્મને છોડીને શક્તિનો અને શક્તિને છોડીને બ્રહ્મનો વિચાર આવી શકે નહિ. નિત્યને છોડીને લીલાનો અને લીલાને છોડીને નિત્યનો ખ્યાલ ઊઠી શકે નહિ.''

''બધોય આધાર મન ઉપર છે, મનુષ્ય મનથી જ બદ્ધ થાય છે અને મનથી જ મુક્ત થાય છે. મનને જે રંગે રંગો તે રંગે રંગાય.''

દરમિયાન સ્ટીમલોંચ પાછી ફરીને કોયલા ઘાટે ઊભી રહી. આકાશમાં પૂનમો પૂર્ણચંદ્ર પ્રકાશી રહ્યો હતો. રામકૃષ્ણ માટે ગાડી મંગાવી. કેશવચંદ્રે જમીન પર માથું નમાવીને તેમને પ્રણામ કરી ચરણરજ લીધી.

પોતાની અંતિમ રુગ્ણાવસ્થામાં કેશવચંદ્ર રામકૃષ્ણના ભક્તિસ્વરૂપ-આવેગમય માતૃપ્રેમ પ્રતિ આકૃષ્ટ થયા. રામકૃષ્ણ જ્યારે તેમના અંતમ દિવસોમાં મળવા ગયા ત્યારે કેશવચંદ્રના શિષ્યોએ તેમને



કહ્યું, ''બહુ મોટું પરિવર્તન થઈ ગયું છે. તેઓ મોટા ભાગે જગદંબા સાથે વાતો કરતા જોવા મળે છે. તેઓ માની પ્રતીક્ષા કરે છે અને તેને માટે રડે છે.'' આ સમાચાર સાંભળી રામકૃષ્ણને ખૂબ આનંદ થયો. ૨૮ નવેમ્બર ૧૮૮૩ના રોજ સાંજે અંતિમ મુલાકાત વખતે ભયંકર ઉધરસ ખાતા ખાતા મુમુર્ષુ કેશવચંદ્ર ટેબલ-ખુરશીનો ટેકો લઈ ઊભા થયા અને રામકૃષ્ણને પગે લાગ્યા. રામકૃષ્ણ એ વખતે અર્ધસમાધિ-અવસ્થામાં હતા.

રામકૃષ્ણે મધુર સ્વરે કહ્યું, ''તમે બીમાર છો એમાં એક ગંભીર અર્થ છે. તમારા શરીરમાંથી ભગવાનની શોધમાં ભક્તિની અનેક લહેરો ઊઠી છે. તમારી બીમારી એની સાક્ષી છે. જે સમયે એ ઉત્પન્ન થાય છે તે સમયે તે શરીરને કેટલું નુકસાન પહોંચાડે છે એ કહેવું મુશ્કેલ છે. જ્યારે ઈશ્વર-સાક્ષાત્કારનો અગ્નિ નશ્વર દેહ રૂપી ઘરમાં પ્રવેશે છે ત્યારે તે પહેલાં કામ, ક્રોધ વગેરે શત્રુઓનો સંહાર કરે છે, પછી અહંકારને બાળી મૂકે છે અને અંતે તે સઘળી ચીજોને સ્વાહા કરી જાય છે.''

કેશવચંદ્રે શાંતિથી બધું સાંભળ્યું અને સ્મિત કર્યું. રામકૃષ્ણની પ્રસન્નતાએ ઘરમાં મૃત્યુના અંધકાર અને રોગીની યાતના પર એક પ્રકારની રહસ્યમય શાંતિનો પ્રકાશ પાથર્યો. રામકૃષ્ણ ઘણી વાર સુધી તેમની સાથે જગદંબા વિશે વાતો કરતા રહ્યા. જતી વખતે તેમણે કેશવચંદ્રને કહ્યું કે એમણે અંતિમ સમયે બાળકો અને સ્ત્રીઓ સાથે વધુ સમય ન રહેતાં ભગવાન સાથે રહેવું જોઈએ. એ પછી મૃત્યુ પામતી વખતે કેશવચંદ્રના અંતિમ શબ્દો હતા, ''મા... મા.''

ઈ. ૧૮૭૮માં બ્રહ્મસમાજમાં ભાગલા પડવાને કારણે કેશવચંદ્રના કેટલાક શિષ્યોએ એમનો સાથ છોડી દીધેલો, પરંતુ કેશવચંદ્રનો રામકૃષ્ણ પ્રત્યેનો આદર યથાવત્ રહેલો. રામકૃષ્ણ પણ કેશવચંદ્ર પ્રત્યે પ્રેમપૂર્ણ

વ્યવહાર કરતા રહેલા. એટલું જ નહિ, તેમણે બ્રહ્મસમાજની ત્રણે શાખાઓના ભેદને અસ્વીકારી ત્રણેની પ્રાર્થનાઓમાં સમ્મિલિત થવાનું ચાલુ રાખેલું. ૨૮ ઓક્ટોબર ૧૮૮૨ના રોજ કેશવચંદ્રના બ્રહ્મસમાજના વાર્ષિકોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહેલા રામકૃષ્ણે બ્રહ્મસમાજ સહિત ભક્તિનાં બધા રૂપો પ્રત્યે આ શબ્દોમાં સન્માન પ્રદર્શિત કરેલું : ''જ્ઞાનીનાં ચરણોમાં પ્રણામ! ભક્તનાં ચરણોમાં પ્રણામ! સાકાર બ્રહ્મના ઉપાસકને પ્રણામ! નિરાકાર બ્રહ્મના ઉપાસકને પ્રણામ! પુરાતન બ્રહ્મજ્ઞાનીઓને પ્રણામ! આધુનિક બ્રહ્મસમાજના જ્ઞાનીઓને મારા પ્રણામ!''



# ૮.

કેશવચંદ્ર સેન અને બ્રહ્મસમાજના સંપર્કને કારણે રામકૃષ્ણ પરમહંસ શિક્ષિત મધ્યમવર્ગીય યુવકોના સંપર્કમાં આવ્યા. તેમનું વ્યક્તિત્વ એવું સંમોહક હતું કે એક વાર તેમના સંપર્કમાં આવનાર વ્યક્તિ તેમનાથી પ્રભાવિત થયા વિના ભાગ્યે જ રહી શકતી. આધ્યાત્મિક અભિગમ ધરાવતી વ્યક્તિઓ તો અવારનવાર તેમની પાસે આવતી અને તેમનું શિષ્યત્વ સ્વીકારતી.

કેશવચંદ્ર પછી રામકૃષ્ણ પાસે ખેંચાઈ આવનાર બીજા અગ્રગણ્ય બ્રહ્મસમાજી હતા પંડિત વિજયકૃષ્ણ ગોસ્વામી. કલકત્તાની એક શાળાના હેડમાસ્તર પંડિત શિવનાથ ૧૮૭૫ માં જ રામકૃષ્ણના સંપર્કમાં આવ્યા હતા. કેશવચંદ્ર સેનનું જીવનચરિત્ર લખનાર ત્રૈલોક્યનાથ સંન્યાલ પણ રામકૃષ્ણથી પ્રભાવિત થયા હતા.

કેશવચંદ્રને મળ્યા પછી રામકૃષ્ણ કામારપુકુર ગયા હતા. એ તેમની વતનની અંતિમ મુલાકાત નીવડી. તેઓ ત્યાં થોડા મહિના રહી દક્ષિણેશ્વર પાછા ફર્યા. આ અરસામાં એક ધનિક મારવાડી લક્ષ્મીનારાયણ રામકૃષ્ણ પાસે અવારનવાર આવતો. તેમના પ્રત્યે તેને ખૂબ જ પૂજ્યભાવ હતો.

એક દિવસ એમની પથારી પરની ચાદર મેલી જોઈને મારવાડી શેઠે તેમને કહ્યું, ''મહારાજજી! આપની થોડીક સેવા કરવાની ઈચ્છા છે. આપને નામે દશેક હજાર રૂપિયા કોઈ બેંકમાં મૂકીએ તો આપની સેવા બરાબર વ્યવસ્થિત થતી રહે.''

આ દરખાસ્તથી રામકૃષ્ણને ખૂબ દુઃખ થયું. તેમણે હાથ જોડીને પેલા શેઠને આવી વાત ફરી ન કરવા વિનંતી કરી. પેલો મારવાડી એમ નમતું જોખે એવો ન હતો. તે હૃદયને મળ્યો અને શારદામણિદેવીના નામે રૂપિયા મૂકવાની દરખાસ્ત કરી. જ્યારે શારદમણિએ એ વાત જાણી ત્યારે તેમણે પણ તેનો વિરોધ કર્યો. તે છતાં જ્યારે શેઠે આગ્રહ ચાલુ રાખ્યો ત્યારે રામકૃષ્ણ વ્યથાપૂર્વક બોલી ઊઠ્યા, ''હે જગદંબા ! મને તારાથી વિમુખ કરે એવા લોકોને તું શા માટે મોકલે છે?''

અગાઉ મથુરબાબુએ પણ રામકૃષ્ણના નામે આખો તાલુકો લખી આપવાની દરખાસ્ત કરેલી. રામકૃષ્ણે એનો પણ અસ્વીકાર કર્યો હતો. મારવાડીના પ્રસ્તાવ પછી એમણે કહેલું, ''મથુરબાબુએ અને લક્ષ્મીનારાયણે મૂકેલી દરખાસ્તોથી મને તો એવું લાગ્યું હતું કે કોઈક મારા માથા પર કરવત ચલાવી રહ્યું છે.''

હવે રામકૃષ્ણના જીવનમાં એવો તબક્કો આવ્યો કે એમને પોતાના ભક્તોને મળવાની તાલાવેલી લાગી. ભાવાવસ્થા દરમિયાન એમને અવારનવાર આ અંતરંગ ભાવિ ભક્તોની ઝાંખી થતી. આ ઈ. ૧૮૭૫ પછીનો ગાળો હતો. જગદંબાનાં પ્રિય બાળકોને પોતાની અનુભૂતિઓનો લાભ આપી દેવા તેઓ તલસી રહ્યા હતા. એ તલસાટની વાત કરતાં તેઓ કહેતા, ''એ વખતે મને જે તલસાટ થતો તેની કોઈ સીમા જ ન હતી. સંસારી લોકોની સંસારિક વાતો મને કડવીઝેર થઈ પડતી અને



મારા પ્રિય સહવાસીઓ ક્યારે આવે એની હું ઉત્કંઠાપૂર્વક રાહ જોયા કરતો.''

જે મનુષ્યો પોતાના અંતિમ જન્મમાં હોય અર્થાત્ પોતાનાથી એકાદ પડાવ પાછળ હોય એમની શોધ કરવી, જગન્માતાની ઈચ્છા પૂરી કરવા ાટે એમની સાથે એક એવા શિષ્યસમાજનું સંગઠન કરવું જે વિશ્વમાં તેમના સંદેશનો પ્રચાર કરી શકે અને તેમની સઘળાં સત્યોનો સમાવેશ કરવાવાળી વાણીનું શિક્ષણ આપી શકે. એ રામકૃષ્ણનું લક્ષ્ય હતું.

રામકૃષ્ણને ઈ. ૧૮૬૩માં એવો ખ્યાલ આવી ગયો હતો કે અનેક વિશ્વાસુ અને પવિત્ર વ્યક્તિઓ તેમની પાસે આવશે. શારદાનંદના કહેવા પ્રમાણે ૧૮૬૬ની દીર્ઘ સમાધિ પછી પોતાના ભાવિ શિષ્યો માટેનો એમનો તલસાટ તીવ્ર બનવા લાગ્યો.

ઈ. ૧૮૭૯માં બે માસિયાઈ ભાઈઓ – રામચંદ્ર દત્ત અને મનમોહન મિત્ર રામકૃષ્ણ પાસે આવ્યા. બંને કલકત્તાના મધ્યમવર્ગી બૌદ્ધિકો હતા. રામચંદ્ર કલકત્તાની મેડિકલ કોલેજમાં ડોક્ટરીનો અભ્યાસ કરતો હતો અને કટ્ટર ભૌતિકવાદી તથા નિરીશ્વરવાદી હતો. મનમોહન વિવાહિત તથા એક પરિવારના મુખ્ય કર્તાહર્તા હતા. કેશવચંદ્ર સેનના તંત્રીપણા નીચે પ્રકાશિત થતા બ્રહ્મસમાજના સામયિકમાં રામકૃષ્ણ વિશે વાંચી તેઓ એક બપોરે દક્ષિણેશ્વર પહોંચ્યા. પ્રથમ મુલાકાતમાં જ તેઓ રામકૃષ્ણથી પ્રભાવિત થઈ ગયા.

રામચંદ્ર અવારનવાર દક્ષિણેશ્વર જવા લાગ્યા. એક દિવસ તેમને સ્વપ્નમાં રામકૃષ્ણ આવ્યા. એ પછી તેમનો દુન્યવી આનંદમાંથી રસ ઉડી ગયો. એક દિવસ તો તેમણે પોતાને સંન્યસ્ત દીક્ષા આપવાની રામકૃષ્ણને વિનંતી કરી. રામકૃષ્ણે તેમને સમજાવ્યા, ''સંસારનો ત્યાગ કરવાથી તમને

શો લાભ થવાનો છે? ગૃહસ્થજીવન તો એક કિલ્લા જેવું છે. કિલ્લાની બહાર જઈને શત્રુ સાથે લડવા કરતાં એની અંદર રહીને લડવું એ વધુ સહેલું છે. તમારું પોણા ભાગનું મન જ્યારે તમે ઈશ્વરને સમર્પી દેવા માટે તૈયાર થઈ જશો ત્યારે તમે આ સંસારનો ત્યાગ કરવા સમર્થ થઈ શકશો, એ પહેલાં નહિ.''

ઈ. ૧૮૭૯ના વર્ષે જ રામચંદ્ર દત્તનો નોકર લાટુ રામકૃષ્ણના સંપર્કમાં આવ્યો. બિહારના છાપરા જિલ્લાના ગરીબ કુટુંબમાં જન્મેલો લાટુ ભણેલો પણ ન હતો. રામકૃષ્ણ તેને ભણાવવા મથ્યા પણ નિષ્ફળ ગયા ! પરંતુ આધ્યાત્મિક સાધનામાં તે ઝડપથી આગળ વધ્યો અને પાછળથી સંન્યાસ ધારણ કરી સ્વામી અદ્ભુતાનંદ બન્યો.

ઈ. ૧૮૮૦માં રાખાલચંદ્ર ઘોષ દક્ષિણેશ્વર આવ્યો. ચોવીસ પરગણા જિલ્લાના બસીરહાટ ગામમાં ઈ. ૧૮૬૩માં જમીનદાર પિતાને ત્યાં જન્મેલા રાખાલમાં બાળપણથી જ ધાર્મિક સંસ્કાર હતા. ઉપર નિર્દિષ્ટ મનમોહન મિત્રની બહેન સાથે ૧૯ વર્ષની વયે લગ્ન કરનાર રાખાલને રામકૃષ્ણ વિશે વાત કરનાર મનમોહન જ હતો.

રાખાલના આગમન પૂર્વે જગદંબાએ રામકૃષ્ણને તેનો ખ્યાલ આપી દીધેલો. તેને જોતાંની સાથે રામકૃષ્ણને ખ્યાલ આવી ગયેલો કે આ અસાધારણ કોટિનો ઉચ્ચ ભક્ત છે. આ રાખાલે આગળ જતાં બ્રહ્માનંદ નામ ધારણ કરી રામકૃષ્ણ સંઘનું અધ્યક્ષપદ દીપાવ્યું હતું.

રામચંદ્ર દત્તનો દોસ્ત સુરેન્દ્રનાથ મિત્ર પણ આ અરસામાં રામકૃષ્ણનો ભક્ત બન્યો અને તેના જીવનની દિશા બદલાઈ ગઈ. રામકૃષ્ણ અને તેમના ભક્તોને તે આર્થિક સહાય કરતો તેથી રામકૃષ્ણ તેને પોતાનો 'અર્ધો ખજાનચી'કહેતા. તેને દારૂની લત હતી પણ સત્સંગથી થોડા સમયમાં



તે છૂટી ગઈ.

ઈ. ૧૮૮૧માં ગોપાળચંદ્ર ઘોષ નામનો કાગળનો વેપારી પત્નીના મૃત્યુથી મૂઢ જેવો થઈ દક્ષિણેશ્વર આવેલો. પહેલી મુલાકાતમાં તે રામકૃષ્ણથી પ્રભાવિત ના થયો પણ બીજી વારની મુલાકાતની તેના પર ગાઢ અસર પડી. રામકૃષ્ણના અંતિમ દિવસોમાં તેણે ખૂબ સેવા કરેલી. રામકૃષ્ણ તેની વ્યવસ્થાશક્તિનાં વખાણ કરી તને રમજૂમાં 'ઓવરસિયર' કહેતા. તેની વય મોટી હતી તેથી ક્યારેક તેને 'વૃદ્ધ ગોપાળ' પણ કહેતા. સંન્યાસ લીધા પછી તે સ્વામી અદ્વૈતાનંદ બન્યો.

ઈ. ૧૮૮૧માં નરેન્દ્રનાથ દત્ત નામનો એક બુદ્ધિશાળી યુવક રામકૃષ્ણ પાસે આવેલો જે પાછળથી વિવેકાનંદના નામથી વિશ્વવિખ્યાત થયો.

તારકનાથ ઘોષાલ બંગાળના ચોવીસ પરગણા જિલ્લાના બારાસાત ગામમાં પેદા થયો હતો. તેના પિતા રામકનાઈ રાણી રાસમણિના કાયદા સંબંધી સલાહકાર હતા. તેઓ જગદંબાના ઉપાસક હતા અને રામકૃષ્ણના પરિચિત હતા. બ્રહ્મસમાજનો સભ્ય બનેલો તારકનાથ ઈ. ૧૮૮૨માં રામકૃષ્ણને મળ્યો પછી આધ્યાત્મિક સાધનામાં ઝડપથી આગળ વધવા લાગ્યો. આગળ જતાં તે સ્વામી શિવાનંદના નામથી પરિચિત બન્યો અને રામકૃષ્ણ મઠનો અધ્યક્ષ પણ થયો.

કલકત્તાના બાગબજારમાં રહેતો બલરામ બોઝ ગર્ભશ્રીમંત હતો. ઓરિસ્સામાં એમની જાગીર હતી. જગન્નાથપુરીમાં તે રહેતો હતો. પુત્રીનાં લગ્ન માટે તે ૧૮૮૨માં કલકત્તા ગયો હતો. લગ્ન પછી બીજા દિવસે તે દક્ષિણેશ્વર ગયો. રામકૃષ્ણના ચુંબકીય વ્યક્તિત્વથી પ્રભાવિત થઈ તે લગભગ રોજ દક્ષિણેશ્વર જવા લાગ્યો. રામકૃષ્ણના સહવાસથી તેનું

પરિવર્તન થયું. દિવ્ય પ્રેમનો આસ્વાદ લઈ ઈશ્વરાધીન વૃત્તિમાં તે રમી રહ્યો.

'માસ્ટર મહાશય' અથવા 'મ' (M) થી જાણીતા બનેલા મહેન્દ્રનાથ ગુપ્તા ઈ. ૧૮૮૨ના માર્ચ માસમાં પહેલી વાર રામકૃષ્ણને મળ્યા હતા. બ્રહ્મસમાજ સાથે સંકળાયેલા મહેન્દ્રનાથ કલકત્તાની વિદ્યાસાગર હાઈસ્કૂલના હેડમાસ્તર હતા. પ્રથમ મુલાકાતથી જ પ્રભાવિત થયેલા મહેન્દ્રનાથ પછી તો વારંવાર 'અભણ નિષ્કિંચન બ્રાહ્મણ' પાસે જવા લાગ્યા. પ્રત્યેક મુલાકાતની તેમણે વિસ્તૃત નોંધો લીધેલી. પાછળથી તેને આધારે તેમણે 'શ્રીરામકૃષ્ણ કથામૃત' નામક ગ્રંથની રચના કરેલી. થોડા સમયમાં જ તેઓ રામકૃષ્ણનાં અંતરંગ ભક્ત થઈ ગયા. દક્ષિણેશ્વરમાં રહી તેમણે આધ્યાત્મિક સાધના પણ કરેલી.

ઈ. ૧૮૮૨માં રામકૃષ્ણના ચરણે બેસી શાંતિ પ્રાપ્ત કરનાર યુવક યોગીન્દ્રનાથ ચૌધરી દક્ષિણેશ્વરના એક ધનવાન અને ધર્મચુસ્ત બ્રાહ્મણ પરિવારનો સૌથી મોટો પુત્ર હતો. બાળપણથી જ ધર્મ-અધ્યાત્મમાં રુચિ ધરાવતો યોગીન્દ્ર હાઈસ્કૂલમાં ભણતો હતો ત્યારે જ રામકૃષ્ણનાં સંપર્કમાં આવ્યો. તે અંતરંગ ભક્તોમાં સ્થાન પામ્યો અને સંન્યાસ લીધા પછી બ્રહ્માનંદ નામે જાણીતો થયો.

ચોવીસ પરગણા જિલ્લાના એક પ્રતિષ્ઠિત પરિવારમાં જન્મેલા પ્રાણકૃષ્ણ મુખરજીના ઘેર ઈ. ૧૮૮૨ના એપ્રિલ માસમાં રામકૃષ્ણ તેમની ભક્તમંડળી સાથે ઉત્સવ કરવા ગયા હતા. સ્થૂળકાય પ્રાણકૃષ્ણને તેઓ રમૂજમાં 'જાડો બ્રાહ્મણ' કહેતા.

અધરચંદ્ર સેન ડેપ્યુટી મેજિસ્ટ્રેટ હતા. ઈ. ૧૮૮૩ના એપ્રિલ માસમાં તેઓ દક્ષિણેશ્વર ગયા એ વખતે રામકૃષ્ણ ભાવાવસ્થામાં હતા. રામકૃષ્ણ



બાહ્ય ભાનમાં આવ્યા પછી બંને વચ્ચે વાતચીત થઈ. પછી તો અર્ધચંદ્ર નોકરીનો સમય પૂરો થાય એટલે દક્ષિણેશ્વર પહોંચી જતા. રામકૃષ્ણે ચેતવણી આપ્યા છતાં તેઓ ઘોડેસવારી કરતા રહ્યા અને એક દિવસ ઘોડા પરથી પડીને મરણશરણ થયા.

શશિભૂષણ અને શરદચંદ્ર ચક્રવર્તી કલકત્તાના પવિત્ર બ્રાહ્મણ પરિવારમાંથી આવ્યા હતા. આ બંને પિતરાઈ ભાઈઓ બ્રહ્મસમાજના સભ્ય હતા. ઈ. ૧૮૮૩ના ઓક્ટોબરમાં બ્રહ્મસમાજનો વાર્ષિકોત્સવ દક્ષિણેશ્વરમાં ઊજવાયો. એ નિમિત્તે તેઓ રામકૃષ્ણના સંપર્કમાં આવ્યા. બંને પર તેમના વ્યક્તિત્વનો ગાઢ પ્રભાવ પડ્યો. શશીએ નાની વયમાં જ અનેક ધર્મગ્રંથો વાંચ્યા હતા. ઈશ્વરદર્શનની તેનામાં તીવ્ર ઝંખના હતી. રામકૃષ્ણના સંપર્કમાં તે આવ્યો ત્યારે કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો. તેનાં કુટુંબીજનોને તેના પર મોટી આશાઓ હતી. પરંતુ રામકૃષ્ણના સંપર્કે તેને અધ્યાત્મ તરફ ઉન્મુખ કર્યો. ભૌતિક સુખોથી વિમુખ બની તે આધ્યાત્મિક માર્ગે આગળ વધ્યો અને સંન્યાસ લીધા પછી રામકૃષ્ણાનંદ બન્યો.

શરદ પણ વૈરાગ્યવૃત્તિ ધરાવતો હતો. તે રામકૃષ્ણનો પરમ ભક્ત બની ગયો. એમની પ્રેરણાથી તેણે પોતાના જીવનમાં મહાન આધ્યાત્મિક પ્રગતિ કરી અને સંન્યાસ લઈ શારદાનંદ નામ ધારણ કર્યું. તેમણે રામકૃષ્ણનું જીવનચરિત્ર લખ્યું અને પચ્ચીસ કરતાં વધુ વર્ષ સુધી રામકૃષ્ણ મિશનના મંત્રી તરીકે કામ કર્યું. રામકૃષ્ણે એક વાર કહેલું, "શશી અને શરદ બંને પૂર્વજન્મમાં ઈશુના શિષ્યમંડળમાં હતા."

ઈ. ૧૮૮૩માં રામકૃષ્ણ પાસે ખેંચાઈ આવેલો એક બીજો ઉલ્લેખનીય શિષ્ય હતો હરિનાથ ચટ્ટોપાધ્યાય. તે બ્રાહ્મણ હતો અને

બાળપણમાં જ માબાપને ગુમાવી ચૂક્યો હતો. નાની ઉંમરથી જ તે ન્યાયપ્રિય હતો. તે સનાતની ચુસ્ત બ્રાહ્મણની જેમ જીવન જીવતો. શંકરાચાર્યના ગ્રંથો અને અદ્વૈત વેદાંતે તેના પર મોટો પ્રભાવ પાડેલો. તેર-ચૌદ વર્ષની વયે રામકૃષ્ણના પરિચયમાં આવ્યા પછી તેનો જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલાઈ ગયો, ખાસ કરીને સ્ત્રીઓ પ્રત્યેનો. પાછળથી તે સ્વામી તુરીયાનંદ બન્યો.

બેલઘરિયાનો હરિપ્રસન્ન ચટ્ટોપાધ્યાય ઈ. ૧૮૮૩માં કોલેજમાં ભણતો હતો ત્યારે પોતાના મિત્રો શશી અને શરદની મારફતે રામકૃષ્ણના પરિચયમાં આવેલો. રામકૃષ્ણે તેને એક વાર પૂછેલું, ‘‘બારણે બારણે ફરીને ભિક્ષા માગવા તૈયાર છે?’’ તેણે તરત કહેલું, ‘‘હા, જી. તૈયાર છું.’’ પાછળથી સંન્યાસ ગ્રહણ કરી તેણે વિજ્ઞાનાનંદ નામ ધારણ કરેલું અને વર્ષો સુધી રામકૃષ્ણ સંઘનું અધ્યક્ષસ્થાન શોભાવ્યું હતું.

ગંગાધર ઘટક હરિનાથ ચટ્ટોપાધ્યાયનો મિત્ર હતો. ઈ. ૧૮૮૪માં ચૌદ વર્ષની વયે તે જ્યારે અંગ્રેજી બીજા ધોરણમાં ભણતો હતો ત્યારે હરિનાથ સાથે રામકૃષ્ણને મળવા ગયો હતો. તેમણે તેને નરેન્દ્ર સાથે દોસ્તી કરવાની સલાહ આપી. નરેન્દ્રની દોસ્તીથી તેની વૈરાગ્યવૃત્તિ પ્રબળ બની. કાશીપુરમાં રામકૃષ્ણ જ્યારે પોતાના આખરી દિવસો પસાર કરી રહ્યા હતા ત્યારે ગંગાધરે તેમની સેવાચાકરી કરી હતી. સંન્યાસ લીધા પછી અખંડાનંદ બની તે રામકૃષ્ણ સંઘનો અધ્યક્ષ પણ થયો હતો.

ઈ. ૧૮૮૪માં રામકૃષ્ણના સંપર્કમાં આવનાર એક વિશિષ્ટ વ્યક્તિ હતા ગિરિશચંદ્ર ઘોષ. તેઓ બંગાળી સાહિત્યના મોટા ગજાના નાટકકાર અને રંગભૂમિના જાણીતા અભિનેતા હતા. વિલાસી અને વિક્ષિપ્ત જીવન જીવતા ગિરીશચંદ્રના જીવનમાં રામકૃષ્ણના સંપર્કે આમૂલ પરિવર્તન થયું.



રંગીલી દુનિયા સાથે સતત સંપર્કમાં રહેતા હોવાથી ગિરીશચંદ્ર શરાબ અને સુંદરીમાં લપટાયેલા હતા. રામકૃષ્ણે તેમને ઈશ્વરના સ્મરણનો નિયમ લેવા કહ્યું પણ નિયમહીનતાને વરેલા આ નાટ્યકાર માટે એ પણ શક્ય ન હતું. આખરે તેમણે રામકૃષ્ણને પોતાની જવાબદારીનું ‘મુખત્યારનામું’ આપીને નિરાંત અનુભવી. અહંનું વિલોપન કરવાથી ગિરીશચંદ્રનું જીવન ક્રમશઃ રામકૃષ્ણમય બનવા લાગ્યું.

મોટા થઈને ફિલસૂફ બનવાની મહત્ત્વાકાંક્ષા ધરાવનાર કાલીપ્રસાદ ચંદ્ર અંગ્રેજીના પ્રાધ્યાપકનો પુત્ર હતો. ઈ. ૧૮૮૩ના અંત ભાગમાં તે રામકૃષ્ણના સંપર્કમાં આવેલો. પ્રથમ મુલાકાત વખતે જ રામકૃષ્ણે તેને સ્પર્શ કરી ધ્યાનમાં બેસાડ્યો હતો. પોતાને યોગમાં રસ છે એમ કાલીએ કહ્યું. ત્યારે રામકૃષ્ણે તેને કહેલું, ‘‘પૂર્વજન્મમાં પણ તું યોગી હતો.’’ રામકૃષ્ણના માર્ગદર્શન પ્રમાણે તે સાધના કરવા લાગ્યો. એક વાર ધ્યાન દરમિયાન તેને એવી પ્રતીતિ થઈ કે રામકૃષ્ણ પૂર્વેના બધા અવતારોનું મૂર્તિમંત સ્વરૂપ છે. સંન્યાસ લીધા પછી તેણે અભેદાનંદ નામ ધારણ કરેલું.

હાઈસ્કૂલમાં અભ્યાસ કરતો સત્તર વર્ષનો યુવાન સુબોધ ઘોષ આધ્યાત્મિકતા તરફ ઝૂકેલો હતો. તેના પિતાએ કલકત્તામાં એક કાળીનું મંદિર બનાવડાવેલું. તેમણે પુત્રને ‘શ્રીરામકૃષ્ણનાં વચનામૃતો’ નામક પુસ્તક વાંચવા આપ્યું. એ વાંચીને તે એક મિત્ર સાથે ઈ. ૧૮૮૫માં દક્ષિણેશ્વર પહોંચી ગયો. તેને જોતાં જ રામકૃષ્ણે પૂછ્યું, ‘‘તું શંકર ઘોષના કુટુંબનો તો નહિ?’’ એ સાંભળી સુબોધને આશ્ચર્ય થયું. રામકૃષ્ણે કહ્યું, ‘‘તું અહીં આવવાનો છે તે હું જાણતો હતો. જેઓ આધ્યાત્મિક ભૂમિકાને પ્રાપ્ત કરવાના હોય છે તેમને મા અહીં મોકલે છે.’’ રામકૃષ્ણના દિવ્ય

સ્પર્શ થતાંવેંત સુબોધની ગૂઢ આધ્યાત્મિકતા જાગી ઊઠી. સમય જતાં તે સંન્યાસ લઈ સુબોધાનંદ બનેલો.

ઈ. ૧૮૮૫માં રામકૃષ્ણના સંપર્કમાં આવેલો તેર વર્ષનો પૂર્ણચંદ્ર ઘોષ વિદ્યાનગર સ્કૂલમાં અભ્યાસ કરતો હતો. તેને જોઈ રામકૃષ્ણે કહેલું, ‘‘પૂર્ણમાં ભગવાન નારાયણના જેવાં કેટલાંક લક્ષણો છે. તે સંપૂર્ણ સાત્ત્વિક પ્રકૃતિનો છે. આધ્યાત્મિક પ્રકાશ મેળવવા માટે અહીં (મારી પાસે) આવનારા ભક્તોની જે તેજસ્વી હારમાળા મેં સમાધિમાં જોઈ હતી તેમાં આ પૂર્ણ સૌથી છેલ્લો છે.’’ પૂર્વજન્મોની સાધનાને પરિણામે નાની ઉંમરમાં જ તેણે ઉચ્ચ પ્રકારની આધ્યાત્મિકતા પ્રગટ કરેલી. રામકૃષ્ણ કહેતા, ‘‘આ પ્રકારના ભક્તો, પ્રથમ ફળ અને પછી ફૂલ આપનાર દૂધી કે કેળાના વેલા જેવા હોય છે. આવા ભક્તોને પ્રથમ ઈશ્વરનાં દર્શન થાય છે અને પછી આધ્યાત્મિક સાધના તરફ વળે છે.’’

રામકૃષ્ણના આ પ્રમુખ શિષ્યોની સૂચિ પરથી સ્પષ્ટ થશે કે ગરીબ નોકર લાટુ સિવાય મોટા ભાગના શિષ્યો બુદ્ધિશાળી અને પ્રતિષ્ઠિત, બ્રાહ્મણ તથા ઉચ્ચ મધ્યમવર્ગના હતા. તે કાં તો કિશોર હતા કાં યુવક, તેમાંના ઘણાખરા બ્રહ્મસમાજમાંથી આવ્યા હતા. રામકૃષ્ણના શિષ્યોની સંખ્યા તો ખૂબ મોટી હતી પણ તે પૈકી જે પૂર્ણપણે તેમના અનુયાયી થયા એવા પ્રમુખ શિષ્યોનો ઉલ્લેખ અહીં કર્યો છે.

રામકૃષ્ણે પોતાના પ્રમુખ શિષ્યોને કહ્યું હતું, ‘‘હવે આપણે નવા પાયા પર ઈમારત ઊભી કરવી પડશે. આપણે એક એવું આંતરિક જીવન પસાર કરવું પડશે કે એ એક પરમ સત્તાનું રૂપ ધારણ કરી લે. અને એ પરમ સત્તા સત્યનો અવર્ણનીય પ્રકાશ ફેલાવશે.’’

રામકૃષ્ણના પ્રમુખ શિષ્યોમાં એક હતા નરેન્દ્રનાથ દત્ત. તે



અસાધારણ ગુરુના અસાધારણ શિષ્ય હતા. રામકૃષ્ણને તેઓ મળ્યા ત્યારે પ્રથમ દૃષ્ટિપાતથી જ તેમને તેને માનવજાતિના આધ્યાત્મિક નેતા રૂપે પસંદ કરી લીધો.

નરેન્દ્રનાથ દક્ષિણેશ્વરમાં આવ્યા તે પૂર્વે રામકૃષ્ણને તેમની ઝાંખી થઈ હતી. તેમના શબ્દોમાં જ જોઈએ :

‘‘એક દિવસ મેં જોયું કે મારું ચિત્ત સમાધિ-અવસ્થામાં કોઈ તેજોમય માર્ગે ઉપર ને ઉપર વિહરી રહ્યું છે. તારાખચિત બ્રહ્માંડને સત્વર વટાવીને એણે મનોમય સૂક્ષ્મતર પ્રદેશમાં પ્રવેશ કર્યો. એ ઊંચે ને ઊંચે ચડતું ગયું ત્યારે મેં માર્ગની બંને બાજુએ દેવદેવીઓનાં તેજપૂર્ણ સ્વરૂપો જોયાં. પછી ચિત્ત એ પ્રદેશની અંતિમ સીમાએ પહોંચ્યું. ત્યાં નિરપેક્ષ તત્ત્વના પ્રદેશને પૃથક્ કરનાર એક જ્યોતિર્મય કોટ હતો. એ કોટને ઓળંગીને ચિત્ત એક એવા અતીન્દ્રિય પ્રદેશમાં પહોંચ્યું જ્યાં કોઈ પણ દેહધારી પ્રાણી દૃષ્ટિગોચર થતું ન હતું. પરંતુ બીજી જ ક્ષણે મેં સાત મહાન ઋષિઓને ત્યાં સમાધિસ્થિતિમાં લીન થઈ રહેલા જોયા. પ્રશંસામુગ્ધ થઈને હું એમની મહત્તાનો વિચાર કરી રહ્યો હતો ત્યાં મેં એ અખંડ દેદીપ્યમાન પ્રદેશના અમુક ભાગને એક દેવશિશુનું રૂપ ધારણ કરતો જોયો. એ શિશુ એક ઋષિ પાસે આવ્યો, પોતાના નાનકડા સુંદર હાથ વડે હળવે રહી એમની ડોકે વળગી પડ્યો અને મધુર સ્વરે એમને બોલાવીને સમાધિદશામાંથી એમના ચિત્તને નીચે ઉતારવાનો પ્રયત્ન કરવા લાગ્યો. એના જાદુઈ સ્પર્શથી ઋષિ અતિચેતન અવસ્થામાંથી જાગ્રત થયા. એમણે પોતાની સ્થિર અને અર્ધમીંચેલી આંખોને પેલા અદ્ભુત બાળક પર ઠેરવી. પેલા અદ્ભુત બાળકે પરમાનંદપૂર્વક એમને કહ્યું, ‘‘હું પૃથ્વી પર જાઉં છું, તમારે પણ સાથે આવવાનું છે.’’ ઋષિ ચૂપ રહ્યા, પણ એમની આંખોએ સંમતિ

સૂચવી દીધી. મેં આશ્ચર્યપૂર્વક જોયું કે દેદીપ્યમાન તેજ રૂપે એ ઋષિનો એક અંશ પૃથ્વી પર ઊતરી રહ્યો છે. મેં નરેન્દ્રને જોયો કે તરત જ મને થયું કે આ જ પેલા ઋષિ!''

પાછળથી શિષ્યો સમક્ષ રામકૃષ્ણે સ્વીકાર્યું હતું કે એ બાળક તેઓ પોતે જ હતા.

નરેન્દ્રનો જન્મ કલકત્તાના સીમલા વિભાગમાં રહેતા સમૃદ્ધ અને પ્રતિષ્ઠિત દત્તપરિવારમાં થયો હતો. એ પરિવારના વડા દુર્ગાચરણે પોતાના ઘરે પ્રથમ સંતાનનો જન્મ થતાં જ સંસારનો ત્યાગ કર્યો હતો. એ સંતાનનું નામ વિશ્વનાથ. તેમણે વકીલાતનો વ્યવસાય કરીને પુષ્કળ કમાણી કરી હતી પણ તેઓ વધુ પડતા ઉદાર હતા. સ્વજનો તેનો ગેરલાભ ઉઠાવતા. એમનાં પત્ની ભુવનેશ્વરીદેવી ગુણિયલ હતાં. આ સુખી દંપતીને ત્યાં ઈ. ૧૮૬૩ની બારમી જાન્યુઆરી, મકરસંક્રાન્તિના દિવસે નરેન્દ્રનો જન્મ થયો હતો.

ખડતલ શરીર અને દૃઢ મનોબળવાળો નરેન્દ્ર પોતાના સાથીઓમાં જુદો જ તરી આવતો. કુશાગ્ર બુદ્ધિ, અસાધારણ સ્મરણશક્તિ, ઊંડી ચિંતનશીલતા, સતેજ કલ્પનાશક્તિ, સત્યપ્રેમ, સ્વાતંત્ર્યપ્રિય દિમાગ, કર્મરત રહેવાની તમન્ના અને દીનદરિદ્ર પ્રતિ સહાનુભૂતિ વગેરે ગુણો તેનામાં બાળપણથી જ જણાવા લાગ્યા હતા.

નરેન્દ્રની પ્રકૃતિ આધ્યાત્મિક હતી. મનની એકાગ્રતા તેની ખાસ વિશિષ્ટતા હતી. દેવતાઓની મૂર્તિઓ સમક્ષ તે ધ્યાનમાં બેસતો. એ એને ખૂબ ગમતું. એક દિવસ ઓરડાનાં બારણાં બંધ કરી તે એવો ધ્યાનમગ્ન થઈ ગયો કે એની શોધાશોધ થઈ. આખરે બારણાં તોડી તેને ઢંઢોળ્યો ત્યારે તેને ભાન આવ્યું. કુસ્તીનો તેને શોખ હતો. સંગીતમાં પણ તેણે



સારો વિકાસ સાધ્યો હતો. તેની પ્રતિભાના વિકાસમાં તેના પિતાનો ઘણો ફાળો હતો.

નરેન્દ્ર કોલેજમાં પોતાની તીવ્ર બુદ્ધિ માટે જાણીતો હતો. ભૌતિકશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર તથા ભારતીય પાશ્ચાત્ય ભાષાઓ માટેનો તેનો પ્રેમ ધ્યાનાકર્ષક હતો. તેણે અંગ્રેજી અને સંસ્કૃત કવિઓનો અભ્યાસ કર્યો હતો, ગ્રીન તથા ગિબનના ઐતિહાસિક ગ્રંથોનું સારી રીતે મનન કર્યું હતું. દાર્શનિક વાદવિવાદમાં તેને રસ હતો. યુવાવસ્થામાં તેને સુખસુવિધા તથા વિલાસસામગ્રી ઉપલબ્ધ હોવા છતાં તેણે સ્વેચ્છાએ કઠોર બ્રહ્મચર્યનું વ્રત ગ્રહણ કર્યું હતું.

કોલેજકાળ દરમિયાન નરેન્દ્રે પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કર્યો હતો. અભ્યાસની સાથે સાથે એના હૃદયમાં આંતરિક મથામણ ચાલુ હતી. ધર્મની શુષ્ક વ્યાખ્યાઓ તેને સંતુષ્ટ કરી શકતી ન હતી. તે તપસ્વી જેવું જીવન જીવતો. જમીન પર એક કામળી પર તે સૂઈ રહેતો અને કલાકો સુધી ધ્યાનમાં બેસતો. એ દિવસો અંગે તેણે કહેલું : 'યુવાવસ્થાથી જ મને રોજ રાતે ઊંઘમાં બે સ્વપ્નાં આવતાં. એક સ્વપ્નમાં હું જગતના મોટા ગણાતા લોકોની વચ્ચે બેઠેલો મને જોતો. મારી પાસે પુષ્કળ, ધન, માન, સત્તા અને કીર્તિ હોય અને મનમાં થાય કે એ બધું મેળવવાની તાકાત મારામાં છે. પણ ત્યાર પછી મને એવું સ્વપ્ન દેખાય છે કે જેમાં હું સંસારની સર્વ ચીજોનો ત્યાગ કરીને માત્ર કૌપીન ધારણ કરીને ભિક્ષાન્ન ખાઈને રહું છું, આકાશ નીચે સૂઈ રહું છું અને મનમાં થાય કે આ રીતે સર્વસ્વ ત્યાગી સંન્યાસીની પેઠે રહેવાની શક્તિ પણ મારામાં છે. આ બે સ્વપ્નચિત્રોમાંથી બીજું પ્રબળ થતું, અને મને લાગતું કે માણસ આ રીતે જ પરમાનંદ પ્રાપ્ત કરી શકે... એ સ્વપ્નના આનંદનો અનુભવ કરતાં

કરતાં મને ઊંઘ આવી જતી.''

નરેન્દ્રી ઈશ્વરસાક્ષાત્કાર કરવાની તાલાવેલી વધતી ચાલી. એ સમયના અનેક બુદ્ધિશાળી યુવકોની પેઠે તે પણ બ્રહ્મસમાજમાં જોડાયો. પણ બ્રહ્મસમાજના ઉપદેશોએ એની તૃષા છિપાવી નહીં. આવી સંક્ષોભપૂર્ણ મનઃસ્થિતિમાં તે ઈ. ૧૮૮૦ના નવેમ્બર માસમાં સુરેન્દ્રનાથ મિત્રના ઘરે એક ઉત્સવમાં રામકૃષ્ણને મળ્યો. એ વખતે અઢાર વર્ષનો નરેન્દ્ર કોલેજની પહેલી પરીક્ષાની તૈયારી કરી રહ્યો હતો. એ પ્રસંગે તેણે એક ભાવપૂર્ણ ભજન ગાયું. રામકૃષ્ણની વેધક નજરે એ નવયુવકના આત્માને ઊંડાણ સુધી નિહાળી લીધો અને પસંદ કરી લીધો. એને દક્ષિણેશ્વર આવવાનું એમણે આમંત્રણ આપ્યું.

પરીક્ષા પછી નરેન્દ્ર પિતાના સૂચનથી સુરેન્દ્રનાથ અને અન્ય મિત્રો સાથે દક્ષિણેશ્વર ગયો. રામકૃષ્ણના અનુરોધથી તેણે કેટલાંક બંગાળી ભજનો ગાયાં. એ સાંભળી રામકૃષ્ણને ભાવાવેશ થઈ આવ્યો. એ પછી શું બન્યું એ નરેન્દ્રનાથ શબ્દોમાં જોઈએ :

''મેં ભજન તો ગાયું, પણ પછી તરત તેઓ એકદમ ઊઠ્યા અને મારો હાથ પકડીને મને ઉત્તરની ઓસરીમાં લઈ ગયા. અમે બંને એકલા હતા. મેં ધાર્યું કે તેઓ મને કંઈક ખાનગી ઉપદેશ આપશે, પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે મારો હાથ ઝાલીને તેઓ તો પુષ્કળ હર્ષાશ્રુ વહાવવા લાગ્યા. પછી કેમ જાણે કે કેટલાયે સમયથી તેમનો પરિચિત હોઉં એ રીતે પ્રેમપૂર્વક એ બોલવા લાગ્યા : 'અરે, આટલું બધું મોડું અવાય કે? સંસારી લોકોની વાતો સાંભળી સાંભળીને મારા કાન સળગી ગયા છે. અરે, મારી અનુભૂતિઓ ઝીલી શકે એવી કોઈ વ્યક્તિ આગળ મારા મનનો ભાર હળવો કરવા હું કેવો ઝંખી રહ્યો છું!' ડૂસકાં ખાતાં ખાતાં એમણે આમ બોલ્યે જ રાખ્યું. બીજી જ પળે હાથ જોડીને તેઓ મારી સમક્ષ ઊભા રહ્યા



અને કહેવા લાગ્યા, 'પ્રભો! હું જાણું છું કે તમે તે પ્રાચીન નરઋષિ છો અને માનવજાતિનાં દુઃખો દૂર કરવા માટે ધરતી ઉપર અવતર્યા છો...' અને એ રીતે તેઓ બોલતાં જ રહ્યા!

''તેમના આવા વર્તનથી હું આશ્ચર્યચકિત થઈ ગયો. મને લાગ્યું કે આ માણસ તદ્દન પાગલ હોવો જોઈએ.''

ત્યાર બાદ રામકૃષ્ણે નરેન્દ્રને મીઠાઈ ખવડાવી અને ફરીથી જલદી મળવા આવવાનું વચન લીધું. તેમનાથી છુટકારો મેળવવા નરેન્દ્રે વચન તો આપ્યું પણ પછી તેના મનમાં પરસ્પર વિરોધી વિચારો ઊભરાવા લાગ્યા. ક્યારેક તેને લાગતું કે રામકૃષ્ણ પવિત્ર પુરુષ છે, સાચા સંત છે, તો ક્યારેક તેને થતું કે એ પાગલ છે.

પહેલી મુલાકાત પછી લગભગ એકાદ માસ પછી નરેન્દ્ર એકલો દક્ષિણેશ્વર ગયો. બીજી મુલાકાત વિશેષ વિસ્મયકર નીવડી. રામકૃષ્ણે તેને પ્રેમપૂર્વક પોતાની પાસે બેસાડ્યો. પછી તેની નજીક સરકી તેમણે પોતાનો જમણો પગ તેની છાતી પર મૂકી દીધો. એ પછી શું થયું એ નરેન્દ્રના શબ્દોમાં જોઈએ :

''એમનો એ સ્પર્શ થતાંવેંત મને કોઈ અકલ્પ્ય અનુભવ થયો. આંખો ઉઘાડી હોવા છતાં મેં જોયું કે દીવાલો અને ઓરડામાંની તમામ ચીજવસ્તુઓ એકદમ ફરવા લાગી ને શૂન્યમાં લય પામી જાય છે અને મારા સહિત આખું વિશ્વ એક સર્વગ્રાહી શૂન્યમાં ગરક થઈ જવાની અણી ઉપર છે! હું તો અત્યંત ભયભીત થઈ ગયો. મને થયું કે હું મૃત્યુના મુખમાં છું. કારણ કે વ્યક્તિત્વનો લોપ એટલે જ મૃત્યુ એ ખ્યાલ આવતાંની સાથે જ મારાથી રહેવાયું નહિ. હું બરાડી ઊઠ્યો : 'અરે, તમે મને આ શું કરી રહ્યા છો? ઘેર મારાં માતાપિતા બેઠાં છે!' આ સાંભળીને એ મોટેથી હસી

પડ્યા અને મારી છાતી ઉપર હાથ ફેરવીને બોલ્યા, 'ઠીક, હમણાં રહેવા દે. વખત આવ્યે બધું થઈ રહેશે.' આશ્ચર્યની વાત તો એ કે એમણે આમ કહ્યું કે તરત જ મારો એ વિચિત્ર અનુભવ દૂર થઈ ગયો! હું ફરી સ્વસ્થ થયો. અને મેં જોયું કે ઓરડાની અંદર તેમ જ બહારની દરેક વસ્તુ પહેલાંની જેમ યથાસ્થાને જ રહેલી છે.''

અદ્‌ભુત માણસના સંકલ્પ માત્રથી થોડી ક્ષણોમાં જ આવો અવર્ણની. અનુભવ પ્રાપ્ત કર્યા પછી નરેન્દ્રને સમજાયું કે એ માણસ પાગલ ન હોઈ શકે. બાળક જેવા સરળ અને પવિત્ર જણાતા એ અદ્‌ભુત માણસની પાછળ રહેલા સત્યનો તાગ મેળવવાનો નરેન્દ્રે સંકલ્પ કર્યો. એકાદ અઠવાડિયા પછી જ્યારે તેમની ત્રીજી મુલાકાત થઈ ત્યારે નરેન્દ્રે નિશ્ચય કર્યો હતો કે કોઈ પણ સંજોગોમાં રામકૃષ્ણના પ્રભાવ નીચે ન આવવું. પણ આ વખતે પણ રામકૃષ્ણ જીતી ગયા. તેમના સ્પર્શ માત્રથી તે બાહ્ય ભાન ગુમાવી ચૂક્યો.

નરેન્દ્રની એ બાહ્યજ્ઞાનરહિત અવસ્થામાં શું થયું એ રામકૃષ્ણના શબ્દોમાં જોઈએ : ''નરેન્દ્રની એ અવસ્થા દરમિયાન મેં એને કેટલાક પ્રશ્નો પૂછ્યા. મેં એને એનો પૂર્વવૃત્તાંત, જે સ્થાનેથી તે આવ્યો હતો તે. આ સંસારમાં જે કાર્ય માટે તે આવ્યો છે તે કાર્ય, તેમ જ તે કેટલો સમય આ પૃથ્વી પર રહેશે, વગેરે મેં તેને પૂછ્યું હતું. તેણે પોતાના અંતરમાં ઊંડા ઊતરીને મારા પ્રશ્નોના યોગ્ય ઉત્તરો આપ્યા હતા. એના એ ઉત્તરો મેં એના વિષે કરેલાં અવલોકનો તેમ જ અનુમાનોને ખરાં પુરવાર કરતાં હતાં. એ બધું તો ગુપ્ત રહેશે. પરંતુ મને ખાતરી થઈ કે નરેન્દ્ર એ પેલા પૂર્ણાવસ્થાએ પહોંચેલા અને ધ્યાનસિદ્ધ ઋષિ જ છે, અને જે દિવસે એને પોતાના એ ખરા સ્વરૂપનું જ્ઞાન થશે તે દિવસે યોગબળથી સ્વેચ્છાએ એ



પોતાના દેહનો ત્યાગ કરી દેશે.''

ત્રણ મુલાકાતોને અંતે નરેન્દ્રને ખાતરી થઈ ગઈ કે આ કોઈ પાગલ માણસ નથી પણ એના દ્વારા કોઈ અલૌકિક શક્તિ કાર્ય કરી રહી છે. એમના પ્રત્યે એને પૂજ્યભાવ થયો પણ હજુ તેમને તે પોતાના ગુરુ બનાવવા તૈયાર ન હતો. તે પ્રત્યેક બાબતને બુદ્ધિથી ચકાસનારો સંશયાત્મા હતો. શાસ્ત્રોની કેટલીક વાતોની તે મજાક કરતો. તેણે એક વાર રામકૃષ્ણને પણ કહેલું, ''જો લાખો માણસો તમને પરમાત્મા કહે, પણ મને તેનું કોઈ પ્રમાણ ન મળે તો હું એ વાત માનું નહીં.''

રામકૃષ્ણે હસતાં હસતાં નરેન્દ્રની વાતનું સમર્થન કરતાં શિષ્યોને કહેલું, ''હું કહું છું તેથી જ કોઈ વાત ન સ્વીકારો. તમે જાતે પ્રત્યેક બાબતની પરીક્ષા કરી ખાતરી કરો.''

રામકૃષ્ણને નરેન્દ્ર પ્રત્યે અપાર નિઃસ્વાર્થ પ્રેમ હતો. સામાન્ય સંજોગોમાં તે અઠવાડિયામાં બે વાર દક્ષિણેશ્વર જતો. પણ કોઈ કારણવશાત્ તે અઠવાડિયા સુધી દેખાતો નહિ તો રામકૃષ્ણ વ્યાકુળ થઈ જતા અને તેને બોલાવવા માણસ મોકલતા.

નરેન્દ્ર દંભ અને અન્યાયનો કટ્ટર વિરોધી હતો. જ્યાં તેને એ જોવા મળતા ત્યાં તે નિર્ભયતાપૂર્વક ટીકા કરતો. એના આખાબોલાપણાને લીધે કેટલાક લોકો તેને અભિમાની કહેતા, પરંતુ રામકૃષ્ણ જાણતા હતા કે 'નરેન્દ્ર સો ટચનું સોનું છે. એનાં દેખીતાં અભિમાન અને અસહિષ્ણુતાની પાછળ એનાં અદ્‌ભુત સ્વાશ્રય અને આત્મસંયમ રહેલાં છે. લોકમતની એની બેપરવાઈ પાછળ એની જન્મજાત આત્મશુદ્ધિ કાર્ય કરી રહી છે.'

રામકૃષ્ણ પોતાના શિષ્યોની બરાબર પરીક્ષા કર્યા પછી જ એમનો સ્વીકાર કરતા. નરેન્દ્ર પણ એમાં અપવાદ ન હતો. એક દિવસ નરેન્દ્રને

પંચવટીમાં બોલાવી રામકૃષ્ણે કહ્યું, 'કઠોર તપશ્ચર્યા કરીને મેં દૈવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે, પરંતુ મારે તેમનો શો ઉપયોગ? માને પૂછીને મેં એ સિદ્ધિઓ તને આપી દેવાનો વિચાર કર્યો છે. જો હું આ સિદ્ધિઓ તને આપી દઉં તો જરૂર પડતાં એમનો તું ઉપયોગ કરી શકે. બોલ, આ બાબતમાં તારું શું કહેવું છે?'

રામકૃષ્ણે સિદ્ધિઓ સંપ્રાપ્ત કરી હતી એ નરેન્દ્ર જાણતો હતો. એણે પૂછ્યું, ''એ સિદ્ધિઓ શું ઈશ્વરનો સાક્ષાત્કાર કરવામાં મને કામ આવશે?''

રામકૃષ્ણે ઉત્તર આપ્યો, ''ના, પરંતુ ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યા પછી જ્યારે તું નું કાર્ય કરીશ, ત્યારે એ બધી તને ઉપયોગી થઈ પડશે.''

નરેન્દ્ર : ''તો મારે એ સિદ્ધિઓ ન જોઈએ. પહેલાં મને ઈશ્વરનાં દર્શન થવા દો. ત્યાર પછી મને ખબર પડશે કે મારે એમની જરૂર છે કે નહિ. જો હમણાં જ એ સિદ્ધિઓ હું સ્વીકારું તો કદાચ હું મારું ધ્યેય ચૂકી જાઉં અને કોઈ સ્વાર્થી હેતુ માટે એમનો ઉપયોગ કરીને દુઃખી થઈ જાઉં.''

નરેન્દ્રના શબ્દો સાંભળી રામકૃષ્ણ ખૂબ ખુશ થયા.

ઈ. ૧૮૮૪ના પ્રારંભે નરેન્દ્રના વધુ પડતા ઉદાર અને ઉડાઉ પિતાનું અવસાન થયું. તેમના અવસાને કુટુંબને ગરીબીમાં મૂકી દીધું. છ-સાત વ્યક્તિઓના ભરણપોષણની જવાબદારી નરેન્દ્ર ઉપર આવી પડી. તે નોકરી શોધવા લાગ્યો. નોકરી તો ન મળી પણ ખૂબ કટુ અનુભવો થયા.

થોડા મહિનાના કટુ અનુભવે નરેન્દ્રની ઈશ્વશ્રદ્ધા ડગમગી ગઈ. તેણે ઈશ્વર સામે બંડ પોકાર્યું. એને કારણે એના પર શરાબી, ચારિત્ર્યહીન અને નાસ્તિક હોવાના આરોપ મુકાયા.

આ બધી વાતો મીઠામરચાં સહિત રામકૃષ્ણ પાસે પહોંચી પણ



રામકૃષ્ણ એ માનવા તૈયાર ન થયા. તેમને ખાતરી હતી કે નરેન્દ્રનું અધઃપતન શક્ય ન હતું.

નરેન્દ્રને દુષ્કર સ્થિતિમાં પણ ઈશ્વરની કરુણાની અનુભૂતિ થઈ. રામકૃષ્ણને મળ્યા પછી તેને આશ્વાસન પ્રાપ્ત થયું. પછી એક દિવસ તેને વિચાર આવ્યો કે જગદંબા તો રામકૃષ્ણની પ્રાર્થના સાંભળે છે, તો પછી મારી આર્થિક તંગી નિવારવા માટે મારા વતી પ્રાર્થના કરવાનું એમને શા માટે ન કહેવું? મારી એ વિનંતીનો એ અસ્વીકાર નહિ કરે.

નરેન્દ્રે રામકૃષ્ણને વિનંતી કરી. રામકૃષ્ણે તેને જાતે જ જઈ માગણી કરવા સૂચવ્યું. રાત્રે નવ વાગ્યે નરેન્દ્ર મંદિરમાં ગયો. તેણે શું પ્રાર્થના કરી? ''મા! મને વિવેક આપો! મને વૈરાગ્ય આપો! જ્ઞાન અને ભક્તિ આપો!''

ત્રણ ત્રણ વાર મંદિરમાં જવા છતાં નરેન્દ્ર આર્થિક માગણી કરી ના શક્યો. તેણે માત્ર જ્ઞાન અને ભક્તિ જ માગ્યાં. આવું કેમ થયું તે તેને સમજાયું નહિ. રામકૃષ્ણે તેને કહ્યું : ''તું સાંસારિક સુખ ભોગવવા માટે સર્જાયો નથી.''

આ પ્રસંગ નરેન્દ્રના જીવનનો સીમાચિહ્ન પ્રસંગ હતો. ત્યાં સુધી ઈશ્વરના જગદંબાસ્વરૂપનું રહસ્ય તેને માટે અજ્ઞાત હતું. આ પ્રસંગ પછી તે મૂર્તિપૂજાનો અર્થ અને હેતુ સમજ્યો. એને પરિણામે એનું આધ્યાત્મિક જીવન વિશેષ પરિપૂર્ણ અને સમૃદ્ધ થયું. નરેન્દ્રમાં થયેલા આ પરિવર્તનથી રામકૃષ્ણ ખૂબ રાજી થયા.

વિવેકાનંદ બન્યા પછી નરેન્દ્રનાથે કહ્યું હતું, ''રામકૃષ્ણ જ એક એવા માણસ હતા જેમનો મારા પર અતૂટ વિશ્વાસ હતો. મારી માતા તથા ભાઈઓએ પણ મારામાં એવો વિશ્વાસ મૂક્યો ન હતો. મારા તરફ

તેમણે જે અખૂટ વિશ્વાસ અને પ્રેમ દર્શાવ્યાં એનાથી હું હંમેશ માટે એમની સાથે બંધાઈ રહ્યો. માત્ર તેઓ જ પ્રેમના અસલી અર્થને સમજતા હતા. સંસારીઓ તો કેવળ સ્વાર્થ સાધવા માટે પ્રેમનો ડોળ જ કરતા હોય છે.''

રામકૃષ્ણના જીવનના અંતિમ દિવસોમાં નરેન્દ્ર તેમને અવારનવાર પોતાને નિર્વિકલ્પ સમાધિનો અનુભવ કરાવવા વિનંતી કરતો. એક દિવસ કાશીપુરના ઉદ્યાનમાં તેને એ સમાધિ પ્રાપ્ત થઈ ગઈ. પછી જ્યારે તે બાહ્ય ભાનમાં આવ્યો ત્યારે ગુરુ પાસે ગયો. ગુરુએ તેને કહ્યું, ''હવે તો તેં અનુભવ કર્યો ને? આ (ઉચ્ચતમ ઉપલબ્ધિ) હવે તાળાકૂંચીમાં રહેશે. તારે માનું કામ પૂરું કરવાનું છે. કામ પૂરું થયા પછી તે જાતે તાળું ખોલશે.''

નરેન્દ્રે કહ્યું, ''ગુરુજી! હું સમાધિમાં ખૂબ સુખી હતો.મારા અસીમ આનંદમાં હું બાહ્ય સંસારને બિલકુલ ભૂલી ગયો હતો. હું ઈચ્છું છું કે તમે મને એ અવસ્થામાં રહેવા દો.''

રામકૃષ્ણ બરાડી ઊઠ્યા, ''કેટલી શરમની વાત છે! તું કેવી રીતે આવી ચીજોને ચાહે છે? હું તો વિચારતો હતો કે તું એવું વિરાટ પાત્ર છે જે સમગ્ર જીવનને પોતાની અંદર ભરી લેશે. પરંતુ તું સામાન્ય માણસની માફક વૈયક્તિક આનંદમાં મસ્ત રહેવા માગે છે? જા, તું જોઈશ કે માના આશીર્વાદથી તારા માટે આ ઉપલબ્ધિ એટલી સહજ થઈ જશે કે તું તારી સાધારણ અવસ્થામાં પણ બધા જીવોમાં એક ઈશ્વરને જોઈશ. તું સંસારમાં મહાન કાર્ય કરીશ, તું મનુષ્યોમાં આધ્યાત્મિક ચેતના જગાડીશ અને દીનદુઃખીઓનાં કષ્ટ દૂર કરીશ.''

નરેન્દ્રના જીવનનું પ્રયોજન શું છે એ રામકૃષ્ણ જાણતા હતા અને નરેન્દ્રની ઈચ્છા ન હોવા છતાં તેમણે તેને તે કાર્યમાં પ્રવૃત્ત કર્યો હતો.



## ૯.

રામકૃષ્ણના પ્રમુખ શિષ્યો અને પ્રિય શિષ્ય નરેન્દ્ર વિશે આપણે જોયું. અહીં એમના અન્ય શિષ્યો, સ્ત્રીશિષ્યો, ભક્તો વિશે વાત કરીશું.

કેદારનાથ ચટ્ટોપાધ્યાય બ્રહ્મસમાજી હતા. ભક્તિની પ્રબળતા ધરાવનાર આ ગૃહસ્થ રામકૃષ્ણના ભક્ત બન્યા પછી ધીમે ધીમે સાંસારિક પદાર્થોની લાલસામાંથી મુક્ત બનવા લાગ્યા.

'હિંદુ પેટ્રીએટ' સામયિકના તંત્રી બાબુ કૃષ્ણદાસ પાલે રામકૃષ્ણની મુલાકાત લીધી હતી. રામકૃષ્ણે 'ત્યાગ' વિશેની એમની ગેરસમજ દૂર કરી હતી.

કલકત્તામાં કાશીપુરના મહિમાચરણ ચક્રવર્તી દક્ષિણેશ્વરમાં રામકૃષ્ણની મુલાકાત લેનારાઓ પૈકી શરૂઆતના શિષ્ય હતા, તેઓ ધર્મમય જીવન જીવવા ઈચ્છતા હતા પણ બીજી બાજુ તેમનામાં કીર્તિની લાસા પણ હતી. રામકૃષ્ણે તેમને શાસ્ત્રોનું વાચન ઓછું કરી ઈશ્વર-સાક્ષાત્કારના માર્ગે આગળ વધવા પ્રેર્યા હતા.

મધ્યમ વયના પ્રતાપચંદ્ર હાજરા મૂળ કામારપુકુર પાસેના એક

ગામના રહેવાસી હતા. દક્ષિણેશ્વરના મંદિરમાં તેઓ કેટલાંક વર્ષો રહ્યા હતા. પરંતુ તેમનું વલણ 'મુખમેં રામ ભીતરમેં દામ' જેવું દંભી હતું. રામકૃષ્ણે તેમને ચેતવ્યા અને યોગ્ય માર્ગ બતાવ્યો.

ઈ. ૧૮૮૧માં રામકૃષ્ણ પાસે આવનાર અને અસાધારણ ગુણો ધરાવનાર કિશોર હતો ભવનાથ ચટ્ટોપાધ્યાય. વડીલોની ચેતવણીને અવગણીને પણ તે અવારનવાર દક્ષિણેશ્વરમાં રાતવાસો કરતો. તે નરેન્દ્રનો ખાસ મિત્ર થઈ ગયેલો. જે ધન્ય ભક્તોને રામકૃષ્ણે 'નિત્યસિદ્ધ'ની કોટિના કહ્યા હતા તેમાં ભવનાથનો સમાવેશ થતો હતો.

નિત્યગોપાલ યુવાવસ્થાથી જ દક્ષિણેશ્વર જતો. તેને ભજનો સાંભળતાં જ ભાવાવેશ થઈ જતો. રામકૃષ્ણ તેના પર ખૂબ સ્નેહ રાખતા અને કહેતા કે તેણે તો પરમહંસ ભૂમિકા પ્રાપ્ત કરી છે. તેનામાં અસાધારણ પવિત્રતા હતી. તેના પ્રત્યે એક ભક્ત સ્ત્રી માતૃભાવ રાખતી અને અવારનવાર તેને પોતાના ઘેર બોલાવતી. રામકૃષ્ણે એ જાણી તેને કહેલું, ‘‘એને ત્યાં વારંવાર જવાની જરૂર નથી. સંન્યાસીએ તો કોઈ સ્ત્રીના ચિત્ર તરફ પણ નજર કરવાની ન હોય. કોઈ સ્ત્રી મોટી ભક્ત હોય તોપણ તેણે તેની સાથે હળવું મળવું ન જોઈએ.''

એક વાર રામકૃષ્ણ શ્રીમદ્ ભાગવતની કથા સાંભળતા ગયા હતા. ત્યાં તેમને બાબુરામ ઘોષનો મેળાપ થયો. તે રાખાલના વર્ગમાં ભણતો હતો. તેની સાથે તે દક્ષિણેશ્વર ગયો. વીસ વર્ષની વયે રામકૃષ્ણના પરિચયમાં આવેલા આ યુવાને સમય જતાં પોતાની જાત તેમને અર્પણ કરી દીધી. તેના સ્પર્શ માત્રથી રામકૃષ્ણને અનેક વાર સમાધિ થઈ જતી. આગળ ઉપર તેણે સંન્યાસ ધારણ કરી પ્રેમાનંદ નામ ધારણ કરેલું.

અઢાર વર્ષના યુવક નિત્યનિરંજન ઘોષનો કલકત્તાના કેટલાક પ્રેતાવાહન વિદ્યાવાળાઓ પ્રેતાત્માઓના આવાહનમાં 'માધ્યમ' તરીકે ઉપયોગ કરતા હતા. એનામાં અસાધારણ આધ્યાત્મિક શક્યતા હતી. રામકૃષ્ણના પરિચયમાં આવ્યા પછી તેમણે તેને કહ્યું, ‘‘જો તું ભૂતપ્રેતનો વિચાર કર્યા કરીશ તો ભૂતપ્રેત બનીશ અને જો તું ઈશ્વરનો વિચાર કરીશ તો ઈશ્વરરૂપ થઈશ. પસંદગી તારા હાથમાં છે.'' તેણે ઈશ્વરરૂપ બનવાનું નક્કી કર્યું. રામકૃષ્ણના અંતરંગ શિષ્યોમાં સ્થાન પામી તે બાદમાં નિરંજનાનંદ બની ગયો.



બાળપણમાં આસ્તિક વૃત્તિ ધરાવનાર વૈકુંઠનાથ સંન્યાલ જીવનના એક તબક્કે નાસ્તિક થઈ ગયેલા, પણ રામકૃષ્ણને મળ્યા પછી તેઓ ઉત્તરોત્તર આધ્યાત્મિક માર્ગે આગળ વધવા લાગ્યા.

રામકૃષ્ણના ગૃહસ્થ શિષ્યોમાં સૌથી મુખ્ય હતા દુર્ગાચરણ નાગ. ઈ. ૧૮૪૬માં એક ગરીબ પરિવારમાં તેમનો જન્મ થયો હતો. સત્યપ્રેમ અને મધુર સ્વભાવને લીધે તેઓ મિત્રવર્ગમાં અત્યંત પ્રિય હતા. સાપથી તેઓ ડરતા નહિ. તેઓ કહેતા, ‘‘માણસને જંગલનો સાપ હણતો નથી, પણ દુષ્ટ વાસનાનો સાપ જ હણે છે.'' નાની વયે તેમનું લગ્ન થયેલું. પ્રથમ પત્નીના અવસાન પછી આ વિરક્ત માણસને તેમના પિતાએ બીજી વાર લગ્ન કરવાની ફરજ પાડેલી. તે છતાં તેમના વિશુદ્ધ ચિત્તમાં કદાપિ વિકારની વૃત્તિ જન્મેલી નહીં. તેમના કુટુંબના કુલગુરુ પાસેથી તેમણે દીક્ષા લીધેલી.

સુરેશચંદ્ર દત્ત દુર્ગાચરણના મિત્ર હતા. તેમણે કેશવચંદ્ર સેન પાસેથી રામકૃષ્ણ વિશે સંભાળ્યું. બંને મિત્રો દક્ષિણેશ્વર ગયા. બે-ત્રણ મુલાકાતમાં જ રામકૃષ્ણ નાગ મહાશયના 'ઈષ્ટદેવતા' બની ગયા. એક દિવસ તેમણે રામકૃષ્ણ પાસે સંસારત્યાગ માટે રજા માગી. રામકૃષ્ણે કહ્યું, ‘‘ગૃહસ્થ

તરીકે રહેવામાં શો વાંધો છે? મનને કેવળ ઈશ્વરમાં પરોવી રાખવાનું છે. જનક રાજાની જેમ સંસારમાં રહો. તમારું જીવન ગૃહસ્થીએ કેવી રીતે રહેવું જોઈએ તેનું પ્રત્યક્ષ ઉદાહરણ બની જશે.'' ગુરુનો આદેશ સ્વીકારી તેઓ સંસારમાં રહ્યા પણ તેમનું મન સંન્યાસી બની ગયું.

દેવેન્દ્ર મઝુમદાર વિખ્યાત બંગાળી કવિ સુરેન્દ્રનાથ મઝુમદારના ભાઈ હતા. એક જમીનદારને ત્યાં તેઓ નોકરી કરતા હતા. ઈશ્વરાનુભૂતિની ઈચ્છા પ્રબળ થયા પછી તેઓ રામકૃષ્ણને મળ્યા. એ દિવસે તેમને તાવ આવ્યો. દોઢ માસ સુધી તેઓ બેભાન રહ્યા. લાંબા સમય બાદ તેઓ ફરી દક્ષિણેશ્વર ગયા અને રામકૃષ્ણની સૂચના પ્રમાણે આધ્યાત્મિક સાધના કરવા લાગ્યા. આધ્યાત્મિક પ્રગતિમાં તેમનું ગૃહસ્થી જીવન કશી હરકત ઊભી નહીં કરે એવી રામકૃષ્ણે તેમને ખાતરી આપેલી.

એક દિવસ એક પ્રતિષ્ઠિત પરિવારની સ્ત્રી રામકૃષ્ણને મળવા આવી. કુસંગ અને કુટેવનો ભોગ બનેલા પોતાના પતિને સન્માર્ગે વાળવા તેણે રામકૃષ્ણને વિનંતી કરી. તેમણે તેને કહ્યું, ''તારો પતિ તો ભગવાનનો ભક્ત છે.'' આ શબ્દોથી આશ્વસ્ત થઈ તે ઘરે ગઈ. તેના પતિનું નામ હતું કાલીપદ ઘોષ. તે ગિરીશચંદ્રનો મિત્ર હતો. તેમની પાસેથી રામકૃષ્ણ વિશે સાંભળી તે મળવા ગયો. પ્રથમ મુલાકાતમાં જ રામકૃષ્ણે તેને દીક્ષા આપી અને તેના ઘરે પણ ગયા. આગળ જતાં તે રામકૃષ્ણનો અગ્રણી શિષ્ય બન્યો અને 'વીરભક્ત' તરીકે જાણતો હતો.

શારદાપ્રસન્ન મિત્ર શ્રીમંત જમીનદાર-પરિવારમાં જન્મ્યો હોવા છતાં બાળપણથી તેનું ચિત્ત ધર્મપરાયણ હતું. રામકૃષ્ણના સંપર્કમાં આવ્યા પછી તેણે સંન્યાસ લીધો હતો.

૧૮ વર્ષનો તુલસીચરણ દત્ત પણ આકસ્મિક રીતે જ રામકૃષ્ણના



પરિચયમાં આવ્યો હતો, પછી તે તેમનો શિષ્ય થયો અને તેમની મહાસમાધિ પછી સંન્યાસ ગ્રહણ કરી નિર્મલાનંદ બન્યો.

પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની ખ્યાતિ સાંભળી રામકૃષ્ણને તેમને મળવાની ઈચ્છા થઈ. તેઓ મહેન્દ્રનાથ ગુપ્ત સાથે ઈ. ૧૮૮૨ની પાંચમી ઓગસ્ટે તેમના ઘરે ગયા. જલપાન કર્યા પછી તેમણે હસીને કહ્યું, ''આજ તો સાગરને આવીને મળ્યો!''

વિદ્યાસાગર બોલ્યા, ''ત્યારે એમાંથી થોડુંક ખારું પાણી કાઢી નાખો.''

રામકૃષ્ણ : ''ના રે ના! ખારું પાણી શેનું? તમે તો વિદ્યાના સાગર છો! તમે તો ક્ષીરસમુદ્ર છો!''

એ પછી રામકૃષ્ણે જીવ, બ્રહ્મ વગેરે વિષે વિસ્તારથી સદષ્ટાંત વાત કરી. સૌ મંત્રમુગ્ધ બની તેમની વાણી સાંભળી રહ્યા.

એ દિવસોમાં હિંદુ ધર્મની 'વૈજ્ઞાનિક' વ્યાખ્યા રજૂ કરીને બંગાળમાં ખ્યાતિ પ્રાપ્ત કરનાર પંડિત શશધર તર્કચૂડામણિને મળવા રામકૃષ્ણ ૧૮૮૪ની ૨૫મી જૂને હાજરાને સાથે લઈને ગયા હતા. જેને ભગવાનનો આદેશ મળ્યો નથી તેનાં પ્રવચનોની કિંમત કોડીની પણ નથી એમ જણાવી રામકૃષ્ણે કહ્યું, ''માણસને ગમે તેટલો ઉપદેશ આપો, પણ સમય પાક્યા વગર કંઈ વળવાનું નથી. જ્યારે સમય પાકે ત્યારે જ ઈશ્વરદર્શન માટે ઝંખના જાગે છે.''

રામકૃષ્ણથી પ્રભાવિત થયેલા પંડિત મોટા ભાઈ સાથે ૩૦મી જૂને દક્ષિણેશ્વર ગયા. ત્રણ દિવસ પછી બલરામને ઘરે ત્રીજી વાર મળ્યા. ત્રણે મુલાકાતોમાં આધ્યાત્મિક ચર્ચા થઈ.

વિખ્યાત બંગાળી નવલકથાકાર બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય માત્ર એક

વાર ઈ. ૧૮૮૪ ના ડિસેમ્બર માસમાં રામકૃષ્ણને મળ્યા હતા. તેમની વચ્ચે લાંબી વાતચીત થયેલી. રામકૃષ્ણે તેમને કેટલાંક કટુ સત્યો સંભળાવ્યાં અને કહ્યું : ''કેવળ સમુદ્રની સપાટી ઉપર જ તર્યા કરવાથી મોતી ન મળે. તમારે જો મોતી જોઈતું હોય તો તમારે ઊંડે ડૂબકી મારવી જોઈએ.'' રામકૃષ્ણ કોઈ પણ વિદ્વાન કે વિખ્યાત વ્યક્તિ સાથે વાત કરતી વખતે તે વ્યક્તિની ખ્યાતિથી અંજાતા નહીં અને પોતાને જે સાચું લાગે તે જ કહેતા. સત્ય કટુ હોય તોપણ તે કહેતાં તેઓ ગભરાતા નહિ.

રામકૃષ્ણની પ્રત્યે ભક્તિભાવ ધરાવનારા બીજા અનેક ભક્તો હતા. કનકનિયાવાસી ઈશાનચંદ્ર મુખરજી, નવગોપાલ ઘોષ, નાટ્યકાર ગિરીશચંદ્રનો ભાઈ અતુલકૃષ્ણ ઘોષ, બ્રહ્મસમાજી મણિલાલ મલ્લિક, નિત્યગોપાલ ગોસ્વામી, આંટપુરનો શ્યામાપાદ ભટ્ટાચાર્ય, બલરામ બોઝના પિતરાઈ ભાઈ હરિવલ્લભ, સુરેન્દ્રનો ભાઈ ગિરીન્દ્ર, અક્ષયકુમાર સેન ('રામકૃષ્ણ-પૂંથી'ના લેખક), નરેન્દ્રનાથ મિત્ર (છોટો નરેન) વગેરે ભક્તો ઉલ્લેખનીય છે.

રામકૃષ્ણની ભક્તમંડળીમાં અનેક સ્ત્રીભક્તોનો પણ સમાવેશ થયો હતો. કેટલીક સ્ત્રીઓએ તો તેમની શિષ્યાઓ બનવાનું સદ્ભાગ્ય સાંપડ્યું હતું. રામકૃષ્ણે આ ભક્ત સ્ત્રીહૃદયમાં અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શિશુસહજ નિર્દોષતાથી તેઓ તેમની સાથે વાતચીત કરતી અને અનેક બાબતોમાં તેમની સલાહ પણ લેતી.

પોતાની ભક્ત સ્ત્રીઓમાં રામકૃષ્ણે મનમોહન મિત્રની માતાને ઊંચું સ્થાન આપ્યું હતું. આ સ્ત્રીમાં આધ્યાત્મિકતાનો ઘણો ઊંડો વિકાસ થયો હતો. પોતાનો જમાઈ સંસારત્યાગ કરવાનો છે એવું એણે જ્યારે જાણ્યું ત્યારે તેણે ગર્વપૂર્વક કહેલું, ''જે ઘડીએ મારો જમાઈ ઈશ્વરની



શોધમાં આ સંસારનો ત્યાગ કરશે અને સાધુસંતોની સેવામાં પોતાનું જીવન સમર્પી દેશે, તે ઘડી મારા જીવનની પરમ ધન્ય ઘડી હશે.''

રામકૃષ્ણના ભક્તમંડળમાં 'જોગીન મા' તરીકે જાણીતી થયેલી બાઈ એક શ્રીમંત ગૃહસ્થની પત્ની હતી. કુટુંબકલેશને કારણે તે વ્યથિત હતી. પોતાના સગા બલરામ બોઝ દ્વારા રામકૃષ્ણ વિશે સાંભળી તે દક્ષિણેશ્વર ગઈ અને પોતાનું બધું દુઃખ ભૂલી ગઈ. રામકૃષ્ણે ભાખેલું કે આ બાઈને આગળ ઉપર ઉચ્ચ આધ્યાત્મિક અનુભૂતિઓ થવાની છે. તેમની વાત સાચી ઠરેલી.

મધ્યમ વયની એક વિધવા પણ રામકૃષ્ણની ભક્ત હતી. આગળ ઉપર તે 'ગુલાબ મા' તરીકે જાણીતી થયેલી. એકની એક પુત્રીના અવસાને તેને અસ્વસ્થ કરી મૂકેલી. રામકૃષ્ણ પાસે ગયા પછી તેના જીવનની નવી દિશા ઊઘડી, પ્રભુભક્તિના સાગરમાં ખૂબ ઊંડે સુધી તેનો સંચાર હતો.

જદુનાથ મલ્લિકનું ઉદ્યાનગૃહ કાલીમંદિરથી ખાસ દૂર ન હતું. જદુનાથની સંબંધી એક સ્ત્રી રામકૃષ્ણ પર ખૂબ ભાવ રાખતી. તેઓ તેનું આમંત્રણ સ્વીકારી અવારનવાર તેને ત્યાં જતા. એક વાર તેઓ ભાવાવેશમાં જ તેને ત્યાં જઈ પહોંચ્યા અને તે સ્ત્રીએ ઈષ્ટદેવને ધરાવેલી અન્નકૂટની વાનગીઓ આરોગવા લાગ્યા. અણધારી રીતે ઊતરેલી આ દિવ્ય કૃપાથી ગદ્ગદ બની તે બોલી, ''અહા ! આજે મારી મનઃકામના ફળી છે. આપના ખરા સ્વરૂપનું મને ભાન થયું છે. હવે મને એવા આશીર્વાદ આપો કે આ ભવમાં જ ઈશ્વરનાં દર્શન થાય.'' રામકૃષ્ણે પગ વતી તેના મસ્તકને સ્પર્શ કર્યો. પરિણામે એ સ્ત્રીએ હૃદયમાં પોતાના ઈષ્ટદેવનાં દર્શન કર્યાં.

રામકૃષ્ણની ભક્તમંડળીમાં ગૌર દાસીનું મહત્ત્વનું સ્થાન હતું.

ગૌરીમા તરીકે જાણીતી થયેલી એ સ્ત્રીમાં ભક્તિ અને ત્યાગ ઉચ્ચ પ્રમાણમાં ખીલ્યાં હતાં. નાની વયમાં સાધ્વી બની તે વૃંદાવનમાં વૈષ્ણવી ભક્તિની સાધના કરી રહી હતી. રામકૃષ્ણનું નામ સાંભળી તે દક્ષિણેશ્વર આવી. તેમને જોતાં જ તેને લાગ્યું કે શ્રી ગૌરાંગનો પુનઃઅવતાર થયો છે. શ્રી ગૌરાંગના જેવા દિવ્ય ભાવની પોતાને અનુભૂતિ થાય એમ તે ઈચ્છતી હતી. રામકૃષ્ણની કૃપાથી તેની એ ઈચ્છા પાર પડેલી.

રામકૃષ્ણના પરિચયમાં આવેલી ઓઘોરમણિદેવી બાળપણમાં વિધવા થયેલી ચુસ્ત સનાતની બ્રાહ્મણ સ્ત્રી હતી. આગળ જતાં તે 'ગોપાલની મા' તરીકે જાણીતી થઈ. તે વાત્સલ્યભાવની સાધિકા હતી અને ગોપાલ તેના ઈષ્ટદેવ હતા. ૧૮૮૪માં તે રામકૃષ્ણના સંપર્કમાં આવી ત્યારે તેની વય સાઠેક વર્ષની હતી. તે જુદી જુદી વાનગીઓ બનાવી રામકૃષ્ણ માટે લાવતી અને તેમને જમાડીને પોતે પણ પ્રસાદ લેતી. ૧૮૮૫ની વસંતઋતુમાં તેને અદ્ભુત આધ્યાત્મિક અનુભૂતિ થઈ. ગોપાલની મૂર્તિમાં પહેલાં તે રામકૃષ્ણનાં અને પછી ઈષ્ટદેવ બાલગોપાલનાં દર્શન કરે છે. તેની આ અનુભૂતિ સતત બે માસ સુધી ટકેલી !

ગોપાલની મા ખરેખર સંત મહિલા હતી. રામકૃષ્ણ તેના પ્રત્યે પ્રેમ અને આદર રાખતા. તેઓ કોઈનું આપેલું ખાતા નહિ, માત્ર નરેન્દ્ર અને ગોપાલની મા તેમાં અપવાદ હતાં. એક દિવસ દક્ષિણેશ્વરમાં બંને ઉપસ્થિત હતાં. એક આધ્યાત્મિકતાનો ઉત્તર ધ્રુવ હતો તો અન્ય દક્ષિણ ધ્રુવ. બંનેને સાથે જોઈ રામકૃષ્ણને રમૂજ થઈ. તેમણે ગોપાલની માને પોતાનો અનુભવ વર્ણવવા કહ્યું. તેણે અશ્રુધારા સાથે તે વર્ણવ્યો. પછી નરેન્દ્રને પૂછ્યું, "ગોપાલ વિશેના મારા આ અનુભવો તને સાચા લાગે છે?" બુદ્ધિશાળી નરેન્દ્રે કહેવું પડ્યું, "મા! તમારા અનુભવો સાચા છે!"



રામકૃષ્ણના ભાણેજ હૃદયરામે તેમના સાધનાકાળ દરમિયાન સારી સેવા કરી હતી. પરંતુ જેમ જેમ રામકૃષ્ણની ખ્યાતિ વધતી ચાલી તેમ તેમ તેની લોભવૃત્તિમાં વૃદ્ધિ થવા લાગી. રામકૃષ્ણનાં દર્શને આવનાર લોકો પાસેથી તે ભેટસોગાદો લેવા લાગ્યો. રામકૃષ્ણે તેને તે સમો ચેતવ્યો તો તે નારાજ થઈ ગયો. તેમણે મારવાડી લક્ષ્મીનારાયણના દસ હજાર રૂપિયાનો અસ્વીકાર કર્યો તેથી તો તે ખૂબ ચિડાયો. તેણે રામકૃષ્ણ સાથે ઉદ્ધત વર્તન કરવા માંડ્યું અને પોતે પણ પરમહંસ હોય એવો દંભ કરવા લાગ્યો. તે કાલીમંદિરના કર્મચારીઓને ધમકાવતો અને ગમે તેનું અપમાન કરી નાંખતો.

એક વાર કાલીમંદિરના સ્થાપનાદિનના ઉત્સવમાં હૃદયે મથુરબાબુના પુત્ર ત્રૈલોક્યનાથની આઠ વર્ષની પુત્રીની તાંત્રિક વિધિ પ્રમાણે કુમારીપૂજા કરી. તેની જાણ થતાં ત્રૈલોક્યનાથે હૃદયને મંદિરની હદ છોડીને ચાલ્યા જવા જણાવ્યું. આ અંગે પાછળથી રામકૃષ્ણે કહેલું. "તેની ઉદ્ધત વર્તણૂક ધીમે ધીમે અસહ્ય થઈ પડી હતી એટલે માએ જ તેને દૂર કર્યો હતો. તેની હાજરી માના કાર્યમાં વિઘ્નરૂપ થઈ પડી હતી."

ઈ. ૧૮૮૪ના જાન્યુઆરી માસમાં એક દિવસ રામકૃષ્ણ બગીચામાં ટહેલી રહ્યા હતા ત્યારે એમને ભાવ-અવસ્થા થઈ આવી. એ વખતે કોઈ તેમની સાથે ન હતું તેથી તેઓ પડી ગયા અને ડાબા હાથનું હાડકું ખસી ગયું. વૈદ્યકીય સારવાર શરૂ થઈ. એમના સાજા થતાં સુધી શિષ્યોને ખૂબ ચિંતા રહી.

બીજી ફેબ્રુઆરીએ રામકૃષ્ણ પાટ પર બેઠા હતા. રાખાલ, મહિમાચરણ, હાજરા અને અન્ય કેટલાક ભક્તો ઓરડામાં બેઠા હતા. પાંચેક વાગ્યાનો સમય હતો. ડૉ. મધુસૂદન પાટો બાંધવા આવી પહોંચ્યા.

સ્મિત સાથે રામકૃષ્ણે કહ્યું, ''આ લોકમાં કે પરલોકમાં, આશરો તો માત્ર મધુસૂદનનો છે, ખરું ને?''

ડૉક્ટરે સંકોચ સાથે કહ્યું : ''હું તો માત્ર નામ ધારણ કરું છું એટલું જ.''

રામકૃષ્ણ : ''નામ શું જેવીતેવી વાત છે? ભગવાન અને એના નામ વચ્ચે કશો તફાવત નથી. જ્યારે સત્યભામાએ શ્રીકૃષ્ણને એક પલ્લામાં અને જરઝવેરાતને બીજા પલ્લામાં મૂકીને વજન કર્યું ત્યારે બીજું પલ્લું ઊંચું રહ્યું, પણ જ્યારે રુક્મિણીએ શ્રીકૃષ્ણના નામવાળું તુલસીપત્ર એમાં મૂક્યું ત્યારે તે પ્રભુ સાથે સમતોલ થઈ ગયું.''

પાટા બંધાતો હતો એટલામાં અધર આવ્યો. તેણે પ્રણામ કરીને પૂછ્યું, ''આપને કેમ છે, દેવ?''

''જુઓ, આ હાથ ઊતરી ગયો છે એનું કામ છે એમ પૂછો. (હસીન) તબિયતના સમાચાર તો પૂછો જ મા.''

ઊતરેલો હાથ ઠીક થતાં કેટલાક માસ લાગ્યા, પણ રામકૃષ્ણે આધ્યાત્મિક વાતોનો પ્રવાહ ચાલુ રાખ્યો હતો. મે માસ સુધીમાં હાથ લગભગ સાજો થઈ ગયો.

ઈ. ૧૮૮૪ના વર્ષે રામકૃષ્ણ બે વખત સ્ટાર થિયેટરમાં ગયા હતા. સપ્ટેમ્બરમાં એમણે 'ચૈતન્યલીલા' નાટક જોયું અને ડિસેમ્બરમાં 'પ્રહ્‌લાદચરિત્ર' જોયું. 'ચૈતન્યલીલા' તેમને વધારે ગમેલું. હૃદયસ્પર્શી પ્રસંગ કે સંવાદ આવતો ત્યારે તેમને ભાવસમાધિ પણ થઈ જતી.

રામકૃષ્ણ 'પ્રહ્‌લાદચરિત્ર' જોવા ગયેલા ત્યારે મહેન્દ્ર, બાબુરામ વગેરે ભક્તો તેમની સાથે હતા. નાટક શરૂ થતાં પહેલાં લેખક ગિરીશચંદ્ર સાથે થોડી વાતો થઈ. નાટક પૂરું થયા પછી ગિરીશે અભિપ્રાય પૂછતાં



તેમણે કહ્યું : ''મેં તો જોયું કે પ્રભુએ પોતે જ બધાં રૂપો ધારણ કર્યાં હતાં. નટીઓ પણ જાણે જગદંબાનાં સાક્ષાત્ રૂપો!''

અંતે ગિરીશની સૂચના પ્રમાણે નટીઓ રામકૃષ્ણને પ્રણામ કરવા આવી. કેટલીકે તો ચરણસ્પર્શ પણ કર્યો. નટીઓ ગઈ પછી રામકૃષ્ણે શિષ્યોને કહ્યું, ''જુદે જુદે રૂપે પ્રભુ જ વિલસી રહ્યો છે.''

રામકૃષ્ણની આનંદમય પ્રવાહધારા બધા માટે સુલભ હતી. કોઈ એવો મનુષ્ય જેના ભાગ્યમાં આ જીવનમાં ઈશ્વરપ્રાપ્તિ લખેલી ન હોય, તેમની પાસે ઈશ્વરપ્રાપ્તિ માટે મદદ માગતો તો તેઓ તેને એ દિવ્યાનંદનો પૂર્વાસ્વાદ તો જરૂર ચખાડતા.

રામકૃષ્ણનો દુર્બળ દેહ પ્રતિદિન સમાધિના અગ્નિમાં દગ્ધ થઈ રહ્યો હતો, અને ક્ષુધિત જનસમુદાય પ્રત્યે નિરંતર આત્મદાન દ્વારા ક્ષીણ થઈ રહ્યો હતો. ક્યારેક તેઓ વિરક્ત થઈને ક્રોધી બાળકની જેમ માને ફરિયાદ કરતા :

''મા, તું આ બધા મનુષ્યોને શા માટે મારી પાસે મોકલે છે? આ બધા તો પોતાની અંદર પાંચ ગણું પાણી મેળવેલા દૂધ જેવા છે. મારી આંખો તેમનું પાણી સૂકવવા માટે અગ્નિમાં ફૂંકો મારતાં મારતાં નષ્ટ થઈ ગઈ છે. મારું સ્વાસ્થ્ય ખતમ થઈ ગયું છે. (પોતાના શરીરનો નિર્દેશ કરી) આ તો ફૂટેલું ઢોલ છે, જો તું તેને રાત-દિવસ વગાડ્યા કરીશ તો એ કેટલા દિવસ ટકશે?''

આમ છતાં તેમણે કોઈ પણ મનુષ્યને નિરાશ કર્યો ન હતો. તેઓ કહેતા, ''જો કોઈ એક વ્યક્તિની સહાયતા માટે મારે વારંવાર જન્મ ધારણ કરવો પડે. અને તે કૂતરાની યોનિમાં જ કેમ ન હોય, તોપણ હું પુનઃ જન્મ લેવા તૈયાર છું.''

બ્રહ્મસમાજના અગ્રણી કેશવચંદ્ર સેનનું અવસાન ૧૮૮૪માં થયું હતું. એ વખતે રામકૃષ્ણે કહેલું, “મારો અર્ધાંશ મરી ચૂક્યો છે.”

પરંતુ તેમનો બાકીનો અર્ધાંશ દીન-દુઃખી જનસાધારણ હતો. પંડિતો, વિદ્વાનોને તેઓ જેટલા સહજપ્રાપ્ય હતા તેટલા જ તેઓ જનસાધારણને પણ સુલભ હતા. જીવનનાં અંતિમ વર્ષોમાં તેઓ પોતાનાં સિષ્યોની જમ જ ધર્માનુરક્ત જનસાધારણને પણ ચાહતા હતા.

ઈ. ૧૮૮૫ની ગ્રીષ્મ ઋતુમાં અસહ્ય ગરમી પડી તેથી રામકૃષ્ણ અસ્વસ્થતા અનુભવવા લાગ્યા. થોડી રાહત રહે એ દૃષ્ટિએ શિષ્યો રોજ બરફ ખાઈ ખુશ થતા. પણ બરફના અતિ ઉપયોગથી તેમનું ગળું સૂજી ગયું. તેમાં દર્દ થવા લાગ્યું. સતત બોલવું અને પ્રગાઢ સમાધિઓનો અતિશ્રમ, જેનાથી ગળા તરફ રક્તનો પ્રવાહ તીવ્ર થઈ ગયો હતો, એ પણ એ માટે જવાબદાર હતાં.

ગળાનાં દર્દોના નિષ્ણાત ડૉ. રાખાલચંદ્ર હાલદારની દવા શરૂ કરવામાં આવી. ડોક્ટરે દવા સૂચવી અને વિશેષ વાર્તાલાપ તથા સમાધિમાં સરવાની મના કરી. દવાની સૂચનાનું તો પાલન થતું પણ બીજી સૂચનાનો અમલ થઈ શક્યો નહિ.

દરમિયાન દક્ષિણેશ્વરથી થોડા કિલોમીટર દૂર આવેલા પાણીહાટીમાં વૈષ્ણવોનો ‘પૌઆનો મહોત્સવ’ આવ્યો. અગાઉ રામકૃષ્ણ ત્યાં અનેક વાર ગયા હતા પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી ત્યાં જવાનું બન્યું ન હતું. એટલે એ વર્ષે પોતાના યુવાન શિષ્યોને ભક્તિનો પ્રભાવ દર્શાવવા તેમણે ત્યાં જવાનું નક્કી કર્યું.

પાણીહાટીના મહોત્સવનો ઈતિહાસ એવો છે કે એ સ્થળે ગૌરાંગના એક વિખ્યાત શિષ્ય રઘુનાથદાસે નિત્યાનંદ ગોસ્વામી તથા તેમની



વૈષ્ણવમંડળીને ભોજન કરાવ્યું હતું. ત્યાંથી દોઢેક કિલોમીટર દૂર રાધાકાંતનું મંદિર છે. રામકૃષ્ણ શિષ્યો સાથે રાધાકાંતના દર્શને પહોંચ્યા. મંદિરના ચોકમાં સંકીર્તન થતું હતું. એ મંડળીમાં એક વૈષ્ણવ ભક્ત ભાવાવેશનો ડોળ કરી રહ્યો હતો. રામકૃષ્ણે પળવારમાં તેની પોકળતા પારખી લીધી. પછી તેઓ ચૂપ રહી શક્યા નહીં. તરત જ તેઓ પોતાની મંડળીથી છૂટા પડીને સંકીર્તન કરતી મંડળી વચ્ચે જઈને ઊભા અને સમાધિમાં મગ્ન થઈ ગયા. પછી સંકીર્તનમાં ભારે વેગ આવ્યો. રામકૃષ્ણ ઘડીમાં સ્વસ્થ થતા, ઘડીમાં નૃત્ય કરતા તો ઘડીમાં સમાધિમગ્ન થતા. શિષ્યોએ તેમના સ્વાસ્થ્યનો ખ્યાલ કરી તેમને ત્યાંથી છૂટા પાડવાનો પ્રયાસ કર્યો પણ તે સફળ થયો નહીં.

સંકીર્તન સાથે ચાલતાં ચાલતાં દોઢ કિલોમીટરનું અંતર કાપતાં ત્રણ કલાક થયા. રામકૃષ્ણે દેવમૂર્તિઓનાં દર્શન કર્યાં. પછી તેમના શિષ્યો તેમને હોડી પાસે લઈ ગયા. સહુ હોડીમાં બેસી રવાના થવાની અણી પર હતા ત્યાં કોજાગરનો નવાઈ ચૈતન્ય દોડતો દોડતો આવીને રામકૃષ્ણને પગે લાગ્યો. ગદ્‌ગદ બનીને તેણે આશીર્વાદ માગ્યા. તની ઉત્કટ ભક્તિ જોઈ રામકૃષ્ણ પ્રસન્ન થયા અને ભાવસમાધિમાં આવીને એમણે તેને સ્પર્શ કર્યો. એ સ્પર્શ થતાં જ નવાઈ ચૈતન્ય આનંદના આવેશમાં આવી ગયો અને વારંવાર પ્રણામ કરવા લાગ્યો. રામકૃષ્ણે પુનઃ તેના શરીરને સ્પર્શ કરી તેને સ્વસ્થ કર્યો. એ ક્ષણથી નવાઈના જીવનમાં આમૂલ પરિવર્તન થઈ ગયું. પરિવારનો ભાર પુત્રને સોંપી તે ચાલી નીકળ્યો અને આયુષ્યનાં અંતિમ વર્ષો તેણે ગંગાકિનારે ધ્યાનભજનમાં ગાળ્યાં.

તે દિવસે રામકૃષ્ણ અને શિષ્યો મોડી સાંજે દક્ષિણેશ્વર પાછા ફર્યા. એ રાતે રામકૃષ્ણની ગળાની પીડા વધી ગઈ. ડોક્ટરે શિષ્યોને ચેતવ્યા કે

હવે સાવચેતી નહીં રાખવામાં આવે તો દર્દ જડ ઘાલી જશે. શિષ્યોએ સાવધાન રહેવાનું નક્કી કર્યું પણ રામકૃષ્ણને સાચવવા મુશ્કેલ હતા. દૂરથી કોઈ ભક્ત આવ્યો છે એવું જાણ્યા પછી તેઓ તેની સાથે ઈશ્વર સંબંધી વાત કર્યા વિના રહી શકતા નહીં.

એક મહિનો પસાર થયો પણ દર્દમાં રાહત ના થઈ. હવે તો કઠણ ખોરાકથી ગળું છોલાવા લાગ્યું એટલે એવો ખોરાક લેવાનું બંધ કરવું પડ્યું. દવા તેઓ ડોક્ટરની સૂચના પ્રમાણે લેતા હતા પણ દર્શનાર્થીને નિરાશ કરવાનું તેમને માટે શક્ય ન હતું. વળી દિનપ્રતિદિન દર્શનાર્થીઓની સંખ્યા વધવા લાગી.એને કારણે રામકૃષ્ણને બોલાવાથી પડતો શ્રમ વધવા લાગ્યો. સાધનાકાળથી જ ઊંઘનું સુખ તો તેમણે ત્યજી દીધું હતું. પણ એ બધા અથિશ્રમનું પરિણામ હવે દૃષ્ટિગોચર થઈ રહ્યું હતું.

પરંતુ રામકૃષ્ણ ક્યારેય પોતાના સ્વાસ્થ્ય વિશે કોઈને ફરિયાદ કરતા નહિ, કોઈ પણ જિજ્ઞાસુને તેઓ પાછા વાળતા નહિ, તેઓ કહેતા કે જો એક જીવને પણ મદદ મળતી હોય તો હું આવા વીસ હજાર દહ આપી દેવા તૈયાર છું.

ત્રીજો મહિનો પસાર થઈ ગયો. રોગ હઠીલો થઈ રહ્યો હતો. શિષ્યો વિમાસણ અનુભવવા લાગ્યા. એવામાં એક દિવસ એક ભાવિક મહિલાએ રામકૃષ્ણના ભક્તોને ભોજન માટે નિમંત્ર્યા. રામકૃષ્ણ તો નાદુરસ્ત તબિયતને કારણે જઈ શકે તેમ ન હતા. શિષ્યો જમતા હતા ત્યાં દક્ષિણેશ્વરથી આવેલા એક માણસે સમાચાર આપ્યા કે ઠાકુરને આજે ગળામાંથી લોહી પડ્યું છે. નરેન્દ્રને ખાવાનું ભાવ્યું નહિ. અન્ય શિષ્યો પણ ચિંતિત થઈ ગયા.

શિષ્યોને લાગ્યું કે પદ્ધતિસરની સારવાર માટે રામકૃષ્ણને કલકત્તા



લઈ જવા જોઈએ. તેમણે ગુરુ આગળ આ દરખાસ્ત મૂકી, તેમણે ના ન કહી. બે માળવાળું એક નાનું મકાન ભાડે રાખવામાં આવ્યું. ત્રણ દિવસ પછી રામકૃષ્ણે તેમાં પ્રવેશ કર્યો. પરંતુ દક્ષિણેશ્વરના મુક્ત પરિવેશથી ટેવાયેલું એમનું મન ત્યાં સ્વસ્થ થયું નહિ એટલે તેઓ તો તરત બલરામ બોઝને ત્યાં ગયા. બલરામે તેમનું સ્વાગત કર્યું અને યોગ્ય બંદોબસ્ત ન થાય ત્યાં સુધી પોતાને ત્યાં રહેવાનો અનુરોધ કર્યો.

એક બાજુ યોગ્ય મકાનની શોધ શરૂ થઈ અને બીજી બાજુ કલકત્તાના પ્રખ્યાત ડોક્ટરોને નિદાન માટે બોલાવવામાં આવ્યા. ડોક્ટરોએ જાહેર કર્યું કે રામકૃષ્ણને કેન્સરનો રોગ છે. ડોક્ટરોની - વૈદ્યોની દવા લેવા કરતાં હોમિયોપથીના જાણકારની દવાથી વધુ ફાયદો થશે એવું શિષ્યોને લાગ્યું તેમણે નક્કી કર્યું કે હોમિયોપથીના જાણીતા ડૉ. મહેન્દ્રલાલ સરકારની સારવાર નીચે રામકૃષ્ણને રાખવા.

રામકૃષ્ણ દક્ષિણેશ્વરથી નીકળ્યા ત્યારે કોઈ શિષ્યને એ ખ્યાલ ન હતો કે હવે તેઓ એ ભૂમિમાં પાછા ફરવાના નથી. એ પવિત્ર ભૂમિ તેમની સમગ્ર સાધનાની સાક્ષીરૂપ હતી. એ ભૂમિએ રામકૃષ્ણના ધન્ય જીવનનો ઉત્તમ ફાલ નિહાળ્યો હતો.

આખરે શિષ્યોએ શ્યામપુકુર નામક શૈલીમાં ગોકુલચંદ્ર ભટ્ટાચાર્યનું મકાન ભાડે રાખ્યું. દક્ષિણેશ્વરની દિવ્ય ભૂમિ પર પોતાનાં ચિરસ્મરણીય સંસ્મરણો મૂકી રામકૃષ્ણ ઈ. ૧૮૮૫ના ઓક્ટોબર માસના આરંભે શ્યામપુકુરવાળા મકાનમાં વાસ કરવા ગયા.

# ૧૦

રામકૃષ્ણે નવા મકાનમાં રહેવાનું શરૂ કર્યું. ડો. સરકારે સારવાર શરૂ કરી. આ ડોક્ટર ભલા હતા. જ્યારે એમને ખબર પડી કે સારવારનો બધો ખર્ચ સાધારણ સ્થિતિવાળા શિષ્યો ઉઠાવી રહ્યા છે ત્યારે એમણે કશી ફી લેવાનો ઈન્કાર કર્યો.

પરંતુ ડૉ. સરકારની સારવાર પૂરતી ન હતી. રામકૃષ્ણનો ખોરાક તૈયાર કરવા અને રાતદિવસ તેમની સેવા કરવા કુશળ વ્યક્તિની આવશ્યકતા હતી. શારદામણિદેવી અને યુવાન શિષ્યો એ કરી શકે તેમ હતું. પણ આ મકાનમાં સ્ત્રીઓને રહેવા જેવી અલગ જગ્યા ન હતી અને યુવાન શિષ્યો શાળા-કોલેજમાં અભ્યાસ કરતા હતા. તેમના વાલીઓની રજા મેળવવી મુશ્કેલ હતી.

નરેન્દ્રે માતાજીને જ્યારે જણાવ્યું કે રસોઈ કરવા માટે યોગ્ય વ્યક્તિની જરૂર છે ત્યારે તેઓ તુરત આવવા તૈયાર થયાં. સગવડો વિનાના એ મકાનમાં બે માસથી પણ વધારે સમય રહીને તેમણે સહુને વિસ્મિત કરી દીધા. નહાવા માટે તેમને પરોઢના ત્રણ વાગ્યે ઊઠવું પડતું. રામકૃષ્ણની



સેવાચાકરી તેઓ એવી શાંતિથી અને પ્રસન્નતાપૂર્વક કરતાં કે રોજ આવતા મુલાકાતીઓને પણ તેમની ઉપસ્થિતિની જાણ થતી નહીં.

રાતે રામકૃષ્ણની પરિચર્યાની જવાબદારી નરેન્દ્રે ઉપાડી લીધી. તે રોજ ઉજાગરા કરવા લાગ્યો. તેની નિષ્કામ સેવાઓ ગોપાલ, કાલી અને શશીની સેવાભાવનાને ઢંઢોળી. આ ખડતલ તરુણો ગુરુની સેવાના અને ઈશ્વર-સાક્ષાત્કારના આદર્શને સિદ્ધ કરવા જીવનસમર્પણ કરી દેવા તૈયાર થઈ ગયા.

રામકૃષ્ણનો રોગ વધી જવાથી યુવાન શિષ્યોએ સઘળું ધ્યાન તેમની સેવામાં જ કેન્દ્રિત કર્યું. અભ્યાસ બાજુ પર રહી ગયો. આ સ્થિતિની જાણ થતાં તેમના વાલીઓએ છોકરાઓને ઘેર બોલાવવા અનેક યુક્તિઓ કરવા માંડી.

આવી પરિસ્થિતિમાં નરેન્દ્ર અડીખમ ઊભો રહ્યો. એનું દૃષ્ટાંત લઈ અન્ય યુવાનો પણ દૃઢ રહ્યા. શરૂઆતમાં ચાર-પાંચ શિષ્યો સેવા કરતા હતા. ધીમે ધીમે એ સંખ્યા લગભગ ચાર ગણી થઈ ગઈ.

પરંતુ શિષ્યોની સમસ્યાઓ સરળ ન હતી. રામકૃષ્ણનો રોગ ઉત્તરોત્તર વકરતો જતો હતો. સારવારનો ખર્ચ પણ વધતો જતો હતો. રામકૃષ્ણના ગૃહસ્થ ભક્તોમાંથી એક પણ ભક્ત એવો ન હતો જે આટલી લાંબી સારવારનું ખર્ચ એકલે હાથે ઉપાડી શકે. વિશ્વની વિકરાળ વાસ્તવિકતાઓ આ ભક્તોને ક્યારેક વિમાસણમાં મૂકી દેતી. પણ એવે વખતે રામકૃષ્ણની આધ્યાત્મિક શક્તિનો એવો અચૂક પુરાવો તેમને મળી જતો કે તેમની ડગમગતી શ્રદ્ધાના પાયા સ્થિર થઈ જતા. આ શિષ્યોએ ગુરુ માટે નાણાં ઊભાં કરવા માટે હરીફાઈ માંડી.

રામકૃષ્ણની બીમારી વિશે ભક્તોએ ભિન્ન ભિન્ન અનુમાનો તારવવા

માંડ્યાં. આ બાબતમાં ભક્તોના ત્રણ ભાગ પડી ગયા. ગિરીશચંદ્રની આગેવાની નીચેનું પ્રથમ જૂથ માનતું કે આ બીમારી તો રામકૃષ્ણની અવતારલીલા છે. બીજું જૂથ કહેતું હતું કે કોઈ હેતુની સિદ્ધિ માટે મા દુર્ગાએ જ માંદગી મોકલી છે. નરેન્દ્રના નેતૃત્વ નીચેના ત્રીજા જૂથે જાહેર કર્યું કે જન્મ, મૃત્યુ, જરા અને વ્યાધિ તો માત્ર આનુષંગિક છે, જીવનમાં અનિવાર્ય છે. એટલે ગુરુદેવની બીમારી સ્વાભાવિક ઘટના છે. એની પાછળ કોઈ ગૂઢ કારણ રહેલું છે એમ માનવું નિરર્થક છે. ત્રણેય જૂથોની માન્યતામાં ભેદ હતો પણ તેઓ બધા જ આ મુમૂર્ષુ મનુષ્યની ભીતર એક દિવ્ય સત્તાની ઉપસ્થિતિનો સ્વીકાર કરતા હતા અને ગુરુસેવાના આદર્શમાં એકમત હતા.

ડૉ. સરકાર પૂરેપૂરી નિષ્ઠાપૂર્વક રામકૃષ્ણની સારવાર કરતા હતા. તેમને રામકૃષ્ણની આધ્યાત્મિક ચર્ચાઓમાં ખૂબ આનંદ મળતો. તેથી તપાસીને તરત ચાલ્યા જવાને બદલે તેઓ ત્યાં કલાકો સુધી બેસી રહેતા. એક વાર રામકૃષ્ણ તેમનો આભાર માનવા લાગ્યા તો તેઓ કહેવા લાગ્યા : ''મને આપના સહવાસથી ખૂબ આનંદ આવે છે. આપની અડગ સત્યભક્તિ માટે મને આપના પ્રતિ વિશેષ પ્રીતિ થાય છે. હું કોઈની પરવા કરતો નથી. ખુદ મારો બાપ જો ખોટો હોય તો એના મોઢા પર જ ચોખ્ખું સંભળાવી દઉં એવો છું!''

ત્યાર બાદ ડૉક્ટર ઈશ્વરને અમુક મર્યાદામાં પૂરવાના પ્રયત્ન કરનારા લોકો સામે ઊકળી પડ્યા. રામકૃષ્ણે ટાપશી પુરાવી અને એક ભક્તને ભજન ગાવાનું કહ્યું. ભજન સાંભળતાં સાંભળતાં એક-બે યુવાન શિષ્યોને સમાધિ થઈ ગઈ. ડૉ. સરકારે તેમની નાડ તપાસી તો તેમને જણાયું કે તેમનામાં બાહ્ય ભાનનો લોપ થયો છે. એ અવસ્થા મૃત્યુની



અવસ્થાથી ભિન્ન ન હતી. પછી રામકૃષ્ણે તેમની છાતી પર ટકોરા મારી તેમને ભાનમાં આણ્યા. ડોક્ટરને આ બધી કરામત લાગી.

રામકૃષ્ણે કહ્યું : ''એ તો બધું ઈશ્વરની કૃપાને લીધે છે. આ યુવાનોનાં મન સ્ત્રી, સંતાન, સંપત્તિ કે કીર્તિમાં વ્યગ્ર નથી થયાં એટલે ઈશ્વરનાં નામ ઉપર સહેલાઈથી એકાગ્ર થઈ શકે છે.''

ડૉ. સરકાર ધીમે ધીમે રામકૃષ્ણના નિકટ પરિચયમાં આવતા ગયા. રામકૃષ્ણ પોતાના તરુણ શિષ્યોને ડૉક્ટરના સંપર્કમાં આવવા ઉત્તેજન આપવા લાગ્યા. ડૉ. સરકારને નરેન્દ્ર સાથે વાતો કરવામાં મઝા આવતી. તેના કંઠે ગવાયેલું ભજન સાંભળી તેઓ પ્રસન્ન થઈ ગયેલા. રામકૃષ્ણને તેમણે કહ્યું, ''આવો છોકરો ધર્મમય જીવનમાં પડ્યો છે તેથી મને ખૂબ ખુશી થાય છે. આ તો એક રત્ન છે અને મને ખાતરી છે કે જીવનના કોઈ પણ ક્ષેત્રમાં એ દીપી નીકળશે.''

પોતાના પ્રિય શિષ્યની પ્રશંસા સાંભળી પોતાનો હૃદયભાવ વ્યક્ત કરતાં રામકૃષ્ણે કહ્યું, ''કહેવાય છે કે અદ્વૈત ગોસ્વામીની તીવ્ર ઈચ્છાને કારણે નદીઆ ખાતે શ્રી ગૌરાંગનો અવતાર થયો હતો. એવી જ રીતે અહીં જે સઘળું (અર્થાત્ પોતાનું આગમન) તમે જુઓ છો તે એના (નરેન્દ્રના) કારણે જ છે.''

બે મહિના પસાર થયા પણ રોગ કાબૂમાં ન આવ્યો. દવા અસર કરતી ન હતી. ડૉ. સરકારને ચિંતા થવા લાગી. તેમણે નિયમનો કડક કર્યા. રામકૃષ્ણ પ્રત્યેનો તેમનો પ્રેમાદર વધતો જતો હતો. પણ શિષ્યો એમને સાક્ષાત્ ઈશ્વર માનતા હતા, એ બાબત તેમને ખૂંચતી હતી. એક વાર ગિરીશ સાથે તેમને વાદવિવાદ પણ થયો.

ધીમે ધીમે ડૉ. સરકાર શિષ્યોનું દૃષ્ટિબિંદુ સમજવા લાગ્યા. એક

દિવસ એમની ઉપસ્થિતિમાં એક એવો પ્રસંગ બન્યો જેણે એમની દૃષ્ટિને વિશાળ બનાવી દીધી.

રામકૃષ્ણના શિષ્ય સુરેન્દ્રને ત્યાં દુર્ગાપૂજાનો ઉત્સવ હતો. બીમારીને લીધે ગુરુ પોતાને ત્યાં નહિ પધારી શકે એ બાબતતનું તેને દુઃખ હતું. એ દિવસે નવરાત્રિનો બીજો દિવસ હતો. રામકૃષ્ણના ખંડમાં નરેન્દ્ર અને ડૉ. સરકાર સહિત અનેક લોકો એકત્ર થયા હતા. નરેન્દ્રે ગાયેલા ભાવપૂર્ણ ભજનોની સહુ ભક્તિરસથી તરબોળ થઈ ગયા. સાત થયા, સંધ્યાકાળ થયો. રામકૃષ્ણે ડૉ. સરકારને વિદાય આપવા ઊભા થયા, એવામાં અચાનક એમને સમાધિ થઈ. ડો. સરકાર રોકાઈ ગયા.

અડધા કલાક પછી રામકૃષ્ણ સ્વસ્થ થયા ત્યારે સુરેન્દ્રના ઘરનો વિગતવાર અહેવાલ આપવા લાગ્યા. સુરેન્દ્ર રડી રહ્યો છે એમ કહી અંતે તેમણે નરેન્દ્ર અને અન્ય શિષ્યોને ત્યાં આશ્વાસન આપવા મોકલ્યા. તેમણે જોયું તો રામકૃષ્ણનો અહેવાલ તદ્દન સાચો હતો!

સમાધિ દરમિયાન ત્યાં ઉપસ્થિત ડો. સરકાર તથા એક અન્ય ડોક્ટરે રામકૃષ્ણની સર્વ રીતે દાકતરી તપાસ કરી. તેમણે જોયું તો હૃદયના ધબકારા, નાડી બંધ હતાં. આંખના ડોળા મૃત વ્યક્તિ જેવા સ્થિર હતા. તેમણે કબૂલ કર્યું કે વિજ્ઞાન આનો ખુલાસો કરવા સમર્થ નથી.

એ પછી ત્રણ સપ્તાહ પસાર થયાં, પણ રામકૃષ્ણના સ્વાસ્થ્યમાં સુધારો થયો નહીં. આ દરમિયાન તેઓ દર્શને આવતા જિજ્ઞાસુઓને તેમની યોગ્યતા પ્રમાણે ઉપદેશ આપતા.

ઈ. ૧૮૮૫ની ૩૧ મી ઓક્ટોબરે પ્રભુદયાળ મિશ્ર નામનો નિષ્ઠાવાન ભક્ત રામકૃષ્ણનાં દર્શને આવ્યો. કવેકર સંપ્રદાયનો આ ભક્ત ઉત્તર ભારતનો હતો અને સાધુજીવન જીવતો હતો. એક વાર ધ્યાનમાં



તને ઈશુનાં અને બીજી વાર રામકૃષ્ણનાં દર્શન થયાં હતાં. તેણે રામકૃષ્ણને પ્રણામ કરી કહ્યું, ‘‘એ દર્શન થયું એ દિવસથી મેં મારું સર્વસ્વ - શરીર, મન અને આત્મા - આપને ચરણે અર્પણ કરી દીધું છે.’’ રામકૃષ્ણે માત્ર સ્મિત કર્યું અને તેને પ્રસાદ આપવાની શિષ્યોને સૂચના આપી.

રામકૃષ્ણના સહવાસથી અને એમની સેવા કરવાથી શિષ્યોમાં શ્રદ્ધા અને ઈશ્વરદર્શન માટેની વ્યાકુળતા ઉત્તરોત્તર વધવા લાગ્યાં. રામકૃષ્ણ શિષ્યોને અને સંસારીઓને એમની યોગ્યતા પ્રમાણે ઉપદેશ આપતા. એમનો સર્વસામાન્ય ઉપદેશ હતો કે આ યુગમાં ધાર્મિક જીવન માટે નારદ-પ્રબોધિત ભક્તિમાર્ગનું અનુસરણ કરવું અને સદા ઈશ્વરનું નામ સ્મરણ કરતા રહેવું.

દિનપ્રતિદિન રામકૃષ્ણનું સ્વાસ્થ્ય વધુ ને વધુ બગડતું જતું હતું. દવાઓ બિનઅસરકારક નીવડી હતી. કલકત્તાનાં હવાપાણી અનુકૂળ નથી એમ કહી ડૉ. સરકારે રામકૃષ્ણને શહેરથી દૂર શાંત પરિવેશમાં લઈ જવાની સલાહ આપી.

ઘણી શોધખોળોને અંતે ગોપાલચંદ્ર ઘોષનો કાશીપુરનો બંગલો માસિક એંસી રૂપિયા ભાડાથી રાખવામાં આવ્યો. ઈ. ૧૮૮૫ની ૧૧મી ડિસેમ્બરે રામકૃષ્ણને આ નવા મકાનમાં લઈ જવામાં આવ્યા.

કાશીપુરનું આ સ્થળ સુંદર હતું. મનને પ્રસન્ન-પ્રફુલ્લિત કરે એવું પ્રકૃતિનું મનોહર દૃશ્ય, સ્વચ્છ તાજગીપ્રદ હવા અને પ્રેરક એકાંતને કારણે રામકૃષ્ણને આ સ્થળ ખૂબ ગમી ગયું.

કાશીપુરનું ઉદ્યાનગૃહ રમણીય સ્થળ હતું. પાંચેક એકરમાં પથરાયેલા એ સ્થળે ફળફૂલથી સુશોભિત બગીચો હતો. પ્રકૃતિપ્રેમી એકાંતપ્રિય રામકૃષ્ણને આ સ્થળ પોતાના અંતિમ પ્રયાણ માટે યોગ્ય લાગ્યું.

અહીં આઠ આઠ માસ સુધી યાતના સહીને આ સૌમ્ય સંતે પોતાની કાયા નિચોવી નાખી. પરંતુ મનની પ્રસન્નતાને એમણે અંત સુધી ઓસરવા ન દીધી.

પોતાનો દેહત્યાગ કરવાનો સમય હવે નજીક આવી રહ્યો છે એવું રામકૃષ્ણે કેટલાક સંકેતો દ્વારા સૂચવ્યું હતું. તેમણે શિષ્યોને કહેલું, ''જ્યારે આ દેહની મહત્તાનાં ગુણગાન ગાનારા લોકોની સંખ્યા વધી જશે ત્યારે જગદંબા એને પાછો લઈ લેશે.'' વળી તેમણે એવું પણ કહ્યું હતું : ''શરીર છૂટવાનો સમય આવશે ત્યારે શિષ્યો અંતરંગ અને બહિરંગ એમ બે વિભાગમાં વહેંચાઈ જશે.''

કાશીપુરનું સ્થળ નવું હોવાથી આરંભમાં થોડા દિવસ સારવારની તથા અન્ય બાબતોની વ્યવસ્થા કરવામાં ગયા. નરેન્દ્રે જોયું કે ગુરુદેવની સારવાર કરનાર શિષ્યો હવે ભોજન માટે ઘરે જઈ શકશે નહિ. કલકત્તાથી કાશીપુર દૂર હતું. ભોજનની વ્યવસ્થા પણ ત્યાં જ કરવી પડી. એનો ખર્ચ ગૃહસ્થ ભક્તોએ આપવાનું સ્વીકાર્યું.

પરંતુ કેટલાક શિષ્યો અભ્યાસ કરતા હતા, કેટલાક નોકરી. એમને માટે કાશીપુર લાંબો સમય રહેવાનું મુશ્કેલ હતું. અન્ય શિષ્યોના ઉત્સાહમાં ઓટ ના આવે એ માટે નરેન્દ્રે કાશીપુરમાં ઘણોખરો સમય ગાળવાનું નક્કી કર્યું. એક બાજુ તે કાયદાની પરીક્ષાની તૈયારી કરી રહ્યો હતો તો બીજી બાજુ એક અગત્યના અદાલતી ખટલામાં તેની ઉપસ્થિતિ અનિવાર્ય હતી. આવી વિટંબણાઓ છતાં તેણે કાશીપુરમાં રહેવાનો નિર્ણય કર્યો.

પોતાના પ્રિય શિષ્યોન વેઠવી પડતી વિટંબણાઓથી રામકૃષ્ણ વાકેફ હતા. જે પરિસ્થિતિ ઊભી થઈ હતી તેની પાછળ કોઈ ગૂઢ હેતુ રહેલો છે એવું તેઓ જાણતા હતા. પોતાની સારવાર દ્વારા શિષ્યોનું



ઉત્તમ હીર પ્રગટી રહ્યું છે એની પ્રતીતિ તેમને થઈ ચૂકી હતી. તેથી તેઓ તમામ પ્રકારની સેવાનો સ્વીકાર કરતા હતા.

ધીમે ધીમે કાશીપુરમાં સેવાતંત્ર વ્યવસ્થિતપણે ગોઠવાઈ ગયું. કેટલાક યુવાન શિષ્યો રાત-દિવસ રામકૃષ્ણના સાંનિધ્યમાં રહેવા લાગ્યા. નરેન્દ્ર એમની પ્રેરણામૂર્તિ હતો. સારવારમાંથી નવરાશની ક્ષણોમાં તે સહુને ભેગા કરતો અને અભ્યાસ, અધ્યાત્મ, સંગીત વગેરે વિષયોની ચર્ચા કરતો. ગુરુસેવાના આદર્શના નેજા નીચે ગાઢ બંધુત્વથી સંધાયેલા બાર શિષ્યો હતા : નરેન્દ્ર, રાખાલ, નિરંજન, બાબુરામ, જોગીન્દ્ર, લાટુ, તારક, મોટો ગોપાળ, નાનો ગોપાળ, કાલી, શશી અને શરદ. આ બારેબાર શિષ્યો ત્યાગભાવના અને ગુરુભક્તિથી પરિપૂર્ણ હતા.

કાશીપુરમાં આવ્યા પછી સૌએ કાર્યની વહેંચણી કરી લીધી. માતાજી રસોઈ બનાવીને રામકૃષ્ણને જમાડતાં. રામકૃષ્ણની ભત્રીજી લક્ષ્મીદેવી માતાજીને મદદ કરતી. યુવાન શિષ્યો મોટા ભાગનો સમય કાશીપુરમાં જ વ્યતીત કરતા. સૌના સહકારથી ગુરુદેવની સારવારની સમુચિત વ્યવસ્થા ઊભી થયેલી જોઈ નરેન્દ્રને નિરાંત થઈ.

આ અરસામાં રામકૃષ્ણના ભક્ત પંડિત શશધર તર્કચૂડામણિ એક દિવસ કાશીપુરમાં આવ્યા. વાતચીત દરમિયાન તેમણે રામકૃષ્ણને કહ્યું, ''દેવ! શાસ્ત્રોમાં લખ્યું છે કે આપના જેવા મહાત્માઓ તો સંકલ્પમાત્રથી જ શારીરિક વ્યાધિને દૂર કરી શકે છે. વ્યાધિ દૂર થવો જોઈએ જ એવો દઢ સંકલ્પ કરીને જો આપ વ્યાધિગ્રસ્ત ભાગ પર મનને કેન્દ્રિત કરો તો વ્યાધિ તરત દૂર થઈ જાય.''

એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના રામકૃષ્ણે ઉત્તર આપ્યો, ''તમે તો પંડિત છો, છતાં આવી કાચી વાત કરો છો? જે મન મેં હંમેશ માટે

ઈશ્વરને સોંપી દીધું છે, એને પાછું વાળીને આ લોહીમાંસના સડેલા માળખા ઉપર કેન્દ્રિત કરવાનું શી રીતે બની શકે?'' પંડિત નિરુત્તર થઈ ગયા.

પરંતુ નરેન્દ્ર અને અન્ય શિષ્યોએ આ સૂચન સ્વીકારી લીધું. તેમણે પંડિતના ગયા પછી રામકૃષ્ણને કહ્યું, ''ગુરુદેવ! આપે અમારે ખાતર પણ આ રોગ મટાડવો જોઈએ.''

રામકૃષ્ણ : ''હું શું આ પીડા સ્વેચ્છાએ ભોગવી રહ્યો છું? એ મટી જાય એવું તો હુંયે ઈચ્છું છું. પરંતુ જગદંબાની ઈચ્છા ઉપર જ બધું અવલંબે છે.''

નરેન્દ્ર : ''તો પછી આપ જગદંબાને કૃપા કરીને એવું કહો. આપની પ્રાર્થના એ જરૂર સાંભળશે.''

''મારાથી એવી વાત કદાપિ નહિ કરી શકાય.''

નરેન્દ્રે ખૂબ આગ્રહ કર્યો. રામકૃષ્ણ પીગળ્યા.

થોડા કલાક પછી ગુરુ પાસે જઈ નરેન્દ્રે પૂછ્યું : ''આપે જગદંબાને વાત કરી? એમણે શો ઉત્તર આપ્યો?''

રામકૃષ્ણે કહ્યું, ''મારું ગળું બતાવીને મેં માને કહ્યું, 'આ દર્દ થવાથી હું કાંઈ ખાઈ શકતો નથી, તો હું થોડું ખાઈ શકું એવું કરી દે.' જગદંબાએ તમને સૌને બતાવીને ઉત્તર આપ્યો, 'કેમ? આટલાં બધાં મોઢાં વડે શું તું જ ખાઈ રહ્યો નથી?' હું તો એટલો બધો ભોંઠો પડી ગયો કે આગળ કશું બોલી જ શક્યો નહિ.''

આ સાંભળીને નરેન્દ્ર તો સડક થઈ ગયો. કેવી વિદેહાવસ્થા ! અભેદભાવની કેવી ઉચ્ચતમ ભૂમિકા !

ડૉ. સરકારના મિત્ર ડૉ. રાજેન્દ્રલાલ દત્તે રામકૃષ્ણની સારવાર શરૂ કરી. આરંભમાં એમની દવાથી ફાયદો દેખાયો તેથી શિષ્યોનો ઉત્સાહ



વધ્યો.

ડિસેમ્બર માસ ચાલતો હતો. રામકૃષ્ણે એક દિવસ સાંજે મહેન્દ્રને કહ્યું, ''મારું ઉપદેશકાર્ય લગભગ પૂરું થયું છે. હવે હું વધુ વખત લોકોને ઉપદેશ આપી શકું એમ નથી. આખા વિશ્વને હું ઈશ્વરરૂપે જ જોઉં છું. એટલે ઘણી વાર મને થાય છે કે મારે ઉપદેશ કોને આપવો?''

થોડીવારમાં રામકૃષ્ણ સમાધિમાં મગ્ન થઈ ગયા. સ્વસ્થ થયા પછી કહેવા લાગ્યા, ''મેં જોયું કે પદાર્થમાત્ર દેહબુદ્ધ અવસ્થામાંથી દેહમુક્ત અવસ્થામાં જઈ રહ્યો છે! આથી પણ વિશેષ સ્વાનુભવ મારે તમારી આગળ પ્રગટ કરવો છે, પણ મારાથી કરી શકાતો નથી. વારુ, આમ તદાકારવૃત્તિ થતી જાય છે એ શું આવી રહેલા મહાપ્રસ્થાનનો સંકેત નથી?''

મહેન્દ્ર : ''કદાચ એવું હોય ખરું.''

૧૮૮૫નું વર્ષ પૂરું થયું.

ઈ. ૧૮૮૬ના જાન્યુઆરીની પહેલી તારીખ હતી. રામકૃષ્ણને જરા સારું હતું. તેમણે ઉદ્યાનમાં રહેવાની ઈચ્છા વ્યક્ત કરી. બપોર પછીનો સમય હતો. રજાનો દિવસ હોવાથી ત્રીસેક ગૃહસ્થ ભક્તો આવ્યા હતા.

રામકૃષ્ણે એકાએક ગિરીશને પૂછ્યું, ''તેં મારામાં એવું તે શું જોયું છે કે તું બધે મને અવતાર તરીકે ઓળખાવતો ફરે છે?''

ગિરીશ હાથ જોડી ઘૂંટણીએ પડ્યો અને હાથ જોડીને નિઃસંકોચપણે બોલ્યો, ''વ્યાસ વાલ્મીકિ જેવા મુનિઓ પણ જેના મહિમાને પામી શક્યા નથી તેના સંબંધમાં મારા જેવો ક્ષુદ્ર જીવ શું કહી શકે?''

ઊંડા ભક્તિભાવથી બોલાયેલા આ શબ્દો સાંભળી રામકૃષ્ણ ભાવાવસ્થામાં આવી ગયા અને બોલ્યા, ''વધારે શું કહું? એટલું કહું છું કે

તમને સૌને મારા આશીર્વાદ છે. સૌને ચૈતન્ય થાઓ !'' પછી તેમણે ભક્તોને ચરણસ્પર્શ કરવા દીધો અને સહુ પર આશીર્વાદ વરસાવ્યા. સૌ શિષ્યોએ અવર્ણનીય આનંદની અનુભૂતિ કરી.

પરંતુ આ પ્રસંગ પછી રામકૃષ્ણના આખા દેહમાં દાહ ઊપડ્યો. ગંગાજળ છાંટ્યા પછી આ દાહ શમી ગયો હતો.

કાશીપુરબાગ એક તીર્થધામ જેવો થઈ પડ્યો. ગુરુની સેવા કરતાં કરતાં કરતાં શિષ્યો જ્ઞાન અને ભક્તિની ઊંચી ને ઊંચી ભૂમિકાએ જઈ રહ્યા. નરેન્દ્રની મનોભૂમિકા પણ ઉચ્ચતર થઈ રહી હતી. બીજી જાન્યુઆરીએ નરેન્દ્રે ધ્યાનાવસ્થામાં છાતીમાં એક પ્રકારની ધીમી ગતિનો અનુભવ કર્યો. મહેન્દ્રે કહ્યું કે કદાચ કુંડલિની જાગી ઊઠી હશે. નરેન્દ્રને પણ એવું જ લાગ્યું.

નરેન્દ્ર માટે આ દિવસો માત્ર ગુરુસેવાના ન હતા. એ દિવસોમાં એણે અનેક પ્રકારની કઠોર તપશ્ચર્યાઓ શરૂ કરેલી. ધૂણી સળગાવીને આખી રાત તે ધ્યાનમાં ગાળતો. રામકૃષ્ણ તેને તેમાં પ્રોત્સાહન આપતા. ધીમે ધીમે તેઓ ભાવિ વિવેકાનંદનું ઘડતર કરી રહ્યા હતા. એક દિવસ તેમણે નરેન્દ્રને કહેલું, ''જો, આ બધાની સોંપણી તને કરી જાઉં છું. મારા ગયા પછી તેઓ સાધના ચાલુ રાખે અને ઘેર પાછા ન જાય તે તું જોજે.''

એક દિવસ ભાવિ સંન્યસ્તજીવનની પૂર્વતૈયારી રૂપે રામકૃષ્ણે યુવાન શિષ્યોને ભિક્ષા માગી લાવવાનું કહ્યું. ઉત્સાહી શિષ્યોએ એમના આદેશનું પાલન કર્યું. રામકૃષ્ણ જાણતા હતા કે આ યુવકો થોડા સમય પછી સંન્યાસ લઈ ઈશ્વરની શોધમાં નીકળી પડવાના છે.

ઈ. ૧૮૮૬નો માર્ચ માસ આવ્યો. નરેન્દ્રની તપશ્ચર્યા તીવ્ર બની. તેને પોતાને પણ લાગ્યું કે અમુક પ્રકારની આધ્યાત્મિક શક્તિનો પોતાની



ભીતર ઉદય થઈ રહ્યો છે.

રામકૃષ્ણનો વ્યાધિ ધીમે ધીમે વકરી રહ્યો હતો. શિષ્યોની ચિંતાનો પાર ન હતો. સંસારી શિષ્યો ગુરુ માટે પ્રેમપૂર્વક પૈસા ખર્ચી રહ્યા હતા. ભયંકર પીડા પણ રામકૃષ્ણના ચિત્તની પ્રસન્નતાને ડગાવી શકતી ન હતી. કારણ તેઓને તો આની પાછળ જગદંબાની ઈચ્છા જ પ્રતીત થતી હતી. ક્યારેક વેદના અસહ્ય બનતી ત્યારે તેઓ ગણગણતા, ''શરીર અને વ્યાધિ બંને પોતપોતાનું ભલે ફોડી લે. પરંતુ હે મન! તું તો નિત્ય આનંદમાં જ રહે.''

૧૫ મી માર્ચે રામકૃષ્ણને કંઈક ઠીક હતું. નરેન્દ્ર, રાખાલ વગેરે ભક્તો તેમની પાસે બેઠા હતા. સૌના ચહેરા પર હતાશાનો ભાવ દેખાતો હતો. રામકૃષ્ણે કહ્યું, ''મને શું દેખાય છે એ તમે જાણો છો? ઈશ્વરે જ વસ્તુમાત્રનું રૂપ ધારણ કર્યું છે. જે મનુષ્યો અને પ્રાણીઓને હું જોઈ રહ્યો છું એ સૌ તો ચામડીથી ઢાંકેલાં ખોખાં રૂપે જ મને ભાસે છે, અને એમના દ્વારા ઈશ્વર પોતે જ જાણે હરીફરી રહ્યો છે! હું તો જોઉં છું કે વધ કરનાર, જેનો વધ કરવામાં આવે છે તે, અને વધસ્તંભ એ બધું ઈશ્વર પોતે જ બન્યો છે!''

અહીં ગુજરાતના ભક્તકવિ નરસિંહ મહેતાના શબ્દો સ્મરણે ચડે છે : 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ જૂજવે રૂપે અનંત ભાસે.'... 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.'

શિષ્યોની મુખમુદ્રા પર રમતા ભાવો સમજી ગયા હોય એમ રામકૃષ્ણ નરેન્દ્ર અને રાખાલનાં શરીર પર હાથ ફેરવવા લાગ્યા અને મહેન્દ્ર તરફ જોઈને કહેવા લાગ્યા, '' આ દેહને જો થોડો વધુ સમય સુધી ટકવા દેવામાં આવ્યો હોત તો બીજા અનેક લોકોની આધ્યાત્મિક ઉન્નતિ

થઈ શકી હોત.'' થોડી વાર થોભીને એમણે કહ્યું, ''પરંતુ જગદંબાની ઈચ્છા એવી નતી.'' પછી સ્પષ્ટતા કરતાં કહ્યું, ''નહિ, જગદંબાનું વિધાન જુદું જ છે. રખે મારાં ભોળપણ અને અભણપણાનો લોકો ગેરલાભ ઉઠાવે અને મને ફોસલાવીને આધ્યાત્મિકતાની વિરલ સિદ્ધિઓ લઈ લે, એટલે એ હવે મને પાછો બોલાવી લે છે. જમાનો એવો આવ્યો છે કે કોઈને સાધના કરવી નથી.''

રાખાલે ગદ્ગદ થઈને કહ્યું : ''કૃપા કરીને જગદંબાને આપનું આયુષ્ય લંબાવવાનું કહો.''

રામકૃષ્ણ : ''એ તો એની ઈચ્છાની વાત છે.''

નરેન્દ્ર : ''આપની ઈચ્છા એ જ એની ઈચ્છા છે.''

રામકૃષ્ણે એકાદ મિનિટ થોભીને કહ્યું, ''પરંતુ હવે હું જોઉં છું કે મારી ઈચ્છા એની ઈચ્છામાં ભળી ગઈ છે.''

એ પછી પોતાના વિષે ચિંતિત શિષ્યોને રામકૃષ્ણે આત્માનું સ્વરૂપ સમજાવ્યું અને કહ્યું કે આત્મા તો સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણે ગુણોથી પર છે. એ કશાથી લેપાતો નથી.

કાશીપુર ઉદ્યાનના એ દિવસો ભક્તો માટે ધન્ય હતા. એક દિવસ મોટો ગોપાળ કેટલાંક ભગવાં વસ્ત્રો અને રુદ્રાક્ષની માળાઓ સાધુઓને વહેંચવા લાગ્યો.

રામકૃષ્ણે કહ્યું, ''આ બધા યુવકો ત્યાગની ભાવનાવાળા છે. એમના કરતાં વધુ સારા સાધુઓ તને બીજે ક્યાં મળવાના છે? માટે વસ્ત્રો અને માળાઓ એમને જ વહેંચી દે.''

સાંજ રામકૃષ્ણે શિષ્યોને બોલાવ્યા અને એમની પાસે અમુક ધાર્મિક ક્રિયા કરાવી. તેમને ભગવાં વસ્ત્રો વહેંચ્યાં. એ સાંજે એ યુવકોએ પોતાની



અંતરની ઈચ્છાઓને સફળ થતી જોઈ. ભાવિ 'રામકૃષ્ણ મઠ'નું બીજારોપણ કરનાર આ પ્રસંગ એક યાદગાર સીમાચિહ્ન બની રહ્યો.

૧૮૮૬ની ૨૨ મી એપ્રિલે હૈદ્રાબાદથી એક સિંધી ગૃહસ્થ હીરાનંદ સૌકીરામ રામકૃષ્ણને મળવા આવ્યા. નરેન્દ્ર પાસેથી રામકૃષ્ણને વેઠવી પડતી યાતના વિશે જાણી એમણે રામકૃષ્ણને પૂછ્યું, ''ભગવાનના ભક્તને આટલું બધું દુઃખ શા માટે વેઠવું પડતું હશે?''

રામકૃષ્ણે એમને સમજાવ્યું, ''દેહના દંડ દેહ ભોગવે છે.''

મે, જૂન અને જુલાઈ ગયા. રામકૃષ્ણની શારીરિક સ્થિતિ દિનપ્રતિદિન બગડતી જતી હતી. ભક્તો બધું ભગવાન પર છોડી યથાશક્તિ સારવાર કરી રહ્યા.

ઓગસ્ટ માસના પ્રથમ સપ્તાહ હતું. રામકૃષ્ણે જોગીનને પંચાંગ વાંચવાનું કહ્યું. નવમી ઓગસ્ટ પછીની તારીખો તેઓ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા. જોગીને ૩૧મી સુધીની તારીખો સંભળાવી એટલે એમણે એને અટકી જવાનું કહ્યું.

ઓગસ્ટનું બીજું સપ્તાહ શરૂ થઈ ગયું. મહાસમાધિને ત્રણ-ચાર દિવસની વાર હતી. રામકૃષ્ણે નરેન્દ્રને પોતાની પાસે બોલાવ્યો. તેને રામમંત્રની દીક્ષા આપી. અને એના તરફ સ્થિર દૃષ્ટિ કરીને ઊંડી સમાધિમાં સરી ગયા. નરેન્દ્રને એવું લાગ્યું, જાણે વિદ્યુત્ જેવો સૂક્ષ્મ પ્રવાહ પોતાના દેહમાં પ્રવેશી રહ્યો છે. એણે બાહ્ય ભાન ગુમાવ્યું. થોડી વાર પછી તે સ્વસ્થ થયો ત્યારે એણે જોયું તો રામકૃષ્ણ રડી રહ્યા હતા. એને આશ્ચર્ય થયું. રામકૃષ્ણે તેને કહ્યું, ''આજે મેં તને મારું સર્વસ્વ આપી દીધું છે. હવે હું અકિંચન ફકીર બની ગયો છું. આજે મેં તને જે આપ્યું છે એનાથી તું જગતમાં મહાન કાર્યો કરી શકીશ. એ કાર્યો પાર પાડ્યા પછી તું જ્યાંથી

આવ્યો છે ત્યાં પાછો ચાલ્યો જઈશ.''

નરેન્દ્રના જીવનની એ ધન્યતમ ક્ષણ હતી. એ ક્ષણે શિષ્યમાં ગુરુ સમાઈ ગયા.

સંભવત : ૧૩ મી ઓગસ્ટ હતી. રામકૃષ્ણની પથારી પાસે નરેન્દ્ર ઊભો હતો. એકાએક એને એક વિચાર આવ્યો, એને થયું, ''પોતે ઈશ્વરનો અવતાર છે એવું રામકૃષ્ણ અનેક વાર બોલી ચૂક્યા છે. પરંતુ જ્યારે એ આવી શારીરિક પીડા અને અસહ્ય યાતના વેઠી રહ્યા છે ત્યારે, એવી અવસ્થામાં પણ જો એ કહી શકે કે 'હું ઈશ્વરનો અવતાર છું' તો હું એમને માનું.''

નરેન્દ્રના ચિત્તમાં જેવો વિચાર પૂરો થયો કે તરત રામકૃષ્ણ એના તરફ ફર્યા અને પૂરી તાકાતથી સ્પષ્ટપણે બોલ્યા, ''અરે નરેન! તને હજી ખાતરી થતી નથી? જે રામ હતા, જે કૃષ્ણ હતા એ જ આ દેહમાં રામકૃષ્ણ રૂપે વિરાજે છે, અને એ પણ તારી વેદાન્તદૃષ્ટિથી નહિ!''

નરેન્દ્ર તો ગુરુના આ શબ્દો સાંભળી ભોંઠો જ પડી ગયો. હજી પણ પોતાને શંકા થઈ એ બદલ એ મનોમન પસ્તાઈ રહ્યો.

૧૫મી ઓગસ્ટ ૧૮૮૬ને રવિવારનો દિવસ આવ્યો. (૧૪ વર્ષ પૂર્વે, ૧૫-૮-૧૮૭૨ના રોજ અરવિંદ ઘોષનો જન્મ થયો હતો અને ૧૯૪૭માં એ જ દિવસે ભારતને આઝાદી સાંપડવાની હતી!)

રામકૃષ્ણની પીડાનો પાર ન હતો. ડોક્ટરે હાથ ધોઈ નાંખ્યા. ગળામાં ભયાનક દર્દ હોવા છતાં એમણે બપોર પછી શિષ્યો સાથે લગભગ બે કલાક સુધી યોગ વિષે વાતચીત કરી. ઢળતી સાંજે તેમનો શ્વાસ રૂંધાવા લાગ્યો. એકાએક તેઓ સમાધિસ્થ થયા.

આ કોઈ અસાધારણ પ્રકારની સમાધિ હતી એવું બધાને લાગ્યું.



શશી રડવા લાગ્યો. પણ મધરાતે તેઓ પુનઃ ભાનમાં આવ્યા. પાંચ છ તકિયાનો ટેકો લઈ તેમણે અંતિમ ઉપદેશ આપ્યો. ભૂખ લાગવાથી તેમણે કશી અડચણ વિના રાબ પીધી. પછી કહ્યું, ''હવે મને આરામ લાગે છે.''

નરેન્દ્રે ગુરુને સૂઈ જવા કહ્યું, તે પગ દબાવવા લાગ્યો. તેને રામકૃષ્ણ ભાવિ કર્તવ્યોનો ઉપદેશ આપતા રહ્યા. પછી ત્રણ વાર 'કાલી !' 'કાલી!' 'કાલી!' એવો સ્પષ્ટ ઉચ્ચાર કરી પથારીમાં સૂઈ ગયા.

પરંતુ થોડી વાર પછી ગુરુના ગળામાં ઘડઘડ સ્વર થવા લાગ્યો. નરેન્દ્ર એ જોઈ એમના પગ ગાદલા પર મૂકી નીચે જતો રહ્યો. તેનાથી જોયું ન ગયું. નાડી તપાસી રહેલા ડોક્ટરે જોયું તો નાડીની ગતિ બંધ થઈ હતી. શિષ્યો સમજ્યા કે આ તો માત્ર સમાધિ છે.

અચાનક એક વાગીને બે મિનિટે રામકૃષ્ણના શરીરમાંથી એક કંપારી પસાર થઈ ગઈ, એમનાં રૂવાડાં ખડાં થઈ ગયાં, આંખો નાકના ટેરવા પર ઠરી રહી. મુખ પર દિવ્ય સ્મિત રમી રહ્યું... રામકૃષ્ણ સમાધિમાં લીન થઈ ગયા, પણ એ મહાસમાધિ હતી, કેમકે એ પછી તેઓ પાર્થિવ જગતમાં પાછા ફર્યા નહિ.

આ રીતે, ૧૬મી ઓગસ્ટ, સોમવારે વહેલી પરોઢે રામકૃષ્ણે ઈહલોકની લીલા સંકેલી લીધી. એ દિવસે રાત તો અજવાળી હતી પણ શિષ્યોની મંડળીના મુખ પર શોકની શ્યામલ છાયા પથરાઈ હતી.

સવારે કલકત્તામાં આ સમાચાર વાયુવેગે પ્રસરી ગયા. અંતિમ દર્શન માટે ભાવિક ભક્તો ઊમટી પડ્યા.

સાંજે પાંચ વાગ્યે રામકૃષ્ણના મૃતદેહને ચંદન, પુષ્પો તથા ભગવાં વસ્ત્રોથી વિભૂષિત કરીને થોડો સમય આંગણામાં દર્શનાર્થે રાખવામાં આવ્યો. પછી ભક્તો તેમના દેહને સરઘસ આકારે કાશીપુરની

સ્મશાનભૂમિમાં લઈ ગયા. બે કલાકમાં તેમનો નશ્વરદેહ અગ્નિમાં ભળી ગયો.

રામકૃષ્ણ શું ખરેખર મૃત્યુ પામ્યા હતા? એમના શબ્દોમાં તો તેઓ 'એક ઓરડામાંથી બીજા ઓરડામાં ચાલ્યા ગયા હતા.'

ભજન કરી રહેલા ભક્તોની ચિત્તમાં શાંત ઈશ્વરાધીન ભાવ રમી રહ્યો. રામકૃષ્ણના દેહની ભસ્મ અને અસ્થિને પાત્રમાં ભરીને ધીમે પગલે અને ભારે હૈયે સહુ 'જય રામકૃષ્ણ'નો નાદ ગજવતા કાશીપુર પાછા ફર્યા.

રામકૃષ્ણના શિષ્યો સમક્ષ ગુરુદેવના અવશેષોની જાળવણીનો જટિલ પ્રશ્ન ખડો થયો. ગૃહસ્થ ભક્તોએ અવશેષોને કાંકુરગાછીમાં રામચંદ્ર દત્તને ત્યાં પધરાવવાનો પ્રસ્તાવ કર્યો. નરેન્દ્રે સૂચવ્યું કે અસ્થિ-અવશેષોનો મોટો ભાગ બલરામને ત્યાં રહે અને ભસ્મ વગેરે બાકીનો ભાગ ભલે ગૃહસ્થ ભક્તો કાંકુરગાછીમાં લઈ જાય. સહુએ આ સૂચના સ્વીકારી.

ભાડાચિઠ્ઠીની મુદત પૂરી થઈ ન હતી તેથી યુવાન શિષ્યો કાશીપુરમાં જ રહ્યા. તારક, લાટુ અને વૃદ્ધ ગોપાલ - એ ત્રણ શિષ્યે તો ગૃહત્યાગ કર્યો હતો એટલે એમણે ઘરે જવાનો પ્રશ્ન જ ન હતો. અન્ય યુવકો રોજ આવતા-જતા અને ધ્યાન, ભજન તથા શાસ્ત્રચર્ચામાં સમય વ્યતીત કરતા.

ભાડાચિઠ્ઠીની મુદત પૂરી થવા આવી ત્યારે ક્યાં જવું એ સમસ્યા ઊભી થઈ. પરંતુ એનો ઉકેલ આવ્યો. રામકૃષ્ણની બીમારી વખતે મોટા ભાગનો ખર્ચ ઉપાડનાર સુરેન્દ્રનાથ મિત્રને એક સાંજે ગુરુએ દર્શન આપ્યાં અને કહ્યું, 'તું આ છોકરાઓને સંભાળ.'

સુરેન્દ્રનાથ તરત કાશીપુર ગયા અને યુવકોને કહ્યું, ''ભાઈઓ! તમે ક્યાં જશો? અત્યાર સુધી હું આપતો હતો એટલી રકમ હું આપીશ.



તેમાંથી તમે સૌ સાથે રહી શકો એવું એક મકાન ભાડે લઈએ. તમે ત્યાં રહેજો. અમે સંસારીઓ પણ સંસારની વિટંબણાઓમાંથી અવારનવાર વિશ્રાંતિ લેવા ત્યાં આવતા રહીશું.''

યુવાન શિષ્યોએ કૃતજ્ઞતાપૂર્વક સુરેન્દ્રની દરખાસ્તનો સ્વીકાર કર્યો.

વરાહનગરમાં એક મકાન ભાડે રાખવામાં આવ્યું. એ રીતે રામકૃષ્ણના સંન્યાસી શિષ્યોનો પ્રથમ મઠ શરૂ થયો. તારક અને વૃદ્ધ ગોપાળે ત્યાં રહેવા માંડ્યું. નરેન્દ્ર, રાખાલ, શશી, બાબુરામ અને નિરંજન - એ બધા અવારનવાર ત્યાં જતા. ક્રમશઃ એ બધાએ પણ ત્યાં જ રહેવા માંડ્યું.

કાલી, લાટુ અને જોગીન માતાજીને લઈ વૃંદાવનયાત્રાએ ગયા હતા. થોડા મહિનામાં કાલી અને લાટુ મઠમાં પાછા ફર્યા અને વર્ષને અંતે જોગીન પણ આવી પહોંચ્યો. ત્યાર બાદ શારદા અને સુબોધ આવ્યા અને છેલ્લે આવ્યા ગંગાધર, હરિ અને તુલસી.

બધા તરુણો સાચા સંન્યાસીઓ હતા. થોડા સમય પછી આ તરુણોએ વિધિપૂર્વક વિરજાહોમ કર્યો અને પૂર્વજીવનની સ્મૃતિ અને સંસારી નામો ત્યજીને સંન્યાસીનાં નામો ધારણ કર્યાં. રામકૃષ્ણનાં જીવન અને ઉપદેશોમાંથી પ્રેરણા લઈને આ તરુણો નવા માર્ગે આગળ વધવા લાગ્યા. બલરામને ત્યાં મૂકેલા ગુરુના અવશેષોને મઠમાં વિધિપૂર્વક પ્રતિષ્ઠિત કરી નિયમિત રીતે તેની પૂજા શરૂ કરી.

વરાહનગર મઠમાં નરેન્દ્ર નેતા બન્યો. તરુણ સંન્યાસીઓ સમક્ષ તે ગુરુના ભવ્ય જીવનની વાતો કરીને તેમને સતત પ્રોત્સાહિત કરતો. આ યુવકોના વાલીઓએ તેમને સંસારમાં ખેંચવા ખૂબ ધમપછાડા કર્યા પણ તે કામયાબ ના નીવડ્યા.

રામકૃષ્ણના દેહત્યાગના શોકને હળવો કરવા મા શારદામણિદેવીએ કઠોર તપશ્ચર્યા શરૂ કરી. ગૃહસ્થ ભક્તો પણ ઈષ્ટના સાક્ષાત્કાર માટે પુરુષાર્થ કરવા લાગ્યા. એમાં નાગ મહાશય ઉલ્લેખનીય છે.

વરાહનગર મઠમાં યુવાન સંન્યાસીઓ હાડમારીઓ વચ્ચે તપસ્વી-જીવન જીવી રહ્યા હતા. એમની પાસે સંપત્તિમાં શું હતું? થોડાંક ભગવાં વસ્ત્રો, ચટાઈ, થોડાં દેવદેવીઓનાં ચિત્રો, જપમાળા, તાનપૂરો અને થોડાં પુસ્તકો.

તપસ્વી જીવનના એ દિવસોને યાદ કરતાં સ્વામી વિવેકાનંદે કહેલું, “વરાહનગર મઠમાં એવા પણ દિવસો વીત્યા છે જ્યારે અમારી પાસે કશું જ ખાવાનું ન હોય, ભાત હોય તો મીઠું ન મળે! પરંતુ કોઈને પરવા ન હતી. કેટલાય દિવસો સુધી બાફેલાં પાંદડાંનું શાક, ચોખા અને મીઠું એ અમારો ખોરાક હતો. શા એ દિવસો હતા!”

પ્રતિકૂળ સંજોગોએ આ યુવાન સંન્યાસીઓની આંતરિક શક્તિને દઢ બનાવી. મોટા ભાગનો સમય સાધનામાં વ્યતીત કર્યા પછી આ સાધુઓ અમુક સમયે ભ્રમણાર્થે દેશના અન્ય ભાગોમાં પણ જતા. ગુરુદેવના અવશેષોની સાચવણી અર્થે શશીએ સામે ચાલીને મઠમાં જ રહેવાનું સ્વીકાર્યું.

ઈ. ૧૮૮૬ થી ૧૮૯૨ સુધી રામકૃષ્ણ મઠ વરાહનગર ખાતે જ રહ્યો. પછી દક્ષિણેશ્વર પાસે આવેલા ‘આલમબજાર’ નામના સ્થળમાં એને ખસેડવામાં આવ્યો. ઈ. ૧૮૯૭ સુધી એ ત્યાં રહ્યો, ત્યારબાદ ઈ. ૧૮૯૮માં બેલૂર ખાતે કાયમી ધોરણે મઠની સ્થાપના કરવામાં આવી.

શિકાગો વિશ્વધર્મ પરિષદમાં હિંદુ ધર્મનો ડંકો વગાડી વિશ્વવિખ્યાત બની ચૂકેલા સ્વામી વિવેકાનંદનું સન્માન કરવા જ્યારે દુનિયાભરના લોકો



પડાપડી કરી રહ્યા હતા ત્યારે તેમણે ભાવનીતરતી વાણીમાં પોતાના ગુરુદેવને આ શબ્દોમાં અંજલિ આપી હતી :

“મન, વચન કે કર્મથી જો હું કંઈ સિદ્ધ કરી શક્યો હોઉં કે આ વિશ્વમાં કોઈને પણ સહાયરૂપ થઈ પડે એવો એક શબ્દ પણ મારા હોઠમાંથી બહાર પડ્યો હોય, તો એ બધા માટે હું પોતે કશો દાવો કરતા નથી, એ બધાનો યશ શ્રીરામકૃષ્ણ દેવને છે પરંતુ જો મારા હોઠમાંથી કોઈ કટુવાણી બહાર પડી હોય, જો મારામાં કોઈ દ્વેષવૃત્તિનું દર્શન થતું હોય, તો એ બધું મારું પોતાનું છે, એમનું નહિ. મારામાં જે કંઈ ક્ષતિ હોય એ મારી છે અને જે કંઈ પ્રાણપદ, શક્તિદાયક, શુદ્ધ અને પવિત્ર હોય તેની પાછળ શ્રી રામકૃષ્ણ દેવની પ્રેરણા, વાણી અને વ્યક્તિત્વ રહેલાં છે. મિત્રો! એ પુરુષને જગતે હજી હવે ઓળખવાનો છે.”

વર્તમાન ભારતના શ્રેષ્ઠ દાર્શનિક અને મહાન યોગી મહર્ષિ અરવિંદે રામકૃષ્ણને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું છે :

“આપણે રામકૃષ્ણના જીવનમાં વિરાટ આધ્યાત્મિક શક્તિનું અસાધારણ ઉદાહરણ જોઈએ છીએ. એમણે એટલી જલદી બ્રહ્મત્વની પ્રાપ્તિ કરી લીધી હતી જાણે બળજબરીથી એમણે સ્વર્ગનું રાજ્ય છીનવી ન લીધું હોય! અને એ પછી એમણે એક પછી એક યૌગિક ક્રિયાઓ અવિશ્વસનીય ઝડપથી વશ કરીને એમાંથી સાર ગ્રહણ કરી લીધો હતો. અન્તઃ ઉત્પન્ન આધ્યાત્મિકતાના વિભિન્ન અનુભવોના વિસ્તાર દ્વારા અને અન્તઃ અનુભૂતિજન્ય જ્ઞાનની સ્વાભાવિક ક્રીડા દ્વારા તેઓ હંમેશાં પ્રેમ દ્વારા ભગવત્-ઉપલબ્ધિ તથા પ્રાપ્તિના સારભૂત પરિણામ પર જ પહોંચતા હતા. આવું ઉદાહરણ સર્વસાધારણ રૂપમાં શક્ય નથી. તેમનો ઉદ્દેશ પણ વિશેષ અને સામયિક હતો. દીર્ઘકાળથી પરસ્પર સંઘર્ષરત સંપ્રદાયો અને

જૂથોમાં વિભક્ત સંસારને એવા પરમ સત્યની આવશ્યકતા હતી જેને પ્રાપ્ત કરવા માટે માનવસમાજ પૂરી શક્તિથી પુરુષાર્થ કરી રહ્યો હતો. 'બધા જ સંપ્રદાયો એક જ પૂર્ણ સત્યના અંશ અને અંગ છે તથા સમસ્ત સાધનાઓનું લક્ષ્ય પોતપોતાના ભિન્ન ભિન્ન માર્ગો દ્વારા એ એકમેવ પરમ અનુભવને પ્રાપ્ત કરવો એ જ છે.' - આ એ પરમ સત્ય છે. આ સત્યને કોઈ એક મહાત્માના નિર્ણાયક મહાન અનુભવ દ્વારા દૃષ્ટાંતરૂપમાં ઉપસ્થિત કરવાની આવશ્યકતા હતી.'' ('યોગ સમન્વય', આર્ય, પોંડિચેરી, નં.૫, ડિસેમ્બર ૧૯૧૪)

રામકૃષ્ણના વ્યક્તિત્વ અને જીવનના યથાર્થ મહત્ત્વને ભારતવર્ષના આધુનિક અધ્યાત્મવેત્તા ગુરુએ આ પ્રકારે અનુભવ્યું. રામકૃષ્ણના ફ્રેંચ ચરિત્રકાર રોમાં રોલાંએ એમને અંજલિ આપતાં લખ્યું છે :

''એમના વખત સુધી કોઈ પુરુષે બ્રહ્મનાં એક કરતાં વધારે પાસાંનો સાક્ષાત્કાર કરવાનો પ્રયાસ કર્યો ન હતો. એ બધાં જ પાસાંનો સાક્ષાત્કાર કરવો જોઈએ એ આ યુગનું કર્તવ્ય હતું. આ પુરુષે પોતાનાં તમામ જીવતાં માનવભાંડુઓ જોડે તાદાત્મ્ય સાધ્યું. આ પુરુષ એ નવા યુગને તેના ધ્યેય સુધી પહોંચાડનાર સુકાની અને ભોમિયા હતા.''



# ૧૧. નવલકથાનું નવનીત

- સાંસારિક જીવન ગાળવાની સાથે આધ્યાત્મિકતા ખીલવવાની હિમાયત કરનારાઓને પણ એક વખત જો એ ઈશ્વરી આનંદનો આસ્વાદ મળે તો આ સંસારમાંથી તેમનો બધો સ્વાદ ચાલ્યો જાય, પ્રવૃત્તિ કર્યા કરવાનો સઘળો ઉત્સાહ ઓસરી જાય. જેમ જેમ એમના ઈશ્વરી આનંદની માત્ર વધતી જાય તેમ તેમ તેમનો સાંસારિક કાર્યો કરવા માટેનો આવેશ અને આવેગ ઓછો ને ઓછો થતો જાય અને કેવળ પેલો દિવ્ય આનંદ પામવાને જ તેઓ પ્રયત્ન કરે. સંસારનાં સુખોની શું ઈશ્વરી આનંદ સાથે તુલના થઈ શકે ખરી? એક વખત જો મનુષ્યને એ આનંદ મળે, તો પછી એ પાગલ બનીને તેની પાછળ લાગવાનો! પછી સંસાર રહે કે જાય તેની તેને શી પડી હોય?

પાણીથી ભરપૂર અનેક સરોવરો, નદીઓ અને સાગરો હોય. છતાં ચાતક એવું પાણી પીએ નહિ, ભલે પછી તૃષાથી તેનો પ્રાણ ચાલ્યો જતો હોય ! એ તો સ્વાતિબિંદુની જ રાહ જોઈને બેઠું હોય. બીજું બધું પાણી તેને ધૂળ સમાન હોય.

- જ્યાં સુધી 'હું'પણું છે ત્યાં સુધી તો દ્વંદ્વ રહેવાનું જ. સચ્ચિદાનંદ રૂપી મહાસાગરમાં 'હું' રૂપી ઘડો રહેલો છે. જ્યાં સુધી ઘડાનું અસ્તિત્વ છ ત્યાં સુધી પાણી જુદું દેખાવાનું જ, અર્થાત્ એનો એક ભાગ અંદર છે અને બાકીનો ભાગ ઘડાની બહાર છે. પણ જ્યારે ઘડો તૂટીફૂટી જાય ત્યારે પછી બધું પાણી જ પાણી ! પછી એ સ્થિતિનું વર્ણન શબ્દોમાં થઈ જ શકે નહિ. વર્ણન કરનાર કોણ રહે?

- જેણે જોડા પહેર્યા હોય એને કાંટાની બીક શી? એ પ્રમાણે જેને ખાતરી થઈ જાય કે ઈશ્વર જ સત્ય છે અને બાકી બધું મિથ્યા છે તેને સંસારના પ્રલોભનોની બીક શી?

- અવતારો અને ઈશ્વરીય અંશ ધરાવતા પુરુષોનો વર્ગ જ જુદો; તેઓ દિવ્ય વર્ગના હોય છે. તેઓ ખુલ્લામાં વિચરે છે, દુનિયાદારીમાં તેઓ કદાપિ સપડાતા નથી તથા પુરાઈ રહેતા નથી. સંસારી લોકોની જેમ તેમની અહંવૃત્તિ દૃઢમૂલ થઈ ગઈ હોતી નથી. સંસારી લોકોની અહંવૃત્તિને ચોતરફ દીવાલોથી બંધાયેલા તેમ જ છાપરાવાળા ઓરડાની સાથે સરખાવી શકાય, એ ઓરડાની બહાર રહેલું કશું જોઈ શકાતું નથી. જ્યારે અવતારી પુરુષની અહંવૃત્તિ પાતળા પારદર્શક પડ જેવી હોય છે. એમાંથી ઈશ્વરનાં સતત દર્શન થતાં રહે છે. ધારો કે એક માણસ એક દીવાલ પાસે ઊભો છે. એ દીવાલની બંને બાજુએ ખુલ્લાં ચોગાનો ક્યાંય સુધી વિસ્તરી રહેલાં છે. જો એ દીવાલમાં કાણું હોય તો પેલો માણસ બીજી બાજુ પણ જોઈ શકે. વળી એ કાણું બાકોરા જેટલું પહોળું હોય તો એ માણસ એમાંથી આવજા પણ કરી શકે. એવી રીતે અવતારી પુરુષની અહંવૃત્તિને આવી વિશાળ બાકારોવાળી દીવાલ સાથે સરખાવી શકાય. દીવાલની કોઈ પણ બાજુથી એ અવતારી પુરુષ બીજી બાજુના ચોગાનનો



અનંત વિસ્તાર જોઈ શકે. અવતારો અને નિત્યસિદ્ધોને દેહ ધારણ કરવો પડે છે એ ખરું, પણ તેઓ હંમેશાં ઈશ્વર સાથે યોગની સ્થિતિમાં રહે છે.

- બેશક, ઈશ્વર ખરેખર છે જ ! તમે દિવસે તારા ન જોઈ શકો એનો અર્થ એવો નથી કે તારા છે જ નહિ. દૂધમાં માખણ રહેલું છે જ, પરંતુ એને માત્ર જોયા કરવાથી એની ખબર પડતી નથી. માખણ કાઢવું હોય તો તમારે કોઈ એકાંત જગ્યાએ દૂધને જમાવી, દહીં બનાવીને પછી મથવું જોઈએ. એવી જ રીતે માત્ર સંકલ્પ કરવાથી જ ઈશ્વરનો સાક્ષાત્કાર થઈ શકે નહિ. તમારે એને માટે સાધના કરવી પડે.

- માણસ બિલાડીના બચ્ચાની જેમ વર્તવાને બદલે વાંદરીના બચ્ચાની જેમ શા માટે વર્તતો હશે? વાંદરી જ્યાં જાય ત્યાં એનું બચ્ચું એને પોતાની મેળે પ્રયત્ન કરીને વળગી રહે છે, પરંતુ બિલાડીનું બચ્ચું તો જ્યાં લગી તેની મા આવીને તેને ગરદનથી ઉપાડી નહિ લે ત્યાં લગી 'મ્યાઉં મ્યાઉં' કરતું રહે છે. વાંદરીનું બચ્ચું કેટલીક વાર પકડ છૂટી પડી જઈને ઈજા પામે છે, જ્યારે બિલાડીના બચ્ચાને એવું જોખમ પડતું નથી, કારણ કે તેને તેની મા જ અહીંતહીં લઈ જાય છે. પોતાની ઈચ્છા અને ઈશ્વરની ઈચ્છા વચ્ચે આવો ભેદ રહેલો છે.

- પ્રત્યેક મનુષ્યે થોડી મર્દાનગી તો કેળવવી જ જોઈએ. સુખોપભોગોની પ્રાપ્તિ માટે ગધ્ધામજૂરી કરવી એને હું મર્દાનગી કહેતો નથી. એવી મર્દાનગી તો મનુષ્યને નીતિભ્રષ્ટ બનાવે અને એ તો પશુઓમાં પણ દેખાય છે. તમારામાં અર્જુનના જેવી, અર્થાત્ જીવનના છેલ્લા શ્વાસ સુધી આદર્શને વળગી રહેવાની મર્દાનગી હોવી જોઈએ.

- તમે આમ શાસ્ત્રો ક્યાં સુધી વાંચવાંચ કર્યા કરશો? ખાલી શાસ્ત્રચર્ચાઓ કરવાથી શો લાભ થવાનો છે? પહેલાં ઈશ્વરને ઓળખવાનો

પ્રયત્ન કરો, અને એ માટે ગુરુમાં શ્રદ્ધા રાખીને કેટલીક આધ્યાત્મિક સાધના કરો. જો એવા ગુરુ ન હોય તો ખરા હૃદયથી ઈશ્વરની પ્રાર્થના કરો, એટલે એ સ્વયં પોતે કેવા છે એ પોતાની મેળે સમજાવશે. ગ્રંથોના કેવળ અભ્યાસથી શું વળે? જ્યાં સુધી બજારમાં પહોંચો નહીં ત્યાં સુધી દૂરથી તેનો માત્ર કોલાહલ જ સંભળાય. પરંતુ એક વખત ત્યાં પહોંચો એટલે તમને જુદા જ પ્રકારનું દૃશ્ય જોવા મળે. પછી તો સ્પષ્ટતાથી બધું જોઈ તથા સાંભળી શકાય. એવી જ રીતે ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યા પછી પુસ્તકો, શાસ્ત્રો તથા વિદ્યાઓ વગેરે છોતરાં જેવાં લાગે.

- ઈશ્વરનાં દર્શન થઈ શકે છે. જેમ હું તમને જોઈ શકું છું, તમારી સાથે વાતચીત કરી શકું છું, તેમ દરેક જણ એને જોઈ શકે અને એની સાથે વાતચીત કરી શકે. પરંતુ એવું કરવાની તાલાવેલી કોને છે? માણસો પોતાનાં બૈરીછોકરાં માટે કે પૈસાટકા માટે આંસુઓના ધોધ વહાવે છે, પરંતુ ઈશ્વરનાં દર્શન માટે એવું કોણ કરે છે? જો મનુષ્ય ખરેખર ઈશ્વર માટે આંસુ સારે તો એને ઈશ્વર દર્શન આપ્યા વિના રહે જ નહીં.

- પોતાની જાત કરતાં પણ ઈશ્વરને અધિક પ્રિય ગણીને તેનું ધ્યનભજન કરો, હું તમને ખાતરી પૂર્વક કહું છું કે એના ભક્તો તરફ એને અનહદ પ્રેમ છે. એમની સમક્ષ એ પ્રગટ થયા વિના રહે જ નહિ. મનુષ્ય એની શોધમાં નીકળે એ પહેલાં જ તે તેને આવી મળે છે. ઈશ્વરથી વધુ નિકટ, વધુ પ્રિય મનુષ્યનું બીજું કોઈ નથી.

- ઈશ્વરનું નામ લેવાથી તથા તેનાં ગુણગાન અને સત્સંગ કરવાથી ચિત્ત ઈશ્વર તરફ વળે. ઈશ્વરના ભક્તો અથવા સાધુની પાસે વારંવાર જવું જોઈએ. સંસારમાં અને વિષયસુખમાં રાતદિવસ રચ્યાપચ્યા રહેવાથી મન ઈશ્વર તરફ કદી પણ જતું નથી. વારંવાર એકાંતમાં જઈને તેનું



ચિંતન કરવાની ખાસ જરૂર છે. આરંભમાં એકાંતનું સેવન ન કરીએ તો પછીથી ઈશ્વરમાં મનોવૃત્તિને સ્થિર કરવાનું બહુ વિષમ થઈ પડે છે.

સંસારી માણસે સંસારમાં કેવી રીતે રહેવું જોઈએ?

સર્વ કાર્ય કરવાં, પણ ચિત્ત ઈશ્વરમાં જ રાખવું. પત્ની, પુત્ર, મા, બાપ સર્વને પોતાનાં ગણીને તેમની સેવા કરવી, જાણે કે તે ખૂબ ખૂબ આપણાં હોય તેમ વર્તવું. પણ મનમાં સમજવું કે તેઓ કોઈ આપણાં નથી.

કોઈ મોટા માણસના ઘરની કામવાળી શેઠના ઘરનું બધું જ કામકાજ કરે, પણ તેનું ચિત્ત તો પોતાને જ ઘેર પડ્યું હોય છે. વળી તે શેઠનાં છોકરાં તરફ પોતાનાં છોકરાં જેટલું જ હેત બતાવે અને બોલે, પણ મનમાં તે બરાબર જાણે કે આ છોકરાં કંઈ મારાં નથી.

ઈશ્વરભક્તિ પ્રાપ્ત કર્યા પહેલાં સંસારમાં તમે પડો તો તમે વધારે ગૂંચવાઈ જાઓ. વિપત્તિ, શોક, સંતાપ વગેરે સર્વે મળીને તમારા ચિત્તની સ્વસ્થતા બગાડી નાખે અને તમે સાંસારિક બાબતોમાં જેમ જેમ વધારે ચિત્ત પરોવતા જાઓ તેમ તેમ તેમાં વધારે ને વધારે લેપાતા જાઓ.

ફણસ કાપવું હોય તો પ્રથમ હાથ તેલવાળા કરીને કાપવું જોઈએ. નહિ તો તેનો ચીકણો રસ હાથને ચોંટી જાય છે. તેવી જ રીતે ઈશ્વરભક્તિ રૂપી તેલ હાથે ચોપડીને પછી જ સંસારના કાર્યમાં પડવું જોઈએ.

- સંસાર એ જળ બરોબર છે અને મન એ દૂધ બરોબર છે. જો દુધને જળમાં ભેળવી દઈએ તો દૂધ અને જળ સેળભેળ થઈને, એકરૂપ બની જશે, પછી તેને પાણીમાંથી છૂટું પાડી શકાશે નહિ. પણ દૂધનું દહીં બનાવી, તેમાંથી માખણ કાઢીને પછી તેને જળમાં રાખ્યું હોય તો તે પાણીમાં ભળી જશે નહિ. પ્રથમ એકાંતમાં સાધના - ભજન કરીને

જ્ઞાનભક્તિ રૂપી માખણ મેળવવું જોઈએ. પછી તે માખણને સંસાર રૂપી જળમાં રાખીશું તોપણ તે જળ સાથે મળી ન જતાં ઉપર જ તર્યા કરશે.

સાથે સાથે એવો વિવેક કેળવવાની પણ બહુ જરૂર છે કે કામકાંચન આનિત્ય છે, ઈશ્વર જ સત્ય છે. પૈસો શા માટે ઉપયોગનો છે? તે વડે અન્ન, વસ્ત્ર અને રહેઠાણ મળે, પરંતુ ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવવામાં તે સહાયભૂત થતો નથી. એટલે પૈસો કદાપિ જીવનનું લક્ષ્ય બની શકે નહિ. આનું નામ વિવેક.

વારંવાર એકાંતસેવન, ઈશ્વરનાં નામગુણકીર્તન અને વિવેક દ્વારા ઈશ્વરદર્શન થઈ શકે.

મુખ્ય મુદ્દો એ છે કે આપણે ઈશ્વર પ્રત્યે આકર્ષાવું જોઈએ. ત્રણ ગણું આકર્ષણ થાય ત્યારે ઈશ્વરદર્શન થાય. વિષયીનું વિષયભોગ તરફ, માતાનું સંતાન તરફ અને સતી સ્ત્રીનું પતિ તરફ આકર્ષણ : એ ત્રણે આકર્ષણના એકસામટા બળ જેટલું પ્રભુ પ્રત્યે આકર્ષણનું બળ થાય ત્યારે તેનાં દર્શન પ્રાપ્ત થાય.

- જેઓ એકલા પંડિત હોય છે તેઓ નીચે ખરી પડેલાં ફળો જેવા હોય છે. એ ફળો કદી પાકવાનાં નહિ. તેમ ખાવામાંય બેસ્વાદ હોય. એ પંડિતો અરધે રસ્તે ભૂલા પડી ગયેલા છે. ગીધ પક્ષી ઘણું ઊંચે ઊડે છે, પરંતુ તેની નજર તો જમીન ઉપર પડેલાં સડેલાં મડદાં ઉપર ચોંટી હોય છે. કેવળ પંડિતો ફક્ત કહેવાના જ પંડિત હોય છે. કારણ કે તેઓ કામિની અને કાંચનમાં આસક્ત હોય છે. ગીધની જેમ તેઓ પણ કામ-કાંચનરૂપી માંસના લોચાની શોધમાં ફર્યા કરે છે. આસક્તિ અવિદ્યામાંથી જન્મે છે, જ્યારે દયા, ભક્તિ, ત્યાગભાવના એ તો વિદ્યાનું ભવ્ય ઐશ્વર્ય છે.

વિદ્યા અને અવિદ્યા એ બંનેથી બ્રહ્મ પર છે. તે માયાતીત છે, તેનું



મોઢેથી વર્ણન થઈ શકે નહિ. વેદો, પુરાણો, તંત્રો અને ષડ્દર્શનો એ બધું મોઢેથી બોલી શકાય છે તેથી જાણે કે ઉચ્છિષ્ટ થઈ ગયાં છે, માત્ર એક જ તત્ત્વની વાણીથી વ્યાખ્યા થઈ શકતી નથી. એ તત્ત્વ છે બ્રહ્મ. બ્રહ્મ શું છે તેનું વર્ણન હજી સુધી કોઈ કરી શક્યું નથી.

લોકો માની લે છે કે અમે બ્રહ્મ વિષે સઘળું જાણી લીધું છે. એક કીડી સાકરના ડુંગર પાસે પહોંચી. એક કણ ખાધો એટલે એનું પેટ ભરાઈ ગયું. પછી બીજો કણ મુખમાં મૂકીને એ ઘર તરફ ચાલી. જતાં જતાં તે વિચાર કરવા લાગી કે બીજી વખત આખો ડુંગર જ ઉપાડી લાવીશ! જેઓ તુચ્છ જંતુઓ કરતાં વિશેષ નથી તેવા લોકો આ પ્રકારનો વિચાર કરતા હોય છે. તેઓ જાણતા નથી કે બ્રહ્મ તો મન અને વાણીથી પર છે. મનુષ્ય ગમે તેટલો મોટો હોય તોપણ તે કદી ઈશ્વરને જાણી શકતો નથી. શુકદેવ વગેરે બહુ બહુ તો પોતાના મુખમાં આઠ-દસ કણો લઈ જઈ શકે એવી મોટી કીડીઓ છે, પણ તેથી વિશેષ નહિ.

જ્યારે મનુષ્યને સમાધિ-અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે તેને બ્રહ્મનું જ્ઞાન થાય છે, તેનો સાક્ષાત્કાર થાય છે. એવી અવસ્થામાં મનુષ્યના વિચાર સંપૂર્ણપણે બંધ થઈ જાય છે, એ અવાક્ બની જાય છે. બ્રહ્મનું શબ્દો દ્વારા વર્ણન કરવાની તેનામાં શક્તિ હોતી નથી. એક મીઠાની પૂતળી સાગરની ઊંડાઈનો તાગ કાઢવા ચાલી ! તેને સાગરની ઊંડાઈ જાણીને કહી સંભળાવવાની ઈચ્છા હતી! પરંતુ એ ઈચ્છા ફળીભૂત ના થઈ. તેણે પાણીને સ્પર્શ કર્યો કે તરત જ તે પોતે ઓગળી ગઈ! પછી એ ઊંડાઈની વાત કહે કોણ?

લોકોને ઉપદેશ આપવા માટે શંકરાચાર્યે વિદ્યાનો (વિશુદ્ધ) અહંભાવ રહેવા દીધો હતો. મનુષ્યને જ્યારે બ્રહ્મનો સાક્ષાત્કાર થાય,

ત્યારે તે ચૂપ થઈ જાય. સાક્ષાત્કાર ન થયો હોય ત્યાં સુધી જ બુદ્ધિની, તર્તની પ્રતિષ્ઠા રહે છે. જ્યાં સુધી માખણ પૂરેપૂરું તવાઈ ન રહે, ત્યાં સુધી જ તે 'સડસડ' અવાજ કરે, તાવણીની હદ આવે એટલે સડસડ અવાજ બંધ પડી જાય. પરંતુ તળવા માટે જ્યારે તેમાં પૂરી નાખીએ ત્યારે ફરી પાછો છમછમ અવાજ નીકળે, અને જ્યારે એ પૂરી પૂરેપૂરી તળાઈ રહે ત્યારે ફરીથી એ અવાજ બંધ પડી જાય. એવી જ રીતે સાક્ષાત્કાર પામેલો પુરુષ નીચેની ભૂમિકાએ ઊતરે છે અને મનુષ્યજાતિને ઉપદેશ દેવાના હેતુથી વાતો કરે છે.

જ્યાં સુધી મધમાખી ફૂલ ઉપર બેઠી નથી હોતી ત્યાં સુધી જ તે ગણગણે છે. જેવું એ મધ ચૂસવું શરૂ કરે એટલે એ મૂંગી થઈ જાય છે, આમ છતાંયે કેટલીક વાર પેટ ભરીને મધ ચૂસી લીધા પછી પણ એ કેવળ આનંદમાં આવી જઈને પણ ગણગણવા લાગે!

જ્યારે ઘડાને તળાવમાં ડુબાડીએ ત્યારે તે ભક્ભક્ ભક્ભક્ એવો અવાજ કરે. પરંતુ પૂરેપૂરો ભરાયા પછી એમાંથી કશો અવાજ નીકળતો નથી. પરંતુ જો કોઈ બીજા ઘડામાં એનું પાણી ઠલવાય તો ફરી પાછો અવાજ થવા લાગે.

જ્ઞાની નેતિ નેતિ કહીને વિષયવાસનાઓનો ત્યાગ કરે ત્યારે બ્રહ્મને જાણી શકે, જેમ કે સીડીનાં પગથિયાં એક પછી એક પાછળ રહેવા દઈને ઉપર ચડતા જઈએ ત્યારે જ અગાસીએ પહોંચી શકાય. પરંતુ જે વિજ્ઞાની છે, જે વિશેષરૂપે ઈશ્વરની સાથે વાતચીત કરે છે તે એથીયે કંઈક વધારે અનુભવ કરે છે. એ જુએ છે કે જે બ્રહ્મ, તે જ ભગવાન; જે ગુણાતીત, તે જ ઐશ્વર્યપૂર્ણ ભગવાન. આ જીવો, જગત, મન, બુદ્ધિ, ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન એ બધું તેમનું ઐશ્વર્ય. ઈશ્વર ઐશ્વર્યપૂર્ણ છે. એ ઈશ્વરને જો ઐશ્વર્ય



ન હોત તો એને માનત કોણ?

- કેવળ વિદ્વત્તાનો કશો અર્થ નથી. ઈશ્વરને પામવાનો માર્ગ ખોળી કાઢવા માટે શાસ્ત્રો વાંચવાનાં હોય, ગીતાનો અર્થ શો? 'ગીતા' શબ્દને દશ વાર બોલવાથી જે અર્થ નીકળે તે. જો તમે એ શબ્દનો વારંવાર પુનરુચ્ચાર કર્યા કરો તો 'તા-ગી', 'તા-ગી' એમ બોલાય - તાગી એટલે કે, 'ત્યાગી'. ગીતા મનુષ્યને એવો ઉપદેશ આપે છે કે 'હે જીવ ! સર્વસ્વનો ત્યાગ કરીને ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાનો પુરુષાર્થ કર.' ત્યાગી હોય કે ગૃહસ્થી હોય, માણસે પોતાના ચિત્તમાંથી તમામ આસક્તિને કાઢી નાખવી જોઈએ.

'હું અને મારું' એ બેનું નામ અજ્ઞાન. 'મારું ઘર', 'મારો પૈસો', 'મારી વિદ્વત્તા', 'મારું ઐશ્વર્ય', 'મારી સંપત્તિ' એવો જે ભાવ મનમાં આવે છે તે અજ્ઞાનથી આવે. 'હે ઈશ્વર ! તમે માલિક અને આ બધી વસ્તુઓ : ઘરબાર, સ્ત્રીપુત્રો, નોકરચાકર, સગાંવહાલાં, સંપત્તિ વગેરે બધું તમારું, એવી ભાવના જ્ઞાનથી આવે.

મૃત્યુને હંમેશાં યાદ રાખવું. મૃત્યુ બાદ આમાંનું કશું જ રહેવાનું નથી કે સાથે આવવાનું નથી. આ દુનિયામાં આપણે કેટલાંક કર્મો કરવા આવ્યા છીએ, જેમ ક્યાંક ગામડામાં ઘર હોય અને ધંધો-રોજગાર કરવા શહેરમાં આવીએ તેમ.

- પાઠ, પૂજા, હોમ, યજ્ઞયાગ એ બધામાં કાંઈ નથી. એક વાર જો ઈશ્વર ઉપર પ્રેમ ઉત્પન્ન થાય તો પછી એ બધાં કર્મોની કોઈ જરૂર નહિ. હવા ન આવતી હોય ત્યાં સુધી જ પંખાની જરૂર પડે, જો પશ્ચિમની હવા આવવા લાગે તો પછી માણસ પંખો મૂકી દે. પછી પંખાની શી જરૂર રહે?

તમે જે સત્પ્રવૃત્તિ કરો એ જો ફળની આશા વિના કરો તો તેનાથી

ઈશ્વરપ્રેમ અને ભક્તિની વૃદ્ધિ થાય. એ રીતે સત્કાર્ય કરતાં ઈશ્વરનો સાક્ષાત્કાર થઈ શકે.

પરંતુ જેમ જેમ ઈશ્વર પ્રતિ પ્રેમભાવ અને ભક્તિ વધતાં જાય તેમ તેમ પ્રવૃત્તિની માત્રા ઓછી થતી જાય. અત્યારે તમે જે કાર્ય કરી રહ્યા છો તેથી તમારું પોતાનું હિત થવાનું છે. કશા સ્વાર્થ વિના તમે એ કરો એટલે તમારું ચિત્ત શુદ્ધ થાય, અને એમાં ઈશ્વરપ્રેમ આવે, અને એ ઈશ્વરપ્રેમ તમે પામો એટલે તમે એનો સાક્ષાત્કાર કરી શકો. મનુષ્ય કંઈ જગતને સહાય કરતો નથી; સહાય તો કેવળ ઈશ્વર જ કરી શકે. એટલે જે મનુષ્ય નિઃસ્વાર્થપણે કાર્ય કરે છે તે ખરી રીતે તો પોતાનું જ કલ્યાણ સાધે છે.

ભક્તનું હૃદય એ ભગવાનનું દીવાનખાનું છે. ભગવાન સર્વ ભૂતોમાં છે ખરા પણ ભક્તના હૃદયમાં વિશેષરૂપે છે. જેમકે કોઈ જમીનદાર પોતાની જમીનદારીમાં બધી જગાએ રહી શકે, પણ તે તેના અમુક દીવનાખાનામાં ઘણે ભાગે મળે છે એમ કહેવાય. તેમ ભક્તનું હૃદય એ ભગવાનનું દીવાનખાનું કહેવાય.

જ્ઞાનીઓ જેને બ્રહ્મ કહે છે, યોગીઓ તેને આત્મા કહે છે અને ભક્તો તેને જ ભગવાન કહે છે.

જેમકે એક બ્રાહ્મણ હોય. જ્યારે તે પૂજા કરે ત્યારે પૂજારી કહેવાય અને રસોઈ કરે ત્યારે રસોઈયો કહેવાય. જે જ્ઞાની હોય અને જ્ઞાનયોગને અનુસરે તે 'નેતિ નેતિ' એમ વિચાર કરે. બ્રહ્મ આ વસ્તુ નથી, તે વસ્તુ નથી, જીવ નથી, જગત નથી એમ વિચાર કરતાં કરતાં જ્યારે મન સ્થિર થાય, મનનો લય થાય, સમાધિ થાય ત્યારે બ્રહ્મજ્ઞાનની અવસ્થા થાય. બ્રહ્મજ્ઞાનીની પાકી ધારણા હોય, દૃઢ નિશ્ચય હોય કે બ્રહ્મ સત્ય જગત મિથ્યા, નામરૂપ આ બધું સ્વપ્નવત્.



પરંતુ ભક્તો બધી અવસ્થાઓને સાચી તરીકે સ્વીકારે. તેઓ જાગ્રત અવસ્થાને સાચી કહે, સ્વપ્નવત્ કહે નહિ. ભક્તો કહે કે આ જગત ભગવાનનું ઐશ્વર્ય છે. આકાશ, નક્ષત્રો, સૂર્ય, ચંદ્ર, તારા, પર્વત, સમુદ્ર, જીવ, જંતુ એ બધું ઈશ્વરે બનાવ્યું છે. એ બધું ઈશ્વરનું ઐશ્વર્ય છે. એ ઈશ્વર હૃદયની અંદર છે તેમ બહાર પણ છે. ઉત્તમ ભક્ત કહેશે કે ભગવાન પોતે જ આ ચોવીસ તત્ત્વો (પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ વિષયો, પાંચ પ્રાણ અને ચાર અંતઃકરણ) તથા જીવ જગત રૂપે થઈ રહેલ છે. ભક્તની એવી ઈચ્છા હોય કે સાકર ખાવી, સાકર થવું નહિ.

યોગી પણ એ જ પરમાત્માનો સાક્ષાત્કાર કરવાનો પ્રયાસ કરે છે. તેનો હેતુ છે જીવાત્મા તથા પરમાત્માનો યોગ. યોગી વિષયોમાંથી મન ખેંચી લઈને તેને પરમાત્મામાં સ્થિર કરવાનો પ્રયાસ કરે. એટલા માટે આરંભિક અવસ્થામાં એકાંતમાં સ્થિર આસને બેસીને એકાગ્રચિત્ત થઈને તે ધ્યાનચિંતન કરે.

પણ વસ્તુ એક જ, ભેદ માત્ર નામનો જ. જે બ્રહ્મ, તે જ આત્મા, તે જ ભગવાન.

વેદાંતવાદી બ્રહ્મજ્ઞાનીઓ કહે કે સૃષ્ટિ, સ્થિતિ, પ્રલય, જીવ, જગત એ બધો શક્તિનો ખેલ, વિચાર કરવા જાઓ તો એ બધું સ્વપ્નવત્. બ્રહ્મ જ ખરી વસ્તુ, બાકીનું બધું અવસ્તુ. શક્તિ સુધ્ધાં સ્વપ્નવત્, અવસ્તુ.

તમે હજાર વિચાર ભલેને કરો, પરંતુ સમાધિ-અવસ્થા પ્રાપ્ત કર્યા વિના શક્તિનું ક્ષેત્ર વટાવી શકાય નહિ. 'હું ધ્યાન ધરું છું', 'હું વિચાર કરું છું' એ પણ બધું શક્તિની હદની અંદર.

એટલે બ્રહ્મ અને શક્તિનો અભેદ. એકને માનીએ એટલે બીજાને પણ માનવું પડે, જેમકે અગ્નિ અને તેની દાહકશક્તિ. અગ્નિને માનો

એટલે એની દાહકશક્તિને માનવી જ પડે. દાહકશક્તિને છોડીને અગ્નિનો ખ્યાલ થઈ શકે જ નહિ. સૂર્યને મૂકીને સૂર્યનાં કિરણોનો વિચાર કરી શકાય જ નહિ. તેમ સૂર્યનાં કિરણોને છોડીને સૂર્યનો ખ્યાલ પણ આવી ન શકે.

દૂધ કેવું? તો કહેશે કે ધોળુંધોળું. દૂધને છોડી દઈને દૂધની ધોળાશનો વિચાર ન આવી શકે, તેમ જ દૂધની ધોળાશને છોડીને દૂધનો ખ્યાલ ન આવે. એટલે બ્રહ્મને છોડીને શક્તિનો અને શક્તિને છોડીને બ્રહ્મનો વિચાર આવી શકે નહિ. નિત્યને છોડીને લીલાનો અને લીલાને છોડીને નિત્યનો ખ્યાલ ઊઠી શકે નહિ.

લીલામયી આદ્યાશક્તિ સ્વયં સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલય કરી રહી છે. એનું જ નામ કાલી. કાલી જ બ્રહ્મ, બ્રહ્મ જ કાલી. બંને એક જ વસ્તુ. એ જ્યારે નિષ્ક્રિય છે, જ્યારે સૃષ્ટિ, સ્થિતિ કે પ્રલય એમાંનું કોઈ પણ કામ એ કરતી નથી એમ જ્યારે વિચાર કરું ત્યારે તેને બ્રહ્મ કહું. જ્યારે તે આ બધાં કાર્યો કરે છે એવો વિચાર કરું ત્યારે તેને જ હું કાલી કહું. શક્તિ કહું. એક જ વ્યક્તિ, નામરૂપનો જ ભેદ, જેમકે જળ, વોટર, પાણી.

સૃષ્ટિની ઉત્પત્તિ કર્યા પછી આદ્યાશક્તિ સૃષ્ટિની અંદર જ રહે. જગત ઉત્પન્ન કરે, તેમ જ તેની અંદર રહે. વેદમાં ઉર્ણનાભિ એટલે કરોળિયાની વાત છે. જેમ કરોળિયો પોતાની અંદર જ જાળ બહાર કાઢે અને પોતે તે જાળની અંદર રહે, તે જ પ્રમાણે ઈશ્વર જગતનો આધાર અને આધેય બંને છે.

વળી જુઓ, બંધન અને મુક્તિ એ બંને માના હાથમાં છે. તેની માયાથી સંસારી જીવ કામિની-કાંચનમાં બંધાય, તેમ વળી તેની કૃપા થાય એટલે જીવ મુક્ત થાય.



માની એવી ઈચ્છા કે આ બધું લઈને રમત કરવી. 'એનઘેન ડાહીનો ઘોડો' કે સંતાકૂકડીની રમતમાં ડોશીને જો પહેલેથી જ બધા અડકી જાય તો ડોશીને ન ગમે ! રમત ચાલે તો ડોશીને મજા આવે, જરા રંગ જામે!

બધોય આધાર મન ઉપર છે. મનથી જ માણસ બદ્ધ થાય છે અને મનથી જ માણસ મુક્ત થાય છે. મનને જે રંગે રંગો, તે રંગે તે રંગાય. જેમકે ધોબીએ ધોયેલું સફેદ કપડું તેને લાલ રંગમાં બોળો તો તે લાલ થઈ જાય, વાદળી રંગમાં બોળો તો તે વાદળી થઈ જાય... મનને જો કુસંગમાં રાખો તો વાતચીત, વિચાર વગેરે એ પ્રકારનાં થઈ જાય, જો મનને ભક્તના સંગમાં રાખો તો ઈશ્વરચિંતન, હરિકથા એ બધું થાય. વાત એટલી કે મન ઉપર જ બધો આધાર... 'હું મુક્ત છું' એવી ભાવના મનમાં દૃઢતાપૂર્વક ધારણ કરીને બોલતાં બોલતાં માણસ મુક્ત થઈ જાય!

- તમે કહો છો કે જગતનું ભલું કરવું! અલ્યા પણ જગત તે કાંઈ આટલું જ છે? અને તમે કોણ જગતનું ભલું કરવાવાળા? પહેલાં સાધના કરીને ઈશ્વરનો સાક્ષાત્કાર કરો, તેનાં દર્શન કરો, પછી ઈશ્વર શક્તિ આપે, આદેશ આપે ત્યારે બીજાનું ભલું કરી શકો, નહિતર નહિ.

ઘણાય લોકો વાતો કરે મોટી મોટી બ્રહ્મજ્ઞાનની; પરંતુ રોજિંદા જીવનમાં ક્ષુદ્ર વસ્તુઓથી જ સંતુષ્ટ રહે.

આસક્તિનો જરાસરખો પણ અંશ હોય ત્યાં સુધી ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકાય નહિ. દોરાના છેડામાં ભલેને એક જરાક જેટલી જ રુંવાટી હોય તોપણ એ દોરો સોયના નકામાં પસાર થઈ શકે નહિ.

કામિની-કાંચનથી સંભાળીને રહેવું. એક વખત કામિનીની જાળમાં ફસાયા એટલે બહાર નીકળવું ભારે થઈ પડે છે. એ તો એક ભયંકર કળણ છે. એમાં પડનાર પછી બહાર નીકળી શકતો નથી.

- ઈશ્વરને ખાતર મનુષ્ય પોતાના વડીલોની આજ્ઞાને અવગણી શકે. રામની ભક્તિ કરતી વેળા ભરતે પોતાની માતા કૈકેયીનું કહેવું સાંભળ્યું ન હતું. શ્રીકૃષ્ણને મળવા માટે ગોપીઓએ પોતાના પતિઓનું માન્યું ન હતું. ઈશ્વરને ખાતર પ્રહ્‌લાદે પોતાના પિતાની આજ્ઞા પાળી ન હતી. હા, ઈશ્વરથી વિમુખ કરનારી ન હોય તેવી તમારી માતાની તમામ આજ્ઞાઓ પાળવી જોઈએ.

- માણસો ઈશ્વરનું સ્મરણ કરે ખરા, પરંતુ તેમનામાં ઈશ્વરમાં શ્રદ્ધાનો અભાવ હોય છે, પરિણામે તેઓ તેને ભૂલી જાય છે અને સંસારમાં આસક્ત બની જાય છે. નવડાવી લીધા પછી હાથી ફરીથી પોતાના શરીરને ધૂળથી ખરડી નાંખે છે; મનુષ્યના ચિત્ત અને સંસારનું પણ એણ જ સમજવું. પરંતુ હાથીને નવડાવ્યા પછી જો તબેલામાં પૂરી દઈએ તો ફરીથી ધૂળથી ખરડાવાનો પ્રસંગ તેને ન આવે. એવી રીતે મનુષ્ય જો ઈશ્વર-પરાયણ રહે તો તેનું ચિત્ત શુદ્ધ થઈ જાય અને ફરીથી તેને કામ-કાંચનથી દૂષિત થવાનો વારો આવે નહિ.

જ્ઞાનનો પ્રકાશ આવે એટલે માણસ કંઈ કૂદાકૂદ કરતો નથી, બહારની દૃષ્ટિએ તો એ જેવો હોય તેવો જ રહે છે, પરંતુ જગત પ્રત્યેનો એનો સમગ્ર દૃષ્ટિકોણ બદલાઈ જાય છે. પારસમણિનો સ્પર્શ થાય ત્યારે લોઢાની તલવાર સુવર્ણની બની જાય છે, તેનો પહેલાંનો આકાર તો જેમનો તેમ જ રહે છે, પરંતુ હવે તેનામાંથી મારવાની શક્તિ ચાલી ગઈ હોય છે, તે નરમ બની ગઈ હોય છે.

- અમૃતત્ત્વના સાગરે પહોંચવાના અનેક માર્ગો છે. ગમે તે રીતે તમારે એમાં ઝંપલાવવાનું છે... જ્ઞાન, ભક્તિ કે કર્મ, એમાંથી કોઈ પણ માર્ગને તમે ગ્રહણ કરી શકો. જો શ્રદ્ધા સહિત નિષ્ઠા હોય, તો ઈશ્વરનો



સાક્ષાત્કાર અવશ્ય થાય.

અને આટલું ધ્યાનમાં રાખજો. માણસને ગમે તેટલો ઉપદેશ આપો, પણ સમય પાક્યા વગર કંઈ વળવાનું નથી. એક બાળકે રાતે સૂતી વખતે માને કહ્યું, 'મા, મને હાજત થાય ત્યારે જગાડજે.' મા બોલી : 'બેટા ! ચિંતા કરીશ મા, કુદરતી હાજત જ તને જગાડશે.' એમ જ્યારે સમય પાકે ત્યારે જ ઈશ્વરદર્શન માટે ઝંખના જાગે છે.

- જીવ ચાર પ્રકારનાં છે : બદ્ધજીવ, મુમુક્ષુજીવ, મુક્તજીવ અને નિત્યજીવ.

સંસાર જાળરૂપ છે, જીવ માછલીરૂપ છે, અને ઈશ્વર (જેની માયા આ સંસાર છે તે) માછીરૂપ છે. જ્યારે માછીની જાળમાં માછલીઓ પકડાય છે ત્યારે કેટલીક માછલીઓ જાળ તોડીને નાસી જવાની કોશિશ કરે છે અર્થાત્ મુક્ત થવાની મથામણ કરે છે. એવા જીવને મુમુક્ષુજીવ કહે છે. જેઓ નાસવાને ફાંફાં મારે છે તેઓમાંથી કાંઈ બધાં સફળ થતાં નથી, છતાં બે-ચાર માછલાં નાસી પણ જાય છે. એવા માણસો બહુ જૂજ હોય છે. તેઓ મુક્તજીવ કહેવાય છે. કેટલીક માછલીઓ પોતાના સ્વભાવથી જ એવી સાવધ હોય છે કે કદી જાળમાં પકડાતી જ નથી. નારદ જેવા નિત્યજીવ કદી સંસારજાળમાં સપડાતા જ નથી. નારદ જેવા નિત્યજીવ કદી સંસારજાળમાં સપડાતા જ નથી. પરંતુ ઘણાંખરાં માછલાંઓ જાળમાં સપડાવા છતાં પણ જાણતાં નથી કે આપણે સપડાયાં છીએ અને મરણશરણ થવાનાં છીએ. તેઓ તો જાળમાં પડ્યાં પડ્યાં જાળ સાથે જ કાદવમાં પોતાનું શરીર છુપાવવાની ચેષ્ટા કરે છે ! નાસવાની હિલચાલ સુધ્ધાં કરતાં નથી અને કાદવમાં ઊંડે ને ઊંડે ખૂંપતાં જાય છે. એનું નામ બદ્ધજીવ. જાળમાં ફસાયા છતાં તેઓ તો એમ જ સમજે છે કે આપણને તો અહીં

ખૂબ મઝા છે.

મુમુક્ષુ અને મુક્તજીવને સંસાર ખાળકૂવા જેવો જણાય છે અને બિલકુલ રુચતો નથી. તેમના પૈકી કેટલાક જ્ઞાન થયા પછી અથવા ઈશ્વરનાં દર્શન થયા પછી શરીરનો ત્યાગ કરે છે. પણ એવી રીતે શરીરત્યાગ કરવાની વાત બહુ મુશ્કેલ છે.

બદ્ધજીવોને - સંસારી જીવોને કોઈ પણ પ્રકારની શુદ્ધિ હોતી નથી. આટઆટલું કષ્ટ પડે છે, વિપત્તિ પડે છે, સંતાપ વેઠવો પડે છે, તોપણ તેમનાં હૃદયમાં ચૈતન્યનો ઉદય થતો નથી.

ઊંટને કાંટાવાળું ઘાસ ખૂબ ભાવે છે. જેમ જેમ તે ખાય છે તેમ તેમ મોંમાંથી લોહી પડતું જાય છે તોપણ તે કાંટાવાળું ઘાસ ખાતું જાય છે, છોડતું નથી. સંસારી લોકોને આટઆટલો શોક, સંતાપ વેઠવો પડે છે તોપણ એક સ્ત્રી મરી જાય કે વ્યભિચારિણી થઈ જાય છે તો બીજી વાર લગ્ન કરે છે.

જેમ સાપ છછુંદરને પકડે છે પછી ન તો તેને ગળી શકે છે, ન છોડી શકે છે. તેમ બદ્ધજીવો મોઢેથી તો બોલે છે કે બળ્યું, આ સંસારમાં કશો સાર નથી તોપણ તેમનાથી સંસાર છૂટતો નથી, ઈશ્વર તરફ મન લગાડાતું નથી.

ઈશ્વરકૃપાથી તીવ્ર વૈરાગ્યનો ઉદય થાય અને કામિની-કાંચન ઉપરથી આસક્તિ ઓસરતી જઈને આખરે નિર્મૂળ થઈ જાય ત્યારે હૃદય ઈશ્વરને માટે આકુળવ્યાકુળ બને.

- તમે સંસારી છો તેમાં દોષ નથી. માત્ર તમારે મન ઈશ્વરમાં પરોવવું જોઈએ. તેમ ન કરીએ તો ન ચાલે. એક હાથે વ્યવહારનાં કાર્ય કરો, બીજો હાથ પ્રભુના ચરણ પર રાખો; વ્યવસાય ન હોય ત્યારે બે હાથે



તેના ચરણ પકડી હૃદય પર રાખો.

- પુસ્તક, શાસ્ત્ર એ સર્વ ઈશ્વરની પાસે જવાનો માત્ર માર્ગ જ બતાવે છે. માર્ગ - ઉપાય એક વાર જાણી લીધા પછી શાસ્ત્રની શી જરૂર છે? પછી તો આપણી મેળે આપણું કામ કરી લેવાનું છે.

- કર્મ તો શરૂઆતનો પાઠ છે, જીવનનો ઉદ્દેશ નથી. સાધના કરતા જાઓ અને આગળ વધો. જેમ જેમ આગળ વધતા જશો તેમ તેમ તમને સમજાતું જશે કે ઈશ્વર જ વસ્તુ (સત્ય પદાર્થ) છે, બાકી બધું અવસ્તુ છે. ઈશ્વરને પ્રાપ્ત કરવો એ જ જીવનનો ઉદ્દેશ છે.

- હું અમુક કાર્ય કરું છું (એમ માનવું) એ જ અજ્ઞાન છે. 'હે ઈશ્વર! તું જ કર્તા છે, હું અકર્તા છું. હું યંત્ર છું, તું યંત્રી છે' (એમ સમજવું) એનું નામ જ જ્ઞાન.

- અમૃતસાગર પાસે પહોંચવાના અનેક માર્ગ છે. તેમાં કર્મ, જ્ઞાન અને ભક્તિ એ મુખ્ય છે. ગમે તે માર્ગે જાઓ, પણ ઊંડા ઊતરશો એટલે ઈશ્વરનો સાક્ષાત્કાર થશે.

- સંસારમાં કામ ક્રોધ એ બધાંની સાથે યુદ્ધ કરવાનું છે. વિવિધ પ્રકારની વાસનાઓ સાથે લડવાનું છે. આસક્તિઓની સાથે લડવાનું છે. તે જો કિલ્લામાં રહીને લડીએ તો સહેલું પડે. ઘરરૂપી કિલ્લામાં રહીને લડવું ઠીક પડશે. ખાવાનું જ્યારે જોઈએ ત્યારે મળે. ધર્મપત્ની હોય તો અનેક રીતે મદદગાર થઈ પડે. કલિયુગમાં આપણાં શરીર અન્નથી ઘડાયેલાં છે. સંસારત્યાગ કર્યા પછી પણ અન્ને માટે દસ ઘેર ફેરા ખાવા પડે છે, માટે ઘરરૂપી કિલ્લામાં રહીને જ યુદ્ધ કરો.

તેણે સંસારમાં મૂક્યા તો ખરા, હવે આપણે શું કરવું? સર્વસ્વ તેને સોંપી દેવું - પૂરેપૂરું આત્મસમર્પણ કરવું. તેમ કરશો એટલે પછી તમને

કશી અડચણ નડશે નહિ. પછી તમને એવો અનુભવ થશે કે તે જ બધું કરે છે, કર્તાહર્તા તે જ છે.

- બધા જ ઈશ્વરાધીન છે. નાના, મોટા બળવાન, નિર્બળ, સારા, માઠા બધા તેનાથી જ પેદા થયા છે. સારા માણસ, નઠારા માણસ એ સર્વ તેની જ પાયા છે, તેના જ ખેલ છે.

પાપ પુણ્ય તો છે જ, પણતે પોતે નિર્લેપ રહે છે. વાયુમાં સુગંધ તેમ જ દુર્ગંધ બેઉ રહી શકે છે, પણ વાયુ પોતે ગંધરહિત છે. ઈશ્વરની સૃષ્ટિમાં પણ એ જ નિયમ પ્રવર્તે છે.

- જે ઈશ્વરને પામવા ઈચ્છે છે તેને તે મળે છે. ત્રણ દિવસ માટે ખરેખરા ઉત્સાહથી પ્રયત્ન કરો, તમને જરૂર સફળતા સાંપડશે. ઈશ્વરને પામવાની જેની ઝંખના તીવ્રમય છે અને જે એકાગ્રતાથી પ્રયાસ કરે છે. તે ઈશ્વરને સત્વરે પામે છે.

પ્રકાશ થતાંની સાથે જ શતાબ્દીઓનો અંધકાર વિલીન થઈ જાય છે. ઈશ્વરની કૃપાદૃષ્ટિ થતાં અસંખ્ય જન્મોનાં પાપ અદશ્ય થાય છે.

## વિષ્ણુ મહંત (લેખક)ની કૃતિઓ

૧. ફુલ ખીલ્યુ પથ્થરમાં (નવલકથા)
૨. એક નદી બે કિનારા (નવલકથા)
૩. અમૃત (કાવ્યસંગ્રહ)
૪. શર્વરી (નવલકથા)
૫. સુંદરકાંડ
૬. કર્મનો સિદ્ધાંત
૭. ઓખાહરણ
૮. ગીતા (સંપૂર્ણ વિવેચન)
૯. વ્રતકથા
૧૦. ગીતા (સંક્ષિપ્ત)
૧૧. રામાયણ (સંક્ષિપ્ત)
૧૨. મહાભારત (સંક્ષિપ્ત)
૧૩. શિવપુરાણ (સંક્ષિપ્ત)
૧૪. સ્મરણાંજલિ
૧૫. આવા હતા સરદાર
૧૬. ધર્મકથાઓ
૧૭. પ્રેરક બોધકથાઓ
૧૮. સરદાર, રસદાર, ખબરદાર
૧૯. દિવ્ય સંદેશ
૨૦. તમે જ તમારા જીવનરથના સારથી બનો
૨૧. ગાયક બનો કેસિયો શીખો
૨૨. કસદાર કચ્છનાં રત્નો
૨૩. ધાર્મિક વાર્તાઓ
૨૪. સ્વામી વિવેકાનંદની દિવ્યવાણી
૨૫. એક પરમઅંશ બન્યો પરમહંસ (નવલકથા)
૨૬. સરસ્વતીચંદ્ર (સંક્ષિપ્ત)
૨૭. સંસારમાં ભક્તિ
૨૮. સ્વામી વિવેકાનંદ (જન્મથી સમાધિ સુધી)
૨૯. મહાભારતની પ્રણયકથાઓ
૩૦. મહાભારતના મહાનપાત્રો
૩૧. સિદ્ધિદાયક દેવીઓ
૩૨. સામવેદ (સંક્ષિપ્ત)
૩૩. ઋગ્વેદ (સંક્ષિપ્ત)
૩૪. અર્થવેદ (સંક્ષિપ્ત)
૩૫. વેદ પરિચય
૩૬. યજુર્વેદ (સંક્ષિપ્ત)
૩૬. મહંતનું પંચામૃત
૩૭. જીવન જીવવાની કળા
૩૮. મહાન પુરૂષોની ઉક્તિઓ
૩૯. ગુજરાતી શબ્દકોષ
૪૦. કાવ્યમુદ્રિકા (કાવ્ય સંગ્રહ)